अपभ्रंशपाठावली

गुजरात वर्नाक्युलर सोसायटी
अमदावाद.

शेठ हरिवल्लभदास बाळगोविंददास ग्रंथावली नं. ५२

॥ अपभ्रंशपाठावली ॥

मूलपाठनी संस्कृतछाया,
अपभ्रंशव्याकरण, संस्कृतनिवेदन, गूजराती उपोद्घात,
टिप्पणी, शब्दकोश सहित.

सामान्य तंत्री,

दी. बा. केशवलाल हर्षदराय ध्रुव, बी. ए.

संपादक,

मधुसूदन चिमनलाल मोदी, एम. ए.; एलएल. बी.

छपावी प्रसिद्ध करनार,

गुजरात वर्नाक्युलर सोसायटी तरफथी

हीरालाल त्रिभुवनदास पारेख, बी. ए.
आसि. सेक्रेटरी, अमदावाद.

किम्मत त्रण रुपिया.

निवेदन

गुजराती भाषानो पद्धतिसर अभ्यास करवा सारु अपभ्रंश साहित्यनुं ज्ञान परम उपकारक छे, एवुं सूचन घणां वर्षोथी दी. बा. केशवलाल हर्षदराय ध्रुव करता आव्या छे; पण ते साहित्य घणुंखरुं भंडारोनी हाथप्रतोमां केटलीक वार अज्ञात अने अप्रसिद्ध पडेलुं होवाथी बहु ज थोडा अभ्यासीओ तेनो लाभ लई शकेछे.

सोसाइटीना प्रमुख तरीके दी. बा. केशवलालभाइ छेल्लां पंदर वर्षथी प्रतिवर्ष निमाय छे; अने तेमनी प्रेरणाथी सोसाइटीए जे अनेक प्रवृत्तिओ नवी ऊपाडेली छे, तेमां प्राचीन काव्यसाहित्यनुं प्रकाशन मुख्य छे.

मुंबाइ युनिवर्सिटी तरफथी वसनजी माधवजी व्याख्यानो, छंदो विषे तेओ तैयार करता हता, ते अरसामां श्रीयुत मधुसूदन चिमनलाल मोदीनो तेमने प्रो. बळवन्तराय ठाकोरद्वारा परिचय थयो. श्रीयुत मधुसूदनभाइ, एम. ए. एलएल. बी थयेला छे; एटलुंज नहि पण संस्कृत पाली, प्राकृत तथा अपभ्रंश साहित्यना सारा ज्ञाता छे; अने अपभ्रंश तथा प्राकृतनां केटलांक पुस्तको तेमणे संपादित पण करेलां छे.

दी. बा. केशवलालभाइ लांबा समयथी अपभ्रंशपाठावली तैयार कराववानो अभिलाष सेवता हता, अने श्रीयुत मोदी साथेनो परिचय वधतां, एमना हाथे ते पुस्तक तैयार कराववानो निर्णय तेमणे कर्यो.

सोसाइटीनी कमिटी समक्ष ते विचार रजु करतां, सौए ते योजना पसंद करी हती; अने दी. बा. केशवलालभाइनो सलाह, सूचना अने देखरेख नीचे श्रीयुत मोदीने अपभ्रंशपाठावलीनुं संपादनकार्य सोंपवानो ठराव करवामां आव्यो.

श्रीयुत मोदीए ए कार्यमां पोतानो घणो किंमती समय व्यतीत करेलो छे.

खुशी थवा जेवुं ए छे के ए पुस्तक प्रसिद्ध थवा पामे ते आगमच ज अर्धमागधीमां बी. ए. ना वर्ग माटे ते एक पाठ्यपुस्तक तरीके मंजुर थयुं छे.

आम सोसाइटीनो आशय अनायासे फळीभूत थई जाय छे.

ते बदल खरे श्रीयुत मधुसूदन मोदीने धन्यवाद घटे छे.

गु. व. सोसाइटी,
अमदावाद,
ता. २५—१२—१९३५

हीरालाल त्रि. पारेख
आसि. सेक्रेटरी.

शेठ हरिवल्लभदास बाळगोविंददास ग्रंथमाळानो

उपोद्घात

सुरतना वतनी अने धंधार्थे मुंबाई निवासी स्वर्गवासी शेठ हरिवल्लभदास बाळगोविंददासे ता, १६ मी सप्टेम्बर सने १८७७ ने रोज वील कर्युं छे. ते अन्वये प्रथम सन १८८० मां रु. २०००)–सोसाईटीने मळ्या, एवी शरतथी के तेना व्याजमांथी सामाजिक सुधारो थाय एवां पुस्तको तैयार करी छपाववां.

सदरहु वीलथी शेठ हरिवल्लभदासे अमुक प्रसंग बन्या पछी बाकी रहेली पोतानी तमाम मिल्कत, पुस्तकप्रचारने माटे सोसाइटीने अर्पण करेली छे. ते अन्वये १८९४ मां रु. १८०००) नी सरकारी नोटो सोसाइटीने मळी छे. आ रीते कुल रु. २००००) नी नोटो पुस्तक तैयार करावबा माटे सदरहु विद्याबिलासी अने परोपकारी उदार गृहस्थ तरफथी मळी छे. सदरहु वीलनी रुइए एमनी मिल्कतनी छेवटनी रकम रु. ५०००) सरकारी लोनो सन १९३३ मां सोसाइटीने वधु मळी छे. एटले ए फंड वधीने रु २५०००)नुं थयुं छे. आजपर्यंत नीचेनां पुस्तको 'शेठ हरिवल्लभदास बाळगोविंददास ग्रंथमाळा' तरीके प्रसिद्ध थयां छे.

नं.	नाम	किंमत
(१)	कयी कयी नातो कन्यानी अछतथी नानी थती जाय छे, तेनां कारणो तथा सुधारो करवाना उपाय विषे निबंध	०—७—०
(२)	माने शिखामण	०—६—०
(३)	नीतिमंदिर	०—१२—०
(४)	बाळलग्नथी थती हानि	०—६—०
(५)	पुर्नविवाहपक्षनी पूरेपूरी सोळेसोळ आना फजेती	०—५—८
(६)	भोजन व्यवहार त्यां कन्या व्यवहार	०—४—०
(७)	धार्मिक पुरुषो	०—४—०
(८)	उद्योगी पुरुषो	०—४—०
(९)	बेन्जामीन फ्रेन्कलिन	२—०—०
(१०)	बोधक चरित्र	०—४—०

गु. व. सोसाइटी
अमदावाद
ता. २१-९-१९३५

हीरालाल त्रि. पारेख
आसि. सेक्रेटरी

अनुक्रमणिका

१. प्रास्ताविक

२. छायासमेत मूल

निवेदनम् ।

सर्वमिदं नामरूपात्मकं जगत्प्रायो वाचायाः प्रभावेण समुद्द्योतितं भवति । तस्मादेव वाचाया महिमा श्रुतिभिरपि गीयते । तथा ह्यैतरेयारण्यके " वाचा वै वेदाः संधीयन्ते, वाचा छंदांसि वाचा मित्राणि संदधति वाचा सर्वाणि भूतान्यथो वागेवेदं सर्व " मिति[1] । संसारव्यवहारायावश्यकं जनानां पारस्परिकं संधानं वाचैव क्रियत इत्येतत्सत्यममुष्याः श्रुतेः प्रादुर्भवति । एष एवाभिप्रायो दण्डिनाऽपि काव्यादर्शे समुपदर्शितः,

" इह शिष्टानुशिष्टानां शिष्टानामपि सर्वथा
वाचामेव प्रसादेन लोकयात्रा प्रवर्तते ॥

इदमन्धं तमः कृत्स्न जायेत भुवनत्रयम्
यदि शब्दाह्वयं ज्योतिरा संसारान्न दीप्यते ॥ " इति

देशजनसमूहपरिच्छिन्ना एकाऽपि वाग् विविधासु भाषासु संविभक्ता भवति । प्रत्येकं भाषा तत्तद्देशजनसमूहसंस्कारलक्षणान्याविष्करोति । यथा यथा कस्याश्चित् प्रजायाः संस्कृतिः समुपबृंहते तथा तथा तस्या भाषासमृद्धिरपि विपुलतां वैविध्यं सौक्ष्म्यं चावाप्नोति । प्रजायाः संस्कार एव भाषायाः परा शक्तिः । भाषापारंपर्यस्य सर्वाङ्गं गवेषणं तद्भाषाभाषिण्याः प्रजायाः संस्कृतेरितिहासं व्यनक्ति । तस्मादेव भारतवर्षे प्राचीनतमा ऋषयः निरुक्तव्याकरणे वेदाङ्गकक्षायां न्यदधुः । गीर्वाणभाषासत्त्वान्वेषणपरेण भगवता पतञ्जलिना भारतवर्षीयसंस्कृतिसौष्ठवपरिरक्षुणा तस्मादेव कंचिद्ब्राह्मणग्रन्थमवतार्य समुद्घोषितम् । " एकः शब्दः सम्यग्ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग्भवती " ति[3] ॥

---

१. ऐतरेयारण्यक. ३. १. ६.

२. दण्डिन्–काव्यादर्श–अ० १. श्लो० ३–४.

३. पतञ्जलि–व्याकरणमहाभाष्य–अ० १. पा. १. आह्निक १–पत्र ६५. (निर्णयसागरावृत्तिः)

अधुना भारतवर्षे विविधाभिर्देश्यभाषाभिस्तत्संस्कारव्यक्तित्वं समासादितं यत्तासां पारंपर्येतिहासाध्ययने पुराविदः पण्डितान् प्रेरयति । भारतवर्षस्य उदीच्यप्रान्तीयानां विविधानां देश्यभाषाणां सम्यगैतिहासिकमध्ययनं तदैव खलु सिध्यति यदा संस्कृतप्राकृतयोर्विविधानां देश्यभाषाणां चान्तराले स्थितस्यापभ्रंशस्य सूक्ष्मदृष्ट्या समवलोकनं क्रियते । सामान्यतस्त्वार्यावर्तस्य पश्चिमदिग्देशेषूच्यमानानामर्वाचीनदेश्यभाषाणां, विशेषतश्च गुर्जरत्रायां प्रयुज्यमानाया अर्वाचीनगुर्जर्याः सर्वाङ्गपर्यालोचनमपभ्रंशस्य सूक्ष्माध्ययनं विना दुःशकमेव । बहवोऽपभ्रंशकृतयो जैनै रक्षितेषु हस्तलिखितपुस्तकागारेषु संलभ्यन्ते । चतुःपञ्चा अपभ्रंशकृतयोऽद्यापि कश्चित्पण्डितैर्यथार्थं संपादितमुद्रिताः । प्राकृतार्वाचीनदेश्यभाषाऽन्तरालवर्त्यपभ्रंशविषयेऽर्वाचीनगुर्जरीभाषामुद्दिश्य प्रभूतमध्येयमवशिष्यते । तदध्ययनं तु तदैव सुशकं यदा प्रसिद्धाप्रसिद्धापभ्रंशग्रन्थेभ्यो यथाकालक्रममुद्धरणानि संकलय्यैक एव ग्रन्थो विदुषां करकमले निधीयते । एतत्प्रयोजनमवधार्यास्माभिरेषाऽपभ्रंशपाठावली संयोजिता । अयं त्वपभ्रंशपाठावल्याः प्रथमोंऽशो विक्रमार्कीयसप्तमशताब्द्या आरभ्य दशमशताब्दीपर्यन्तं यथालब्धप्रसिद्धाप्रसिद्धापभ्रंशवाङ्मयं यथाशक्त्यालोच्य चतुर्दशसूद्धरणेषु संकलितः । अस्याः खलु द्वितीयेंऽशेऽवशिष्टापभ्रंशवाङ्मयपर्यालोचनं कर्तुमाशास्महे ॥

को नामाऽपभ्रंशः । भगवता पतञ्जलिना गदितं " भूयांसोऽपशब्दाः, अल्पीयांसः शब्दा इति । एकैकस्य हि शब्दस्य बहवोऽपभ्रंशाः तद् यथा गौरित्यस्य शब्दस्य गावी गोणी गोता गोपोतालिकेत्यादयो बहवोऽपभ्रंशा "[४] इति । दण्डिना काव्यादर्शेऽपभ्रंशशब्दस्य द्विविधोऽर्थोऽभिहितः । यथा,

आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।
शास्त्रे तु संस्कृतादन्यदपभ्रंशतयोदितम् ॥

---

४. महाभाष्य–अ० १. पा. १. आह्निक १. पत्र ५०

५. दण्डिन्–काव्यादर्श–अ. १. ३६.

प्रथमपङ्क्तौ दण्डिना तत्कालीनदेश्यभाषाभ्यः समासादित-वाङ्मयविषयपरमोत्कर्षा काश्चिदाभीरादिगिरोऽपभ्रंशाभिधाप्रदानेन दृष्टिकक्षीकृताः । द्वितीयपङ्क्तौ तु पतञ्जलिविहितः संस्कृतापेक्षोऽपभ्रंशार्थः संनिहितः । 'आभीरादिगिरः' इत्यनेन शब्दसमूहेनार्यावर्तस्य पश्चिमप्रदेशमधिवसतां जनानां गिर उद्दिश्यैवोक्तमिति पुराविदभिप्रायानुसारमस्मभ्यं प्रतिभाति । कैश्चिदालंकारिकैरपभ्रंशशब्दः सामान्यभूतं तस्य यौगिकार्थं निमित्तीकृत्य व्याख्यायते । यथा रुद्रटः,

षष्ठोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥[६]

इदं खल्वपभ्रंशलक्षणं न साधु, रूढार्थविमानत्वात्, संस्कृतशब्दयौगिकार्थवदपभ्रंशशब्दस्य केवलं यौगिकार्थप्रदानेनार्थानुपपत्तेः । यत्तु विक्रमार्कीयसप्तमशताब्दीभाविना दण्डिना समवालोकि तत्तु नवमशताब्दीयेन रुद्रटेनानवलोकितमिति दुष्प्रतर्कमेव । तस्मादेव रुद्रटेन मं चानुसृत्यान्यैः कैश्चिदालंकारिकैरुपनिबद्धमपभ्रंशलक्षणं न स्वीकारार्हम् । द्वादशशताब्दीयेन वाग्भटेन किंचित्संस्कृत्यापभ्रंशलक्षणमुपनिबध्यते । यथा,

अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितम् ॥[७]

'शुद्ध' मित्यनेन शब्देन ता देश्यभाषाः सूच्यन्ते यास्तत्कालीनलौकिकवाङ्मये परमोत्कृष्टत्वात्समापन्नप्रतिष्ठा आसन् । वाग्भटस्त्वेवं सर्वा देश्यभाषा अपभ्रंशपक्षे न निक्षिपति । आलंकारिकवचनानुगामिन उपरितनविवेचनस्य निष्कर्षं वयमुपसंहरामः । काश्चिद् देश्यभाषाः काव्यादिषूपनिबद्धत्वाद्विद्वज्जनप्रयुज्यमानत्वात्परां शुद्धिमाप्नुवन् । तासां च विशेषत आभीरादीनां गिरः अपभ्रंशतया स्मर्यन्त इति ॥

यथा महाराष्ट्राश्रया भाषा प्रकृष्टप्राकृतपदं समारूढा सामान्यतः प्राकृताभिधयैव ज्ञायते तथैव राजस्थान-मरुदेश-गुर्जरत्रा-

---

६. रुद्रट–काव्यालंकार, २–१२.

७. वाग्भट–काव्यालंकार, २–३.

दिग्वार्यावर्तस्य पश्चिमदिक्प्रदेशेषु प्रयुज्यमानाभ्यो गीर्भ्यः शुद्ध-स्वरूपा कविभिरादृता लब्धप्रकर्षा खल्वेका भाषाऽऽपभ्रंशाभिध-यैव ज्ञायते। साऽपभ्रंशभाषा तत्कालीनदेश्यभाषाभ्यो भिन्नाऽऽसीत्। एषोऽभिप्रायः समधिगतसकलापभ्रंशसाहित्यनिदर्शनाद्, दाक्षिण्य-चिह्नराजशेखरादीनां कथनाद्, अपभ्रंशस्य राजस्थानगुर्जरत्रादि-प्रदेशप्रवर्तमानदेश्यभाषाणां च व्याकरणशब्दसमूहादिविषये पार-म्पर्यगतसाम्यदर्शनात्प्रमाणपदवीमारोहति। वि. सं. ८३५ वर्षे दाक्षिण्यचिह्नोऽष्टादशदेश्यभाषाऽतिरिक्तामपभ्रंशभाषामुपदर्शयति। तस्याभिप्राये संस्कृतं 'दुर्जनहृदयमिव विषमं' प्राकृतं च 'सज्जन-वचनमिव सुखसंगतं' किं त्वपभ्रंशस्तु ताभ्यामपि शोभनतरः 'प्रणयकुपितप्रियप्रणयिनीसमुल्लापसदृशो मनोहरः'।[८] एवं च गुर्जरत्रातिलकभूतं भिन्नमालं परितो विहरन् दाक्षिण्यचिह्नो-ऽपभ्रंशे परं भावमाविष्करोतीति न चित्रम्। अपि च, स कुवलय-मालाकथायां गुर्जरपथिकमुखादपभ्रंशदोहकमुपवाचयतीति सुसंग-तमेव[९]। विक्रमार्कीयदशमशताब्द्या आदिमे विभागे प्रवर्तमानो राजशेखरस्तदुक्तमित्युल्लिख्य काव्यमीमांसायां दशमाध्याये अपभ्रंशं प्रयुञ्जानान्देशान्निर्दिशति यथा,

सापभ्रंशप्रयोगाः सकलमरुभुवष्टक्कभादानकाश्च।[१०]

तस्मिन्नेव ग्रन्थेऽन्यत्र च,

सुराष्ट्रत्रवणाद्या ये पठन्त्यर्पितसौष्ठवम्।
अपभ्रंशवदंशानि ते संस्कृतवचांस्यपि॥ इति।[११]

अपरत्र च तस्मिन्नेव ग्रन्थे राजासनसमीपमपभ्रंशिनां क-वीनां निवेशनस्थानं व्यवस्थापयिष्यन् राजशेखर उद्गिरति '[राजासनस्य च] पश्चिमेनापभ्रंशिनः कवय [निविशेरन्]'[१२]

---

८. अपभ्रंशपाठावली–टिप्पणी पत्र. ६६.

९. अ. पा. उद्धरण १४.

१० राजशेखर–काव्यमीमांसा। पत्र. १५. (गायकवाड-प्राच्य-ग्रंथमाला. १.)

११. राजशेखर–का. मी. पत्र ३४.

१२. राजशेखर–का. मी. पत्र. ५४–५५

इति । सर्वे चेम उल्लेखा अपभ्रंशस्थानविषयेऽस्मदीयाभिप्रायमेव द्रढयन्ति । एकादश्यां विक्रमशताब्द्यां विद्यमानो भोजराजः सरस्वतीकण्ठाभरणे,

पठन्ति लटभं लाटाः प्राकृतं संस्कृतद्विषः
अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ॥ [13]

इत्यभिप्रायमाविष्कुर्वाणो राजशेखराभिप्रायमेव समर्थयति । एवं च सापभ्रंशप्रयोगाः प्रदेशा आर्यावर्तस्य पश्चिमाशावर्तिन इत्यप्रत्याख्येयोऽयं सिद्धान्तः ॥

अत्रापभ्रंशस्य विविधाः पारंपर्यसमाम्नाताः शाखा इति केषांचिन्मतम् । तत्त्वत्र समुपस्थापितमपभ्रंशैकत्वपक्षं न व्यावर्तयति । साहित्ये प्रयुज्यमानस्यैकस्याप्यपभ्रंशस्य प्रादेशिकविशेषत्वाल्लोकोक्तिगताः बहवः शाखा भवेयुरिति नास्मदीयसिद्धान्तबाधकमनुभवविरुद्धं वा । वि. सं. ११२५ वर्षे रुद्रटीयकाव्यालङ्कारटीकायां नमिसाधुरभिधत्ते । " पाणिन्यादिव्याकरणोदितशब्दलक्षणेन संस्करणात्संस्कृतमुच्यते । तथा प्राकृतभाषैव किंचिद्विशेषलक्षणान्मागधिका भण्यते । तथा प्राकृतमेव किंचिद्विशेषात् पैशाचिकम् । शौरसेन्यपि प्राकृतभाषैव । तथा प्राकृतमेवापभ्रंशः । स चान्यैरुपनागराभीरग्राम्यादिभेदेन त्रिधोक्तस्तन्निरासार्थमुक्तं भूरिभेद इति । कुतो देशविशेषात् । तस्य च लक्षणं लोकादेव सम्यगवसेय " मिति [14] । एवं च रुद्रटमतसमर्थनपरो नमिसाधुरपभ्रंशस्य त्रीन् भेदान्न स्वीकरोति । प्राच्यपरंपरासमाम्नायमनुसृत्य मार्कण्डेयेन प्राकृतसर्वस्वे नागरोपनागरव्राचडसंज्ञा अपभ्रंशस्य त्रयो भेदा अभिहिताः [15] । अस्माभिः प्रस्तुतग्रन्थस्य चतुर्थोद्धरणस्य प्रस्तावे टाक्कयपभ्रंशस्य शाखैवेति प्रतिपिपादयिषद्भिः प्रा-

---

१३. भोजदेव-सरस्वतीकण्ठाभरण. २–१३.

१४. रुद्रट–काव्यालङ्कार २–१२. नमिसाधु–टीका.

१५. मार्कण्डेय–प्राकृतसर्वस्व पाद. १७–१८. देश्यभाषाणामपभ्रंशे समावेशनायोक्तेषु बहुष्वपभ्रंशप्रकारेष्वपि मुख्यतया वर्तमानानामपभ्रंशस्य त्रयाणां प्रकाराणां विवेचनं मार्कण्डेयेन विस्तरतो कृतमपरे तु केवलं निर्दिष्टाः ।

कृतसर्वस्वे 'हरिश्चन्द्रस्त्विमां भाषामपभ्रंश इतीच्छती'[१८]ति मार्कण्डेयनिराकृताऽभिप्रायः स्वीकृतः । एवं चैकस्यापभ्रंशस्य देश्यविशेषैः परिच्छिन्नं शाखाभिन्नत्वमस्मन्मतं न बाधते ॥

साहित्यभाषापदमारूढैकाऽपभ्रंशभाषा दक्षिणापथवर्तिमान्यखेटनिवासिना महाकविपुष्पदन्तेन, कामरूपवसतिना महासिद्धसरोरुहेण, वंगदेशवास्तव्येन कृष्णपादेन,[१९] विविधदेशनिवासिभिश्चैवमनेकैः कविभिः संस्कृतप्राकृतवत्प्रयुज्यमानैकस्मिन् समये समस्ते भारतवर्षे लब्धप्रचाराऽऽसीदित्यत्र न भवति संशयलवस्याप्यवकाशः। एतस्यापभ्रंशस्य यथाकालं द्विविधः प्रवाहः समवतीर्णो दृश्यते । एकस्तु परंपरया साहित्ये प्रयुज्यमानोऽपभ्रष्टसंज्ञां प्राप्नुवन् पश्चाच्च डिंगलाभिधया चारणैरद्यापि राजसभासु प्रयुज्यमानायां भाषायामखण्डतयाऽवतीर्णोऽवगम्यते ।[२०] मैथिलकविविद्यापतिना विक्रमार्कीयपंचदशशताब्दीवर्तिना 'कीर्तिलते'ति ख्याते काव्येऽपभ्रष्टभाषैव प्रायुञ्जि । यथा तेन भण्यते,

सक्कअवाणी वहुअ न भावइ
पाउअरस को मम्म न पावइ ।
देसिलवअना सवजनमिट्ठा
तँ तैसन जंपउं अवहट्ठा ॥[२१]

---

१६. अ. पा. टिप्पणी. पत्र. ३६.

१७. कारंजा–जैन–ग्रन्थमालायां 'जसहरचरिउ' (सं. पी. एल. वैद्य) 'नायकुमारचरिउ' (सं. हीरालाल जैन) इत्येतौ ग्रन्थौ मुद्रितौ । 'महापुराणं' तु वैद्यमहाशयेन संपाद्यते तस्यामेव ग्रन्थमालायां ।

१८. अ. पा. उद्धरण. १३. टिप्पणी.

१९. अ. पा. उद्धरण. १३. टिप्पणी.

२०. सुनीतिकुमार चेटरजीः O. D. B. L. Part I Intro. P. 113–115.

२१. कीर्तिलता (सं. बाबुराम सक्सेना) पत्र. ७. (मूल.)

प्राकृतपिंगलेऽप्युदाहरणपद्यान्यपभ्रष्टभाषायामेवोपनिबद्धानीति भाषालक्षणात्तट्टीकाकारस्य लक्ष्मीनाथभट्टस्य वचनाच्च प्रसिद्ध-मेव ।[२२] एवं च विक्रमार्कीयपञ्चदशशताब्द्यां विरचिते संदेश-रासकाख्येऽप्रसिद्धाऽपभ्रष्टकाव्ये यथा,

अवहट्टय-सक्कय-पाइयं च पेसाइयंमि भासाए ।
लक्खणछंदाहरणे सुकइत्तं भूसियं जेहिं ॥

एवं च लोकैः प्रयुज्यमानाभिर्देश्यभाषाभिः संपृक्तस्ताभिश्च विकृतोऽप्यपभ्रंशपारम्पर्यमनुकुर्वाणश्चारणविरचितेषु काव्येष्वद्या-प्यखण्डतया प्रवर्तमानोऽपभ्रष्टसंज्ञः प्रवाहो दरीदृश्यते । द्विती-यश्च प्रवाह उक्तिप्रधानो लोकभाषास्ववतीर्णः स्वातन्त्र्येण विकृति-मापद्यमानो विवर्धमानश्च पश्चिमहिंदी-राजस्थानी-गुर्जरी-प्रभृति-ष्वर्वाचीनदेश्यभाषास्वन्तर्गतो दृग्गोचरीभवति । यत्त्वपभ्रंश-गुर्जर्यो र्व्याकरणादिसंबंधविवेचनं टेसीटरी-ग्रीअरसन-दिवेटिआ-ध्रुव-टर्न-रादिभिर्विद्वद्भिर्विविधेषु प्रबन्धेष्वकारि तत्प्रज्ञावद्भिर्वाचकैस्तत्र तत्रावलोकनीयम् ॥

यत्कैश्चित्पण्डितप्रवरैरपभ्रंशानेकत्वं प्रत्यपादि तदत्र प्रत्याख्ये-यम् । अस्मिन् पक्षे प्राचीनपरंपरायां रुद्रट-मार्कण्डेय-रामतर्कवागी-शादय आलंकारिकवैयाकरणा अर्वाचीनपरंपरायां च पीशल-ग्रीअरस-नादयो भाषापण्डिताः । अपभ्रंशैकत्वयाथार्थ्यमस्माभिरुपरि साधि-तम् । प्राकृतानन्तरवर्त्यर्वाचीनदेश्यभाषापुरोभवमन्तरालवर्ति तत्का-लीनदेश्यभाषास्वरूपमपभ्रंश इति पूर्वपक्षिणां पण्डितानां पक्षः । तस्याऽपि वैतथ्यमस्माभिरदर्शि । यत्तु 'बलपण्हो' इत्यस्मिं-श्चतुर्थोद्धरणे टाक्कीमागध्योः कडवकानि दृश्यन्ते तत्केवलं विद-ग्धतार्विश्चिकीर्षया । द्वादशत्रयोदशोद्धरणयोर्भाषा देश्योक्ति-

---

२२. Pischel. G. P. Ein. § 28. अत्र तु पीशलमहाशयेन सविस्तरमपभ्रष्टशब्दप्रयोगस्थानानि समवतारितानि । तथा हि, प्रा. पिं. पत्र. ३. (लक्ष्मीधरटीकायाम्) ।

२३. संदेशरास (अप्रसिद्ध) गाथा. ६.

विकृतः प्रायशः प्रयुज्यमानोऽपभ्रंश इति तत्र प्रस्तावनायां प्रदर्शितम् ॥

सति प्रभूतेऽपि वक्तव्ये विस्तरभिया दिङ्मात्रं खल्वत्राभिधीयते । आशास्महे भविष्यत्येतद्विवेचनं विदुषां तोषायेति । एतस्य ग्रन्थस्य संस्करणकर्मण्यस्माभिः प्रचुरमवधानमवाधारि । तथापि मुद्रणाव्यवस्थाया अस्मत्प्रमादाद्वा याः काश्चित्त्रुटयोऽवशिष्यमाणा विद्येरंस्ताः संशोधनीयाः सूचनीया वाऽस्मभ्यं परोपकारप्रवणैः प्रेक्षावद्भिर्वाचकैरिति सप्रश्रयं विज्ञाप्यते । अस्य ग्रन्थस्य संपादनकर्मणि प्रचुरं साहाय्यमनुष्ठितवद्भिः दि० ब० केशवलाल हर्षदराय ध्रुवेत्येतैः पण्डितधुरीणैर्महाशयैर्महाराजश्री–पुण्यविजयेतिमुनिवरैश्च वयमत्यर्थमुपकृताः ॥

मोदीत्युपाह्वो मधुसूदनः ।

उपोद्घात

अंग्रेजीनो मूळगत संबंध ॲंग्लो–सेक्सन साथे छे; लेटिने तेने ओप अने अलंकारो अर्प्या छे. तेवी ज रीते गूजराती, राजस्थानी अने पश्चिम हिंदुस्तानीनो मूळगत संबंध अपभ्रंश साथे छे; संस्कृते तो आ बधोय अर्वाचीन देश्य-भाषाओने ओप अने अलंकारो आप्या छे. एटले के गूजरातीना शास्त्रीय अभ्यास माटे संस्कृतना अभ्यासनी आवश्यकता खरी; परंतु तेनी चिकित्सा, तेना आत्मानी ओळख तो अपभ्रंशना अभ्यासथी थई शके. परतु आश्चर्यनी वात छे के गूज-रातीना उच्चतर अभ्यासमां तेने नहि जेवुं ज स्थान आपवामां आव्युं छे. अपभ्रंशना अभ्यास विना गूजरातीनी भाषाचिकित्सा असंभवित ज छे. घणा य गूजराती शब्दोनां मूळ अपभ्रंशमां दीठामां आवे छे. व्याकरणनां रूपो पण झीणवटथी तपासीए तो तेमांथी ज अवतीर्ण थतां दृष्टिगोचर थाय छे. डॉ. टेसीटरी, श्री. नरसिंहराव, प्रो. टर्नर, दी. बा. केशवलाल ध्रुव के सर ज्यार्ज ग्रीअर्सननां लखाणो तपासीशुं, तो आ बाबतनी आपणने सचोट प्रतीति थशे. हिंदनी परंपरामां ऊछरेला स्व० व्रजलाल शास्त्रीए पण अपभ्रंश–गूजरातीना संबंध उपर भार मूक्यो हतो. (सं. १९२२)[1] दि. बा. केशवलाल ध्रुवे इ. स. १९०७मां गूजराती–साहित्य–परिषद्ना बीजा अधिवेशनना प्रमुख तरीकेना भाषणमां अपभ्रंश अने गूजरातीना संबंध विषे विस्तारथी चर्चा करी हती.[2] अपभ्रंशना शास्त्रीय अभ्यास प्रत्ये गूजरातना विद्वानोए घणुं ओछुं लक्ष आप्युं छे. तेनो अभ्यास सारा प्रमाणमां थशे नहि तो गूजरातीने सारो शब्दकोश के व्याकरण सांपडशे नहि.

'अपभ्रंश' नी अर्थव्याप्ति विषे प्राचीन समयथी ज भिन्नभिन्न मत दृष्टि-गोचर थता आवे छे. जूनामां जूनो अपभ्रंश शब्दनो प्रयोग आपणने पतञ्जलिना

---

१. शास्त्री व्रजलाल काळिदास विरचित 'गुजराती भाषानो इतिहास' (सं. १९२२), प्रसिद्ध करनार–गुजरात वर्नाक्युलर सोसायटी, अमदावाद. डॉ. सर रामकृष्ण भांडारकर 'Wilson Philological Lectures.' Lec. III ने छेडे अपभ्रंश–गूजरातीना संबंधे स्व. शास्त्रीजीनो उल्लेख करे छे.

२. बीजी गूजराती साहित्य परिषद्नो अहेवाल अने निबंधो (१९०७) मां दि बा. केशवलाल हर्षदराय ध्रुवनुं आखुं य भाषण आ विषयना रसिके वांची जवा जेवुं छे.

व्याकरणमहाभाष्यमां[3] मळे छे. तेमां तो संस्कृतना हिसाबे जे कोई भाषाभ्रष्टता होय, तेने अपभ्रंश तरीके ओळखाववामां आवी छे. पतञ्जलि इ. स. पूर्वे २०० नी आसपास प्रवर्तमान थया एम विद्वानोनो अभिप्राय छे. त्यार पछी भामहे[4] (आशरे इ. स. छट्ठो सैको) अपभ्रंशनो उल्लेख कर्यो छे; परंतु तेनो उल्लेख अपभ्रंशनी अर्थव्याप्ति पर झाझो प्रकाश पाडतो नथी. अपभ्रंशना अर्थ पर दण्डीनां वचन[5] (आशरे इ. स. सातमो सैको) ठीक प्रकाश आपे छे. संस्कृत प्रत्येना अभिनिवेशवाळा वैयाकरण अने आलंकारिकोनो मत पण तेणे नोंध्यो छे; अने अपभ्रंश नामे रूढ भाषानो पण तेणे उल्लेख कर्यो छे. शास्त्रोमां तो संस्कृतथी जे कोई भिन्न भाषा होय ते अपभ्रंश, ए पहेलो अर्थ; अने आभीर इत्यादिनी भाषाओ काव्योमां वपराई होय ते अपभ्रंश, ए बीजो अर्थ. आभीर इत्यादि ज्ञातिओनो वसवाट पश्चिम हिंदुस्तानमां हतो ए विद्वन्मान्य बाबत छे. त्यार पछीनो उल्लेख रुद्रटनो[6] छे. तेना मते तो देशविशेषे करीने ज अनेक भाषाओ होय, ते अपभ्रंशने नामे ओळखवी; एटले के दरेक देश्यभाषा तेने अभिप्राये तो अपभ्रंश ज लेखावी जोइए. आ अभिप्राय अर्थाभासरूप छे; कारण के रूढार्थनी अवगणना करी, केवळ यौगिकार्थने प्राधान्य आपी, तेणे आलंकारिकोनो विभाग-

---

३. पतंजलि–महाभाष्य. अ.१.पा.१.आह्निक. १ पान.५०.

४. भामह-काव्यालंकार–१.३६.

शब्दार्थौ सहितौ काव्यं गद्यं पद्यं च तद् द्विधा
संस्कृतं प्राकृतं चान्यदपभ्रंश इति त्रिधा ॥

५. दण्डिन्–काव्यादर्श –१.३२.३६.

तदेतद्वाङ्मयं भूयः संस्कृतं प्राकृतं तथा ।
अपभ्रंशश्च मिश्रं चेत्याहुरार्याश्चतुर्विधम् ॥
आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।
शास्त्रे तु संस्कृतादन्यदपभ्रंशतयोदितम् ॥

६. रुद्रट–काव्यालंकार. २–११. १२.

भाषाभेदनिमित्तः षोढा भेदोऽस्य संभवति ॥
प्राकृतसंस्कृतमागधपिशाचभाषाश्च शौरसेनी च ।
षष्ठोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥

प्रियताने ज तोषी छे. बाकी सातमा सैकाना दण्डीने जे अर्थ सूझ्यो, ते शुं नवमा सैकाना रुद्रटने न सूझे? बारमा सैकाना वाग्भटनो अभिप्राय[७] दण्डी अने रुद्रटना अभिप्रायनी वचटनो छे. ते रुद्रटनी माफक बधी देश्यभाषाओने अपभ्रंश कहेतो नथी; तेम पश्चिममां वसता आभीरादिनी भाषाओने ज अपभ्रंश तरीके उल्लेखतो नथी. तेने मते तो कोई पण देश्यभाषा शुद्धस्वरूपे पहोंची होय, एटले के साहित्यमां वपराई होय, तेने अपभ्रंश कहेवी, बीजोने नहि. आ प्रकारनां शास्त्रप्रिय आलंकारिकोनां दलीली विवेचनो जवा दई, मुद्दा पर आवीए. आगळ पाछळना पूरावा परथी एम आपणे कही शकीए के केटलाक नजीवा अपवादो बाद करतां हेमचंद्रे जे भाषानी चर्चा सिद्धहैमना आठमा अध्यायने छेडे करी छे, ते भाषाने अपभ्रंश समजवी.[८] बीजा प्राकृत वैयाकरणोने पण आ ज अभिप्रेत छे. आ भाषामां ज आर्यावर्तना पश्चिम दिशाना देशोनी अर्वाचीन भाषाओनुं मूळ विद्वानो जुवे छे. आ बाबतमां राजशेखर काव्यमीमांसामां कहे छे के "मारवाड, टक्क अने भादानक प्रदेशोमां भाषाप्रयोगो अपभ्रंशमिश्र होय छे."[९] अपभ्रंश कविओनुं ते पश्चिममां स्थान स्थापे छे;[१०] अने जणावे छे के "सुराष्ट्र अने त्रवण आदि प्रदेशना जनो सौष्ठव अर्पीने संस्कृत वचनोने पण अपभ्रंशवत् बोले छे."[११] भोज सरस्वतीकंठाभरणमां कहे छे के "गुर्जरो पोताना अपभ्रंशथी संतोषाय छे; नहि के बीजाथी." जो सिद्धहैमनो अपभ्रंश साथे गूजराती सरखावीए तो मालम पडशे के बन्ने वच्चे मा-दीकरीनो संबंध छे. मारवाडी तथा पश्चिम हिंदुस्तानीने पण अपभ्रंशनी साथे आ प्रकारनो ज संबंध छे. आथी जे अपभ्रंशनी वात भोज अने राजशेखर करे छे, ते अपभ्रंश सिद्धहैमनुं ज अपभ्रंश छे, ए वात दीवा जेवी चोक्खी छे. विक्रमना

---

७. वाग्भट–काव्यालंकार. २. ३.

अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितम् ।

८. हेमचंद्र—सि. हे. ८. ४. ३२९–४४६; मार्कण्डेय–प्राकृतसर्वस्व १७। १–७८. लक्ष्मीधर-षड्भाषाचन्द्रिका (सं. कमळाशंकर प्राणशंकर त्रिवेदी) पृष्ठ २६४–२६८. इ. मां अपभ्रंशनी चर्चा करवामां आवी छे.

९. राजशेखर—का. मी. पान. ३४.

१०. राजशेखर—का. मी. पान. ५४–५५

११. राजशेखर—का. मी. पान. ३४.

१२. भोजदेव—सरस्वतीकण्ठाभरण. २. १३.

नवमा सैकानी प्राकृतकथा कुवलयमालामां उद्द्योतनसूरि गूर्जरपथिकने म्होंए अपभ्रंश दुहो बोलावे छे[१३] आ परथी प्रतीत थाय छे के अपभ्रंश नामे साहित्यमां ओळखाती भाषा एक होई, पश्चिम आर्यावर्तनी अर्वाचीन भाषाओनुं ते मूल छे.

आ मतमंडननो केटलाक विद्वानो अंशतः विरोध करे छे. प्रो. पीशल, ग्रीअरसन[१४] इ० नुं मानवुं एम छे जे अत्यारनी लोकभाषानुं पूर्वरूप तत्तद्देशीय अपभ्रंश हतुं; अने तत्तद्देशीय अपभ्रंशनुं पूर्वरूप तत्तद्देशीय प्राकृत हतुं प्रो. पीशल अपभ्रंशनी अनेकता कल्पी, नीचे प्रमाणे मतस्थापना करे छे:[१५] " आपणे आम शौरसेनी अपभ्रंश जुदुं पाडवुं जोईए-जे अपभ्रंश शूरसेन प्रदेशनी जूनी लोकभाषा हती; तेनी विकृति गुजराती अने मारवाडी छे. ते ज प्रमाणे आपणे शौरसेनी प्राकृत पण जुदुं पाडवुं जोईए. + + + + हेमचंद्र खोटी रीते अपभ्रंशने शौरसेनी प्राकृत एकलीने ज अनुसरनारुं कहे छे. महाराष्ट्र अपभ्रंश हतुं (सरखावो Hoernle. Com. Gram. P. xxii), जेनी साथे मराठी संबद्ध छे; अने ते ज प्रमाणे महाराष्ट्रनुं प्राकृत जेने महाराष्ट्री तरीके ओळखवामां आवे छे, ते विषे आपणे जाणीए छीए ते ज प्रमाणे मागधी अपभ्रंश हतुं, जे लाटभाषा मारफत अर्वाचीन बिहारी अने पश्चिम बंगालीमां जीवंत छे; अने ते प्रमाणे मगधनुं प्राकृत नामे मागधी पण आपणे जाणीए छीए. " डॅा. सुनीतिकुमार चेटरजी आ मतने अनुसरी एक स्थळे कहे छे,[१६] " At the confluence of the second period (i. e. Middle Indo-Aryan Period) and the third period (i. e. New Indo-Aryan Period), we have the literary Apabhrans'as; and these Apabhrans'as of literature are mainly based on hypothetical spoken Apabhrans'as in which the earlier Prakrits die and the Bhāsās or modern Indo-Aryan languages

---

१३. अपभ्रंशपाठावली. उद्धरण. १४.

१४. Grierson: Art. on 'Prakrit' Encyclo. Britt. Vol. XXII P. 251.

१५. Pischel: G. P. Eint. § 7.

१६. Chatterji: O. D. B. L. Intro. P. 17.

have their birth." આજ પ્રમાણે ડૉ. હર્નલ,[१७] પ્રો. પીશલ, ગ્રીઅરસન ઇત્યાદિ વિદ્વાનો જૂની દેશ્યભાષાઓને અપભ્રંશ તરીકે લેખાવી તેની વ્યાપ્તિને બહુલાવે છે; અને તેમ કરી અપભ્રંશની અનેકતા સ્થાપે છે; તેમ જ આ મતને અનુકૂળ કરવા હેમચંદ્રના અપભ્રંશને શૌરસેની અપભ્રંશ નામ આપે છે.

જૂના વૈયાકરણ અને આલંકારિકોની પરંપરામાં રુદ્રટનો ટીકાકાર નમિસાધુ,[१८] રામચંદ્ર,[१९] માર્કણ્ડેય[२०] ઇત્યાદિ અપભ્રંશની અનેકતા સ્થાપે છે; પરંતુ તેમણે કહેલા અપભ્રંશનું વાઙ્મય મળતું નથી. જે અપભ્રંશવાઙ્મય આપણી સમક્ષ છે, તે ઉપરથી જો નિર્ણય બાંધવાનો હોય, તો અપભ્રંશ એક ભાષા હતી એમ કહેવામાં કાંઇ બાધ નથી. દેશ્ય ભાષાઓની અપભ્રંશ નામ આપી, અપભ્રંશનો અનેકતા સંબંધે મતસ્થાપના કરાય; પણ એકલી મતસ્થાપનાએ શું વળ્યું ? બીજાં અપભ્રંશોનું સાહિત્ય ક્યાં છે ? તેમના ખાસ વ્યાકરણવિશેષોની ચર્ચા પણ કયા વૈયાકરણે કરી છે ? માર્કણ્ડેય કે રામતર્કવાગીશે જે ચર્ચા કરી છે, તે તો જૂના શાસ્ત્રીઓની વિભાગપ્રિયતાને આભારી છે; નહિ તો શું બબ્બે સૂત્રો જ એકએક અપભ્રંશને વર્ણવી શકે ? બીજું કે, અપભ્રંશની અનેકતાના ઉલ્લેખો અપભ્રંશ બોલાતી બંધ પડ્યા પછીના છે. પ્રસ્તુત અપભ્રંશપાઠાવલીના ચોથા ઉદ્ધરણમાં ત્રિભુવન

१७. Hoernle: Grammer of Gaudian languages, Intro. xi–xii.

१८. નમિસાધુ—રુદ્રટ, २. १२. ઉપર ટીકા.

१९. રામચંદ્ર—નાટયદર્પણ. પાન. २०९. કારિકા. १९५ના પ્રથમ ચરણ ઉપર ટીકા.

२०. માર્કણ્ડેય—પ્રાકૃતસર્વસ્વ. પાન. २ ટીકા

व्राचडो लाटवैदर्भावुपनागरनागरौ
बार्बरावन्त्यपाञ्चालटाक्कमालवकैकयाः ॥
गौडौड्रवैवपाश्चात्यपाण्ड्यकौन्तलसैंहलाः
कालिङ्ग्यप्राच्यकार्णाटकाञ्च्यद्राविडगौर्जराः ॥
आभीरो मध्यदेशीयः सूक्ष्मभेदव्यवस्थिताः
सप्तविंशत्यपभ्रंशाः वैतालादिप्रभेदतः ॥

અને પોતાના અભિપ્રાયે પાદ. १. સૂત્ર. ७. પાન. ३:—

नागरो व्राचडश्चोपनागरश्चेति ते त्रयः
अपभ्रंशाः परे सूक्ष्मभेदत्वान्न पृथङ्मताः ॥

स्वयंभूए रचेला हरिवंशपुराणना भागमांथी एक संधि लेवामां आव्यो छे. तेमां तेणे टाक्की अने मागधी भाषाने अनुसरता अपभ्रंशनां कडवक आप्यां छे[२१] तेमां पण विदग्धता बताववानो ज यत्न छे.

आपणने अत्यारे मळतुं साहित्य, अपभ्रंश, प्राकृतनी माफक, साहित्यनी प्रकृष्ट भाषा थई त्यार पछीनुं छे; तो पण तेनुं दूध पी ऊछरेली अर्वाचीन देश्यभाषाओनुं स्वरूप तेने अवलंबीने ज विकस्युं एने माटे पूरावा आपी शकाय एम छे. अपभ्रंश प्रकृष्ट भाषा थयानो उल्लेख धरसेन बीजाए (इ स. ५५२–५६२) पोताना बाप गुहसेन संबंधी लेखमां कर्यो छे. तेमां गुहसेनने " संस्कृत, प्राकृत अपभ्रंश ए त्रणे य भाषाना प्रबन्धोनी रचनाथी जेनुं अंतःकरण वधारे निपुण थयुं छे, " एम वर्णव्यो छे.[२२] आ बतावे छे के इ. स. ना छठ्ठा सेकामां ते साहित्यभाषा बनेली हती. वळी त्रण ज भाषा तरीके संस्कृत, प्राकृत अने अपभ्रंशने वर्णवेलां होई, अपभ्रंश ए एक ज साहित्यभाषा हती एम ठरे छे. आ पहेलांनो अपभ्रंशना प्रयोगनो एक दाखलो मळे छे ते वसुदेवहिंडी जे इ. स. ५८९ पहेलांनो ग्रन्थ छे, तेमां छे.[२३] आथी जूनो अपभ्रंशनो प्रयोग दृष्टिगोचर थतो नथी. भरतना नाटयशास्त्रमां अपभ्रंश गीत छे एम बताववा एक विद्वाने यत्न कर्यो छे; परंतु ते गीतने झीणवटथी तपासतां ए अपभ्रंशभाषानां होवानी प्रतीति थती नथी.[२४] आपणने मळतुं अपभ्रंशसाहित्य नवमा दशमा सैकानुं छे; एटले के ते बोलाती बंध पडी, अने साहित्यमां स्थिर थई त्यार पछीनुं छे. मळी आवता बधा अपभ्रंश-साहित्यमां सामान्यतः जुदापणुं छे ज नहि. जो ए लोकोनी बोलाती भाषा होत तो रूपरचनामां क्यांक खास फेरफारो जुदाजुदा प्रदेशमां रही लखता कविओमां आव्या होत. बीजुं के जो अपभ्रंश साहित्यभाषा न होत तो, निझाम राज्यमां

---

२१. अपभ्रंश-पाठावळी–उद्धरण. ४. कडवक. १–४. मागधी. कडवक. ११. टाक्की.

२२. Indian Antiquary Vol. 10. P. 284. संस्कृतप्राकृता-पभ्रंशभाषात्रयप्रतिबद्धप्रबन्धरचनानिपुणतरान्तःकरणः । आ प्रमाणे वलभीराज गुहसेननुं विशेषण आपवामां आव्युं छे.

२३. अपभ्रंशपाठावली. उद्धरण. १४.

२४. डॉ. याकोबी अने तेने अनुसरी डॉ. गुणे ए भविसत्तकहानी प्रस्तावना-मां आ प्रमाणे यत्न कर्यो छे. तेनो निरास Indian Historical Quarterly Vol. VIII. No. 4. M. Ghosh: Prakrit verses in Bharata-Nāṭya S'astra. के. ह. ध्रुव 'पद्यरचनानी ऐतिहासिक आलोचना' पान. २८३–२८६.

आवेला मान्यखेटमां रही दशमा सैकामां महाकवि पुष्पदन्ते त्यांना सचिवकुलने संतोषवा अपभ्रंशमां जैनपुराणो ऊतार्यां न होत; वळी महाविद्व सरहे आसाममां रही ए ज साहित्यभाषा अपभ्रंशमां 'दोहाकोश' रच्यो न होत; तेम ज कृष्णपादे बंग प्रदेशमां वसी ते ज अपभ्रंशमां पोताना 'दोहाकोश' नी संकलना न करी होत. आथी एम मानवाने कारण मळे छे के संस्कृत अने प्राकृत (=महाराष्ट्री) नी हारोहार अपभ्रंश एक काळे संस्कृत अने प्राकृत जेवी ज विद्वन्मान्य हती; अने धरसेने तेथी ज तेना संस्कारी वापने संस्कृत अने प्राकृतनी साथे अपभ्रंशना प्रबंध रचवामां निपुणतर कह्यो छे; उद्द्योतने अपभ्रंशने देश्यभाषाथी जुदी पाडी, संस्कृत अने प्राकृतना करतां य तेनी अदकी तारीफ करी छे;[२५] राजशेखरे तेने भव्य कह्यो छे.[२६] एक काळे अपभ्रंश आखा हिंदुस्तानमां संस्कृत अने प्राकृतनी जेम ज काव्यमां वपराती. डॉ. सुनीतिकुमार चेटरजीना शब्दोमां, "A kind of Mainland or S'aurseni Apabhrans'a was a sort of literary speech of Northern India in the closing centuries of the Ist millennium A. C. and some centuries later. The power and prestige of the Rajput courts which had their centres in the midland and the Ganges valley, was responsible for it. The Jainas of Gujarat cultivated it a great deal; and often it became a mixed dialect."[२७] आगळ जतां ते ज जणावे छे के "The Western or S'aurseni Apabhrans'a became current all over Aryan India from Gujarat and Western Punjab to Bengal; probably as a *Lingua franca*, and certainly as a polite language, as a bardic

---

२५. जुओ अ. पा. उद्धरण. १० उपर टिप्पणी. पान. ८६ उपर आने लगतुं टांचण आप्युं छे.

२६. राजशेखर-बालरामायण अं. १. श्लोक. ११.

गिरः श्रव्या दिव्याः प्रकृतिमधुराः प्राकृतधुरः
सुभव्योऽपभ्रंशः सरसरचनं भूतवचनम् ।

२७. Chatterji: O. D. B. L. Intro P. 90.

speech which alone was rgarded as suitable for poetry of all sorts."[२८]

उपरना डॅा. सुनीतिकुमार चेटरजीना शब्दो परथी एम तो तरी आवे छे के अमुक भाषा अमुक एक काळे संस्कृत अने प्राकृतनी जेम अखिल आर्यावर्तमां वपराती हतो, अने ते अपभ्रंश हती.[२९] डॅा. चेटरजी, पश्चिमना अन्य विद्वानोने अनुसरी, तेने शौरसेनी अपभ्रंश कहे छे. अत्यारे आपणने उपलब्ध थता साहित्यने आपणे शौरसेनी अपभ्रंश कही शकीशुं ? डॅा. चेटरजी आपणा अपभ्रंशने शूरसेन प्रदेशनुं होवाथी शौरसेनी कहे छे; एटलुं ज नहि परंतु अपभ्रंशनुं पृथक्करण करी कहे छे के "Nagara Apabhrans'a also cultivated by the Jainas, is probably based on the late Middle Indo-Aryan source-dialects of Rajastani-Gujarati, strongly tinged with S'aurseni."[३०] एम लागे छे के 'शौरसेनीनी मजबुत असरवाळी' ए शब्द टीकापात्र छे. आमां प्रो. पीशल, ग्रीअरसन इत्यादिए आ अपभ्रंशने शौरसेनी अपभ्रंश कहेवानी प्रथा चलावी तेने घटित ठरावबा ज प्रयास छे. आ अपभ्रंशने कोइ प्राचीन आलंकारिक के वैयाकरणे शौरसेनी अपभ्रंश नाम आप्युं नथी. सिद्धहेमनां केटलांक सूत्रो आने माटे जवाबदार होवा संभव छे. दा. त. सि. हे. ८. ४. ३२९. (टीका) **प्रायोग्रहणात् यस्यापभ्रंशे विशेषो वक्ष्यते तस्यापि क्वचित्प्राकृतवत् शौरसेनीवच्च भवति;** सि.हे. ८.४.३२६. (उ. १.) **सवधु करेप्पिणु कधिदु मइं तसु परसभलउ जम्मु । जासु न चाउ न चारहडि न य पम्हट्ठउ धम्मु ॥;** आना करतां य वधारे, सि. हे. ८. ४. ४४६. **शौरसेनीवत् ॥** सूत्रनुं उदाहरण: **सीसि सेहरु खणु विणिम्मविदु, खणु कण्ठि पालम्बु किदु, रदिए विहिदु खणु मुण्डमालिए जं पणएण**

---

२८. Chatterji: O. D. B. L. Intro P. 161.

२९. Chatterji: O. C. P. 91 "In the Apabhrans'a period, eastern poets employed the S'aurseni Apabhrans'a to the exclusion of their local *patois*. This tradition that of writing in a Western S'aurseni literary speech was continued in the east even after the eastern languages had come to their own."

३०. Chatterji O. C. P. 90.

तं नमहु कुसुमदामकोदण्डु कामहो। आ छेल्ला उदाहरणने निमित्त बनावी, प्रो. पीशल कहे छे, " (शौरसेनी अपभ्रंशना) उदाहरण तरीके, सि. हे. ८. ४. ४४६. **कण्ठि पालम्बु किदु रदिए**। शौरसेनी प्राकृतमां **कण्ठे पालम्बं किदं रदिए**। अने आ ज दृष्टान्त महाराष्ट्री प्राकृतमां **कण्ठे पालम्बं कअं रइए**। थशे. एटले शौरसेनी अपभ्रंश एकलुं ज हतु, ए हेमचद्रनुं मन्तव्य बरोबर नथी."[३१] हेमचंद्रने अनुसरी, सिंहराज. १२. १. पान. ९५ उपर शौरसेनी प्राकृतने अपभ्रंशनी भित्तिरूप माने छे. मार्कण्डेय प्रा स १७ १. पान. ११२. उपर **नागरं तु महाराष्ट्रीशौरसेन्याः प्रतिष्ठितम्** अने ते ज प्रमाणे षड्भाषाचन्द्रिका पान.२७६.पंक्ति १ ७ मां अभिप्राय दर्शावे छे. आ प्रकारना प्राचीन उल्लेखो परथी अने देशानुसारी प्राकृत अने तेमांथी अवतीर्ण थता अपभ्रंशोना सिद्धांतने रोचक बने एम होवाथी, अपभ्रंशने शौरसेनी अपभ्रंश नाम अर्पवानो पूर्वग्रह बंधायो होय तो कांइ नवीन नथी. हेमचंद्रनुं व्याकरण बारमा सैकानुं छे; अने तेनां दृष्टान्तो अने नियमोमां लौकिक बोलीओ (Local dialects) नी छांट छे[३२] हेमचंद्रे पोतानां उदाहरणोने सूत्रानुरूप बनाववा घटता फेरफार कर्या होय, तो य नवाई न कहेवाय.[३३] वळी आपणे कुवलयमालानां देश्यभाषानां उदाहरण परथी जोई शकीए छीए के सि. हे. ८. ४. ३९६ मां अपभ्रंश माटे विहित करेली मार्दवप्रक्रिया (Softening) देश्यभाषामां वधारे प्रमाणमां मळे छे. प्रकृष्ट अपभ्रंशमां ते देश्यभाषा विशिष्टता

---

३१. Pischel: G. P. Einl. §. 5.

३२. J. R. A. S. 1913. P. 882. Grierson " Apabhrans'a according to Markandeya and Dhakki Prakrit."—'A great deal of Hem.'s Apabhrans'a is,as is well-known, Old Gujarati, and this shows that his S'aursena or standard Apabhrans'a (really a mixture of several dialects) was spoken or at least some of it was spoken in Gujarat. '

३३. हेमचंद्रनां सूत्रो परनां उदाहरणो परथी आ देखाई आवे छे. दा. त. सि. हे. ८. ४. ४३४. परनुं उदाहरण २.

तरीके आवे छे; परंतु नियमे करीने तो नहि ज.[३४] अपभ्रंशनी स्वरप्रक्रिया अने रूपरचनानुं पृथक्करण करी समजवाथी मालम पडे छे के राजस्थान अने गूजरात बाजुनी देश्यभाषाओमांथी उदभूत थई, साहित्यमां वपरावानी योग्यता मेळवी, तेना मूलस्थानमांथी आखा उत्तर आर्यावर्तमां ते भाषा प्रसरी. प्रकृष्ठ साहित्यभाषा बनतां महाराष्ट्री प्राकृतनो आदर्श पोतानी समक्ष तेणे राख्यो, अने संस्कृतनी असरथी पण ते विमुक्त रही नहि. ज्यां ज्यां ते साहित्यमां वपरावा लागी, त्यां त्यां तेणे त्यांनी लौकिक बोलीओमांथी, पोतानुं मूळ स्वरूप साचवी, अणजाणे असर मेळवी; कारण के संस्कृत जेवी व्याकरणबद्धता अने शास्त्रीयता अपभ्रंश साहित्यभाषा बनी छतां य तेमां हती ज नहि. हेमचंद्रनु अपभ्रंश, पुष्पदन्तनु अपभ्रंश अने दोहाकोशनुं अपभ्रंश[३५] एक ज अपभ्रंश छे; छतां य तेमां प्रान्तीय बोलीओनी असर कांइ ओछा प्रमाणमां नथी आ लौकिक बोलीओनी असरने कारणे तेमां जुदां जुदां अपभ्रंशनुं कचुंबर छे, ए मान्यता खोटी छे.

कोइ पण अपभ्रंश लखाणनो अभ्यास भाषाशास्त्रनी दृष्टिए करवो होय, तो आदर्श–अपभ्रंशना अंशो अने देश्यभाषाना अंशो जुदा पाडवा आवश्यक छे. प्रस्तुत ग्रन्थमां एवो व्यापक अभ्यास थवो असंभवित छे; कारण के देश्यभाषाना अंशो तो अणजाणे अने अपवादात्मक रीते ज लखाणमां आवे छे. आ ज प्रमाणे नीचे सिद्धहैममां आपेलां दृष्टान्तोमांथी देश्यभाषाना अंशोनु तारण आपोने ज अत्रे वीरमीशुं. आ मुद्दा उपर प्रो. पीशलनुं वक्तव्य नीचे प्रमाणे छे,[३६] “ सि. हे. ८.४.३२९–४४६. मां हेमचंद्र अपभ्रंशने स्वतंत्र भाषा तरीके चर्चे छे. पण तेना नियमो परथी मालम पडे छे के ते अपभ्रंशना अभिधान हेठळ विविध अपभ्रंश बोलीओने भेगी लावे छे. सि. हे. ४. ३६०. ध्रुं, त्रं; ४. ३२७. तुध्र; ४. ३९३. प्रस्सदि; ४. १९१. ब्रोप्पिणु, ब्रोप्पि; ४. ३४१, ३९४, ४३८ गृह्णन्ति, गृह्णेप्पिणु; ४. ३९९. व्रासु. छेल्ला बे दाखलामां ऋ नो विकाराभाव अने वधाराना र्‌नो आगम ए, सूत्रोमां चर्चेला

---

३४. कुवलयमालानां देश्यभाषानां दृष्टान्तो माटे जुओ अ. का. त्र. नी प्रस्तावना पा. १०४–११० ; मार्दवप्रक्रिया माटे. जुओ आगळ निम्ननोंध. ३६. Gune. भ. क. Intro. पान. १३. §.१३. इ०

३५. अ. पा. टिप्पणी. पान. १००–१०१

३६. Pischel: G. P. Eint. §.29.

सामान्य अपभ्रंश जेना नियमो बांधवामां आव्या छे, तेनाथी जुदी भाषानां रूप छे. सि. हे. ४.३९६. **अनादौ स्वरसंयुक्तानां कखतथपफां गघदधबभाः ।** नो नियम बीजा घणा नियमो अने दाखलाओनो विरोधी छे. ते ज प्रमाणे सि. हे. ४. ४४६ **शौरसेनीवत् ।** नो नियम पण उपर प्रमाणे ज अव्यापक छे." आ उपरांत रूपरचनामां अने स्वरप्रक्रियामां देश्यभाषानी असरवाळां रूप सि. हे. मां दृष्टिगोचर थाय छे. ते जुदां पाडवा प्रो. याकोबी अने तेमने अनुसरी प्रो. गुणेए[३७] यत्न करेलो छे. छेवटमां प्रो. गुणे एम अभिप्राय दर्शावे छे के हेमचंद्र महाराष्ट्र अने शौरसेन ए बे अपभ्रंशनी भेगी चर्चा करता होय.[३८] परंतु आ अभिप्राय एटलो व्याजबी नथी, शौरसेनो असर जेवी लागती असर, केटलांक विचित्र रूपो ए बधी देश्यभाषानी असर छे; ज्यारे स्वरप्रक्रियामां तो अपभ्रंश मोटे भागे आदर्श महाराष्ट्रीने ज अनुसरे छे. ज्यारे आदर्श अपभ्रंशनुं बाकीनुं घडतर तो शौरसेनी य नहि अने महाराष्ट्री पण नहि एवी त्रीजी कोइ अज्ञात प्राकृतमांथी होय एम लागे छे.[३९]

केटलाक विद्वानो अपभ्रंशनी विविध शाखाओ पाडे छे खास करीने मार्कण्डेय नागर, उपनागर अने व्राचड अपभ्रंशनी मुख्यत्वे चर्चा करे छे. व्राचडना संबंधे ते कहे छे के ते सिंधु देशनो अपभ्रंश छे.[४०] उपनागर[४१] ए तेने अभिप्राये नागर अने व्राचडनो योग थतां थएल अपभ्रंश छे. नागर अपभ्रंश ते मूळगत अपभ्रंश छे.[४२] आ ज प्रमाणे नमिसाधु उपनागर, आभीर अने ग्राम्य

४२. सदर. पा. १७. सू. १. उपर टीका **अथापभ्रंशभाषासु मूलत्वेन प्रथमं नागरमाह ।** जुओ आ उपोद्घातनी निम्ननोंध. २०.

३७. Gune: भ. क. Intro. P. 64.

३८. Gune: भ. क. Intro. P. 64. "Thus side by side with the Mahārāstra (?) Apabhrans'a, he may be said to be treating partially of S'aursena Aprbhrans'a"

३९. खास करीने हेत्वर्थ, अव्ययभूत कृदंत इत्यादिनी रचना; नामनां अने क्रियापदनां रूपो; तेम ज निपातोनो अभ्यास आ ज बतावे छे. वळी जुओ Grierson: Art. on 'Prakrit' Encyclo. Brit. XXII P. 251.

४०. मार्कण्डेयः प्रा. स. पा. १८. सूत्र. १. उपर टीकाः **सिन्धुदेशोद्भवो व्राचडोऽपभ्रंशः ।**

४१. सदर. पा. १८. सू. १८, **अनयोर्यत्र सांकर्यं तद्दिष्टमुपनागरम् ।** टीका. **अनयोर्नागरव्राचडयोः ।**

ए त्रण शाखाओने उल्लेखी, तेनो निरास करे छे[४३] टाकी ए अपभ्रंशनी शाखा हती, एम मार्कण्डेये नोंधेलो पण नहि स्वीकारेलो हरिश्चन्द्र नामे वैयाकरणनो अभिप्राय हतो. राजशेखर टाक प्रदेशने अपभ्रंशनो प्रयोग करनार जणावे छे. आम टाकीने अपभ्रंशनी शाखा तरीके गणवी सयुक्तिक छे.[४४] आ प्रमाणे देश्य-भाषाओनी असरने लीधे मूळगत अपभ्रंशनी जुदी जुदी शाखाओ पडे, ते स्वाभाविक छे. आथी अपभ्रंशना एकत्वने कोइ रीते बाध आवतो नथी. परंतु प्राचीन देश्यभाषाओने अपभ्रंश तरीके गणवाथी, अपभ्रंशनो विशिष्ट अर्थ लक्षित करी शकातो नथी.

अपभ्रंशनो बे प्रकारनो प्रवाह आपणी भाषाना इतिहासमां देखा दे छे. एक प्रवाह चारणी भाषामां ऊतर्यो छे; ज्यारे बीजो प्रवाह आपणी बोलाती अर्वाचीन भाषाओमां ऊतर्यो छे. जे देश्य बोलीओना प्रतीकरूप अपभ्रंश भाषा हती, तेमांथी हिंदना पश्चिम प्रदेशनी अर्वाचीन देश्यभाषाओ ऊतरी आवेली छे. अने साहित्यमां ते अपभ्रंशनो ज आदर्श लई विकसेली छे

चारणी भाषा अपभ्रंशना स्वरूपने टकाववा यत्न करवा लागी; पण ते भाषा बीजा समजी शके तेवी चारणोने बनाववी तो रही ज. आ प्रमाणे ते विकृत थई अपभ्रंशनुं आ विकृत स्वरूप 'अवहट्ट' तरीके ओळखावा लाग्युं. मैथिल कवि विद्यापतिए 'कीर्तिलता' नामे काव्य अवहट्ट' भाषामां लख्युं छे.[४५] प्राकृत पिंगलनां दृष्टांतो अवहट्ट' भाषामां छे.[४६] संदेशकरास नामे पंदरमा सैकानी आसपास लखाएलुं काव्य 'अवहट्ट' भाषामां छे.[४७] विद्यापतिनी भाषा पर टीका करतां डॅा सुनीतिकुमार चेटरजी लखे छे. " The practice of employing this western literary speech in the eastern tracts continued in Mithila at least as late as the time of Vidyāpati. Vidyapati's compositions in Avahattha have been mentioned before (See. P. 104.); and in his Avahattha, naturally there is a considerable mingling with contemporary early Braja-bhakha forms, as well as Maithili forms; and frequently the influence of Maithili phonology and orthography is

---

४३. नमिसाधुः रुद्रटना काव्यालंकार. २. १२. उपर टीका.

४४. जुओ अ. पा. टिप्पण पा. ३५-३८.

४५. कीर्तिलता (सं. बाबुराम सक्सेना) नागरी प्रचारिणी सभा. पा. ७.

४६. Pischel: G. P. Eint. §. २८.

४७. जुओ अ. पा. संस्कृत निवेदन पा. ७. निम्ननोंध. २३.

noticeable, and at times, the influence also of the classical Prakrit as used in the Sanskrit drama. Here, with Vidyapati, the Avahattha dialect is more or less resttricted to court poetry of a formal panegyrical character "[४८] आ प्रमाणे अवहट्ट भाषाने राजदरबारमां उत्तरहिंदुस्तान, बंगाळ, अने गूजरातमां साहित्यभाषा तरीके चारणोए टकाववा यत्न कर्यो. आजनी चारणी भाषा ए अवहट्टनुं ज विकृत रूप छे. जूनां काव्योमां श्रीधरनो 'रणमल्ल छंद',[४९] 'त्रिभुवनदीपकप्रबंधनो केटलोक भाग,[५०] शालिसूरिना 'विराटपर्व'[५१] (अप्रसिद्ध) नो केटलोक भाग आ प्रकारनी विकृत अवहट्ट भाषामां छे

उक्तिप्रधान देश्यभाषाओ अपभ्रंशनो आदर्श सेवी विकसवा लागी. जे बोलाय तेने आदर्शस्वरूपे लखवुं ए ज आ भाषाओना साहित्यनो मुद्दो होवाथी समयना प्रवाह साथे अपभ्रंशथी ते जुदी पडी अने स्वतंत्र रीते विकसवा लागी. विक्रमना पंदरमा सैकानी आसपास देश्यभाषानुं स्वरूप स्पष्ट थयुं. गुजराती, मारवाडी अने राजस्थानी आ समयनी आसपास ज छूटी पडी.[५२] परंतु अर्वाचीन गूजराती अने बीजी पश्चिमहिन्दुस्ताननी देश्यभाषाओनो आत्मा तो अपभ्रंशनो ज रह्यो.

अपभ्रंशे गुजरातीने कडवाबद्ध काव्यशैली आपी; छप्पा, दोहा, चोपाई इत्यादि छंदो आप्या; आख्यानशैलीना रूढिप्रकार आप्या; पोताना अलंकार आप्या; गद्यनो एक प्रकार आप्यो[५३] गुजरातीनी भाषाबांधणीए पण अपभ्रंश भाषानुं स्तन्यपान कर्युं छे. गूजरातीनो अने अपभ्रंशभाषानो दीकरी अने मानो संबंध छे. आथी ज गूजरातीनी गंगोत्रीनां झरणां अपभ्रंशमां शोधवा सात्रा भाषाजिज्ञासुने संशोधनना दुर्लंघ हिमालय चडया विना बीजो कोइ आरो नथी.

---

४८. Chatterji. O. D. B. L. Intro. P. 114.

४९. के. ह. ध्रुव 'पंदरमा सैकानां प्राचीन गुर्जर काव्यो (गु. व. सो. नु प्रकाशन)

५०. पं. लालचंद गांधी संपादित 'त्रिभुवनदीपकप्रबंध' पान. ४५.

५१. आ काव्य 'गुर्जररासावली' (G. O. S.) मां प्रसिद्ध थशे; हजु ए अप्रसिद्ध छे.

५२. Indian Antiquary 1914. Tessitory: Notes on Old Western Rajasthani' Intro. P. 22.

५३. जुओ 'बुद्धिप्रकाश' एप्रील-जुन १९३३. पा. १८८-१९६; जुलाइ-सप्टेंबर पा. २३३-२४६; जुलाइ-सप्टेंबर. १९३४. पा. २६७-२६९.

अपभ्रंशव्याकरण

१. वर्णमाला

अपभ्रंशभाषामां नीचे प्रमाणे स्वरो अने व्यंजनो वपराय छे:—

§ १. स्वर—अ, इ, उ, ऍ, ओं (ह्रस्व)
आ ई ऊ ए ओ (दीर्घ)

(क) ऋ – सि. हे. ८ । ४ । ३२९ ।. तृणु, सुकृदु नोंधे छे; परंतु प्रस्तुत ग्रंथमां तेवां उदाहरणो देखा देतां नथी.

(ख) ं — प्रस्तुत ग्रंथमां अनुस्वारना बे प्रकार मालम पडे छे. एक वर्णात्मक अने बीजो ध्वन्यात्मक. वर्णात्मक. अनुस्वार अपभ्रंशमां अनुनासिकमांथी आव्या छे. एटले करीने तेवा अनुस्वारयुक्त स्वर द्विमात्रिक गणाय छे; ज्यारे ध्वन्यात्मक अनुस्वारयुक्त स्वर एकमात्रिक होय छे दा. त. वसंतहो (१.२१.) भुंभल (१ २२.) गंठिवाल (१.१७.) इ०मां अनुस्वार द्विमात्रिक छे; ज्यारे मिहुणइं, (१.८.) सिहरेहिं (१.१६.) इ०मां एकमात्रिक अनुस्वार छे.

स् अने ह् नी पूर्वे आवेला अनुस्वारो, अनुनासिकमांथी ज आवेला होई, वर्णात्मक अनुस्वार गणवा ज योग्य छे, अने ते द्विमात्रिक छे; जो के आवा अनुस्वारोनो उच्चार पछी आवता ऊष्माक्षरना रागथी ऊष्मित थई जाय छे, एटले ध्वन्यात्मक अनुस्वार जेवो तेनो उच्चार लागे छे.

(ग) ऍ अने ऑ (ह्रस्व), इ अने उ ना उच्चारनी लढणथी अस्तित्वमां आव्या छे अने ते एकमात्रिक छे. संस्कृतमां ए, ऐ केओ, औ होय अने तेना पछी संयुक्त व्यंजन आवे, तो ते ए, ऐ अने ओ औ नो ऍ अने ऑ थई जाय छे. दा. त. जंतिऍ, तुरंतिऍ (१. २३.) निउड्डॅवि, अवरुंडॅवि (१. ४६.) घरॅ, करॅ (३. १८२. परनी निम्ननोंध; २. १२६. परनी निम्ननोंध.) तुमयहॉ (१. ५७.) ऍक्क (इक्क पण लखाय छे) सॉक्ख, जॉव्वण (१. १७.) इ०

§ २. व्यंजन — क ख, ग, घ. (कंठ्य) । च, छ, ज, झ. (तालव्य) । ट, ठ, ड, ढ, ण. (मूर्धन्य) । त, थ, द, ध, न. (दन्त्य) । प, फ, ब, भ, म. (औष्ठ्य) । य, र, ल, व (अंतःस्थ)। स, ह. (ऊष्माक्षर) ।

(क) ण अने न अनुनासिको हाथप्रतोमां कांई पण भेद वगर लखाया छे; उच्चारणदृष्टिए कयो अनुनासिक ते काळे प्रचलित हशे, ते नक्की करवुं विषम छे. आ पाठावलीमां मुख्यत्वे करीने ण योजवामां आव्यो छे.

२. स्वरविकार

§ ३. ह्रस्वस्वरनुं दीर्घीकरण:—

(क) र + व्यंजन, खास करीने ऊष्माक्षर; ऊष्माक्षर + य, र, व के ऊष्माक्षर – थी बनता संयुक्त व्यंजन पूर्वे रहेलो ह्रस्व स्वर घणी वार दीर्घ करवामां आवे छे अने संयुक्त व्यंजनने सादा व्यंजनमां फेरवी नाखवामां आवे छे. दा त. णीसारिउ=सं निःसारित; (१.५) कासु=प्रा. कस्स; (५.९८.) पेक्खीहिमि=प्रेक्षिष्ये, (११.५) सहीहिमि=सहिष्ये, (११.६), वीसास =विश्वासः इ०

(ख) केटलीक वार दीर्घीकरण मात्र भाषाविशिष्टताने (Dialectal Peculiarity) अंगे ज होय छे. दाहिण=दक्षिण. (६.५३.) धूय=दुहित, (५ २७१.) जीह=जिह्वा. (१.१२२.) पईहर=प्रतिगृह, (१.१३.) सूहव= सुभग. (५.८८.)

(ग) अपभ्रंशमां केटलीकवार छंदने अंगे ह्रस्व स्वरनुं दीर्घीकरण थाय छे; तेम ज संबोधनविभक्ति एकवचनना अंतनो स्वर दीर्घ कराय छे. दा. त. कुसुममंजरिधय साहारहिं (१. १७.) रे रे हंसा किं गोविज्जइ (११. १९.)

(घ) अनुस्वारयुक्त ह्रस्व स्वर पछी र्, म्, श्, ष् के ह् आवे तो ह्रस्व स्वरनुं दीर्घीकरण थाय छे: अनुस्वारनो लोप थाय छे. वीस=सं.विंशति, अने (५.२५२.) सीह=सं. सिंह. (२.५७)

दीर्घीकरणमां मूळगत सिद्धांत स्वरमात्रानुं प्रमाण जाळववानो होय छे. काव्यमां छंदोमेळ खातर मात्रानी तूट पूरी लेवा पण दीर्घीकरण अपभ्रंशमां थाय छे. एटले के उपर जणावेला नियमो उपरांत पण दीर्घीकरण अपभ्रंशमां देखा दे छे.

§ ४. दीर्घस्वरनुं ह्रस्वीकरण:—

(क) सि. हे. ८ । १ । ६७. मां केटलाक शब्दो गणावे छे जेमां दीर्घस्वरनो ह्रस्व थाय छे:—प्रो. पीशलने अभिप्राये तेनो शास्त्रीय नियम वैदिक स्वरभारने अवलंबे छे. [१] जो स्वरभार दीर्घस्वरनी पूर्वना स्वर पर होय तो–

उक्खय=सं. **उत्खात** (सि.हे.८.१.६७.) **विरुअ**=सं. **विरूप** (२.११०) इ०

[२] जो पछी आवता स्वर पर स्वरभार होय तो **ठविय**=सं. **स्थापित**, (५.१७८) **कुमर**=सं. **कुमार** (सि.हे. ८.१.६७) **गहिय**=सं. **गृहीत**, (४.२२६.) **गहिर**=सं. **गभीर** (३.१५२) इ. [विस्तृत चर्चा माटे जुओ § ३२.]

(ख) केटलीक वार अपभ्रंशमां दीर्घ स्वरनुं ह्रस्वीकरण मात्रामेळ खातर के कोइ अज्ञात उच्चारपरंपराने अनुसरीने पण करवामां आव्युं होय छे.

(ग) संयुक्त व्यंजननी पूर्वे आवेला दीर्घस्वरो सामान्य रीते ह्रस्व थाय छे; अने **ए** नो इ अने **ओ** नो उ थाय छे. दा.त. **रज्ज**=सं **राज्य**(१.३०) **फग्गुण**=सं. **फाल्गुन** (१.५.). **अप्पा**=सं. **आत्मा** (६.१४.),**नरिंद**=सं **नरेन्द्र** (६.१४६.), **अत्थाण**= सं. **आस्थान** (३.१४६.).

(घ) संयुक्त व्यंजन पूर्वेना **ए** अने **ओ** ह्रस्व थाय छे. दा. त. **लए-प्पिणु** (१.१०६) **परोप्परु** (३.३४); परंतु आ ह्रस्व **ए** अने **ओ** तेनी पछी आवता संयुक्ताक्षरना अन्वये द्विमात्रिक ज थाय छे.

(च) [१] सामान्य रीते स्त्रीलिंग आकारांत अने इकारांत नामोना **आ** अने **ई** ह्रस्व थइ जाय छे.दा.त. **सीय=सीता** (२.२४.), **तियड=त्रिजटा** (२ ३४.), **दोवइ=द्रौपदी** (३.६१.) **चिंत=चिन्ता** (३.६.), **कह=कथा** (३.८.), **वेणि=वेणी** (३.२४.), **सामि=शामी** (३.३५.). [२] छंदोमेळ खातर कोइ वार **आ** के **ई** राखवामां आवे छे; पण आनां दृष्टान्तो ओछां छे. [३] केटलाक निपातोना अंत्य दीर्घ स्वर ह्रस्व करवामां आवे छे: दा त. **म=मा**, (१३.१२.) **विण=विना** (९.४.) **व=वा** (९.४.) इ

(छ) कोइ वार अन्तोदात्त शब्दोमां असंयुक्त व्यंजननो पूर्ववर्ती दीर्घ स्वर ह्रस्व थई जाय छे अने व्यंजन द्वित्व पामे छे. दा. त. **जोव्वण=यौवन** (१.९७.) **पेम्म=प्रेमन्** . (५.२२.) **दिज्जइ=दीयते**, **तेल्लु=तैल** (९ ४२.) आ नियमने अनुसरी इक्क के **एक्क=एक** समजावी शकातो नथी. [जुओ § ३२]

§ ५. **ह्रस्वस्वरनुं सानुस्वारत्वः—**

[§ १ (क)] मां दर्शावेला संयोगोमां कोइ वार ह्रस्वस्वर दीर्घ थवाने बदले सानुस्वारत्व प्राप्त करे छे. **दंसण दर्शन** (७.६०.), **फंस=स्पर्श**, (६.८०), **अंसु=अश्रु** (६. १०४.) इ०

§ ६. सं अ=अपभ्रंश. इ, उ, ए

(क) अ=इ । दा. त. किविण=सं. कृपण (१.१२८.) चरिम=सं चरम, पिक्क=सं पक्व (६.८२.), इंगाल=अङ्गार, गग्गिर < गग्गर= गद्गद (२.५५.) [§ २८. (छ)] ईसि=ईषत् ;किह, जिह, तिह=कथा, * यथा, तथा; वरि=वरम् (४.१९४.)

(ख) अ=उ । पूर्वे के पश्चात् ओष्ठ्य होय तो दा. त. वुत्त=वक्त * (१. ९५.), मुणइ=मनुते (४.२२३.) झुणि=ध्वनि (४.१२०)

(ग) अ=उ । [१] अकारांत नामने तथा केटलांक सर्वनामना षष्ठी एकवचनने अंते: दा. त. सुअणस्सु, पिअस्सु (सि. हे. ८ । ४ । ३३८, ३५४); तासु, मज्झु, तुज्झु, महु, तहु [२] आज्ञार्थ बीजो पुरुष एकवचन अने बहुवचन: दा. त. एकवचन भणु, लग्गु, छंडु; बहुवचन, करहु. [३] ते ज प्रमाणे वर्तमानकाळ बीजो पुरुष बहुवचन करहु=कुरुथ [४] केटलांक क्रियाविशेषण अने निपातोने अंते छुडु, पुणु, जेत्थु, तेत्थु, अज्जु, जिमु, तिमु (७, ५९—६०).

(घ) अ=ए । आ फेरफारमां अ नो देखीती रीते ए थाय छे; परंतु ए ना मूळतत्त्व तरीके अ नथी. एत्थु=अत्र (खरी रीते इत्था); वेल्लि=वल्ली (४.२६६.) [खरी रीते विल्लो * (५.९९.) जुओ G P 107]; हेट्ठा= अधस्तात् (४.१०३) इ०

§ ७. आ=अ, उ, ए

(क) आ=अ । [§ ४ (च)]

(ख) आ=उ । उल्ल=आर्द्र; आमां खरी रीते उ < आ नथी (सदर ग्रंथ टिप्पणी. १. ८२.)

(ग) आ=ए । मेत्त=°मात्र, परिहेसमि=परिधास्यामि (१. २२.) देइ< √दा(२.११); लेइ< √ला (१.२).

§ ८. इ=अ, उ, ए, एँ.

(क) इ=अ । इच्छउ=इच्छिक (१.७९.) पडिवत्त=प्रतिपत्ति (१.१०६) (सि. हे. ८ । १ । ८८–९१)

(ख) इ=उ । उच्छु=इक्षु (१. ९.)

(ग) इ=ए । संयुक्त व्यंजननो पूर्वगत इ. दा. त. चेन्ध=चिह्न, एत्थु=इत्था (१२.३०), बेल्ल=बिल्व (सि.हे. ८.१.८४.)

(घ) इ=एँ । लेखनना प्रकार रूप ज दा. त. करेवि के करिवि, जयहरे सप्तमी एकवचन, के जयहरि=जगद्गृह इ०

§ ९. ई=अ, आ इ, ऊ, ए, एँ

(क) ई=अ । हरडइ=हरीतकी (सि हे.८.४.९९)
(ख) ई=आ । कम्हार काश्मीर (सि.हे.८.४.१००)
(ग) ई=इ । [जुओ § ४]
(घ) ई=ऊ । विहीन=विहूण (१. १३१)
(च) ई=ए । एरिस, एरिसिअ=ईदृश (४.२६८)
(छ) ई=एँ । खेँड्डुअ=क्रीडा(३.१९४.)

§ १०. उ=अ, इ, ओँ, उ

(क) उ=अ । जो शब्दना प्रथम अक्षर अने बीजा अक्षरमां उ स्वर होय तो सामन्यतः प्रथम उ नो अ थइ जाय छे. दा. त. गरुअ=गुरुक (४.१३१), मउड=मुकुट (६.१०३)मउलइ=मुकुलयति (६.४०) सोमाल < सउमार* < सं. सुकुमार (६.९७);

(ख) उ=इ । पुरिस=पुरुष (५.९.)

(ग) उ=ओँ । उ ने अनुवर्ती जो संयुक्त व्यंजन होय तो उ नो ओँ थाय छे: दा. त. मोँग्गर=मुद्गर, पोँत्थय=पुस्तक, कोँन्त=कुन्त (५.७०.)

§ ११. ऊ=ए, ओँ, ओ

(क) ऊ=ए । णेउर=नूपुर (१.१४.)

(ख) ऊ=ओँ । मोँल्ल=मूल्य

(ग) ऊ=ओ । थोर=स्थूर* (सं. स्थूल) (३.१०६) तंबोल=ताम्बूल (१.५९)

§ १२. ऋ=अ, इ, उ, ए, रि, ऋ

(क)=अ । कसण=कृष्ण(३.२४), कड्ढ=कृष्ट (१.१३४); वड्ढ=वृद्ध(१.१३५), कय=कृत (५.३४) अच्छइ=ऋच्छति (२.९३.)

(ख) ऋ=इ । किय=कृत (१. १.) दिट्ठि=दृष्टा (१.७१.) हिअअ=हृदय (१.२८) सिंग=शृंग (४.६०)

(ग) ऋ=उ । पुहवि=पृथ्वो (११.५), कुणइ=कृणोति * (१०.२४) पाउस=प्रावृष्, (६.१५९) मुणाल=मृणाल (१०.५५.) वुड्ढत्त=वृद्धत्व (१.१३१)

(घ) ऋ=ए । गेह=गृह; गेण्हइ=गृह्णाति (१४.२)

(च) ऋ=रि । रिच्छ=ऋक्ष (२.५८), रिद्धि=ऋद्धि (१.९८)रिसि =ऋाष (२.:१८३)

(छ) ऋ=ऋ । [§ १. (क)]

§ १३. ऌ=इल

ऌ=इल । किलित्त=क्लृप्त (सि. हे. ८ । १ । १४५ ।) किलिन्न= क्लृप्न * (सि. हे. ८ । १ । १४५)

§ १४. ए=इ, एॅ [जुओ § १. (ग)] ई

(क) ए=ई । लीह=लेखा (३. १२१.); परन्तु लिह (२.९४)

§ १५. ओ=उ. [जुओ § १. (ग)]

(क) अपभ्रंशमां शब्दान्तगत ओ नो उ थई जाय छे एटलुं ज नहि पण मध्यगत ओ नो उ थई जाय छे. दा. त. रामु< प्रा. रामो < सं. रामः । विउएं=सं. वियोगेन (सि. हे । ८ । ४ । ४१९ उदाहरण. ५.)

§ १६. ऐ=एॅ [जुओ § १. (ग)], ए, अइ

(क) ऐ=एॅ । अवरेक्क=अपरैक (१. ०५.)

(ख) ऐ=ए । णेमित्तिय=नैमित्तिक (५.९२.) पेसुण्णउ=पैशुन्य (५.८२)

(ग) ऐ=अइ । दइव=दैव (३. १०२) कइकइ (३.६६)

§ १७ औ=ओॅ [जुओ § १. (ग)], ओ, अउ.

(क) औ=ओॅ । जोॅव्वण=यौवन, (१.९७)सोक्ख=सौख्य (२.२६)

(ख) औ=ओ । ओसहि=औषधि (५.११८)

(ग) औ=अउ । पउर=पौर(५. ३८), कउरव=कौरव (५.२१७) रउद्द=रौद्र (५.५६.) कउल=कौल (५. ६२). सउरो=शौरि (५.२८२.)

§ १८. विप्रकर्षस्वर [Anaptyxis]

(क) अ । दीहर=दीर्घ (५.१०१), समसाण=श्मशान (३.३७) सलहइ=श्लाघते

(ख) इ [१] संयुक्त व्यंजनमां एक अनुनासिक होय तो **सिविण=स्वप्न** (५.३३)

[२] संयुक्त व्यंजनमां एक य् होय तो दा. त. **आरिय=आर्य, अच्छरिय=आश्चर्य**

[३] संयुक्त व्यंजनमां एक र् होय तो दा. त. **किरिया=क्रिया, फरिस=स्पर्श, वरिस=वर्ष** (५.९१.), **सिरि=श्री** (१.१३.). **अमरिस=अमर्ष** (२.६१.), **तम्बिर=ताम्र**, (६.३८) **हरिसिय=हृष्ट** (१.४१)

[४] संयुक्त व्यंजनमां एक ल् होय तो दा. त. **किलेस=क्लेश** (३.४), **किलिण्ण=क्लिन्न**(५.२२.) **अम्बिल=आम्ल**

(ग) उ । संयुक्त व्यंजनमां एक औष्ठ्य के व होय तो दा. त. **सुमरइ=स्मरति** (४.३१५)

§ १९. **स्वरलोप**

(क) आदिस्वरलोप [Aphaeresis]—[१] स्वरभार विनानो आदि स्वर सामान्यतः लुप्त थाय छे. दा. त. **हउं= अहकम्*** (३.१५.) **हिट्ठा=अधस्तात्** (४.१०३.),**वलग्ग=अवलग्न** (१.७५).**रण्ण=अरण्ण** (५.१८४) **रविंद=अरविंद** (६.४०) **बइसइ=उपविशति** (१३.६) **वरि=उपरि** (७.१२३)

[२] केटलाक निपातोनो आदिस्वर लुप्त थाय छे: दा. त. **तो=अतः** (३.३४.) **वि=अपि** (३.६८.), **व=इव** (६.१०१)

[३] संधिने कारणे आदिस्वरनो लोप [जुओ §२३.(छ)] छन्दना कारणे पण तेनो लोप थाय छे [जुओ. अ.पा. (टि.) १.३६.]

(ग) अन्त्यस्वरलोप तृतीया एकवचनना **इन=अपभ्रंश एँ** थतां अन्तनो अ लुप्त थाय छे. **रामें=रामेण**

(घ) मध्यस्वरलोप [Syncope] मध्यगत स्वरभार विनाना स्वर — विशेषतः अ लुप्त थई जाय छे. दा. त, **पोप्फल=सं. पूगफल** [जुओ टिप्पणो १. ३६. सदर ग्रंथ] **समुण्णोण्ण=समुण्णओण्णअ** [६. ३१] **भविसत्त=भविस्सअत्त** (६.२)

§ २०. **आदिस्वरागम** [Prothesis of Vowels]

इत्थि=स्त्री । आदिस्वरागम जूनी गूजरातीमां अने अर्वाचीन बोलाती गूजरातीमां वधारे प्रमाणमां देखा दे छे.

§ २१. **स्वरव्यत्यय** [Epenthesis]

> **केर** (२.२९.)<**काइर** * -**काइरिअ** * -**कारिअ**<सं. **कार्य** ।
> **पेरंत** <**पइरंत-पइरिअंत-परिअंत** <सं **पर्यन्त** ।
> **बंभचेर** <**बंभचइर** * -**बंभचरिय** <सं. **ब्रह्मचर्य** ।

गूजरातीमां 'घेर'=**घरइ** नो दाखलो आज प्रकारनो छे.

§ २२. **स्वरराग** [Umlaut]

'स्वरराग' एटले शब्दमां अग्रे आवेला स्वरने तेनी पछी आवता स्वरनो राग–असर लागे; आ विकारनां दृष्टान्तो जूनी गूजरातीमां बहु मोटा प्रमाणमां छे. अपभ्रंशमां दा.त. **करिमि=करमि** (११.५१), **करिइ=करइ**, **उच्छु=इक्षु**(१.९.) **सिविण=स्वप्न** (५. ३३.) **साहार=सहकार** (१. १७) **अप्पुणु=आत्मानं** (५. ६८.)

§ २३. **स्वरसंधि**

(क) बे समान स्वरोनी संधि थतां एक दीर्घ स्वर बने छे दा. त. **कल्लोल+आवासहिं=कल्लोलावासहिं** (१. १८.) **केस+आवलिउ=केसा-वलिउ=केसावलिउ** (१. ३३)

(ख) सामान्यतः अ (ह्रस्व के दीर्घ) + इ=ए; अ (ह्रस्व के दीर्घ) +उ=ओ दा. त. **थणोवरि** (१. ७३.)

> अपवादः—परंतु इ के उ पछी संयुक्त व्यंजन आवे तो अ नो लोप थाय छे दा. त. **कुसुमणह+उज्जलु=कुसुम-णहुज्जलु** (१. १२) **अद्धुम्मीलिउ** (१. ४७) **सुरिन्दु** (१. ४५) **वण्णुज्जलु** (१. ६५.)

(ग) **अ+ए** के **ओ** मां **अ** नो लोप थाय छे. दा. त. **कीर+ओलिउ कीरोलिउ** (१. ३८.)

(घ) **इ, उ** (ह्रस्व के दीर्घ)=असमान स्वर होय तो सामान्यतः अप-भ्रंशमां संधि थती नथी. (सि. हे. ८ । १ । ६ ।) दा त. **तरंगिणीउ अवर –उहउ** (१.३१.)इ०

अपवाद—उपसर्गना इ के उ नी संधि संस्कृतने अनुसरीने ज थाय छे. **पज्जत=पर्याप्त** (१. ८१.)

(च) व्यंजनलोप पछी अवशिष्ट स्वरने **उद्वृत्त स्वर** कहेवामां आवे छे. आ प्रकारना उद्वृत्त स्वरनी संधि पूर्वे आवेला स्वर साथे थती नथी. (सि. हे. ८ । १ । ८ ।) दा. त. **महुअर, बउल.**

अपवादः—परंतु आवा उद्वृत्तस्वरोनी क्वचित् संधि पण थाय छे (सि. हे. ८ । १ । ८ । टीका) दा. त. **साहार** <**सहआर** <सं. **सह-कार**(१.१७); **दवणा** <**दवणअ** <सं. **दमनक** (१. १७) **मोर** <**मऊर** <सं. **मयूर** (११. ५३) **अंधार** <**अंधआर** <सं.**अंधकार.** (२.१२३)

(छ) अ+असमान स्वर होय तो केटलीक वार अ नो लोप थाय छे दा.त. **राउल** <**राअउल** <**राउल**(३ १९६.) **देउल=देवकुल** (७.८३.)

(ज) सामान्यतः वाक्यनां मूलगत के उद्वृत्त स्वरोनी संधि थती नथी.

अपवादः—**णत्थि** <सं. **न अस्ति** (३. १२४)

(झ) आ बधा संधिना नियमो सामान्य छे; अने अपभ्रंशमां छंद भाषानी रूढण, अने एवी अनेक असरोने परिणामे संधिमां शिथिलता व्यापे छे.

§ २४. य अने व श्रुति

सि. हे. ८ । १ । १८० । **अवर्णो यश्रुतिः** टीका उपरथी एम प्रतीत थाय छे के व्यंजनलोप पछी अवशिष्ट अ अने आ नी मध्ये य श्रुति मूकवामां आवती; जो के **क्वचिद् भवति** कही इ अने अ वच्चे पण ते मूकवामां आवे छे. **पियइ=पिबति.** **प्राकृतसर्वस्व** मां **मार्कण्डेय** एक अवतरण टांके छेः **अनादौ अदितौ वर्णौ पठितव्यौ यकारवदिति पाठशिक्षा ।** परंतु हाथप्रतो अने खास करीने जैनहाथप्रतो सि. हे. ना आदेश करतां य आगळ जाय छे. अने उद्वृत्त स्वर देखतां ज लुप्तता (hiatus) ढांकवा य मूकी दे छे. दा. त. **उयय** (उ+अय)=**उदय**(१.१.), **किय** (कि+अ) =**कृत,** (१. १) **केयार** (**के+आर**)=**केदार** (१. १७) **चूय** (**चू+अ**) =**चूत** (१. ३७) इत्यादि वळी एम पण नथी के आ नियम नियमित रीते जळवाय छे; कोइ कोइ वार एमने एम उद्वृत्त स्वर श्रुति विना पण मालम पडे छे.

अपभ्रंशमां व श्रुति देखा दे छे. सामान्य रीते उ अने ओ पछी अ

आ आवतां **व** श्रुति मूकाय छे. **स्वरगम** (Umlaut) नो सिद्धांत **पण व** श्रुतिना आगमनमां कारणभूत होय तो एमां कांइ शंका जेवुं नथी. खुबीनी वात ए छे के **य** के **व** श्रुतिनो खास मेळ ज रहेतो नथी. लेखकना छंद पर ज ते अवलंबे छे. **लायइ** (२. १०.) **लावइ** (३. ५३.) **रुवंति** (२. ५६.) **सूहव=सुभग** (५.१५.) **लायणु=लोचन** (६ ५४) **सभूव=सभूत** (३ ३६), **सभुवंगमिय=सभुजंगा** (३. ३६) **मल्लिव=मल्लिका** (१.१०१) धणवालनी भविसत्तकहामां पण आम ज छे. (जुओ **भविसत्तकहा** G.O.S. XX Intro.P. 12); Les Chants Mystique de Kanha et de Saraha (Ed. Shahidulla Intro. Chapitre III)

३. असंयुक्तव्यंजनविकार

§ २५. सामान्य रीते बधा य आदि व्यंजनो अविकृत रहे छे.

अपवाद:—परंतु केटलीक वार भाषानी विशिष्टता तरीके केटलीक वार फेरफार थाय छे. दा. त **दिहि=धृति** (३. १६) **धूय=दुहिता** (५.२७१) आदि यनो अपभ्रंशमां **ज** थाय छे. **जाइ=याति**(२.६३), **जमल=यमल**(३.२७.)

§ २६. **स्वरीभवन** (Vocalization)

एक ज शब्दमां स्वरद्वयान्तर्गत क्, ग्, च्, ज्, त्, द्, प्, ब्, य्, व् नो प्राय: लोप थाय छे. (सि. हे । ८ । १ । १७७) **गअ=गत, जाइ=याति, णउल=नकुल** इ०

आ प्रमाणे लुप्त थएल व्यंजननी लुप्तता ढांकवा **य**, **व**, श्रुतिनो उपयोग करवामां आवे छे. (जुओ § २४.)

§ २७. **महाप्राणकरण** (Aspiration)

एक ज शब्दमां स्वरद्वयान्तर्गत ख्, घ्, थ्, ध्, फ्, भ् नो प्राय: ह थइ जाय छे. दा. त. **साहा=शाखा**, **जयहरे=जगद्गृहे**, **पिहुल=पृथुल**, **अहर=अधर**, **मुत्ताहल=मुक्ताफल**, **सोह=शोभा**. आ प्रमाणे Disaspiration (**महाप्राणत्याग**) पण क्वचित् दृष्टिगोचर थाय छे: दा. त. **विच्छोअ** <**विच्छोह=विक्षोभ** (४.१७४;५.७७) **उच्चिट्ठ=उच्छिष्ट** (६.२०८)

§ २८. **मार्दवप्रक्रिया** (Softening)

शब्दमां स्वरद्वयान्तर्गत क्, त्, प् नो ग्, द्, ब् थाय छे. (**अनादौ**

स्वरसंयुक्तानां कखतथपफां गदधबभाः । सि. हे. ८ । ४ । ३९६ ।) आज प्रमाणे ट् नो ड् अने ठ् नो ढ् थाय छे. दा. त. **मयगल=मदकल,** (५.११७) **विप्पियगारउ=विप्रियकारक** (२.१२१) **सावराह=सापराध, पव=प्रपा** (१.९), **मंडव=मंडप** (१.९) इ०

(अ) **त्=द्** शौरसेनीनी असर होय तो ज देखा दे छे; परंतु साहित्यनुं प्रकृष्ट अपभ्रंश सामान्यतः प्रकृष्ट प्राकृत-महाराष्ट्रीने अनुसरे छे. सि. हे. ८ । ४ । ३९६ । **कधिदु=कथित** । सि. हे. ८ । ४ । ४५५, ३७२ । **आगदो** सि. हे ८ । ४ । ३६० **करदि चिट्ठदि** । इ० सि. हे. ना अपभ्रंशना दृष्टांतमां आ प्रकारनी शौरसेनीनी छाया तेम ज तत्कालीन बोलीनी छाया प्रकृष्ट अपभ्रंशमां भळेली आवे छे तेनुं कारण ए ज छे के लौकिक प्रचारमां आवेला दुहा इत्यादिमांथी आ उदाहरणो हेमचन्द्रे लीधेलां छे. **ख्=घ्, थ्=ध्, प्=ब्, फ्=भ्** नी बाबतमां तेम ज समजवुं. हेमचंद्रे आपेलां उदाहरण सिवाय बीजे आवा विकारनां दृष्टांत दुर्लभ छे.

प्रकृष्ट अपभ्रंश शौरसेनी के लौकिक बोली करतां महाराष्ट्रीने वधारे अनुसरे छे; एटले softening (§ २८.) करतां § २६. अने § २७ ने वधारे अनुसरे छे. गूजरातीमां स्वरीभवननी साथे साथे मार्दवप्रक्रिया देखा दे छे; अने एम कहीए तो पण चाले के मार्दवप्रक्रियानां उदाहरणो कदाच स्वरीभवन करतां वधारे प्रमाणमां नीकळे.

(ब) **ट्=ड्** । **तड=तट** (१.९२), **कवड=कपट**(५.२८), **सुहड=सुभट** (३.९७.) **कडक्ख=कटाक्ष** (१.५०), **पडिजंपइ=प्रतिजल्पति**

ठ=ढ् । **मढ=मठ** (५. २३०) **पीढ=पीठ** (६.१४०.) इत्यादि.

(क) **प्=व्** । **दीव=द्वीप** (६. २.) **पाव=पाप** (६. १४.) इत्यादि.

§ २८. सोष्मव्यञ्जननिधान (Aspiration of Mutes)

(अ) **क्=ख्** । **नोक्खि** <**नवक्खी=नव+क** (स्वार्थे) (३.१८४); **खेलइ=क्रीडति; खप्पर=कर्पर** (६. ४२.)

त=थ् आ प्रमाणे बनता थ् नो ह थाय छे: **भारह** < **भारथ** * < **भारत**, (५.९९)**वसाह** < **वसथि** * < **वसति**

प्=फ् । फासुय=स्पार्शुक (६.३६.); फंसइ=स्पृशति (६.८०);
फरसु=परशु

(आ) तृतीय व्यंजनने बदले चतुर्थ सोष्मव्यंजन प्रायः मूकातो नथी; अपवादः—

[१] केटलांक दृष्टांतो ह् व्यंजनना स्वरभारने अंगे थता विचलनने लीधे बने छे दा. त. धूय (५. २७१.) <दुहिय (३. ९३.) <दुहितृ; परंतु दिहि <धृति (३.१६.) अथवा बहिणि <भगिनी; घेप्पइ < √गृह् (१०. ६०.); चिंध=चिह्न (५. ७.) फंदइ=स्पंदते (६. ५४.) घरिणि= गृहिणी (४. ३१५.)

[२] केटलीक वार विस्मृत स्वरभारने लीधे उद्भवे छे दा. त. भिसिणि= बिसिनी (१. ५३.)

§ ३० दन्त्य व्यंजनने बदले कोइ वार मूर्धन्य व्यंजन मूकवामां आवे छे.

त्=ट्=ड् [§ २८. (व)] । पडिउ=पतित (२ १८०.) पडाय= पताका (२. ८९.) पडिवत्त=प्रत्तिपत्ति (१. १०६.)

थ्=ढ् । गंठिवाल=ग्रंथपाल (१. १७.)

द्=ड् । डहइ=दहति (२. १७.) खुडिय=क्षुदित (६. १५३.) डोलइ=दालायते (४. २४९.) डुक्कर=दुष्कर (२. ६२.)

ध्=ढ् । दिवड्ढ=द्व्यर्ध (६. ६०.) वियड्ढ=विदग्ध (१. ९१.) वीसढ <विस्सड्ढ * <विस्सिड्ढ * =विस्निग्ध (५. ५५.)

§ ३१. नीचे प्रमाणे व्यंजनोना खास फेरफारो ध्यानमां लेवाः—

(क) छ्=च्छ् । स्वरद्वयान्तर्गत छ् नो च्छ् थाय छे; परंतु शब्दनो आदि छ् अविकृत रहे छे. दा. त. छण्ण (१. ३.) छत्तिय (५. १२४)

(ख) ज्=य् । याणिमो=जानीमः (६. ९४.) मागधीनी असर.
ज्=ञ् । (सि. हे. ८ । ४ । ३९२ ।) वुञइ=व्रजति; खास बोलीमांथी हेमचंद्रे लीधेलो होवो जोईए; कारण के अपभ्रंश साहित्यमां एनो प्रयोग देखा देतो नथी.

(ग) ट=ड् [§ २८. (ब)]=ल, कडियलि=कटीतटे (५. १६.)

(घ) ड्=ल् । क्रीडा=कील (५. ४२.) सोलस=षोडश, तलाउ= तडाग (१. ११८.) नियल=निगड (१. ८.) पीलिय=पीडित (१. ९.)

(च) त्=ड् [§ ३०.]=ल्। अलसी=अतसी (सि.हे. ८।१।२११।) विज्जुल्लिआ = विद्युतिका * (२.१२४), फुल्लइ <फुड्डइ <फुट्टइ=स्फुटति (१३. ५२.)

त्=ड्=र् । सत्तरी=सप्तति (सि. हे. ८।१।२१०)

(छ) थ्=द् [§ २८]=ढ [§ २८. (ब)] । सिढिल=शिथिल. (सि. हे. ८. १. १२५.) पढम=प्रथम (२. ७१.)

(ज) [१] द्=ड्=र् । एयारह=एकादश (३.५१.) बारह=द्वादश (३. ५२.); (सि. हे. ८। १। १२०) मां करली=कदली, गग्गर=गद्गद (२. ७९.) परन्तु (२. ५४.) मां गग्गिर [§ ६. (क)] (सि. हे. ८। १।२१९।)

[२] द्=ड्=ल । मलिउ=मृदितं (५. १८८) मलइ=मृद्गाति (३. १००) पलित्त=प्रदीप्त (सि. हे. ८ । १ । २२०।) (६. १०४). पलिप्पंत=प्रदीप्यमान (५. ५८.) कालंबिणि=कादंबिनी (५. १३.)

(झ) प्=व् [§ २८.] = म् सुमिण<सुविण=स्वप्न; पामइ <प्राप्नोति; मि <वि [§ १९. (क) [१]]=अपि (१. ५७.) दुमय=द्रुपद (३. ४५.).

(ट) ब्=म् । बोलीने अनुसरी, सि. हे. ८।१।२३९ कमंध=कबंध; तंमालु<तंबोलु=ताम्बूल (१. ३०.)

(ठ) म्=वँ के व् । स्वरद्वयान्तर्गत म नो वँ थाय छे (सि. हे. ८। ४।३९७।) जिव <जिवँ <जिम (३. १०.); सँवारिउ= समारचित (६. १५.) केम्व (५. २५८.) परंतु रवण्ण=रमण्य* (१.३.) दवणा=दमनक (१.१७) पणविवि=प्रणम्य (५.१०७.) सवण=श्रमण (५. २०८.) ध्वन्यात्मक अनुस्वारनी केटलीक हाथप्रतोमां अवगणना थवाने परिणामे वँ ने बदले व मालम पडे छे; अने आ अवगणना एटले सुधी पहोंचे छे के म् मांथी आ प्रमाणे परिणत थएला व् नो उ थई जाय छे दा. त. अवरउहउ= अपरमुखिन्यः (१. १२.) भउहउ <भ्रमुकाः* (१. ३१.) णाउं=नाम (६. १८.)

अपवाद:—केटलीक वार आदि म् नो व् थई जाय छे: दा. त. **वम्मह=मन्मथ** (५. १४.) **वम्म=मर्मन्** (५. १४; १. ११)

(ड) [१] **य=ज्** । शब्दना आदि य् नो ज् थाय छे. दा. त. **जइ=यदि** (२. ३७.) **जसु=यस्य** (७. ७९.) **जूह=यूथ** ६०

[२] **य्=ज्ज्** कर्मणि प्रयोगनो य=ज्ज् (पूर्वे जो दीर्घ स्वर होय तो ह्रस्व करी) करवामां आवे छे: दा. त. **किज्जइ=क्रीयते;** (५ ३५.) **दिज्जइ=दीयते**

[३] **य=व्** , **अ.** य् अने **व्** श्रुतिने परिणामे **य्** नी केटलीक वार **अ** के **व्** जेवी ज प्रक्रिया थाय छे: दा. त. **आयइं** (३. ७.) **आविज्जइ** (३. १३२.) **मऊर=मयूर** (६. ३२.) **हियउ =हृदय** (२. ५६.)

[४] **य=इ** संप्रसारण प्रक्रियाने लीधे तो आ विकार थाय छे एटलुं ज नहि, परंतु उच्चारणनी समानताने लीधे लहियाओ य ने स्थाने इ मूकतां खचकाता नथी. दा. त. **पइंपिउ=प्रजल्पितं** (२. १९७.) केटलीक वार लहियाओ आवा इ ने स्थाने **ए** पण मूके छे **देवए** (२. ७०) **आणए** (५. २६७)

(ढ) **र्=ल्** । **चलण=चरण** (६. ५.) **सालण=स्मरण** (६. ३२.) **चालीस=चत्वारिंशत्** (५. २५०.) **सामिसाल=स्वामिसार** (६. १३९.)

(ण) **ल्=ण्** । **णिडाल=ललाट** (१.४८)
ल्=र । **किर=किल** (६. २०.)

(त) **व=वँ** । अने **वँ=म** । [§ ३१. (ठ)] नां जणावेली प्रक्रियानी आ प्रतिगामी प्रक्रिया छे. जे हाथप्रत परथी सदर ग्रंथमां उद्धरण लेवामां आव्यां छे, तेमां वँ लखवानी प्रथा नथी. परंतु आ प्रकारनुं उच्चारण **व्=म्** थवानो वच्चे संभवित छे. दा. त. **पिहिमि =पृथिवी** (१. ५३.), **एम** (२. ४४.) < **एव** (२. ४२.)= **एवम्** ; **परिमिय=परिवृत** (२. ६५.); **जाम** (६. ५.) < **जाव** (२. १८१.) < **यावत्** ; **ताम** (६. ६.) < **ताव** (२. १८२.) < **तावत्** .

व=अ, य, इ। **संभउ=संभव;** **दीउ < दीव=द्वीप** (६. २.) **जिउ=जीव** (६. ६६.) **पयट्ट=प्रवृत्त** (२. ४६.) परंतु **पइट्ट=प्रवृत्त** (३. ८७) **पइट्ट=प्रविष्ट** (२. ७०) (२. ६५.) **दिअह=दिवस** (२. ५१.). आ प्रकारना विकार माटे उच्चारण अने तेने अंगे आवती **य** अने **व** श्रुति ज जवाबदार छे.

(थ) **श्=ह्।** **एह=ईदृश** (२. २१.) ते ज प्रमाणे **तेह, जेह; साह=शश्वत्** (सि. हे.८.४.३६६)

श्=स् । आ तो सामान्य ज प्रक्रिया छे. दा. त. **देस=देश;** उपरनी एटले **श्=ह्** नी प्रक्रियामां आ अवान्तर प्रक्रिया थएल होवी जोईए. महाराष्ट्रीमां **ईदृश** नुं **एरिस** (४. २६८.) अने ते ज प्रमाणे **जारिस** अने **तारिस** रूपो छे, अने आ प्रमाणे प्राकृतमांथी आगळ आवतां **स्** नो अपभ्रंशमां **ह्** थयो.

(द्) **ष्=ह्** । आ प्रक्रिया पण अवांतर **स्** थईने थएलो होवी जोईए. **एह एहो, एहु < एसो < एषः** ।

ष्=छ् । **छ< छह=षष्** (५.२५१.);**पाहाण=पाषाण** (५.१३७)

(ध) **स्=ह्** । **दिअह=दिवस** (२. ५१.) **छाहत्तरि=षट् सप्तति**
जहिं, तहिं < जस्सि, तस्सि < यस्मिन्, तस्मिन्
जणहं, जणाहं (< °साम * षष्ठी बहुवचननो प्रत्यय) **=जनानाम् जाणहि=जानासि**

(न) **ह्** । **ह्** नी विचलनक्रियाथी केटलाक अल्पप्राण स्पर्शो(=व्यंजनो) सोष्म व्यंजनो बने छे. [§ २९. (ब) [१]]

केटलीक वार **स्=ह्** बनी अल्पप्राण स्पर्श सोष्म व्यंजन बने छे: दा. त.

स्पंदते < ह्पंदए * व्यत्ययथी **प्हंदए=फंदइ** (६. ५८.)

स्पर्शति < ह्पस्सइ व्यत्ययथी **प्हस्सइ=फंसइ** (६. ८०.)

केटलीक वार स्पर्शनुं सोष्मत्व वैदिक काळनुं गूजरातीमां मालम पडे छे: दा. त. **स्पशति** (वैदिक धातु; संस्कृत **पाशः**)=गू. फांसवुं

केटलीक वार सोष्म स्पर्शनुं कारण **ह्** मां होतु य नथी; अने ते इंडो-आर्यन सोष्म स्पर्श होय छे: दा. त. **इध=आंहं, दाघ=दाह** [सरखावो **निदाघ**] **घात-घाय** [सरखावो **हन्, ह, घ्न्** यौगिकरूप] [जुओ Bloch : L'Indo-Aryan. P. 64-61.]

[१] अनुस्वारयुक्त स्वर पछी ह् आवे तो ह्=घ थाय छे; [२] अने ह् पछी जो अनुनासिक व्यंजन आवे तो ह् नो व्यत्यय थई, जे वर्गना अनुनासिक पछी ते आव्यो होय ते वर्गना चतुर्थ वर्णमां (सोष्म व्यंजनमां), फेरवाई जाय छे. आवां उदाहरणोमां पण सोष्म व्यंजन ह् नो पूर्वकालीन पण कोइ वार होय. दा. त. [१] संघारण=संहारण (४. ३८.) सिंघ=सिंह (सि. हे. ८ । १ । २६४.) इ० [२] चिंध=चिह्न, बंभ=ब्रह्मन् (५. ७) बंभण=ब्राह्मण, (७. ९६.) (स =१३. २४) आसंघइ < आसंहइ * < आशंसते (५. १४०.), संभरइ < सम्हरइ * < संस्मरति इ०

§ ३२. व्यंजनद्विर्भाव (Doubling of Consonants)

सि. हे. ८ । २ । ९८–९९ मां व्यंजन द्विर्भावनां दृष्टान्तो आपेलां छे सदर ग्रन्थनी टिप्पणी (१. ५१)मां पण आनी विवेचना करी छे.

प्रो. पीशलना अभिप्राये केटलांक व्यंजनद्विर्भावनां दृष्टान्तोमां वैदिक स्वरनी असर रहेली छे: दा. त. जित्त=जित (५. १७१.) केत्थु=कथा, (४. १६४.) फुट्टइ=स्फुटति, उज्जु=ऋजु इ० आ ज नियमने आधारे स्वार्थे तद्धित इल्ल, उल्ल इ० ने ते समजावे छे. केटलीक वार काव्यमां छंदनी आवश्यकताने अनुसरी द्विर्भाव करवामां आवे छे. केटलीक वार व्यंजनतत्त्व टकाववा तथा शब्दनी मात्रा साचववा पण आ प्रकारे द्वित्व करवामां आवे छे दा. त. अट्टवि (५. २०६.).

दीर्घ स्वर पछीना व्यंजनने बेवडावी दीर्घ स्वरने ह्रस्व बनाववानी प्रक्रिया पण दृष्टिगोचर थाय छे: दा. त. पुज्ज=पूजा (१. ९०.) जोव्वण=यौवन (१. ९८.) अल्लीण=आलीन (१. ३३) पहुत्त=प्रभूत (१. ७४.) ढुक्कइ ढौकते (१. ४९) इ०

केटलाक विद्वानो प्रो. पीशलना अभिप्रायनो अस्वीकार करे छे; अने द्विर्भावने भ्रान्तानुकृति (False Analogy) इत्यादिथी समजावे छे: दा. त. उप्परि < उपरि (१. ५१) भ्रान्तानुकृति–परुप्पर=परस्पर जेमां प्प यथास्थान छे सुक्किउ < सुकृत (६. २) भ्रान्तानुकृति–दुक्किउ=दुष्कृत जेमां क्क यथास्थान छे. पविस्समाणय्ण=प्रविशता (६. ७४.) मां स्स छंदोमेळ खातर अथवा कर्मणि अने कर्तरि प्रयोगनो भ्रान्तिथी उद्भूत छे. बिण्णि < द्वौ ए तिण्णि < त्रीणि नी भ्रान्तानुकृति छे. प्रो. पीशलना अभिप्राय करतां आ अभिप्राय वधारे ठीक छे.

(१) जे आदि संयुक्त व्यंजननो द्वितीय व्यंजन य्, र्, ल्, व् होय तेमां प्रथम व्यंजन राखी द्वितीयनो लोप करवामां आवे छे.

य् । **जोइसिउ=ज्योतिषिन्** (३. २९.) **चुक्की=च्युता** (३. ६९.) **वावारउ=व्यापार** (१. ७८.) **चयइ=त्यजति.** (४.२२४.) **वामोह=व्यामोह** (१. ६६.)

र् । **कील=क्रीडा** (१. ५६.) **पडिवत्त=प्रतिपत्ति** (१. १०६.) **सुव्वइ=श्रु+अति** (१. ११०.) **पेम्म=प्रेमन्** (५.२३) इ०

व् । **जालइ=ज्वालयति** (५. ४०.) **सर=स्वर** (५. २४९.) **दीव=द्वीप** (६. १.)

(२) र नी पूर्वे स् के कोइ बीजा व्यंजन, व् नी पूर्वे स् तो केटलांक उदाहरणोमां विप्रकर्ष स्वरनो प्रक्षेप करवामां आवे छे; अने ल नी पूर्वे कोइ पण व्यंजन आव्यो होय तो पण आ ज प्रक्रिया थाय छे. (जुओ §१८.)

(३) **संयोजन** (Assimilation): सामान्य रीते आदि संयुक्त व्यंजनोना प्रकारोमां आदि स् युक्त संयुक्त व्यंजनोमां संयोजन थाय छे.

(क) स्+कोइ पण वर्गनो प्रथमाक्षर (तालव्य अने मूर्धन्य वर्गना प्रथमाक्षर विना)=ते ज वर्गनो द्वितीयाक्षर (आ प्रक्रियामां स्=ह् थई तेनो व्यत्यय थाय छे अने स्पर्शने सोष्मत्व अर्पे छे) दा. त. **खंध=स्कंध** (३. २०१) **खलिय=स्खलित** (५. १८.) **थंभ=स्तंभ** (६. १०६.) **थुइ=स्तुति** (६. १५६.) **थण=स्तन** (९. ७४) **फंसइ=स्पृशति** (६. ८०) **फंसइ=स्पंदते** (६. ५४.) **थोव=स्तोक** (६. ५५.) [जुओ § ३०(न)]

(ख) स्+तालव्य अने मूर्धन्य सिवाय कोइ पण वर्गनो द्वितीयाक्षर=ते ज वर्गनो द्वितीयाक्षर दा. त. **खलइ=स्खलित** (१. २६.) **थिअ=स्थित** (३. ५०.) **फार=स्फार** (५. ५८.)

—परंतु सामान्यतः उपरनो नियम होवा छतां कोइक दृष्टांतोमां स्=ह् नी असर सोष्म व्यंजन पर निष्फळ जतां बीजा अक्षरो उपर संक्रमे छे. दा. त. **फडिय=स्फटिक** भविसयत्तसहामां व्यापृत छे; छतां वधारे प्रचलित रूप **फलिह=स्फटिक** (१. ६०) मां अंतिम अ=ह ते आदि स् ने लीधे. ते ज प्रमाणे **थाइ <ह्+थाअ=स्थात***(५. १२२.) **चिहुर <श्चिकुर*** **=चिकुर**

(ग) स्न्=ण्ह । ण्हाइवि=स्नात्वा (५. १०.) परन्तु णेह=स्नेह (५. १६.) स्म्=स । सरइ=स्मरति (६.१२.) अने सुमरइ (४.१३५.)

शब्दान्तर्गत संयुक्तव्यंजन.

§ ३८. शब्दान्तर्गत संयुक्त व्यंजन नीचे प्रमाणे अपभ्रंशमां होई शके:—

[१] बन्ने एक ज प्रकारना व्यजन होय; दा त. **वुत्त, मुक्क खग्ग** इ० के प्रथम व्यजन + द्वितीय (ते ज वर्गना) सोष्म व्यंजन = संयुक्त व्यंजन दा. त. **अक्खर, वग्घ, अच्छ, वज्झ, अट्ठ, अड्ढ, अत्थ, अद्ध, पुप्फ, सब्भाव** इ०

[२] ण्ह, म्ह, ल्ह दा. त. **कण्ह, पम्ह, पल्हत्थ** (सि. हे. ८ । ४ । २००; जो के अपभ्रंशमांथी ल्ह अदृश्य थतो जाय छे.)

[३] व्यंजन+र (सि. हे. ९ । ४ । ३९८–९९. जुओ § ३७.) केवळ बोलीमां, प्रकृष्ट अपभ्रंशमां नहि.

[४] अनुनासिक व्यंजन + व्यंजन, हाथप्रतोमां अनुनासिक व्यंजनने पूर्वे स्वर पर अनुस्वार मुकी बताववामां आवे छे दा. त. **सिंचइ. छंमुह** के **छम्मुह** इ०

§ ३९. संस्कृतने प्रकृति लेखी, नीचे जणावेली प्रक्रिया अपभ्रंशमां मालम पडे छे:

[१] **संयोजन** (Assimilation)

(अ) प्रगामी संयोजन (Progressive Assimilation).

(ब) अनुगामी संयोजन (Regressive Assimilation)

(क) विशिष्ट संयोजन (Special Assimilation).

संयोजन थतां संयुक्त स्वरनी पूर्वे दीर्घ स्वर होय तो ते ह्रस्व थाय छे.

[२] **प्रतिसंयोजन** (Simplification) आ प्रक्रिया संयोजनथी उलटी ज छे तेथी तेने प्रतिसंयोजन एवुं अभिधान आपेलुं छे.

(अ) संयुक्त व्यंजननी संयुक्तता दूर करवी होय तो तेनी पूर्वेना ह्रस्व स्वरने दीर्घ करवो अने संयुक्त व्यजनने असंयुक्त करवो; दा. त. **सहस्स** <**सहस्र** (संयोजन); **सहास** <**सहस्स** (प्रतिसंयोजन) (३. ६१.) आ

प्रकारनां दृष्टान्तो अपभ्रंशमां बहुले छे. प्राकृतमां आ प्रक्रियानां परिमित स्थावो सि. हे. ८ । २ । ९२ । मां नोंध्यां छे.

(ख) संयुक्त व्यंजननी संयुक्तता दूर करवा, पूर्वना स्वरने अनुस्वार अर्पी तेने दीर्घ बनाववो अने संयुक्त व्यंजनने असंयुक्त करवो. दा. त. **मंत** < **मत्त** (१. २१.) जुओ सि. हे. ८ । २ । ९२ ।

§ ४०. **(प्रगामी संयोजन)** (Progressive Assimilation).

क् + त = त्त । जुत्त=युक्त, रत्त=रक्त ।

क् + प = प्प । बप्पइराअ=वाक्पतिराज ।

ग् + घ = द्ध । मुद्ध=मुग्ध ।

ट् + क = क्क । छक्क=षट्क ।

ट् + त = त्त । छत्तीस=षट्त्रिंशत् ।

ट् + प = प्प । छप्पय=षट्पद ।

ड् + ग = ग्ग । खग्ग=खड्ग ।

ड् + ज = ज्ज । सज्जो=षड्ज ।

ड् + व = व्व । छव्वीस=षड्विंशति ।

त् + क = क्क । उक्क=उत्क ।

त् + प = प्प । उप्पल=उत्पल ।

त् + फ = प्फ । उप्फुल्ल=उत्फुल्ल ।

द् + ग = ग्ग । उग्गीरइ=उद्गीरति ।

द् + ब = ब्ब । उब्बोह=उद्बोध ।

द् + भ = ब्भ । सब्भाव=सद्भाव ।

प् + त = त्त । सुत्त=सुप्त ।

ब् + ज = ज्ज । खुज्ज=कुब्ज ।

ब् + द = द्द । सद्द=शब्द ।

ब् + ध = द्ध । लद्ध=लब्ध ।

§ ४१. **अनुगामी संयोजन** (Regressive Assimilation)

(क) सामान्य व्यंजन+अनुनासिक व्यंजन=सामान्य व्यंजननुं द्वित्व

ग् + न = ग्ग । अग्गि=अग्नि ।

त् + न = त्त । सवत्ति=सपत्नी ।

ग् + म = ग्ग । जुग्ग=युग्म ।

क् + म = प्प । रुप्पिणि=रुक्मिणी ।

त् + म = प्प । अप्पा=आत्मन् ।

परंतु, ज् + ञ (ज्ञ) = ण्ण । आण< अण्णा=आज्ञा (५.२६७)

साण=संज्ञा (५.५५.)

(ख) सामान्य व्यंजन+अन्तःस्थ=सामान्य व्यंजननुं द्वित्व :—

क् + य = क्क । वक्क=वाक्य ।

क् + र = क्क । चक्क=चक्र ।

प् + ल = प्प । विप्पव=विप्लव ।

क् + व = क्क । पिक्क=पक्व ।

अपवादः—द् + व = व्व । उव्विग्ग=उद्विग्न । उव्वरिय = उद्वृत (१.७०.)

(क) अनुनासिक व्यंजन+अन्तःस्थ=अनुनासिकव्यंजननुं द्वित्व.

न् + य = ण्ण । कण्ण=कन्या । (३. २०.)

म्ल अने म्र माटे तो वर्णप्रक्षेप करवामां आवे छे. [§ ३४.]

§ ४२. अन्तस्थमां स्वतः द्वित्वने पामता ल् अने व् छे. य् द्वित्वने पामतां ज् मां फरी जाय छे. र् नुं द्वित्व थतुं ज नथी. अन्तस्थनो अंदर अंदर संयुक्तव्यंजन बने, तो द्वित्वप्रक्रियामां प्रधानत्वनो अनुक्रम ल्, व्, य् छे, दा. त. कल्ल=कल्य (३. ११४.) कव्व=काव्य (४. १.) दुल्ललिय=दुर्ललित (३. २२.) सव्व=सर्व (३. १७६.)इ.

§. ४३. केटलांक संयुक्तव्यंजनोनी विकारप्रक्रिया खास होय छे; जेमांना मुख्यथी मार्गदर्शी प्रक्रियानो उल्लेख ज संक्षेपमां नीचे आपवामां आव्यो छे.

(क) क्ष्=आदिमां ख्, छ्, झ्, घ् । खार=क्षार (२. ८२.) खवण=क्षपणक (१३. १५.) छण=क्षण (६. १८८.) छार=क्षार (७. १४२.) झिज्जइ=क्षीयते (३. ५६.) घित्त=क्षिप्त (५. २०८.)

शब्दान्तर्वर्ती होय तो, क्ख, च्छ, ज्झ । कडक्ख=कटाक्ष (२. ७५) विक्खेव=विक्षेप (२. ७५.); रिच्छ=ऋक्ष (२. ५८) तच्छ=तक्ष (२. ५८.) विच्छोइअ=विक्षोभित (५. ७७.); उज्झर=उत्क्षर* (१. १०३.) कोइक वार ह्न पण थाय छे [क्ख > ख > ह्न] दा. त. निहित्त=निक्षिप्त (५. ११८.) [सि हे. ८. २. १७-२०.]

(ख) श्च, त्स, प्स=च्छ । मिच्छत्त=मिथ्यात्व (५. १६३.) अच्छेरय=आश्चर्यक (६ ११६.) मच्छर=मत्सर (२. १९३.) उच्छव=उत्सव (४. २८४) अच्छर=अप्सरस् (१. ४५.) इ० [सि. हे. ८ २. २१.]

(ग) ऊष्माक्षर+ प्रथम अघोष व्यंजन एम बनेलो संयुक्त व्यंजन आदिमां आवतां द्वितीय सोष्म अघोष व्यंजन थई जाय छे; स्वरद्वयान्तर्गत एवो संयुक्त व्यंजन आवतां प्रथम अघोष अने द्वितीय सोष्म व्यंजनना बनेलो संयुक्त व्यंजन थाय छे. [(§ ३१ न)]

(घ) दन्त्य व्यंजनने स्थाने तालव्यनो आदेशः—त्य, थ्य, द्य, ध्य=च्च, च्छ, ज्ज, ज्झ । अच्चंत=अत्यन्त (३. ६) पच्चक्ख=प्रत्यक्ष (१. ४१), मिच्छत्त=मिथ्यात्व (५. १६३); अज्जु=अद्य (१. ९५.) उज्जाण=उद्यान (१ १४.); मज्झ=मध्य (१. ३४) जुज्झहो=युध्यत (१. ४७); सि हे. ८. २ १५. त्व-थ्व-द्व-ध्वां च-छ-ज झाः क्वचित् । नां उदाहरणो भाग्ये ज मळे छे एटले नोध्या नथी.

(च) दन्त्य व्यंजनने स्थाने मूर्धन्यनो आदेशः- पइट्ट=प्रवृत्त (३. १८७.) मट्टी=मृत्तिका (१३ १) पट्टण=पत्तन (१ ७) वट्टि=वर्ति (२. ८७.) विच्छड्ड=विच्छर्द (२. १०५) छिड्ड=छिद्र (११ ६५) वियड्ढ=विदग्ध (१ ९१.) वड्ढिय=वर्धित (१. १३५.) थड्ढ=स्तब्ध (१०. २४.) गंठवाल=ग्रन्थिपाल (१ १७.) इ [सि. हे. ८. २. ३५-४१.]

(छ) संयोजन (Assimilation) अथवा भाषाविशिष्टता (dialectal peculiarity) थी बनेला त्त, प्प, क्क केटलीक वार एकबीजाने स्थाने फेरबदल थाय छे. दा. त. चुक्क <चुत्त <च्युत (३. ६९.); जुप्पइ< जुत्तइ< भू. कृदंत युत्त.मांथी क्रियापद (३ ८२.); लुक्क <लुत्त <लुप्त (४. २७८.); बुक्क अथवा वुक्क <वुत्त <वक्त * (५. २७१=बोक्क; सि.

हे. ८. ४. ९८=बुक्कइ); सवक्ति <सवत्ति <सपत्नी (जुओ लक्ष्मण-गणिन्-सुपासनाहचरिय, प्रस्तावना. सं. पं. हरगोविददास. आ शब्द ते ग्रंथमां व्यापृत छे.) कप्पइ <कत्तइ <सं. √कृत् (सि. हे. ८. ४. ३५७)

(ज) ष्ण=ट्ठ। विट्ठु <विण्हु <विष्णु (५. २१४)

(झ) ह्व=म्भ। जिभा=जिह्वा (३. ८.), जो के जीहा (१. १२२) पण रूप छे. विंभिउ <विम्हिउ <विस्मित (९. ६.)

रूपरचना

१. नामरूप.

§ ४४. व्यंजनान्त नाम अपभ्रंशमांथी वस्तुतः अदृश्य ज थई गयां छे; तो पण कोइ वार वपरायलां दीठामां आवे छे. त्, न्, स्-व्यंजनान्त नामोना अवशेष कदीक दृष्टिगोचर थाय छे. दा. त. बंभाण=ब्रह्माणः (२. १०७.) रायाणो=राजानः (४. २२५.) वइणो=व्रतिनः (४. २२८.). आवा अवशेषो अर्धमागधीमां अने तेना पछी प्राकृतमां वधारे छे. अपभ्रंशमां तो लगभग लुप्त ज छे.

व्यंजनान्त नामोमां बे प्रकारना फेरफार करवामां आवे छेः [१] केटलीक वार अन्त्य व्यंजन दूर करवामां आवे छेः दा. त. मण=मनस् (१. ९२.) जग=जगत् (६. ४३.) अप्प=आत्मन् (७. ६०.) मणहारि=मनोहारिणी (५. १७९.) [२] केटलीक वार अन्त्य व्यंजनमां अ उमेरी अकारान्त नाम प्रमाणे तेनी गणना थाय छे; स्त्रीलिंगे आ के इ उमेरवामां आवे छे. दा. त. जुवाण=युवन् (५. ११०), आउस=आयुष् (२. १९.) अप्पण=आत्मन् (७. ५६.) इ. [३] ऋकारान्त नामना ऋ=अर करवामां आवे छे. दा. त. पियर=पितृ (४. ८९.) भायर=भ्रातृ (५. १.) इ०; पण भत्तार=भर्तृ (५. ३१.) सस=स्वसृ (३. ६६.); माय, माइ=मातृ (३. १०७); भाइ=भ्रातृ (१. १४५.) इ० संस्कृतानुसारी विकृति छे. [४] अत्-अन्ती वर्तमानकृदन्तो अने वत्-अन्ती नामना अन्त अन्त अने वन्त थई जाय छे. मत् नो मन्त के वन्त थई जाय छे. कोइ वार प्राकृतने अनुसरी त् एकलो पण त्यजी देवामां आवे छे दा. त. भयव=भगवत् [५] स्त्रीलिंगी आकारान्त अने ईकारान्त नामनो अन्त्य स्वर ह्रस्वित करवामां आवे छे. दा. त. कील=

क्रीडा, सियय=सिकता (१. ८६.) पडिम=प्रतिमा (१. ८७.) पुज्ज =पूजा (१. ९०); वेणि=वेणी (३. २४.) मालइ=मालती (१. ३१) सर्यालिंधि=सैरन्ध्री (३. ३२.) किंकरि=किंकरी (३. ३३.) जवळे ज दीर्घ स्वर राखवामां आवे छे. दा. त. जिभा=जिह्वा (३. ८.) कोइ वार आकारान्त ह्रस्वित करी तेमां इ उमेरी, इकारान्त करवामां आवे छे. दा. त. णिसि=निशा (१. २.) कहि=कथा (३. १८७.).

आ प्रमाणे पुल्लिग, स्त्रीलिंग अने नपुंसकलिंगमां, अ. इ अने उ–अन्तनां ज नाम होय छे.आ, ई, ऊ—अन्तमां स्त्रीलिङ्गी नामो विकल्पे आवे छे.

§ ४५. अपभ्रंशमां बे ज वचन होय छे-एकवचन अने अनेकवचन. दो, बे ए बे द्विवचननां रूप सिवाय अपभ्रंशमां द्विवचन नथी.

§ ४६. सामान्य रीते अपभ्रंशमां जाति संस्कृतने अनुसरे छे. परंतु तेमांय अव्यवस्था तो छे ज. तेटला ज माटे सि. हे. ८. ४. ४४५ मां लिंगने अपभ्रंश विषये अतन्त्र कह्युं छे. दा. त. कडक्खइं=कटाक्षान् (६. ९९.), देसइं=देशान् (६. १००), आरंभइं=आरंभान् (६. १०७.) इ.

§ ४७. संस्कृतनी सरखामणीमां पाली अने प्राकृतमां विभक्तिओनो ह्रास थएलो छे. पालीमां पण चोथी अने छट्ठी विभक्तिओनो भेद अदृश्य थतो जाय छे. अपभ्रंशमां तो विभक्तिओनो ह्रास एथी पण अधिक छे. प्राकृतमां देखा देतो चतुर्थी अने छट्ठीनो भेदाभाव (वररुचि. प्राकृतप्रकाश ६. ६४. चंड. २. १३.) अपभ्रंशमां तो छे ज. चतुर्थी अने द्वितीयानो भेद कोइ वार नष्ट थाय छे. (जुओ अ. पा टिप्पणी. १. ९४–९७–१०७). सप्तमी अने तृतीयानां एकवचन अने अनेकवचननां रूप केटलेक दरज्जे सरखां बनी जाय छे. प्रथमा अने द्वितीयानो भेद पण झाझो रहेतो नथी. कोइवार पंचमी अने षष्ठीनां एक वचन पण सरखां थई जाय छे. आ बधी बाबतो नीचेनां रूप उपरथी स्पष्ट थशे.

§ ४८. अकारान्तनामनां रूप (पुल्लिंग)

नीचे एक ज नाम लईने सुगमता खातर रूप आपवामां आवेलां छे.

पुत्त (पुल्लिंग)

एकवचनः—

प्रथमा. पुत्तु (१. ४.) पुत्त (१. ६) पुत्तो (५. ५३.) पुत्तउ (१.६२.) पुत्तउं (१. ३.)

द्वितीया. पुत्तु (१. ८७.) पुत्त (२. ८.) पुत्तहो (१. १०७.) पुत्तं (६. २९)

तृतीया. पुत्तेण (१. १०२.) पुत्तिण (१. ११५.) पुत्तें (१. ८०.) पुत्ते (१. १०.) पुत्तिं (६. १६.) पुत्ति (५. ९६.) पुत्तइं (५. १००) पुत्तेणं (४. १६९)

पंचमी. पुत्तहें (३. ११३) पुत्तहु (५. ३४) पुत्तहो (७. १७५)

चतुर्थी-षष्ठी. पुत्तस्स (६. १६४) पुत्तस्सु (१४.गीत.५) पुत्तहो (१.१०४. १०५.) पुत्तहु (९. ३६.)

सप्तमी. पुत्ति (६. ५.) पुत्ते (१. ११४.) पुत्तइं (४.२७४.) पुत्तइ (७. ७८.) पुत्तए (१. १.) पुत्तम्मि (६. १५८.)

संबोधन. पुत्त (३. १८२.) पुत्ता (७. २८.)

अनेकवचन:—

प्रथमा. पुत्त (१. ७.) पुत्ता (१. ९६.)

द्वितीया पुत्त (२.९) पुत्ता (२. ९.)

तृतीया पुत्तहिं (१. ६९.) पुत्तहि (१. ५८.) पुत्तेहि (१. ५७.) पुत्तेंहिं (१. ५७.) पुत्तिहिं (१. १२०.) पुत्तिहि (१. ५८.)

पंचमी [पुत्तहुं], पुत्तहं (९. १९.)

चतुर्थी-षष्ठी पुत्ताणं (४. २३१.) पुत्ताण (६. १६५.) पुत्तहं (१. ७३.) पुत्तह (७. ६.) पुत्ताहं (७. ९.)

सप्तमी पुत्तहिं (५. १५३.) पुत्तेसु (६. ७८.) पुत्तिहिं (३.२३.)

संबोधन पुत्तहो (१. ९४.) पुत्तहु (१३. ३९; ३. १८१.)

(क) उपरनां रूपाख्यानोमां पुत्तो, पुत्तं, पुत्ताणं, पुत्तम्मि चोक्खां महाराष्ट्री प्राकृतनां रूप छे.

(ख) पांचमी, षष्ठी विभक्ति वच्चे पण संभ्रम थई गयो छे. विभक्ति-व्यापारनी निरंकुशता जोवी होय तो प्रस्तुत ग्रंथमां घणे स्थळे मळी आवशे, दा. त. उद्धरण १. कडवक. १२. वपरायलां रूपाख्यानो पण तेज बतावे छे.

(ग) अनादर षष्ठीना प्रयोगनुं उदाहरण: पेक्खंतहं रायहं मुच्छ गय। (३. ७२.) सति सप्तमी: चिमले चिहाणए कियए पयाणए उययइरिसिहरे रवि दीसइ। (१. १). बीजे स्थळे पई जीवंतएण

मड्डु एही भइय अवत्था । (३. ९०.) अहिं सप्तमीने स्थाने तृतीया योजी छे, जे बतावे छे के तृतीया अने सप्तमी वच्चे बहु ज संभ्रम थएलो होवो जोईए.

(घ) उपरनां रूपाख्यानोमां नासिक्यता (Nasality) प्रत्येना दुर्लक्षथी तथा ऍ अने इ, तेम ज ऑ अने उ नी भ्रामकताथी नूतन रूपो अस्तित्वमां आव्यां छे.

(च) उद्धरण १२. अने १३. अनुक्रमे कण्ह अने सरहना दोहाकोशमांथी लेवामां आव्यां छे. तेमां केटलांक खास रूपाख्यानो देखाय छे. ते मुख्यत्वे करीने बोली विशेषो (Dialectal Peculiarities) अने अर्वाचीनतानां चिह्न छे. आ संबंधी चर्चा प्रस्तुत उद्धरणनी टिप्पणीमां आपेली प्रस्तावनामां करवामां आवेली छे ते जोवी.

(छ) केटलीक वार छंदनी खातर विभक्ति प्रत्ययोनो त्याग करवामां आवे छे. दा. त. जिणजम्मण अमर पराइय (२. १८.) सरिपवाह मिहुणइं णासंतइं (१. ८.) वाहि मिच्छ तं जणं दुक्खसेणं खद्धयं (६. ९१.) इ०

§ ४९. अकारान्त नपुंसकलिंगी नामनां रूप.

फल.

	एकवचन	अनेकवचन
प्रथमा-द्वितीया.	फलु (१. ३६.)	फलाइं-इ (१. १२७.)
	फल (१३. १९.)	फलइं-इ (१. ३७.)

अवशिष्ट रूप अकारान्त पुल्लिंगी नामनां रूप प्रमाणे थाय छे.

§ ५०. इकारान्त अने उकारान्त नामनां रूप (पुल्लिंग अने नपुंसकलिंग)

पुल्लिंग अने नपुंसकलिंग वच्चे कांइ पण फेर नथी. नपुंसकलिंगमां वारिइं-वारीइं के महुइं-महूइं प्रथमा, द्वितीया अनेकवचनमां शास्त्रीय दृष्टिए होय; परन्तु प्रस्तुत ग्रन्थमां ते प्रयोजित नथी.

मूळे य इ अने उ अन्तवाळां नामो ज ओछां वपरायलां दृष्टिगोचर थाय छे; अने वळी तेमां पण ते नामोने घणी वार य < क स्वार्थ प्रत्यय लगाडी अकारान्त नाम जेवां रूपाख्यानो तेनां करवामां आवे छे. दा. त. सम्माइट्ठिउ (७. ५४.) जोइया (७. ५९.) जोइय (७. ६४.) णाणियहं

(७.८१.) अग्गियम (७. १. इकारान्त स्त्रीलिंगी नामना रूपनी भ्रान्तानुकृति) जोइसियहिं (५. १०७.). आ उपरांत ए पण मालम पडे छे के रूपाख्यानोना ज्यां प्रत्ययो छे, त्यां लगभग सरखा ज प्रत्ययो छे. प्रथमा, द्वितीया अने संबोधन विभक्तिने तो प्रत्ययो ज नथी. इन् अन्तवाळां नामोमां न् घणीवार त्यजी देवामां आवे छे. त्यार पछी तेनां रूपो इकारान्त नाम जेवां ज करवामां आवे छे.

	एकवचन	अनेकवचन
प्रथमा	गिरि (२. १००)	परमेट्ठि (३. ५०.)
	गुरु (८. १.)	रविंदु (४. २७८.)
द्वितीया	गिरि (३. ९७.)	परमिट्ठि (६. ४७.)
	सिसु (५. २५.)	गुरु (७. ७.)
तृतीया	करिणा (५. १३७.) बहुएं (७.११२)	णाणिहिं (५.१४९.)
	बलिणा (५. १९३.) बहुयइं (८.१५)	भाइहि (५. २७७.)
	पहुणा (५. २९२.) मंतिइं (५. १८८.)	
	बहवि (८ १५.)	
पंचमी	[गिरिहे] महुणो (४. २२९.)	[गिरिहुं]
चतुर्थी-षष्ठी	रहुवइहे (२. २२.)	जोइहिं (७. ३७.)
	करिहो (३. ८७.)	णाणिहिं (७. ११२)
	पंडुहि (३. १४९.)	भाईणं (४. २३१.)
	हरिहि (४. १६२.)	रिसिहिं (५. २०६)
	भाणुहिं (४.१८५.) जगवइणो (४.२२८.)	
	कुलसामिहिं (५.४५.) विहुहिं (५.२३१.)	
सप्तमी	सुहिहिं (५. १९६.)	[गिरिहुं]
संबोधन	सिहि (२. १२५.)	[गिरि]

§ ५१. आकारान्त स्त्रीलिंगी नामनां रूप

आगळ आपणे जोई गया ते प्रमाणे आकारान्त स्त्रीलिंगी नामनो अन्तिम आ ह्रस्व करी देवामां आवे छे. आ प्रमाणे प्रत्यय लगाडवा लायक बे मूळरूप बने छे. दा. त. माल अने माला.

माला

	एकवचन	अनेकवचन
प्रथमा	माला (१. ३६.) माल (१. २२.)	मालाउ (१. ३१.) मालउ (१. ४०.)
द्वितीया	[माला] माल (१. ५६.)	मालाउ (२. १८८.) मालउ (३. ११.)
तृतीया	मालाइ (१. २३.) मालइ (३.१९४.) मालाए (१.८१.) मालए (१.६७.) मालहे (२.८३.)	[मालाहिं] मालहिं (४.२१८.)
पंचमी	[मालहे-मालाहे]	[मालाहु-मालहु]
चतुर्थी-षष्ठी	मालहे (२. २४.) मालहें (२.१३७.) मालहि (२.७३.) मालहिं (३.११०.) मालहो (३.१९५.)	मालहं (३. ७७.)
सप्तमी	मालहे (३. ११४.) मालए (४. १९२.)	[मालहिं-मालाहिं]
संबोधन	माल (२. ५२.)	[मालउ-मालाउ]

§ ५२. ईकारान्त स्त्रीलिंगी नामनां रूपः—

केटलांक स्त्रीलिंगी आकारान्त नामनो अन्त्य आ ह्रस्वित करवामां आवे छे ते आपणे जोयुं. (§ ५१.) आवां नामोने अन्ते ई कोइवार लगाडवामां आवे छे. दा. त. बाली (१. २२) णिसि (१. २.) वसुंधरी (२. ६४.) परमेसरी (२. ७१.) इ० विशेषणनां स्त्रीलिंगी रूप पण ई लगाडीने करवामां आवे छे. दा. त. जुओ उद्धरण २. कडवक ३. स्त्रीलिंगी इकारान्त नामनां रूपो ईकारान्त स्त्रीलिंगी नामनां रूपथी जुदां नथी. ऊ कारान्त स्त्रीलिंगी नाम आमे य संस्कृतमां तो ओछां छे ज; प्रस्तुत ग्रंथमां वहु (१.४६.) अने वहूहिं (२.१४०) ए बे रूपो ज वपरायलां छे. आकारान्त स्त्रीलिंगी नामनां रूप जेवां ज ईकारान्त नामनां रूप छे.

	एकवचन	अनेकवचन
प्रथमा	तरुणि (५. १४.)	तरंगिणीउ (१. ३२.)
	रिद्धी (५. ६६.)	णारिउ (३. ७५.)
	भडारी (५. ७५.)	कुमारिउं (५. १७९.)
द्वितीया	महि (५. ९३.)	जणदिट्ठिउ (५. ८६.)
	अवक्खडी (७. ७१.)	गाहिणीउ (६. १३२.)
तृतीया	घरिणिए (५. १५७.)	विरहंतिहि (५. ३२.)
	विलासिणिआए (५. १२१.)	
पंचमी	[तरुणिहे]	[तरुणिहु]
चतुर्थी-षष्ठी	महएविहे (३. ४८.)	पाणियहारिहु (६. ११२.)
	पुत्तिहिं (५.१०८.) भूमिहिं (५.२२८.)	
सप्तमी	पहरंतिहिं (५. १६२.)	वाविहिं (५. ४५.)
	मुट्ठिए (५. २८७.)	कामिणिहिं (१. १२८.)
	सिद्धिहि (७.२५.) रयणिहे (३.११४.)	
	तुंगिहे (३. ११६.)	
संबोधन	माइ (३.१०७.)	[तरुणिहो]
	पंचालि (३. १०९.)	

२. सर्वनामरूप

§ ५३. प्रथमपुरुषवाचक सर्वनामः—

	एकवचन	अनेकवचन
प्रथमा	हउं (२. २१८.) मइ (२. १७५.)	[अम्हे] अम्हइ (२. ५१.)
द्वितीया	मइ (१.२.) मइं (३.६४.) मं (११.११.)	[अम्हे, अम्हइ]
तृतीया	मइं (२. १७१) मइ (१ ११६.)	[अम्हेहिं] अम्हहिं (६.१४०.)
	मए (६. १६६.)	
पंचमी	महु (३. ११६.) [मज्झु]	[अम्हहं]
चतुर्थी-षष्ठी	महु (२. ३२.) मज्झु (६. ११.)	अम्हाण (६. १३७.)
	महुं (५. २९५)	[अम्हहं]
सप्तमी	[मइं]	[अम्हासु]

§ ५४. द्वितीयपुरुषवाचक सर्वनामः—

	एकवचन	अनेकवचन
प्रथमा	तुहुं (३. १९६.) तुहु (२. २१.)	[तुम्हइं, तुम्हे]
द्वितीया	पइं (३. ६०.)	[तुम्हइं, तुम्हे]
तृतीया	पइ (२. ८९.) पइं (१. ६२.)	[तुम्हेहिं]
	तइं (३. १४५.)	तुम्हइं (५.२७४.)
पंचमी	[तउ, तुज्झु, तुध्र *]	[तुम्हहं]
चतुर्थी–षष्ठी	तउ (२. १६८.)	तुम्ह (३. ९४.)
	तुह (४. १५१.)	तुम्हइ (२. ६३.)
	तुज्झ (४. २७०.)	तम्हाण (१. १६६.)
	तुज्झु (५. ४७.) [तुध्र *]	तुम्हह–हं (३.४६.)
सप्तमी	तुह (५. ४८.) [तइं]	[तुम्हासु]

§ ५५. दर्शक सर्वनामः—

	एकवचन	अनेकवचन
प्रथमा	[पु] सो (१. २९.) सु (६. ८९.)	[पु.] ते (१. २४.)
	स (५.१४८.)	
	[स्त्री.] सा (१. १०९.) स (३. ६८.)	[स्त्री.] ताउ (१. १२.)
		ति (२. ७६.)
	[न] तं (१. ३६.) तं तु (११.६.)	[न.] ताइं (१. २५.)
द्वितीया	[पु.] तं (१. ५०.)	[पु.] [ते]
	[स्त्री.] तं (१. ७६.)	[स्त्री.] [ताउ]
	[न.] तं (१.१३४.)	[न.] [ताइं]
तृतीया	[पु.] तेण (१.११३.) तैं (२. २०१.)	[पु.] तेहिं (१. १३३.)
	तइं (३. १८.) तेणं (६. १६६.)	ताहं (२. १७.)
	तिं (९.८.)	तेहि (३. ५१.)
	[स्त्री.] ताइं (२. १७८.) [तिए, तीए, ताए, तए]	[स्त्री.] तेहि (२. ५०.)
पंचमी	[पु] तहे (४.१९८) तउ (४.१७६)	[पु.] [तहु]
	[स्त्री.] [ताहे–तहे]	[स्त्री.] [ताहिं]

	एकवचन	अनेकवचन
षष्ठी	[पु.] तासु (१.१११.) तहो (१.६०.)	[पु] तहु (१. १५.)
	तहि (२. ८४.) तसु (७. ७९)	
	तहु (५. ९.) तहिं (५.१८.)	
	[स्त्री.] तिह (२. १४४.)	[स्त्री.] ताहि (१. ११२.)
	ताहि (५. २६६.)	
सप्तमी	[पु] तहिँ (१. १०६.)	[पु.] तहिँ
	तहि (२. ११२.)	
	[स्त्री.] तहि (२. १४१)	[स्त्री.] [ताहिँ]
	तहिँ (७. १०१)	

§ ५६. संबंधी सर्वनामः—

	एकवचन	अनेकवचन
प्रथमा	[पु] जो (१.२९.) जु (७.१३५.)	[पु] जे (१. २४.)
	[स्त्री.] जा (१. १०९)	[स्त्री] जाउ (१. ३२.)
	[न.] जं (१. २६.)	[न.] जाइं (७. १०६.)
द्वितीया	[पु.] [जं]	[पु] [जे]
	[स्त्री.] [जं]	[स्त्री.] [जाउ]
	[न.] जं जु (११. ६.)	[न.] [जाइं]
तृतीया	[पु.] जेण (१.५.) जिं (४.२६९.)	[पु] जेहिं (४. ११०.)
	जें (५. ९.)	
	[स्त्री.] [जाइं, जाएँ, जिए इ०]	[स्त्री.] जेहिं (२. ४९.)
पंचमी	[पु.] जउ (३. ५७.) [जहे]	[पु.] जहु
	[स्त्री.] [जाहे]	[स्त्री.] [जाहिं]
चतुर्थी-षष्ठी	[पु.] जासु (१.१०.) जसु (१.८०.)	[पु] जाहं-जाह (४.१०८.)
	जस्स (६. ६२.) [जहो]	
	[स्त्री.] जाहि (२. ४८.)	[स्त्री.] [जाहिँ]
सप्तमी	[पु.] जहिँ (७. १०४.)	[पु] [जहिँ]
	जम्मि (५.२६.)	
	[स्त्री] [जहि]	[स्त्री.] [जाहिँ]

§ ५७. प्रश्नार्थ अने अनिश्चित सर्वनामः—

	एकवचन	अनेकवचन
प्रथमा–	[पु.] को (२. १३.) कु (७. ६९.)	[पु.] के (१. ५४.)
द्वितीया.	[स्त्री] का (१. ६६.) क (५, ११)	[स्त्री.] कायउ(९.१८)[काउ]
	[न.] किं (१. ९५.)	[न.] काइं (५. २६८.)
तृतीया.	[पु.] केण (१.११६.) कइं (११.२१.)	[पु.] केहिं (८. २२५.)
	[स्त्री.] काइं (२. ११) [काए]	[स्त्री.] केहि(४.२३४.)[काहि]
पंचमी.	[पु] कउ (८. १९७.) [कहे]	[पु.] [कहु]
	[स्त्री.] [काहे]	[स्त्री.] [काहिं]
चतुर्थी–षष्ठी.	[पु.] कहो(३.९२.) कहु (४.१४९.)	[पु.] काहं–ह (४. १९३.)
	कस्स (६. ९५.) कासु (५. ९८.)	
	[स्त्री.] काहिं (५. १४.) काहि (५.१५.)	[स्त्री.] काहि (४. २९३)
सप्तमी	[पु.] कहि (३.१७२.) कहिं (६.२८.)	[पु.] [कहिं]
	[स्त्री.] [काहिं]	[स्त्री.] [काहिं]

(क) अनिश्चित सर्वनाम पि, वि, मि, इ < सं. अपि, चि < सं. चित् लगाडवाथी बने छे. दा. त. १. ६६; १.५७.;७.११; ६. २६–२८. इ०

(ख) किं अने काइं (५. २६८.) अव्यय तरीके पण वपराय छे.

(ग) कवण (गु. कोण) प्रश्नार्थ सर्वनाम तरीके वपराय छे. दा. त. कवणु (३. ११०) कवण [स्त्री.] (२. १२१.) इ०

§ ५८. 'ए, एअ < सं. एतद्; एह < सं. एषः ।' नां रूपः—

	एकवचन	अनेकवचन
प्रथमा–	[पु.] एउ (१.१३३.) इउ (२.१३९.)	[पु] एहा
द्वितीया	एहु (२.१२६.) एहउ (५.१८९.)	[स्त्री.] [एहीर]
	एह (२.८९.) एउ (२. १७८.)	[न.] [एहइं, एयइं,
	[स्त्री.] एहो (३. ९०.)	एहाइं, एयाइं]
तृतीया	[पु.] एण (१. ११५.)	[पु.] [एहिं, एएहिं,
	एएं (५. १५४.) एँ (११. १४.)	एणहिं]
	एणइ (६. १२.	[स्त्री.] [एयाहिं]

पंचमी	[एयहे]	[पु.] [एयहं]
		[स्त्री.] [एयाहिं]
चतुर्थी–षष्ठी	[पु.] एयहो (४. १७४.)	[पु.] [एयाहं]
	[स्त्री.] [एयहे]	[स्त्री.] [एयाहिं]
सप्तमी	[पु.] एहइ (६. ४५.)	[पु.] [एयहिं]
		[स्त्री.] [एयाहिं]

§ ५९, आअ, अ=इदम्

आ सर्वनामनां थोडांक रूप प्रस्तुत ग्रन्थमां वपरायलां छे. दा त. तृतीया आएं (४. १७१.); षष्ठी–आयहो [पु.] (२. ३०.); आयहे [स्त्री.] (३. ६६.)–अनेकवचन आयहं [पु.] (१. १०.); द्वितीया अनेकवचन [न.] आयइं (१. २१०).

§ ६०. स्ववाचक सर्वनाम अप्पण, अप्प < सं. आत्मन् मांथी बने छे; अने तेनां रूप अकारान्त नामना जेवां थाय छे.

बीजां सर्वनाम जेवां के सव्व, अण्ण, एक्क इ०नां रूप सामान्यतः ज (यद्) अने त (तद्)ना जेवां ज थाय छे.

§ ६१. सर्वनाममांथी बनतां विशेषणो अने अव्ययोना प्रकारो नीचे प्रमाणे छे.

(क) [१.] परिमाणवाचक विशेषण:—

(अ) एत्तिउ (१.१०७), तेत्तिउ, जेत्तिउ, केत्तिउ (३.१०८.)

(आ) एत्तडउ (१. १८७.) तेत्तडउ, जेत्तडउ, केत्तडउ (३. १२९.)

(इ) एवडउ (=एवड्डु २. १३१.) तेडवउ (=तेवड्डु ५. २१४) जेवडउ, केवडउ (सि. हे. ८. ४. ४०७)

(ई) एत्तुल, तेत्तुल, जेत्तुल, केत्तुल (सि. हे. ८. ४. ४०७.)

[२.] गुणवाचक विशेषण:—

(अ) अइसउ (१२. १३.) तइसउ, जइसउ (१०. ९.) कइसउ (१७. ९.)

(आ) एहउ (५. १४९.) तेहउ, (७.२६.) जेहउ (५. ९४.) केहउ (५. ९४.)

(इ) एरिस (४. २६८.), अम्हारिस (४.१९९.), तुम्हारिस (३. १२.)

(ख) [१.] स्थलवाचक अव्ययः—

(अ) इत्थु (९. १८.), जित्थु, जेत्थु, तित्थु (६. ६.) तेत्थु, केत्थु; वळी जेत्थहो (=जत्थहो २. १७.) तेत्थहो (३. १३३.)

(आ) इह (षष्ठीनुं रूप; २.१९०.) जहिं, तहिं, कहिं जे सर्वनामनां सप्तमीनां रूप छे ते पण अव्ययो तरीके वपराय छे.

(इ) जउ (३.१७.) तउ (३.१७.) कउ (सि. हे. ८. ४. ४१६.)

(ई) एत्तहे, जेत्तहे (१. ४२), तेत्तहे (१. १४२.), केत्तहे अण्णेत्तहे (३. १७३.)

[२] समयवाचक अव्ययः—

(अ) जाम (६. ५.) ताम (६. ५१.) जाव (२. १८१.) ताव (२. १८२.) जा, ता (१३. ११.) जावहिं (१.९०.) तावहिं (१. ९०.) जव्वे (१३. २३.) तव्वे (१२. २४.)

(आ) तो (=ततः १. ४२.) जो (१३. ११.)

[३] रीतिवाचक अव्ययः—

(अ) अह (९. ४.), किह (३. १९२), जिह (३. १९२.), तिह (२. २०१.)

(आ) एम्व (१. २०), केम्व (२. ७८.) जेम्व (२. ५३.), तेम्व (४. १३५.) आ रूपोमां ए नो विकल्पे इ थाय म्व, म, व नो पण विकल्प छे.

(इ) जह (२. २००), तह कह (१. ५.)

(ग.) अस्मद् अने युष्मद् नां षष्ठीनां रूपने आर <कार लगाडी संबंध साधित करवामां आवे छे. महार, अम्हार, तुहार (५. २३०), तुम्हार. तणउ अने केरउ नो प्रयोग नाम के सर्वनामना षष्ठीना रूप साथे करीने पण संबंध दर्शावाय छे.

§ ६२. तद्धितप्रत्ययः—

अ-कड्ढियउं (१. १३४.), वड्ढियउं (१. १३५.) इ०

अण-चिराण (५. १८०.) विशेषण.

अण–बुज्झण (३. १८.) **जुज्झण** (३. १८.) **जणण** (५. २११.) क्रियापदमांथी नाम.

अल्ल–**नवल्ल** (१. ४०) स्वार्थप्रत्यय

आर–गरुयार (१. ३६.) **लहुयार** (५. १८३.) **उच्चार** (२. ९२.) स्वार्थ प्रत्यय.

आल–सोहाल (५. १५) **भुक्खाल** (३. १८.) नाममांथी विशेषण.

आवण–भयावण (४. २६४.) विशेषण.

इक्क–तिडिक्क (९ १२) **पाइक्क** (१. २४६).

इर विव्वरेर (२. १२) (स्वार्थ प्रत्यय) **नमिर** (३. १५५) **पसाहिर** (५. १३३) **भमिर** (६. ८४.) क्रियापदमांथी विशेषण.

इल्ल–सोहिल्ल (१. ४७) **कडिल्ल** (६. २४९.) **खडिल्ल** (७ १३६) **पहिल्ल** (२. ७२.) **कुंभिल्ल** (१. २८) नाममांथी विशेषण.

ईल–सर्माल (६. ४३) स्वार्थप्रत्यय.

उण–अज्जोणिय (=अद्यतन ३. ११४.) **कल्लोणिय** (=कल्यतन ३. ११४)

उल्ल मडउल्ल (५. ६४.) **कडउल्ल** (१ ५२.) **अहरुल्ल** २. ११) **सुणहुल्ल** (४. २२९.) **हियउल्ल** (५.११८.) स्वाथप्रत्यय

एर–जणेरी (=जननी २. २९)

क्क–गुरुक्क (७. ३२) स्वार्थप्रत्यय.

क्ख–नोक्ख (३. १८४) स्वार्थप्रत्यय.

ड, डिय [स्त्री.]–**अवक्खडी** (७. ७२.) **जालडिय** (२ १११.) **दिवहडा** (७. १३३.) **धाहडिय** (२. ११२.) **हियवड** (७. ७९.) स्वार्थप्रत्यय.

त्त–थिरत्त (४. १९८.) **वुड्ढत्त** (१. १३१.) भाववाचक नाम.

त्तण–नोयत्तण (५.१००.) **खलत्तण** (५.१९६.) **सुहित्तण** (५.१९६.)

ल, लिय–अंधल (५. ४८.) **असमल** (१३. २०.) **एक्कलिय** (१४. १) **जमल** (३. २७) **नग्गल** (१३. ९.) **विज्जुल** (२. १२४.) स्वार्थप्रत्यय.

§ ६३. संख्यावाचक शब्दो

बे=सं. **द्वे** (१. २४.) एकलुं ज द्विवचननुं रूप अपभ्रंशमां छे. छतां य **तिण्णि** (७. ६.) नी भ्रान्तानुकृतिए करीने **बिण्णि** (१. २६.) **बेण्णे** (१. ११२)=सं. **द्विनि** *

संख्याक्रमपूरक शब्द--**पढम** (२. ७१.) **पहिल्ल** (२. ७२.) **बीय** (२. ६.) **तइय** (५. २३३.), **चउत्थ** (६. १५८.) **पंचम** इ०

क्रियासंख्यावाचक शब्दः-**एक्कवार, दुवार, तिवार, बहुवार**

क्रियारीतिसंख्यावाचक शब्दः-**एक्कविह, दुविह, तिविह** इ०

एक्कसि (=एकशः टि. पान. ११२. उप० श्लोकमांथी उदाहरण)

§ ६४. विशेषणनां तुलनावाचक रूप संस्कृतनी माफक **तर** अने **तम** लगाडवाथी थाय छे. केटलाक वार सादां ज विशेषणो तुलना माटे वपराय छे. केटलीक वार तुलनावाचक रूप सादां ज संस्कृतमांथी लेवामां आवे छे. दा. त. **कणिट्ठ** (४.१७२), **पाविट्ठ** (५.५ २.) इ०

३. क्रियापदरूप

§ ६५. संस्कृतमां दृष्टिगोचर थता क्रियापदना सूक्ष्म अने बहुविध रूप-भेदो अपभ्रंशमां अदृश्य थाय छे. आपणे नामनां रूपोमां जाणुं के अकारान्त नाम ज अपभ्रंशमां प्राधान्य भोगवे छे, ज्यारे बीजा स्वर के व्यंजनना अन्त-वाळां, संस्कृतमां भिन्न भिन्न विभक्तिरूपो धारण करतां नामो अपभ्रंशमां लगभग अदृश्य ज थाय छे अने त्यांसह्यां अकारान्तने ज अनुवर्ते छे. ते ज प्रमाणे अपभ्रंशमां अ विकरणप्रत्यययुक्त प्रथमगण प्राधान्य भोगवे छे, ज्यारे क्रियापदना बीजा गण अदृश्य थाय छे. आत्मनेपद लुप्त थई जाय छे; कोइ वार संस्कृतना अनुकरणमां वपराय ए वात जुदी. दा. त. **पिच्छए, लुब्भए, लक्खए** इ० (६. ७४-८८.). ते ज प्रमाणे कृदंतोमां कोइ वार आत्मनेपद देखा दे छे. दा. त. **वट्टमाण** (६. १५८.) **पविस्समाण** (६. ७४.) इ० उपरना दाखलाओ परथी ए पण जणाशे के केटलाक वार आत्मनेपदनी भ्रान्तानुकृति पण आवां रूपोमां देखाय छे.

§ ६६. अपभ्रंशमां केटलाक काळ पण देखा देता नथी. भूतकाळ-अद्यतन, ह्यस्तन अने श्वस्तन त्रणे य गूम थाय छे. क्रियातिपत्त्यर्थ (conditional) पण

अदृश्य थाय छे **आसि** < **आसीत्** (६. ५३.) एकलो देखा दे छे. त्रणे य पुरुषमां **आसि** नो ज प्रयोग थाय छे. दा. त. हउं **आसि घित्तु विवाह जिणेप्पिणु** । (५. १९४.); णउ **जक्खहं रक्खहं किन्नराहं लइ इत्थु आसि संचरु नराह** । (६. ५७.) इ० भूतकाळ **कर्मणि** भूतकृदंतनी मददथी दर्शावाय छे, जेनां दृष्टांतो तो सामान्य छे.

§ ६७. क्रियापदना गणोना अवशेष क्यांक क्यांक अपभ्रंशमां रह्या छे. दा. त. **जिणइ** (५. १९४.) **कुणइ** (१०. ४०.) **थुणइ** (=स्तुनोति * ६. १६८.) **विहेइ** (१० ७.) **णासइ** (५. २१८.) **णच्चइ** (१. १०२)इ० केटलीक वार भूतकृदंतने ज बारोबार धातु बनाववामां आवे छे. दा. त **कड्ढइ** (३. ११०.) **ओलग्गइ** (५. १००) **उलुकइ** (१.४९.) इ.

§ ६८. प्रत्ययान्त धातु (Derivative Roots) अपभ्रंशमां अस्तित्व धरावे छे. प्रेरकरूप (णिजन्तः), पौनःपुन्यदर्शक धातुरूप (यङन्तः) अने नाम-धातु अपभ्रंशमां मालम पडे छे ते उपरांत ध्वनिक्रियापदो पण देखा दे छे. इच्छादर्शक धातुओ खास मालम पडता नथी.

[१] प्रेरकधातुओ–पल्लवावइ (७. १) **विउज्झावइ** (३. ८८.) **पद्दा-वइ** (२. १३१) नच्चावइ (३. २१.) इ०

[२] पौनःपुन्यदर्शक धातु—झसमारइ (३. ७४; ३. १४९); **जाजाहि** (३. १९६); कुलकुलइ (४. १२३) इ०

[३] नामधातु—सुहावइ (६. ७.); अंधइ (१३. ७.); **जगडइ** (१३. २०.); हक्कारइ (३. १४९.); **जयजयकारइ** (१. ७.) **बहिरइ** (६. ६७.) इ०

[४] च्वि–प्रकारना नामधातु—समरसिहूयाहं (७. ८६.) **बंधिकिउ** (१३. ८८) **गोअरिहोइ** (१४. गीत. ५.)

[५] ध्वनिधातु– किलिकिलइ (६. ५३.) **खुसखुसइ** (१३. ७.) **गिणगिणइ** (१०. ३२.) **गुमगुमइ** (२. १३५.) **घवघवइ** (१. २४.) **रुहवुहइ** (५. ११५.) **रुहुरुहइ** (६. ५२.) **कुलु-कुलइ** (६. ५२.) **करयरइ** (१२. १३.) इ०

§ ६९. सामान्यतः धातुना जुदा जुदा कालनां रूप नीचे प्रमाणे छे:—

(क) वर्तमानकाल

	एकवचन	अनेकवचन
प्रथम पुरुष.	करउं (७. ३.) करमि (२. २४.) करिमि (३. ८१.) करेमि (२. १९६.) करेवि (७. १४.)	करहुं (३. १३२.) करिमो (६. ९४.)
द्वितीय पुरुष.	करसि (४. १७४.) करहि (३. १०७.) करहिं (५. ४१) [करेसि]	करहु (१. १३.)
तृतीय पुरुष.	करइ (१. २.) करेइ (७. ३१.)	करन्ति (१. २४.) करहिं (७. ४.)

(ख) भूतकाल (जुओ §६६.)

(ग) भविष्यत्काल

	एकवचन	अनेकवचन
प्र पु	करेसमि (३. २२.) करिसु (३. १४५.) करीहिमि (११. ५.)	करेसहुं (३. १४.)
द्वि. पु.	[करेसहि, करेससि] करीहिसि (११. १४.)	करेसहु (३. १९९.) करेसहो (३. २००)
तृ. पु.	करेसइ (३. १४) करेहिइ (१४. गीत २.)	[करेसहिं, करेहिन्ति]

उपरनां रूप उपरथी जणाशे के संस्कृतनी माफक अपभ्रंशमां भविष्यत्काल, वर्तमानकाल पर ज अवलंबे छे.

(घ) आज्ञार्थः—

	एकवचन	अनेकवचन
प्र पु	[०]	[०]
द्वि. पु	करहि (२. २३.) करिहि (५. ४२) करि (२. १२६.) कर (२. ४८.) करु (२. ५२) करह (१३. २८.)	करहो (१. ४९.) करहु (१. ४९) करह (८. १४.)
तृ. पु.	करउ (२. ९०.)	[०]

आज्ञार्थनां प्र. पु नां रूप वर्तमानकाळ जेवां ज समजवां, जो के वैयाकरणो **करमु** अने **करिमो** एम प्र. पु. नां एकवचन अने अनेकवचननां

रूप बतावे छे. ते ज प्रमाणे तृ. पु. ना अनेकवचनमां **करंतु, करहुं** एम रूप समजवां; परंतु वपराशमां तो वर्तमानकालनां रूप ज प्राधान्य भोगवे छे.

(च) विध्यर्थः—

	एकवचन	अनेकवचन
प्र. पु.	**करिज्जउ** (५.२२६.) **किज्जउं** (७.१३५.)	[०]
द्वि. पु.	**करिज्जहि** (२.१००) **करिज्जइ** (३.१३२.) **करेज्ज** (४. २७५.) **करेज्जसु** (५. ९०.)	**करिज्जहु** (२. १०९)
तृ. पु.	[करिज्जउ]	[करिज्जंतु करिज्जहुं]

उपरनां रूपोमां देखाशे के ज्ज (सं. **याम् , याव** इ. विध्यर्थना प्रत्ययोना **या** समान ज्ज छे)+आज्ञार्थना प्रत्ययोना मेळथी विध्यर्थना प्रत्ययो बनेला छे.

सामान्य रीते विध्यर्थनो अर्थ दर्शाववा विध्यर्थ कृदंत, वर्तमानकाळनुं रूप अथवा √हो प्रयुक्त होय तो तेनुं वर्तमान कृदंत वापरवामां आवे छे. दा. त. **जइ पंचहं इक्कु वि होन्तु पुरि तो जुप्पइ रणभरधरणधुरि** (३. ८२.); **जइ सव्वहिं घल्लिय कह वि पइं तो पुरु घाएवउ सयलु मइं** (३ १९८.) प्राकृतमां पण √हो धातुनुं वर्तमान कृदंतनुं रूप वपराय छे.

(छ.) कर्मणिप्रयोगः—[१] **इज्ज** लगाडी परस्मैपदना प्रत्यय दा. त. तृतीय पुरुष एकवचन **गणिज्जइ** (२. ८३.) **ण्हाइज्जइ** (२. ८३.) [२] **इय** लगाडवाथी **पिट्टियइ** (७. १२२.) [३] संस्कृतनी अनुकृति **वुच्चइ** (८.४०.) **किज्जइ** (२.५५.) **दीसइ** (१. १.)

§ ७०. **कृदंतविचारः—**

[१] वर्तमानकृदंत—**पइसंत** (१. ४.) **णासंत** (१. ८.) **पंत** (१. २१.) **जंत** (१. २३) **उग्गमंत** (१. ४७.) **करंत** (२. १४.) **वज्जंत** (२. ४.) **संत** (२. ९.) **पविस्समाण** (६. ७४.) **वट्टमाण** (६. ११०) **आसोण** (५. १०१.) इ०

[२] भूतकृदंत—**गय** (१. २.) **किय** (१ १.) **धूमाविय** (१. ७.) **पइट्ठ** (१. १३.) **दिण्ण** (१. १३.) **लइअ** (१. २३.) इ०

[३] विध्यर्थ कृदंत—**वंचेआइं** (३. १०.) **खंचेवाइं** (३. १०) **अच्छेवउ** (३. ५.) **करिव्वउ** (६. १९.) **होइव्वउ** (६. १९.) इ.

[४] संबंधक भूतकृदंतः—

पि-गंपि (५. १७२)

एप्पि-गेण्हेप्पि (१४. गीत.१.)

एप्पिणु-मेल्लेप्पिणु (१. २.) लेप्पिणु (१. २.) इ०

इवि-अहिसिंचिवि (१. ८८.) अंचिवि (१. ८८.) मयलिवि (१. १०) इ०

एवि-पेक्खेवि (१. २२.) निउड्डेवि (१. ४६.) इ०

एविणु-करेविणु (७. ८.) मारेविणु (१४. गीत. २.) इ०

इ-छड्डि (१३. १७.) कप्पि (१४. गीत. १.) इ०

इय-थिय (१. ४३.) आरक्खिय (१. ४३.) इ०

ई-वइसी (६. १९.) इ०

ऊण-पुच्छिऊण (६. ७९.) गिण्हिऊण (६. ८१.) नमिऊणं (४. २२२.) इ०

उं-खरी रीते आ प्रत्यय हेत्वर्थ कृदंतनो छे, छतां पण संबंधक भूत कृदंतनो अर्थ बताववा तेने वापरवामां आवे छे. दा. त. सोउं (८. २२२.) तोडिउं (६. ८७) इ०

[५] हेत्वर्थ कृदंतः—

इउं-संस्कृतनी अनुकृतिथी देसिउं (६. १६५.) णिएउं (६. २९.) विहावउं (२. १२०.)

इवि-संबंधक भूतकृदंत हेत्वर्थ कृदंत तरीके वापरवामां आवे छे. दा. त. डहिवि (२. १३३.)

आ कृदंत, अण तद्धितथी क्रियापदमांथी बनेला नामने षष्ठीनो प्रत्यय लगाडवाथी बने छेः दा. त. अच्छणहं (४. २६८.) भुंजणहं (७. २१.) णासणहं (२. १७०.)

उपसंहार

प्रस्तुत ग्रन्थ अपभ्रंश–पाठावलीनो प्रथम अंश छे. तेमां आशरे इ. स. सातमाथी ते अगीआरमा सैका सुधीना अपभ्रंश–साहित्यमांथी उद्धरणो लेवामां आव्यां छे. आ ग्रन्थमां कुल चौद उद्धरणो छे. तेमांथी छ उद्धरणो अप्रसिद्ध ग्रन्थोमांथी लेवामां आव्यां छे. आ अप्रसिद्ध ग्रन्थोनी बधी हाथप्रतो भांडारकर प्राच्यविद्यामंदिरमांथी मेळववामां आवी हती. ते माटे ते संस्थानो, हुं ऋणी छुं. तेम ज गुजरात वर्नाक्युलर सोसाइटीए आ ग्रन्थना संपादनने उत्तेजन आपी, ते हाथप्रतो मेळवी आपवा प्रबंध कर्यो हतो; ते माटे ते संस्थाना प्रमुख अने संचालकनो हुं आभार मानुं छुं. बाकीनां उद्धरणो लेवामां एक या बीजी रीते मुद्रित ग्रन्थो ज उपयोगमां आव्या छे. आ बधा य मुद्रित अने अमुद्रित ग्रन्थोनो सविस्तर उल्लेख प्रत्येक उद्धरणनी टिप्पणीओमां आपेली प्रस्तावनामां करवामां आवेलो छे.

आ उद्धरणोनी समज माटे मूळपाठनी साथे तेनी संस्कृतछाया आपवामां आवेली छे. केटलाक विद्वानो संस्कृतछाया आपवानी पद्धतिथी विरुद्ध छे. तेमनी दलील ए होय छे जे संस्कृतछायाथी अभ्यासक संस्कृतछायाने प्रधान गणी अपभ्रंशमूलपाठने गौण गणे छे तेथी अपभ्रंशनुं प्रधानत्व लुप्त थाय छे परंतु आ दलील भ्रान्तिमूलक छे; कारण के अभ्यासक अपभ्रंशनी ज जिज्ञासाथी अभ्यासमां प्रवर्ते छे, ते कारणे तेनी दृष्टि आगळथी अपभ्रंशनुं प्रधानत्व लुप्त थतुं ज नथी. बीजुं, वाक्यसंकलना (Syntax) अन्य कोइ भाषा करतां संस्कृतमां संपादक सुस्पष्ट रीते बतावी शके छे, अने वाचक सरल अने स्पष्ट रीते तेने समजी पण शके छे.प्रस्तुत पाठावलीनी संस्कृतछाया अपभ्रंशनी वाक्य संकलनाने बहुधा अनुसरे छे. अपभ्रंशनी वाक्यसंकलना शिथिल अने स्वच्छंदी होवाथी तेनी छायानी संस्कृत-भाषा एटली सुदृढ अने चोटदार न होय ए स्वाभाविक छे. अपभ्रंशमूलमां समासना पदनो विग्रह बताववा विग्रहचिह्न (dash) नो प्रयोग करवामां आव्यो छे; ज्यारे उपसमासना पदोनो विग्रह बताववा पूर्णविराम जेवुं चिह्न योजवामां आव्युं छे. प्रत्येक उद्धरणनी टिप्पणीनी प्रस्तावनामां कर्ता, कृति, छंद, वस्तुनो सार इत्यादि बाबतोनो विचार करवामां आव्यो छे. टिप्पणीमां पाठपाठान्तरो, शुद्धि इत्यादिनी खास चर्चा करवामां आवी छे. शब्दकोशनी रचना अर्वाचीन देश्यभाषाओ जेवी के गूजराती, हिंदी, मराठी इ ने अनुलक्षी करवामां आवी छे. देश्यशब्दोनी खास नोंध लेवामां आवी छे. अपभ्रंशव्याकरणनी रचना तारण-

पद्धति (Inductive Method) प्रमाणे करवामां आवी छे; छतां य तेनी सुश्लिष्टता अने उपयोगिता साचववा बीजा व्याकरणग्रन्थो के साहित्यमांथी निर्देश करी अथवा [ ] चिह्न करी रूप लेवामां आव्यां छे आवां स्थानो अल्प छे. आदिनुं निवेदन संस्कृतमां आपवामां आव्युं छे तेनुं कारण ए ज छे के पर-प्रान्तीय विद्वानोने प्रस्तुत ग्रन्थ उपयोगी थाय. गूजराती उपोद्घात पण अपभ्रंश-संबंधी मारुं मन्तव्य विद्वानो अने अभ्यासको समक्ष व्यक्त करी शकशे.

दि. बा. केशवलाल हर्षदराय ध्रुवे तेम ज महाराजश्री पुण्यविजजीए आ कार्यमां पगले पगले साहाय्य करी, तेमना अगाध ज्ञाननो निरर्गल लाभ मने आप्यो छे. ते माटे हुं तेमनो अत्यन्त ऋणी छु. डॅा. पी एल वैद्य एम. ए. डी. लीट. एमणे त्रीजा अने पांचमा उद्धरण माटे पाठान्तरो अने सूचनो करी मने उपकृत कर्या छे. पांचमा अने बारमा उद्धरणने माटे पुष्पदन्तना महापुराणनी भांडारकर इन्स्टीट्युटनी प्रत उपरथी करेली नकल, तेम ज तेमना तरफथी संपादित थती उद्द्योतननी कुवलयमालानुं आदिनं फॉर्म तथा भांडारकर इन्स्टीट्युटनी ते ग्रन्थनी प्रतनो लाभ श्री जिनविजयजीए मने आप्यो हतो. तेने माटे तेमनो हुं उपकार मानुं छुं. आ उपरांत, प्रो. ए. एन. उपाध्येना 'जोइंदु' परनो लेख, तेम ज प्रो. हिरालाल जैनना अपभ्रंशप्रकाशनो मने उपयोगी थयां हतां. तेम ज रायचंद्रग्रन्थमालामां प्रकाशित थएलो 'परमात्मप्रकाश' ग्रन्थ पण मने खास उपयोगी थई पड्यो हतो. स्व. डॅा. हरप्रसाद शास्त्री तेम ज डॅा. शहि-दुल्लानां कण्ह अने सरहना दोहाकोशनां संपादननो पण उपयोग करवामां आव्यो छे. श्री. भोगीलाल सांडेसराए शब्दकोश बनाववामां मने मदद करी हती. ते माटे ते सर्वेनो हुं उपकार मानुं छुं.

गूजरातीना शास्त्रीय अभ्यासमां आ ग्रन्थ उपयोगी थई पडशे, तो मारो श्रम हुं सफल थएलो मानीश.

ननु वक्तृविशेषनिःस्पृहा गुणगृह्या वचने विपश्चितः ।

मधुसूदन चिमनलाल मोदी.

॥ अपभ्रंशपाठावली ॥

। संस्कृतच्छायासमेतं मूलम् ।

॥ प्रथममुद्धरणम् ॥

[चउमुहु सयंभु ।]

॥ जल–कीला–वण्णणु ॥

(१)

विमले विहाणए कियए पयाणए [1]उयय-इरि-सिहरे रवि दीसइ
"मइ मेल्लेप्पिणु निसि-यरु लेप्पिणु कहिं गय णिसि" णाइ गवेसइ॥
सु-प्पहाय-दहि-अंस-रवण्णउं कोमल-कमल-किरण-दल-छण्णउं
जग-हरे पइसारिउ पइसंतें णावइ मंगल-कलसु वसंतें
फग्गुण-खलहो दूउ णीसारिउ जेण विरहि-जणु कह व ण मारिउ ५
जेण वणप्फइ-पय विणासिय फल-दल-रिद्धि-मडप्फर साडिय
गिरि-वर गाम जेण[2] धूमाविय वण-पट्टण-णिहाय संताविय

१ उयइरिसिहरे । २ जेम ।

[चतुर्मुखः स्वयंभूः ।]

॥ जलक्रीडावर्णनम् ॥

(१)*

विमलेन विभानकेन कृते प्रयाणे उदयगिरिशिखरे रविः दृश्यते
'मां मुक्त्वा निशाकरं लात्वा कुत्र गता निशा' यथा गवेषयति ॥
सुप्रभातदधिअंशरमणीयः कोमलकमलकिरणदलछन्नः
जगद्गृहे[2] प्रवेशितः प्रविशता यथा मंगलकलशः वसंतेन
फाल्गुनखलस्य शासनं[3] निःसारितं येन विरहिजनः कथमपि न मारितः
येन वनस्पतिपयः नाशितं फलदलऋद्धिअभिमानः शाटितः
गिरिवरा ग्रामाः येन धूमापिताः वनपट्टनसमुदायैः[4] संतापितः

* आ छाया नीचे नोंधेली टीप, ते मूळ हाथप्रतना हांसियामां कोई वाचके नोंधेली टिप्पणी जे अभ्यासकना तटस्थ विचार माटे जेमने तेम ज आपवामां आवी छे. आ टिप्पणी अपभ्रंश मूळ साथे सरखाववी.

१ शोभनप्रभातेनातिशयेन दधिस्थापक आदित्यकलशाश्रयभूत । २ जगद्गृहे । ३ पालयः । ४ समुदायः ।

सरि-पवाह मिहुणइं णासंतइं जेण वरुण-घण-णियलेहिं घित्तइं
जेण उच्छु-विड जंतेहिं पीलिय पव-मंडव-णिरिक्क आचेलिय
जासु रज्जि[1] पर-रिद्धि पलासहो तहो मुहु मयलिवि फग्गुण-मासहो
॥ घत्ता ॥ पंकय-वयणउ कुवलय-णयणउ केयइ-केसर-सिर-सेहरु
पल्लव-कर-यलु कुसुम-णहुज्जलु पइसरइ वसंत-णरेसरु ॥१२

(२)

दोला-तोरण-वारे पई-हरे पइट्ठु वसंतु वसंत-सिरि[2]-हरे
सर-रुह-वास-हरेहिं रव-णेउरु[3] आवासिउ महु-अरि-अंते-उरु
कोइल-कामिणीउ उज्जाणेहिं सुय-सामंत[4] लया-हर-थाणेहिं
पंकय-छत्त-दंड सर-नियरेहिं सिहि-साहुलउ महा-हर-सिहरेहिं
कुसुमा-मंजरि-धय साहारहिं दवणा-गंठि-वाल केयारिहिं १७

---

१ रज्जु। २ -सिराहरे ३ नेउरु ४-मासंत

सरित्प्रवाहं मिथुनानि धावन्ति येन वरुणघननिगडेषु[1] क्षिप्तानि
येन इक्षुसमूहः यंत्रैः पीडितः प्रपामंडपचौराः[2] निर्वस्त्रायिताः
यस्य राज्ये परऋद्धिः पलाशस्य तस्य मुखं मलिनयित्वा फाल्गुनमासस्य
॥घत्ता॥ पंकजवदनः कुवलयनयनः केतकीकेसरशिरःशेखरः
पल्लवकरतलः कुसुमनखोज्ज्वलः प्रविशति वसंतनरेश्वरः ॥

(२)

दोलातोरणद्वारे प्रतिगृहे प्रविष्टः वसंतः वसंतश्रीगृहे
सरोरुहवासगृहेषु रवनूपुरं आवासितं मधुकरी-अंतःपुरं
कोकिलाकामिन्यः उद्यानेषु शुकसामंताः लतागृहास्थानेषु
पंकजछत्रदण्डाः सरोनिकरेषु शिखिअवचूलं[3] महीधरशिखरेषु
कुसुम-मञ्जरीध्वजाः सहकारेषु दमनकग्रंथिपालाः केदारेषु

---

१ नदी। मेघ। जलवन्धः॥ २ रिक्कनी नीचे नीशानी करी चौराः नोंध हांसियामां छे. ३ सिगिरिका। ४ भंडारपलकाः।

वाणर·मालिय साहा-वंदिहिं[1] महु·अर-मत्त-माल-मयरंदिहिं[2]
[3]मंतोल्लव-कल्लोलावासहिं भुंजा अहिणव-फल-महणासहिं
एम पइट्ठउ विरहिं विद्धंतउ गय·वइ-वम्मेहि अंदोलंतउ
॥ घत्ता ॥ पेक्खेवि एंतहो रिद्धि वसंतहो महु-ईषु-सुरा·रस-मंती
णम्मय बाली भुंभल भोली णं भमइ स·लोणो ऽहो·रत्ती ॥२२

(३)

णम्मयाइ मयर·हरहो जंतिए णाइ पसाहणु लइउ तुरंतिए
घवघवंति जे जल-पब्भारा ते जि णाइ णेउर-झंकारा
पुलिणइ बे वि जासु सच्छायइं ताइं जि ऊढणाइं[4] णं जायइं
जं जलु खलइ वलइ उल्लोलइ रसणा-दाम-भंति[5] णं घोलइ

नेवुमा संधिने छेडे नीचे प्रमाणे अन्तदर्शक गाथाओ छे :

इय पोमचरियसेसे सयंभुएवस्स कह वि उव्वरिए
तिहुअणसयंभुरइए राहवनिव्वाणमिणं ॥
वंदइआसियतिहुयणसयंभुपरिविरइयम्मि महाकव्वे
पोमचरियस्स सेसे संपुन्नो नवइमो सग्गो ॥

आ उद्धरण **पउमचरिय**नो १४मो संधि छे. मूळ हाथप्रतना ३६–३८ पानमां आ उद्धरण छे. हाथप्रतनी लखाया साल लहियानी प्रशस्ति प्रमाणे – **संवत् १५२१ वर्षे ज्येष्ठमासे सुदि १० बुधवारे। श्रीगोपाचलदुर्गे श्रीमूलसंघे बलात्कारगणे** इ०...**पउमचरिय**नी हाथप्रत भांडारकर ओरीएन्टल रीचर्स ईन्स्टीटयुटनी हाथपोथी नं. ११२० छे.

२. उद्धरणवस्तु :—

वसंत प्रकट्यो छे. माहेश्वरपुरनो पति सहस्रार्जुन नर्मदामां जळक्रीडा करी रह्यो छे. बीजी बाजुए लंकाधिनाथ रावण नर्मदाने किनारे पूजा करी रह्यो छे. यन्त्रो वडे नर्मदानो प्रवाह सहस्रार्जुनना यान्त्रिकोए रोक्यो छे. सहस्रार्जुननी जलक्रीडा समाप्त थतां यान्त्रिको यन्त्रोने छोडे छे, एटले ऊभरातो प्रवाह लंकाधिनाथनी पूजाने रेली नाखे छे. रावण गुस्से थई पोताना दूतोने बोलावी जेणे आ अविनय कर्यो तेने शोधवा मोकले छे. दूतो समाचार लावे छे. रावण गुस्से थई तरवार खेंचे छे.

प्रभात थतां उदयगिरिना शिखरे रवि, ' मने मूकी अने चंद्रने लई निशा क्यां चाली गई ' एम जाणे शोध करतो न होय एवो देखाय छे. वसंत जगत्–रूपी घरमां प्रवेश करे छे अने नवा घरमां प्रवेशतां जाणे सूर्य–रूपी मंगळ–कलशनी स्थापना करे छे. दुष्ट फागण मासने दूर करी वसंतराज प्रवेश करे छे. (१) वसंतश्रीना घरमां प्रवेशता वसंतराजनी राजसामग्रीनुं वर्णन कवि करे छे; अने भोळी नर्मदा आ वसंतना मद्ये घेली थई भमे छे. (२) नर्मदा पोताना पति रत्नाकरने मळवा शणगार सजी जाणे जती होय एम जुदां जुदां नर्मदा नदीनां सामान्य अंगोने निरूपित करी कवि वर्णन करे छे. आ वसंतना

मदे मस्त बनेली नर्मदा माहेश्वरपुरना पति सहस्रार्जुनने अने लंकापति रावणने कामाविष्ट करे छे. (३) ते वसंत अने ते रेवानां जळ इत्यादि जोईने सहस्रार्जुनने जळक्रीडा करवा हरख थाय छे. यांत्रिको यंत्रो वडे नर्मदानो प्रवाह रोके छे; अने सहस्रार्जुन पोताना अंतःपुर सहित नर्मदामां प्रवेश करे छे. (४) जळक्रीडानुं जुदे जुदे प्रकारे वर्णन कवि करे छे. (५-६) अंतःपुरनी राणीओ सहस्रकिरण साथे जुदा जुदा प्रकारनी क्रीडा करे छे, तेनुं वर्णन कवि करे छे. (७) आ जळक्रीडानां वखाणो देवो करे छे. (८) रावण रेतीनी वेदी बनावी जिनवरनी ते उपर स्थापना करी पूजा करे छे. एटलामां तो यान्त्रिको यन्त्रोने छोडे छे एटले प्रवाह रेलाई पूजासामग्री धोई नाखे छे. रावण गुस्से थाय छे अने आ पिशुनता करनारने शोधवा माणसो मोकले छे. (९) पछी राणीओना तूटेला अलंकार, पुष्प, कुंकुम इत्यादि खेंची जती नर्मदा तरफ रावण नजर करे छे. कवि कल्पना करे छे के नदी जिनवरनी प्रतिमाने खेंची गई कारणके ते जिनप्रभु, स्त्रीओ साथेना विलासथी अलिप्त रहेता हता अने तेमणे पोतानी निष्कामताथी नदीने गुस्से करी हती. (१०) एटलामां रावणे मोकलेला गवेषको पाछा वळे छे; अने तेमांनो एक तेनी अपूर्व कामलीला वखाणे छे अने ए कामलीलानो निर्मापक सहस्रार्जुन छे तेनी खबर करे छे. (११) बीजो गवेषक तेना अंतःपुरने विविध उपमाओए करी वखाणे छे. (१२) त्रीजो गवेषक यन्त्रोने वखाणे छे; अने यान्त्रिकोए छेवटे यन्त्रोने छोडी दीधां तेथी प्रवाह रेलाई गयो अने रावणनी पूजा तेणे धोई नाखी – ते बाबत रजु करे छे. आ सांभळी रावण पोताना हाथे तरवार खेंचे छे.

३. पद्यरचना :—

आ उद्धरणमां १३ कडवकनो संधि लेवामां आव्यो छे. दरेक कडवक १० पंक्तिओनुं छे. छेल्ली बे पंक्तिओ घत्तानी छे. आखा संधिने मथाळे ध्रुवपद छे चतुर्मुख स्वयंभूनी कृतिमां कडवकना देहनी लगभग सरखी रीते ८ पंक्तिओ छे. त्रिभुवन स्वयंभूमां कडवकनी पंक्तिसंख्या वधे छे. पुष्पदन्त अने धनपालमां कडवकनी पंक्तिसंख्या वहलती जाय छे अने तेनो कोई नियम ज रहेतो नथी. आ चतुर्मुखनी प्राचीनता सिद्ध करवानो एक पूरावो छे. आ उद्धरणमां ध्रुवपद, अने घत्तानो एक अने कडवकना देहनो एक – एम बे छंदो वपराया छे. ध्रुवपद अने घत्ताना छंदनी मात्रागणना : ८ + ८ + १४ = ३० मात्रानी छे; पंक्तिनी वचमां बे यति छे अने ते यति प्रासबद्ध छे :

विमलेँ विहाणएँ। कियएँ पयाणएँ। उययइरिसिहरेँ रवि दीसइ।
मइ मेल्लेप्पिणु। निसियरु लेप्पिणु। कहि गय णिसि णाइ गवेसइ॥

हेमचन्द्र **छन्दोऽनुशासन**ना छठ्ठा अध्यायना आरंभमां आ घत्ता अने ध्रुवपद संबंधी विवेचन करतां आदिमां ज सूत्र मूके छे : **सन्ध्यादौ कडवकान्ते च ध्रुवं स्यादिति ध्रुवा ध्रुवकं घत्ता वा।** आ ध्रुवक के घत्ता त्रण प्रकारनी छे : **सा त्रेधा षट्पदी चतुष्पदी द्विपदी च ।** प्रस्तुत उद्धरणनुं ध्रुवपद अने घत्ता **षट्पदी** प्रकारनी छे; अने हेमचन्द्रना अभिप्राये आ **उपजाति**नो प्रकार छे. **अष्टौ उपजातिः ॥**[१] ए सूत्र पर टीका करतां हेमचन्द्र लखे छे केः **तृतीयषष्ठयोः पादयोर्दशादिसप्तदशान्ताः कलाः शेषेष्वष्टौ चेत्तदोपजातिर्नाम षट्पदी । प्राकृतपिंगल**मां आ छंदने माटे नाम नथी; परंतु **दुम्मिला**नी जातनो आ छंद कही शकाय.[२]

कडवकना देहनो छंद **पद्धडिका** के प्राकृतपिंगलनो **पज्झडिआ** छंद छे. तेमां १६ मात्रानां चार चरण छे. हेमचंद्र **पद्धडिका**नुं लक्षण **चीः पद्धडिका।** नोंधी टीका करे छे : **चगणचतुष्कं पद्धडिका । यथा, 'परगुणगहणु सदोसपयासणु, महुमहुरक्खरहि अ मिअभासणु । उवयारिण पडिकिउ वेरिअणहं, इय पद्धडी मणोहर सुअणहं ॥**[३] एटले चार चार मात्रानां चार खंड; कुले १६ मात्रानो आ छंद. आपणा उद्धरणनां वधां य कडवांना देहमां आ ज छंद छे **प्राकृतपिङ्गल**[४] छेल्ला भाग उपर नियंत्रणा मूके छे, परंतु हेमचंद्र ते स्वीकारता नथी अने वळी काव्यवहनमां आ नियंत्रणानी गणतरी कोइ कवि करता पण नथी.

मात्रानी गणतरीमां **प्रा. पिं.**[५]प्रमाणे **इं, हिं, ए** के **ओ** शुद्ध के वर्णमिलित अने **र्** तथा **ह्** साथेना संयुक्ताक्षर लघु गणवा. सप्तमी तथा तृतीया एकवचननो **इ**; तृतीया बहुवचननो **इहिं**; संबंधक भूतकृदंतनो **इवि** इत्यादि **ए, एहिं, एवि** एम लख्या होय छतां एनी एक ज मात्रा गणवी. **हो**ना **ओ**नी पण एक मात्रा गणवी. आ संबंधमां वाचके **सि. हे.** ८।४।४१०; ८।४।४११। लक्ष्यमां लेवा घटे छे. तेमां पण आ प्रकारनो आदेश छे.

४. टिप्पणी :—

[टिप्पणीमां पंक्तिओनो उल्लेख करवामां आव्यो छे.]

---

१. छं. शा. पान ३८ (ब) पंक्ति. १४.

२. प्रा. पि. पान. ३१५ मात्रा १०+८+१४=३२. दुमिला.

३. छं. शा. पा. ४३ (अ) पंक्ति. ९.

४. प्रा. पिं. पान. २१७ पज्झडिअ पान. २२० अडिल्ला.

५. प्रा. पिं, पान. ४

१–२. आ ध्रुवक छे. सामान्य रीते संधिना आरंभनो ध्रुवक भव्य अने आकर्षक होय छे; अने आखा संधिना प्रस्तुतार्थनो सूचक होय छे. आ ध्रुवकमां सूर्यने प्रतिनायक कल्प्यो छे. निशानायिका चंद्रने लई सटकी गई. तेने शोधवा जाणे सूरज उदयगिरिना शिखरे आव्यो होय एम उत्प्रेक्षित छे.

१. सति सप्तमीनो प्रयोग छे; अपभ्रंशमां सप्तमी अने तृतीयानां रूपो सरखां होवाथी कोइ वार आवा प्रयोगमां तृतीया पण वापरी देवामां आवे छे. जुओ सदर. पान ४३. पंक्ति१० पइं जीवंतएण महु एही भइय अवत्था ।

३–४. सूर्यने मंगल–कलश साथे सरखाव्यो छे. वसंत विश्वगृहे वास करवा आवे छे. नवा घरमां वास करता पहेलां मंगलकलश तो मूकवो जोईए ने ? तो आ सूर्य जाणे मंगलकलश; प्रभात ए दहिंनो अंश; अने प्रभातनां कोमळ किरणो जाणे ए कलश ढांकवानी कुमळी कमळनी पांदडीओ.

३. रवण्णउ—सुंदर सि. हे. ८।४।४२२। प्रो. पीशल G. P. 603मां जणावे छे के प्राकृतमां रमणीय अने करणीयनी साथे साथे करण्य, रमण्य एवां विध्यर्थ भूतकृदंत टकेलां तेमांना रमण्यमांथी रवण्ण उत्तीर्ण थएलुं. आ स्थळे लावण्य शब्दनी व्युत्पत्तिचर्चा आवश्यक छे. सामान्य रीते तेने लवणमांथी उत्तीर्ण करवामां आवे छे; परंतु लवण 'सुंदर' ए अर्थमां संस्कृतमां ए शब्द वपरातो नथी. लवणिमा अने लावण्य आ बे ज शब्दो ज संस्कृतमां रूढ छे. मने लागे छे के मागधी असरथी रनो ल थइ रवण्ण > लवण्ण अने तेनुं संस्कृत लावण्य. लावण्य पछीनो बोल लवणिमा.

३. कोमलकमलकिरणदलछण्णउं आमां खरी रीते कोमलकिरणकमलदलछण्णउ एम संस्कृतनी ढबे समास होय. परंतु अपभ्रंशमां समासना बंध तूटता जाय छे अने समासना शब्दोनी गोठवण पण नियंत्रित रहेती नथी. समासना शब्दोनी गोठवण तो ठेठ जूना काळथी प्राकृतमां तूटती आवी छे. आ संबंधे प्रो. पीशल G. P. 603. मार्कण्डेयना प्रा. स. ८।३६। पूर्वनिपातोऽन्यथा प्रायः ॥ अने ते पर टीका : समासे संस्कृतविहितः पूर्वनिपातः प्राकृते प्रायोऽन्यथा स्यात् ॥

४. णावइ २. णाइ सि. हे. । ८।४।४४४। इवार्थे नं–नउ–नाइ–नावइ–जणि–जणवः ॥ नं, नउ, नाइनो संबंध वैदिक न=इव नकिः=

कांइ नहीं (प्रो. पीशल G. P. 6. Einleitung)साथे जोडाय. **नावइ, जणि,** जणुनो संबंध ज्ञा धातु साथे होइ शके. **नाइ** कदाच **नावइ**नुं टुंकुं रूप होवा पण संभव छे. **नाइ**नो प्रयोग तुलसीदासना रामायणमां 'जाणे' 'जाणवुं' बे य अर्थमां देखाय छे.

५. **दूउ** संस्कृतछायामां **शासनं** एम अर्थ कर्यो छे. आनो आधार मारी पासेना जूना गूजराती रास नामे **मृगांकलेखा** (सोळमा सैका)नी कडी १२०-१२२ उपर छे जे नीचे टांकुं छुं :

> **कोठारी बोलावोउ ए हुंतउ जेय सुजाण ॥१२०**
> **"अन्न पान घृत आपिज्यो ए फाटाफाटउं वस्त्र**
> **पहनइ रूडइं रहाविज्यो ए रखे जणावउ पुत्र"॥१२१**
> **सेठि दूउ देई गया ए सतीय बोलावी धावि...**

आ उद्धरणनी हाथप्रतना हांसिआमां संस्कृतटिप्पण **पालय :** आप्युं छे ते कदाच **दूतः=पाल्यः** 'किंकर, अधिकारी' ए अर्थमां लेवाय.

५. **कह व ण मारिउ** 'जेम तेम मार्या नहि' एटले शिक्षा तो सखत करी परंतु प्राण हर्या नहि. **कह**=वै.सं. **कथा** 'केवी रीते' एनां समान रूप **जह=यथा, तह=तथा, अह=अथा** G. P. 103.

५. **पवमण्डवणिरिक्क आचेलिय :** परब अने लतागृहोना चोरो अर्थात् कामिजनोनां वस्त्रो जेणे हरी लीधां हतां. **णिरिक्क** जुओ. **दे. ना.** ४. ४९. **चोरट्टियपुट्टसुं णिरक्कं** (v. l. **णिरिक्क**) ।

७. **पइसरइ=प्रविशति** मने लागे छे के **पइसइ**नुं कारकरूप **पइसारइ** अने तेमांथी बनावेलुं सादुं रूप ते **पइसरइ** वधारे संभवित छे; जो के **पइसइ** पण कांइक प्रमाणमां अपभ्रंशमां प्रचलित छे

१३. **पईहर** [**प्रतिगृह**] अंतर्गृह; जुओ **जसहरचरिउ (शब्दकोष. पा. १३६) पइहर-प्रतिगृह (अंतर्गृहमित्यर्थे ।)**; 'घरनो आगलो भाग' ए अर्थ पण संभवित अने बंधबेस्तो छे. गू. '**पडशाळ=सं. प्रतिशाला**मां आ सूचित छे. **पईहर**मां **ई** माटे जुओ **सि. हे**. ८।१।४। **दीर्घह्रस्वौ मिथोवृत्तौ ।**

१४. **नेउर=नूपुर । सि. हे. ८।१।१२३।** G. P. 125मां प्रो.

पीशल जणावे छे के सर्व प्राकृतोमां **नेउर** मालम पडे छे; एटले **नूपुर** शब्द साथे **नेपूर** शब्द पण भाषामां प्रचलित हशे; अने तेनी साथे सरखाववा **केयूर** शब्द तरफ लक्ष खेंचे छे. वळी **नेउरकेऊरं** (राजशेखरना बाल रामायणमां) अने **नेउरकेऊराओ** (अप० प्राकृतपिंगल १. २६) तरफ लक्ष दोरे छे. जूना गूजरातीमां ठेठ प्रेमानंद सुधी ' नेवर ' = नूपुरना अर्थमां वपरायो छे. हिं. नेपूर, नेवर.

१४ **अंतेउरु** [अंतःपुरं] G. P. 344 सि. हे. ८।१।६० मागधीनी असरने लीधे **अन्तः=अंते** ।

१५ **उज्जाणेहिं** सप्तमी–बहुवचनः **हिं** < प्रा. एकवचन **म्मि** < सं. एकवचन **स्मिन्** ध्यानमां राखवुं के **इहिं** अने **हिं** बे प्रत्ययो लगाडवामां आवे छे. **उज्जाणेहिं, थाणेहिं, वंदिहिं, वासहिं, महणासहिं** इ० सि. हे. ८।४।३४७ । अर्धमागधीमां **हत्थंसि–पायंसि** अने पालीमां **स्मि** अने **म्हि** प्रत्ययो सप्तमी एकवचनमां छे. आ प्रत्यय एकवचनमांथी बहुवचनमां लेवावा संभव छे. तृतीया बहुवचन **हिं** अने सप्तमी बहुवचन **हिं** वच्चे पण अव्यवस्था उत्पन्न थइ होवी जोइए, कारण के बन्ने प्रत्ययो सरखा छे.

१६. **साहुलउ**–हाथप्रतना टिप्पणमां **सिगिरिका** शब्द आप्यो छे जे समझातो नथी. परन्तु ध्वजपट जेवो आनो अर्थ होय. सरखावो दे. ना. ८। ५२ । **साहुलिआ=वस्त्र;** पा. स. म. ' शिरोवस्त्रखण्ड ' ए अर्थ पण नोंधे छे.

१७. **कुसुमा** 'अ'कार मात्राखातर लंबाव्यो छे; **दवणा=दवणअ= दमनक** एटले 'आ' ' ण्+अ+अ ' नो बनेलो छे.

१८. **वाणरमालिय** [वंदनमालिका] प्रा. गू. **तोरण वंदुरवाल कलस धयवड लहलहए** । प्रा. गु. का. श्रीनेमिनाथफागु. कडी. ६. हिं. वंदनवार, वंदनमाल.

१९, **भुंजा**–टिप्पणमां ' अग्रेभोजकाः स्तितीषुः ' एम आपेलुं छे; प्रथम जमनारा विप्रो ए एक अर्थ लीधो छे; परन्तु वनस्पतिने अनुलक्षी बीजो कोई अर्थ होवो जोइए.

२०, **वम्मेहि** ने बदले **वम्महि** वांची सप्तमी एकवचन इ–प्रत्ययान्त लेवुं ठीक छे. आ पंक्तिनो छायामां छे तेथी जुदी रीते अर्थ करी ' **विरहिणं विध्यन् गतपतिकामर्मसु आंदोलयन्** ' एम संस्कृतछाया करवी वधारे घटित थशे.

२१. **भुंभलभोली** सरखावो प्रा. गू. **भम्मर–भोली नेमिजिण-**

वीवाह सुणेई । नेहगहिल्ली गोरडी हियडइ विहसेई ॥ प्रा. गू. **का.** श्रीनेमिनाथफागु. कडी. १२ पं. ५–६ **भुंभल** <म. **भिब्भल (सि.हे. ८।२।५८।)=भिंभल** <सं **विह्वल । भोली** < √ **भुल्ल(सि.हे.८।४।१७७।)** <सं. √ भ्रम्+उल्ल; (O.D.B.212) गू. 'भोळो' एटले मुग्ध **प्रो. पीशल** M. K. A. P. 53 XVI **बालो भुंभरभोलि उल्लसिअणिअंस-णी ।** आ पंक्ति **भोजदेवना सरस्वतीकण्ठाभरण**मां छे, प्रो. पीशल **भुंभरभोलि**ने Intensive रूप गणावी **भुल** ने G.P. §354 प्रमाणे <**लुभ्** मांथी व्यत्यय करी उतारे छे. **हुलइ (सि.हे. ८।४।१०५) =भुलइ >भुल्लइ** G. P. 566. गू. भम्मरभोळी हि. तुलसीदास: पार्वतीमंगल. ३८. " बालक भमरि भूलान फिरहिं घर हेरत."

२२. **सलोणी [सलावण्या]** जुओ टिप्पण. प्रथम उद्धरण. १. ३. गू. सलुणो.

२५. **ऊढणाइं** सरखावो. **दे. ना.** १।१५। **ओड्ढणमुत्तरीए । अने वळी पा. ल. ४२ ऊढिअयं पाउअयं ।** गू. ओढणो हि. ओढनी. सामान्य रीते 'पुलिन'=उंचा रेताळ कीनाराने नितम्ब साथे सरखाववामां आवे छे; अहि पुलिनने ओढणी साथे सरखावी प्रवाहने रसना साथे सरखाव्यो छे.

२८ **सयल [सकल]** बधी कळाए सहित एटले गोळ.

३०. **रण [वर्ण]** रंग आ तेम ज 'रंग' बन्ने शब्दोनो संबंध<सं. √ **रञ्ज्** साथे छे.

३०. **तंमोलु सवाणिउ [ताम्बूलं सवर्णकं]** सामान्य रीते **म्र, आम्र, ताम्र,** इ० मां **म्र** नो **म्ब्र** थइ **म्ब** थाय छे (G P. 295. **सि. हे.** ८।२।५६) गू तांबु, आंबो, परकंबा, आंबली; आमळुं, त्रांबु, ए प्रो. पीशलनी कल्पनाने टेको आपे छे; आ दाखलामां **म्म=म्ब**नी अवळी गति थइ छे. खरी रीते **म्** ना पछी तरतज **म्** बोलतां नाकमांथी नीकळतो स्वर बंध थइ जतां **व** थइ जाय छे; नहि तो तेने हलको पाडी **म्** एकलो ज रहेवा देवो पडे परन्तु बीजा **म्** ना उच्चारनो प्रयत्न थतां अजाणे बनो वर्णागम थाय छे.

३२. **अवरउहउ-भउहउ:** वर्णविकारमां **म्. व्. व,** उनी एक बीजामां फेरबदली मालम पडे छे. (**सि. हे.** ८।४।३९७ G. P. 251) हाथप्रतोमां **व्** तो **व** ज लखाय छे; केटलीक हाथप्रतो ज भेद पाडे छे. प्रसिद्ध दाखलो **करमि–करवि–करउं** आ त्रणे य रूप अपभ्रंशमां प्रचलित छे. **सि. हे.** ८ । ४ । ३८५ । S. K. Chatterji O.D.B. 280, 288

३६. **दाहिण–मारुऽमिय–सीयलु:–दाहिण [दक्षिण] सि. हे.**

८।१।४६। **मारुउऽमिय** अ नो लोप; आ प्रकारनो लोप स्वरभार के छंदोबंध खातर अपभ्रंशमां दीठामां आवे छे. दा. त. आज उद्धरणमां पं. ३५. **मोहु-प्पाइउ**, पं. ४५. **सलिल-ब्भन्तरे** इ० सरखावो संस्कृतसंधि-**रामोऽगच्छत्** । **मोहेऽपतत्** इ० अस्वरित प्रथम ह्रस्वनो लोप. Divatia G. L. L. I P. 368. Turner J. R. A. S. 1921. G. Ph. 23. G. P. 99. "In Apabhrams'a also the rhyme determines the toning of the vowels".

४०. **णवल्लउ** [नव+अल्ल स्वार्थ] अपभ्रंशमां **अल्ल इल्ल उल्ल** स्वार्थे उमेरवामां आवे छे. **सि. हे.** ८।४।४२९ मां **उल्ल** एकलानो ज उल्लेख छे. **सि. हे.** ८।२।१५९ मां बाकीनानो उल्लेख छे. G. P. 595 आ तद्धित संस्कृतमां **आल** (वाचाल) **आलु** (दयालु, श्रद्धालु) **इल** (**फेनिल पिच्छिल**) **उल** (हृदुल, **चटुल**) **ल** (**अंसल, मांसल**) इ० रूपे छे. **ल्ल** बेवडायो शाथी ते माटे जुओ टिप्पण आज उद्धरण पं. ५०.

४२. **सहु-सहुं** [**सहकम्***] G. P. 206: "अ॰ **सहु**= **साकम्** (**सि.हे.** ८।४।३५६. ४१९ ।) आ व्युत्पत्तिना कारणमां ते जणावे छे के **क** ना **अ** उपर उदात्त होई **सा** नो **स** थाय छे; G. P. 80; अने **कम्**=**उं** G.P. 352." प्रो. भांडारकर अने गुणे <सं. **सह.** Divatia G. L. L. II P. 94 गू. **शुं** < प्रा. गू. **सिउं** < सं. **सह-समम्** ; प्रा गू. **सिउं**नो प्रयोग सं. १२६६ '**जंबुसामिचरिय**' प्रा. गू. का. पा. ४४. कडी २० '**पंचसए चोरेह सिउं प्रभवउ घरि पइठउ ॥**'

४३. **आरक्खिय णियबलु** पोतानुं बळ भेगुं करीने.

४४. **छुडु-सि. हे.** ८।४।४२२। **यदेच्छुडुः** । परन्तु अपभ्रंश साहित्यमां **यदि** एकलो **ज** नहि परन्तु सामान्य निपात तरीके पण ते वपराय छे.

४९. **ससिह-रासि** [**सहस्ररश्मि**] व्यत्ययनुं उदाहरण; **सहस्र**नुं **सहास** अने **सहस** रूपान्तरो छे.

४९. **लइ** सामान्य निपात **सि. हे.** मां उल्लेख नथी; अपभ्रंश कृतिओमां बहुधा देखाय छे. <सं. लात्वा

५१. **उप्परि** [**उपरि**] **सि. हे.** ८।२।९८-९९। सूत्रमां शब्दना आदिमां नहि परन्तु शब्दने अंते के वचमां आवेला व्यंजननुं द्वित्व कोईक शब्दोमां निश्चये करीने अने कोईक शब्दोमां विकल्पे करीने थाय छे. आ प्रकारना

शब्दोनां जुदा जुदा विद्वानो भिन्न भिन्न अभिप्रायो आपे छे. G. P. 2 मां टीका करे छे जेनुं अंग्रेजी भाषांतर हुं मूकुं छुं "The accent of M., Amg., JM., the poetical Apbhraṃs'a and mostly of JS. corresponds mainly to the Vedic accent. As the weakening or dropping out as well as the raising of the vowel rests on it, as also the doubling of the consonants in certain cases, it can not be purely musical, but must have been mainy expiratory." आ मतनो आशरो लई 194 मां "A consonant between vowels is doubled sometimes when followed by an accented vowel" अने वळी "The same rule explains the doubling of the suffix ल्ल in अल्ल, इल्ल and उल्ल." केटलाक (Prof•Bloch) एम माने छे के तैल्य, एक्य, दुकूल्य जेवा शब्दो प्रचारमां हशे तेना उपरथी आ रूपो ऊतरी आव्यां हशे; अने स्वरने तेमां लेवा देवा नथी. आ संबंधी संपूर्ण विवेचन J. R. A. S. April 1916 'Indo-Aryan Accent in Marathi' by Turner. केटलीक वार शब्दनी मात्रा (quantity) अने संस्कृतनुं व्यंजनतत्त्वटकाववा पण व्यंजनद्वित्व करवामां आवे छे.

६४—६५. आमां **विद्दुममरगय=सुरधणु; इंदणीलसय=घण; चामियर=विज्जु; हार=बलाय,** छायामां **बलाहक** ने बदले **बलाक=** ' **हंस** ' वांचो.

कडवक छंद्दानी शैली जेमां **कहि मि** नुं पंक्तिए पंक्तिए वळ्वे वार पुनरावर्तन करवामां आव्युं छे. ए शैली चारणोमां बहु प्रचलित छे, अने अंग्रेजी-असर पूर्वेनी गूजराती वर्णनात्मक कवितामां घणी वार देखा दे छे. रामायणमां किष्किन्धाकाण्डमां पम्पा सरोवरना वर्णनमां अथवा कालिदासना रघुवंश. सर्ग. १३. श्लो. ५४–५७ मां आ प्रकारनी शैलीनो अंश मालम पडे छे, पण रूढ शैली तरीके नहि ज. अपभ्रंश काव्योमां तो पगले पगले आ प्रकारनी शैली देखा दे छे.

६८. **हुल्ल [पुष्प]; वउल्ल [वर्तुल];** पं. ७४ **पहुत्त [प्रभूत];** पं. ७९ **उलुक्क; अल्लीण** एमां व्यंजनद्वित्व मालम पडे छे; आमां **उलुक्क**

जुदी ज जातनुं छे [उद् + लुप्त]; आम ते कर्मणि भूतकृदंत परथी बनेलुं छे.

७५ छुड्ड छुड्ड; सि. हे. मां ईषत् ईषत् अर्थ नथी.

७५ वलग्गहो—वि नो व थवामां ल परना उपान्त्य स्वरभारनी असर छे; आवी असर गूजरातीमां वधारे थती जाय छे. '

७८. जुवइ सहासु जासु नी छाया सुधारो; युवत्यः सहासाः यस्य एम वांचो.

८२. उल्ल [उद्र*] सि. हे. ८।१।८२। उदोद्वार्द्रे ॥ G. P. 111 अने Weber = √उद्=उन्द् मांथी विशेषण; अल्ल अने अद्द जे सि. हे. मां बताव्यां छे ते < सं. आर्द्र.

८३. इत्थु [अत्र] सि. हे. ८।४।४०४-४०५ । G. P. 107. मां अत्तमांथी नहि पण वै.सं. इत्था—सरखावो –सं. इत्थं; ते ज प्रमाणे जेत्थु, तेत्थु, केत्थु=यत्था, तत्था, कत्था ए ध्यानमां लेवा जेवुं छे के वै. सं., पा., अने अप. नो मेळ लाववा मथीए तो य, यद् , या=सं. यद्; त, तद्, ता=सं. तद् ; क, कद्, का=सं. किम् ; आ प्रमाणे सर्वनामनां मूळरुप मालम पडे छे.

८४. माणेवि भोगवीने सरखावो–गू॰माणवुं.

८५. करेप्पिणु सि, हे. ८।४।४४०। G. P. 588. वैदिक संबंधक भूतकृदंतनो त्वी अपभ्रंशमां हयात छे; तेमज त्वीनम्, इष्ट्वीनम्, पीत्वीनं (पाणिनि ७।१।४८ अने तेना परनी काशिका)

९० जावहिं-तावहिं; जेत्तहे-तेत्तहे: सरखावो सि. हे. ८।४।४०६; G. P. 271 जाम=यावत्; ताम=तावत् अने जामहिं, तामहिं =यावद्भिः, तावद्भिः; आमां पण तृतीया अने सप्तमीनो संकर मने लागे छे. जावहिं अने तावहिं=जामहिं अने तामहिं; व=म् ; जेत्तहे-तेत्तहे सि. हे. ८।४।४३६ यत्र-तत्र; सि. हे. ८।४।४०४ मां अत्तु, तत्तु; जत्त+हे, तत्त+हे=यत्र+स्मात्, तत्र+स्मात् अने ए ज एत्तहे, जेत्तहे, तेत्तहे, G. P. 107; अ ने भारपूर्वक बताववा पूरतो ज ए थयो छे. अथवा ए=एतद्नो असरथी अ नो ए होय.

९४. गवेसहो आज्ञार्थ बीजो पुरुष बहुवचन

९४. तासु रक्खवमि—९१. संकेयहो ढुक्कउ—१०७. कहिय

सुणंतह खंधावारहो=जुओ **मार्कण्डेय. १७।११। हो च ॥ सि. हे.** मां आ प्रकारनो आदेश नथी; Pischel पण आनी नोंध लेतो नथी. खरी रीते चतुर्थी अने छट्ठीना अपभ्रंश अने प्राकृतमां एक बनी जवामां आ संभ्रम थयो छे. जेना तरफ गति बताववानी होय ते वस्तुनी द्वितीया के कोइक वार चतुर्थी मूकवानो संस्कृतमां नियम छे एटले आवा प्रयोगोमां द्वितीया, चतुर्थी अने षष्ठीनो संभ्रम अपभ्रंशमां बहुधा होइ **मार्कण्डेय** आ आदेश बांधवा प्रेरायो होवो जोइए.

९८. अहिं **जोव्वण-इत्ति** वांचो; **जोव्वण=यावन** मां **व्व** जुओ.

९९ **पट्टवत्थइं**—गू. मां पट=प्रवाहनी पहोळाइ ए अर्थ अहिं अभिप्रेत होय; बाकी **पट्टवस्त्र** एटले सं. मां 'रेशमी वस्त्र' अथवा तो टिप्पणीमां कह्युं छे तेम 'साडी' अर्थ लेवाय. सामान्य रीते **वत्थें** एकवचनमां होय; पण **वत्थें** अने **वत्थहिंना** संभ्रमथी **वत्थइं** अहिं वपरायुं होय.

१०० **पुलिणाहोरणाइं व पगुत्तो**=मूळमां **वीणाहोरणाइं व पंगुत्ती** छे; परंतु आ उद्धरणनी पं. २५ ने अनुसरी आ सुधारो कर्यो छे. मूळ हाथप्रतनी पंक्तिनो कांइ अर्थ थइ शकतो नथी.

१०१ **मल्लिवदंतेहिं**=अहिं **व** श्रुति नथी. सामान्य रीते **इ** अने **ए** पछी **य** अने **उ** अने **ओ** पछी **व** श्रुति होय छे.

१०६. **आईय** G. P. 254 **आवइ= आयाति** (**सि. हे.** ८।४।३६७. उ. १; ४१९. उ. ३) **आवहि** (सि. हे. ८।४।४३२ उ. १); एवी ज रीते **गै=गायति=गाअइ=गावइ**. Shahidulla: Dohākos'a P. 33. **आवइ<आअमइ<आगमति***, अने तेने माटे Dohākos'a p. 151. St. 70 टांके छे:

पण्डिअ सअल सत्थ वक्खाणइ, देहहि बुद्ध बसंत न जाणइ ।
अमणागमण तेन विखण्डिअ तोबि णिलज्ज भणइ हउं पण्डिअ ॥

अमणागमण=गमनागमन । आइय<सं. **आगमित***

११९ सिर·मुह·कर·कम·कमल महासरु वांचो.

१२२. **जोहा-कल·कंठिणी**=जीभरूपी कोकिला; **कलकंठिनी**=कोकिला; एवी ज रीते **मयगल=मदकलनो** अपभ्रंशमां 'हाथी' अर्थ थयो छे.

१२५. **मणधणवंतहु** मन ए ज जेनुं धन छे एवानो

१२६. **खंतइं** [खन्+त] कर्मणिभूतकृदंत.

१२८. **निउणसमासिय** [निपुणसमासित] बहु ज नैपुण्यथी बंध बेसतां करेलां; टिप्पणीमां ए प्रकारनो ज अर्थ सूचित लागे छे.

१३४. **कड्ढियउं** [कृष्टम्] **कड्ढइ** (सि. हे. ८।४।१८७।) पाली **कड्ढित**; Bloch (Langue de la Marathe 112); S. K. Chatterjee (Origin and Development of Bengali Language. 272) सं. कृष्मांथी उत्तीर्ण करे छे; परंतु ड्ढ समझाववा खातर √दिव धातुना वर्गनो (=चोथा गणनो) एने गणे छे. Prof. Bloomfield (J. A. O. S. 1921 P.365) √कृष्+द् ने मूळ धातुना रूप तरीके धारे छे. > कड्ढ>कड्ढ रूप थाय. [Shahidulla: Dohākos'a P. 222] गू-काढवुं; हिं-काढना; मरा-काढणें.

१३५. **सहइ** [राजते] सि. हे. ८।४।१०० √शुभ् मांथी उत्तीर्ण होवा संभव छे.

॥ द्वितीयमुद्धरणम् ॥

कवि अने तेनुं जीवनः—

प्रथम उद्धरण '**चउमुहु सयंभु**'ना **पउमचरिय**मांथी लेवामां आव्युं हतुं. आ द्वितीय उद्धरण पण ते ज ग्रन्थमांथी लीधुं छे. **पउमचरिय** अधूरूं रहेलुं ते **चउमुहुना** पुत्र **तिहुयण सयंभु** ए पूरुं करेलुं. आ उद्धरणने छेवटे पुष्पिका आपी छे ते परथी ते समझाशे. एटले **चउमुहुनो** पुत्र होइ, **तिहुयण** नवमाना अंतनो के दशमानी शरुआतनो अपभ्रंश कवि कही शकाय. पोते केवी रीते अधूरूं **पउमचरिय** पूरूं कर्युं तेनुं इतिवृत्त आ उद्धरणनी पुष्पिकामां वर्णव्युं छे ते वाचके जोइ लेवुं. आ उद्धरणमां २० कडवां छे. आठ आठ पंक्ति अने एक कडी घत्तानी एटले एक कडवक ए नियम आ उद्धरणमां जळवातो नथी. मूळ **पउमचरिय**मां आ उद्धरण ८३ मो संधि छे.

उद्धरणवस्तुः—

आ उद्धरणमां सीतानी अग्निपरीक्षानु कथानक कहेवामां आवेलुं छे. वाल्मीकिना कथानकमां अने आमां फेर छे. लव=अनंगलवण अने कुश=मदनांकुश. आ बन्नेनो पुरमां प्रवेश थाय छे अने ते वखते तेमने आवकार मळे छे. (१) रामपुत्रोना प्रवेश वखते रामना सामंतो, खंडीआ राजाओ, मित्रराजाओ, योद्धाओ, वानरवीरो बधा य त्यां आवे छे. बधानो अभिप्राय एम छे के लोकोना नादने राजी करवा सीतानी कांइक परीक्षा करवी. (२) राम कहे छे के "सीतानुं सतीत्व अने पवित्रता हुं जाणुं छुं पण सीता उपर आवी अपकीर्ति नगरजनो नाखे छे ते ज हुं जाणतो न हतो." (३) ते वेळा विभीषणे त्रि-जटाने बोलावी; अने हनुमाने पोतानी पत्नी लंकासुंदरीने बोलावी, तेमणे रामने वीनव्या अने कह्युं के "सूरज पूर्वनो पश्चिम ऊगे, तो ज सीताना सतीत्व पर कलंक लावी शकाय; छतां य जो विश्वास न पडतो होय तो तुला, मंत्रेला चोखा, झेर, जळ अने अग्नि एमांना एकथी सीतानी परीक्षा करो." (४)आ सांभळी रामे सुग्रीव, विभीषण, अंगद,चन्द्रोदरना पुत्र विराधि, अने पवनपुत्र हनुमानने पुष्पक विमानमां पुंडरीक नगरे मोकल्या. एमणे सीताने अभिनंदन आपी विमानमां बेसी राम पासे आववा अरज करी. (५) सीता गद्गद स्वरे विभीषण प्रति बोल्यां के "मारा आगळ रामनुं नाम न लेशो कारण के तेमणे मने भयंकर वनमां मोकली दइ. मारा हृदयमां भयंकर अग्नि चेताव्यो छे ते एम होलवाय एम नथी. (६) छतां य राम माटे नहि परन्तु तमारो इच्छाने मान आपी हुं आवुं छुं." एम बोली सीता पुष्पक विमाने चडी, अने सवारे कौशलनगरी अयोध्यामां आवी पहोंची. (७) सीताने जोइ रामे तेनी अवलेहना करी के "सामान्य रीते स्त्रीओ निर्लज्ज होय छे; आवी स्थितिमां ते पोताना भरथारनुं मुख जोतां केम लज्जा पामती नथी ?" सीताने पोताना सतीत्वनी खातरी होवाथी बीधी नहि अने गद्गद शब्दे जवाब वाळ्यो "गुणवान माणसो पण स्त्रीनो विश्वास करवानी वात आवे छे त्यारे हलकाश बतावे छे." (८) अनेक दृष्टांतो आपी सीता नर-नारी वच्चेनुं अंतर बताववा यत्न करे छे अने अग्निपरीक्षा स्वीकारे छे. (९) सीतानुं वचन सांभळी बधा जनोने अने रामना योद्धा अने सहायकोने हर्ष थाय छे. (१०) सीताना बोलने अनुसरी खोदनारा बोलावी रामे खाडो खोदाव्यो; अने खड, लाकडां, चंदन, देवदार, कपूर इत्यादिथी ते खाडो पूर्यो अने चारे बाजुए सोनाना मांचडा बेठक माटे गोठव्या; देवो पण आ दृश्य जोवा आव्या. सीता लाकडांना पुंज पर चडी अने एने वैश्वानरने

प्रार्थना करी "हुं पापी होउं तो मने बाळजे." कलकल थयो; अग्नि लगाडतां तो मोटी ज्वाला ऊठी अने बधाए हाहाकार कर्यो. (११) बधा योद्धाओए धाह मूकी; अने तेओ रामना पर फीटकार वरसाववा लाग्या. (१२) ज्वालाओ नीकळवा मांडी अने जगत् धूमाडाना अंधकारथी व्याप्त थइ गयुं; परन्तु सीता पोताना सतीत्वने लीधे डगी नहि. तेणे अग्निने पोते पापी होय तो बाळवा अरज करी; आटलुं धैर्य कोनुं होय? अग्नि शीतल बनी गयो; अने पोतानी सत्ता बतावी शक्यो नहि. आ अवसरे मनमां संतोष पामेलो अग्नि सुरजनोने कहेवा लाग्यो, "सतीत्वनो प्रभाव जुओ! अग्नि पण सीताने बाळी शकतो नथी!" (१३) एटलामां चिताने स्थाने महासरोवर बनी गयुं: अने तेमां कमळ ऊग्युं. तेना पर दिव्य आसन उत्पन्न थयुं सुरवधूओए तेना पर सीताने बेसाडी. देवोए दुंदुभिनाद कर्या अने पुष्पवृष्टि करी. बधा जनोए जयजयकार कर्या. (१४) जाणे लक्ष्मीना अभिषेक समये सर्वे दिग्गजो मळ्या होय तेम सर्वे देवो अने योद्धाओ त्यां मळ्या. (१५) राम बोल्या, "खराबजनोना स्वच्छंदी बोलथी में तने त्यजी; मने क्षमा आप; अने निःसापत्न्य राज्य कर." (१६) सीताए जवाब वाळ्यो, "राम तमे शोक न करशो; में तमारा प्रसादे बहु भोग भोगव्या छे. हवे मने संसार पर आसक्ति रही नथी. हुं तो तप करीश." (१७) एम बोली सीताए पोतानो केशपाश ऊपाडी नांख्यो. आ जोई राम मूर्च्छा पामी गया देवो सीताने ऋषिना आश्रममां लई गया. सत्यभूषण नामे मुनि पासे तेणे दीक्षा लीधी. एटलामां राम मूर्च्छामांथी जाग्या अने जोयुं तो जनकतनया त्यां दीठी नहि. (१८) 'सीता क्यां' एम बोलता बोलता राम चारे दिशामां जावा लाग्या. एटलामां कोइए विनयपूर्वक कह्युं. "पेला उपवनमां देवो सीताने लई गया छे; अने तेमणे दीक्षा लीधी छे." आ सांभरी रामने क्रोध चड्यो. राम उपवनमां गया. मुनिने जोतां ज तेमने ज्ञान उत्पन्न थयुं. रामे मुनिने नमस्कार कर्या. (१९) बीजा राजाओए पण मुनिने नमस्कार कर्या. रामे मुनिने धर्मोपदेश करवा कह्युं. मुनिए शास्त्रानुसार उपदेश कर्यो. (२०)

३. पद्यरचना:—

ध्रुवपद अने घत्तामां १४+१३=२७ मात्रा. हेमचन्द्र छं. शा. पृ. ४२(अ) नी छेवटनी बे पंक्तिमां आ छंदनुं विवेचन कर्युं छे. छं. शा. नुं दृष्टान्तः-

पलिअ केस चल दसणावलि जर जज्जरइ सरीरबलु

सव्वि वि गलिहिं अणंगललिअ किज्जउ धम्मु अणंतफलु ॥
कडवकनो छंद पज्झडिआ छे.

४. टिप्पणीः—

१ **लवणंकुसु** अनंगलवण अने मदनांकुश; जैनपरंपरामां 'लव' अने 'कुश 'नां आ नाम छे. मात्रानो गणतरीमां आ पंक्तिमां **पुरे, पइसारेवि; महाहवेणंमां** **एने** ह्रस्व गणवो.

२ आ पंक्तिना प्रथम चरणमां छन्दोभंग थाय छे; जो **के** मूळनो **दुजस** कायम राखीए तो छंदोभंग निवारी शकाय; पण आ प्रमाणे ज लेवुं घटे तो कविए छंद माटे वधारे पडती ज छूट लीधी कहेवाय.

१ **समोडिउ** सरखावो **समोडेवि** पं. ५८ आ ज उद्धरण **समोडइ**-**सम्** अने **आ** + √वृत.

३. **बलहद्द** = बलभद्र, राम, पद्म.

५ **रहे एक्कहि**– **हिं** < सं. **स्मिन्** ; **एक्क**मां कनुं व्यंजनद्वित्व स्वरभार नथी छतां य. **अण्णेक्कहिं** < सं. **अन्यद्** + **एक** + **स्मिन्** ; म. **आणिक.**

६ **वज्जजंघु** [**वज्रजंघः**] सीताने निर्वासित कर्यां त्यारे जैनपरंपरा प्रमाणे वज्रजंघ राजाए आश्रय आप्यो हतो.

८ **रहसें** [**रभसा**] परन्तु व्यत्ययनो आश्रय लई **हर्षेण** करीए तो ठीक पडे छे. गु. प्रयोग 'एना दीलमां हरख न मायो.' सरखावो आ ज उद्धरण पं. ४७.

९ **पइसंता** अने **पइ संता**नो यमक.

११ **अहरुल्लु** = **अहर** < सं. **अधर** + **उल्लु** स्वार्थे.

११ **घत्तिउ** = सि. हे. ८ । ४ । १४३ । = सं. √**क्षिप्**

१२. **विवरेरउ** [**विपरीत** + **इरउ** स्वार्थ प्रत्यय] **विवरीअ** + **इरउ.** जुओ. **भविसत्तकहा** (Ed. Gune)नो शब्दकोष **विवरेर**=विपरीत.

१३. **ससरें कुसुमसरासणिण** छायामां **स्वशरेण कुसुमशरासनेन** परंतु **सशरेण कुसुमशरासनेन** एम पण अर्थ लई शकाय.

१४. **आयल्लउ** टिप्पणमां कोइक वाचके **आरातिकं । कामपीडा वा ।** एम नोंधेलुं छे **दे. ना. मा.** I. 75. **आअल्लो रोगचलेसु ।** जुओ उद्धरण ३ पं. ५३. **आयल्लयसल्लइं कुसुमसरु । आअल्लने** प्रो गुणे **आकुल** के **आकुलितं** साथे जोडे छे. परन्तु **भ. क.** नां बधां दृष्टान्तोमां ए शब्द नाम तरीके वपरायो छे; अने उपर जणाव्युं ते प्रमाणे **दे. ना. मा.** नो तेने टेको छे. **भ. क.** ना दाखला:–**सज्झसवसि वहंतु आयल्लउ ।** VI 20. 4 **सुहमंगलजणजणियायल्लहो** IX. 9. 5. **आयल्लउ जणंति पइपरियणि** IX. 18. 10. **परिहरि तो वि तासु आयल्लउ** XI. 5. 17.

१५. **तेहय पमाणे** पर आपेलुं टिप्पण अस्पष्ट छे.

१७. **हक्कार** सरखावो सदर उद्धरण पं. ४४. ५१. आ पंक्तिमां मात्राभंग छे अने **हक्कार** ने बदले **हक्कारउ** वांचीए तो मात्रानी तूट दूर थाय छे. पं. ५१ मां **हक्कारा = आकारकाः** ए अर्थ लीधो छे. गू. हकारो. **भ. क.** हक्कारइ [D आकारयति, शब्दापयति]

१८. **जिणजम्मण = जिणजम्मणि ।** सप्तमीनो इ प्रत्यय त्यजी दीधो छे.

२०. जाणे पांच मंदर पर्वतो एक ज स्थाने मळ्या होय तेम राम, सौमित्र, अनंगलवण, मदनांकुश अने शत्रुघ्न ते एक ज स्थळे मळ्या हता.

२१. **रहुनइहेमां हे**नो ए ह्रस्व वांचवो; नहि तो मात्राभंग थाय.

२२. **णाहि** जुओ सि. हे. ८।४।४१९। मराठी. 'नाहि.' गूजराती कवितामां 'नाहि' उछीन–शब्द (loan–word) तरीके वपराय छे.

३०. **जाणमि ससहामंडलरायहो जाणमि सामिणि रज्जहो आयहो**––आ पंक्तिमां **जाणमि** बे वार छे अने एक **जाणमि**नो मेळ वाक्यमां लवातो नथी. एने घटाववा बे मार्ग छे एक **जाणमि** अमुक शैलीनी जाळवणी खातर अनर्थक मूक्यु होय; या तो **मंडल**ने **मंडण** सुधारी **ससहामंडण रायहो = राज्ञः स्वसभामंडनम् ।** एम घटावाय.

३३. सीतानी अंदर रहेला सघळा सद्‌गुणो तो समझी शकाय छे; परन्तु नगरलोकोए भेगा मळी मारे घेर हाथ उंचा करी, जे दुर्यश सीता उपर नाख्यो ते एक ज बाबत माराथी समझाती नथी.

३४. **रयणासवजाएं** रत्नश्रवन् रावण, कुंभकर्ण अने विभीषणनो बाप; ते कैकसी नामे कन्याने परण्यो हतो जेनाथी रावणनो जन्म थयो हतो. (हेमचन्द्र-त्रि. श. पु. चरित्र. पर्व ७, सर्ग. १).

३५. **लंकासुंदरी** जैनपरंपरा प्रमाणे मूळ लंकाना कील्लाना रक्षक वज्रमुखनी विद्याना बळवाळी कन्या. मरुत्पुत्र हनुमाने लंकाप्रवेशवेळा वज्रमुखने हरावी तेनो घात कर्यो. लंकासुन्दरीने पण तेणे हरावी अने हनुमान तेनी वेरे परण्यो.

३८ **कालंतरे कालु जइ तिट्ठइ** एक युग चालतो होय त्यां बीजा युगनुं घूसवुं जेम असंभवित छे तेम.

४०. **अवरें** मात्रा साचववा रें दीर्घ वांचवु पडे छे: एना करतां **अवरहिं** वांचवुं योग्य छे. **अवरें** एटले पश्चिमदिशामां ए अर्थ लेवानो छे.

४१. पांच दिव्यो १. तुला २. चावल–मंत्रेला चोखा ३. विष ४. जळ. ५ अग्नि.

४९. **आयामिय आयाम** = बल उपरथी बनेला क्रियापदनुं कर्मणि भूतकृदंत 'आक्रान्त'ना अर्थमां.

४९. **ओहामिय** सरखावो **ओहाइय हेट्ठामुहे** । **दे. ना. मा.** १. १५८ **ओहामइ** = **आक्रमते** । **सि हे.** ८. ४. १६०. Pischel 261, 238 < अपभावति* < अपभावयति=आक्रमते.

५१. **अम्हइ आया तुम्ह हक्कारा इने अम्हनी** साथे वांचो; अने **अम्हइं = अम्हे सि. हे.** ८. ४. ३७६.

५४ **गग्गिर.** सरखावो पं. ७९. **गग्गर.**

६३ **तुम्हइने** बदले **तुम्हह** होवा वकी छे; लहिआओ ह अने इने सरखा वांचे छे.

६५. **परिमिय** छायामां **परिमित** ने बदले **परिवृत** वांचीए तो ठीक; कारण के **व्** अने **म्** नी फेरबदली अपभ्रंशमां बहु ज सामान्य छे.

७०. **सासणदेवए** हाथप्रतमां **ए** ने **य** नो पण बहु ज भ्रम रहे छे. अहि **एने** सुधारी **य** वांचीए तो वधारे सारी वाचना बने.

७४. **कुलग्गयाउ = कुलाग्रकाः** के **कुलागताः**

७५. **दावियनी दापितनी** साथे **दर्शित** पण छाया थइ शके.

८१–८२ स्त्री अने नदीनी श्लेषात्मक सरखामणी करी छे. छाया नीचेनुं टिप्पण श्लेष माटे जुओ; (१) **पउराणिय** पवित्र-चिरंतन (२) **कुलग्गय** सारा कुळमांथी आवेली–कुलपर्वतोमांथी नीकळेली

९१. **जेण** शब्द समजाववो मुश्केल छे. सामान्य रीते अर्थ: कनकनी गोळी अग्निमां तप्या पछी शुद्ध बने छे तेम जो हुं हुताशनमां रहुं तो मारा विशुद्ध मनने बीजां दिव्योथी शुं थवानुं छे?

९६. **दुस्सील** जेनुं मन खाटुं थइ गयुं छे तेवा.

११६. **कंचणमंच रइय चउपासेहिं = काञ्चनमञ्चाः रचिताः चतुःपार्श्वेषु** एम वांचवुं जोईए; संस्कृत छाया सुधारी लेवी.

११५ आ पंक्ति मुद्रणप्रमादने लीधे रही गएली छे: **धाहाविउ भामंडलजणयहिं धाहाविउ लवणंकुसतणयहिं ।**

१२३. **कारण** व्यतिकर, बनाव – आ अर्थ अहिं अभिप्रेत छे.

१५१. छंदोभंग; **हंसप्पहुने** बदले **हंसपहु** वांचीए तो आ भूल दूर थाय.

१७५. **जिह ण होइ पडिवारें तिय मइ** संस्कृत टिप्पणीमां **पुनः स्त्री न भवामि** एम आपेलुं छे; ए अर्थ लावतां **मइ** ए प्रथमा = **अहंना** अर्थमां लेवुं पडे छे. **सि. हे.** मां आ प्रयोगनो आदेश नथी. अर्वाचीन भाषामां **मैंनो** प्रथमामां प्रयोग हिंदीमां छे.

२०३. **छुड्डु छुड्डु** जुओ सदर ग्रन्थ उद्धरण १. पं. ७५. **भ. क.** IX. 6. 6. अर्थ बन्ने स्थळे सरखो ज छे.

२०६. **भरहेसरहु जेम पुरदेवें** जेम पुरदेव=ऋषभनाथ आदि तीर्थंकरे भरतेश्वरने धर्म कह्यो हतो तेवी रीते.

२०७ **तवचरित्तवरदंसणणाणइं [तपःचारित्रवरदर्शनज्ञानानि]** जुओ **तत्त्वार्थ०** १. १. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।** आ बधानां पूर्ण लक्षण जाणवा आ सूत्र परनुं भाष्य जुओ. गूजराती वाचके पं. सुखलालजीनुं पुरातत्त्व मंदिर तरफथी प्रसिद्ध थएल 'तत्त्वार्थसूत्र' परनुं गूजराती विवेचन जोवुं.

२०७ **पंच वि गइउ** — संसारनी चार गति, नरकगति, तिर्यग्योनिमां गति, मनुष्ययोनिमां गति के देवयोनिमां गति अने पांचमो ते मोक्ष.

२०७ **जीवगुणठाणइं [जीवगुणस्थानानि]** जैनदर्शनमां १४ गुणस्थान गणाव्यां छे. जेम जेम भव्य शुद्धतर थतो जाय तेम तेम क्रमे क्रमे उपरनां गुणस्थाने चढतो जाय अने छेवटे मोक्षे जाय.

२०७ **खमदमधम्माहम्मपुराणइं [क्षमादमधर्माधर्मपुराणानि]** जुओ **तत्त्वार्थ०** ९. ७. **उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः ।** आथी विरोधी ते **अधर्म.** आम धर्म अधर्मनां पुराणां परंपरागत विवेचनो

१०८ जगजीवाउच्छेयपमाणइं [जगज्जीवायुरुच्छेदप्रमाणानि] मोक्ष माटे आ बंधनोने तोडवां जोईए ते संबंधी प्रमाणो.

२१० **समयपल्लरयणायरपुव्वइं [समयपल्यरत्नाकरपूर्वाणि]** पल्योपम ए एक प्रकारनुं कालमान छे; एटले के कालना विभागो अने ब्रह्मांडना विभागोनां विवेचनपूर्वक.

२०९. **लेसाउ [लेश्याः]** छ प्रकारना ओप जे जीवने चढे छे ते. ते ओपने लीधे जीव संसारबंधनमांथी छूटी शकतो नथी. जैनपरंपराना रूढ शब्दोमां, कृष्णादि द्रव्यने योगे थता जीवना अध्यवसायविशेष-कृष्ण नील कापोत, तेज, पद्म अने शुक्ल एम छ लेश्या

१०९. **अणुव्वयाइं [अणुव्रतानि]** जुओ **तत्त्वार्थ०** ७ १. **हिंसानृतास्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।** यतिवर्ग आ व्रतो संपूर्णताथी पाळे छे ज्यारे गृहस्थो आ व्रतोनी क्षीणवटने त्यागी आछेरां **(अणु)** व्रत पाळे छे. आम अणुव्रत एटले गृहस्थने पाळवानां व्रतो.

२११. **सयंभुभडारइण [स्वयंभूभट्टारकेण]** पोतानी इच्छाए जेणे जन्म लीधेलो छे एवा पूज्य तीर्थंकरे-महावीरस्वामीए. आमां कविए पोतानी नाममुद्रा पण आणी छे ते जोवी. आखी पंक्तिनो अर्थः – जेम परम आगममां (सिद्धांतग्रन्थोमां) तीर्थंकरभट्टारके कह्यां हतां ते प्रमाणे '; **आसि [आसीत्]** हतुं.

॥ तृतीयमुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

आ उद्धरण **चतुर्मुख स्वयंभूना हरिवंशपुराणमांथी** लेवामां आव्युं छे. आ कवि अने तेना जीवन विषे प्रथम उद्धरणमां ऊहापोह करवामां आवेलो छे. आ ग्रन्थमां ११२ संधि छे ते ग्रन्थना समाप्तिवचन परथी मालम पडे छे:—

> **इय रिट्ठणेमिचरिए धवलइआसिय सयंभुउव्वरिए**
> **तिहुवणसयंभुरइए समाणियं कन्हकित्तिहरिवंसं ॥**
> **गुरुपव्वनासभयं सुयणाणुक्कमं जहा जाय**
> **सयमिक्क दुद्दह-आहियं संधीत्थ परिसमत्ताउ ॥ संधि ११२॥**

आ ग्रन्थ १८००० श्लोकप्रमाण छे. परम्परानी मान्यता माफक **चतुर्मुख स्वयंभूए** आ ग्रन्थ अधूरो मूकेलो; अने तेना पुत्र **त्रिभुवन स्वयंभूए** ते पूरो **कर्यो.** आ हकीकत सदर ग्रन्थमां केटलेक ठेकाणे प्रशस्तिगाथाओ परथी मालम पडे **छे.** **त्रिभुवन स्वयंभूना** नामनी प्रशस्तिगाथा संधि १०० ना अंतथी **मालम पडे** छे: **इय** रिट्ठणेमिचरिए धवलइआसियसयंभुएवकए **उव्वरिए** **तिहुयणसयंभुमहाकइसमाणिय समवसरणं णाम सउमसग्गो ।** एटले संधि १०० अने तेना पछीना संधि **त्रिभुवन स्वयंभूए** रच्या होय एम अधिक संभवित छे. परन्तु संधि ९२ ना अंतमां केटलीक गाथाओ छे जे बतावे छे के **चतुर्मुखस्वयंभूए** संधि ९२ रची **ग्रन्थ** अधूरो **मूक्यो** होवो जोईए:–

> **तेरह जाइवकंडे कुरुकंडे ऊणवीससंधीओ**
> **तह सट्ठि जुज्झियकंडे एवं बाणउदि संधीओ ॥ १ ॥**
> **सोमसुयस्स य वारे तइयादियहम्मि फग्गुणे रिक्खे**
> **सिउ णामेण य जोए समाणियं जुज्झकंडं च ॥ २ ॥**
> **छव्वरिसाइं ति मासा एयारस वासरा सयंभुस्स**
> **बाणवइसंधिकरणे वोलिणा इत्तिओ कालो ॥ ३ ॥**
> **दियहाहिवस्स वारे दसमादियहम्मि मूलणक्खत्ते**
> **एयारसम्मि चंदे उत्तरकंडं समाढत्तं ॥ ४ ॥**
> **वरं तेजस्विनो मृत्युर्न मानपरिखण्डनं**
> **मृत्युस्तत्क्षणकं दुःखं मानभंगो दिने दिने ॥ ५ ॥**

उपरनी गाथाओ हरिवंशपुराणनी रचना पर घणो प्रकाश नाखे छे. तेनो सार आ प्रमाणे छेः–१३ संधि यादवकांडना, १९ संधि कुरुकांडना, अने ६० संधि युद्धकांडना एम ९२ संधिओ थाय. (१) बुधवार, त्रीज, फाल्गुन नक्षत्र, शिव नामनो योग–आ समये युद्धकांड पूरो करवामां आव्यो. (२) छ वर्ष, त्रण मास अने अगीआर दिवस स्वयंभूने ९२ संधि पूरा करतां थया. (३) रविवार, दशमी, मूल नक्षत्र अने अगीआरमो चांद्रमास एटले भाद्रपदमां उत्तरकांड शरु कर्यो. (४) तेजस्वीने मानभंग करतां मृत्यु वहालुं लागे छे; मृत्यु तो तत्क्षण दुःख आपे छे ज्यारे मानभंग तो हमेश दुःख दे छे. (५)

आ गाथाओ त्रिभुवन स्वयंभूए रची होय एम लागे छे. कारण के ९२ संधि पूरी कर्या पछी चमुमुखनो काळ थयो होवो जोईए; अने पोताना पितानी कीर्ति अधुरी न रहे एटले थोडा समय पछी त्रिभुवने उत्तरकांडनो आरंभ कर्यो होवो जोईए. ग्रन्थनी प्रशस्ति परथी एम लागे छे के १०९ संधि पछीना संधिओ त्रिभुवने नहि रच्या होय; कारण के त्यार पछीना अधुरा ग्रन्थनो उद्धार यशःकीर्तिभट्टारके करेलो मालम पडे छे. एवो उल्लेख संधि १०९ने अन्ते छेः—

इह जसकित्तिकयणं पव्वसमुद्धरणरायधक्कमणं
कइरायसुव्वरियं पयडत्थं अक्खियज्जइणा ॥ १ ॥
ते जीयंति य भुवणे सज्जणगुणगणह रायभावत्था
परकव्वकुलं वित्तं विहडियं पि जे समुद्धरहिं ॥ २ ॥

एटले यशःकीर्तिए संधि १०२ पछीना भागनो सोळमा सैकामां उद्धार कर्यो. आ वातनो उल्लेख ग्रन्थने अन्ते पण छेः—

सुणि संखेवु सुत्तु अवहारिउ विउमें सयंभें महि वित्थारिउं
पद्धडियाछंदें सुमणोहरु भवियणजणमणसवणसुहंकरु
जसपरसेसि कविहिं जं सुण्णउं जं उव्वरिउ किंपि सुणियाणहो
तं जसकीत्तिमुणिहि उद्धरियउ णिएवि सुत्तु हरिवंसच्छरियउ
णियगुरुसिरिगुणकीत्तिपसाएं किउ परिपुण्णु मणहो अणुराएं ॥

आ हरिवंशपुराणनी हाथपोथी भांडारकर ओरीएन्टल रीसर्च इन्स्टीट्युट, पूना, नं. ११२० सने १८९४–९७ छे. हाथपोथीने छेडेः इति हरिवंशपुराणं समाप्तं । ग्रन्थ संख्या १८००० । संवत् १५८२ वर्षे

फा वदि १३. ।। लखेलुं छे; एटले सं. १५८२मां आ हाथपोथी लखेली छे एम मालम पडे छे.

आ उद्धरण हरिवंशपुराणनो संधि २८ छे; अने ते हाथपोथीनां पत्र ११४–१२० (अ) मांथी अहि ऊतारवामां आवेलुं छे आ उद्धरणने एक ज हाथपोथीनो आधार छे. आ उद्धरणमां पांडवोना विराटनगरमां अज्ञातवास अने ते अरसामां द्रौपदी प्रत्ये दुष्ट मोहथी नीपजतो कीचकना वध-ए बे बाबतोनुं वर्णन करवामां आव्युं छे. आ उद्धरणनी वार्ता **जिनसेनना हरिवंशपुराण** करतां महाभारतना **विराटपर्व** साथे वधारे साम्य धरावे छे; जो के कोइक स्थळे वार्ताने जैन मान्यताओने अनुकूळ झोक आपवामां आव्यो छे.

२. उद्धरणवस्तुः—

द्रौपदीसहित पांडवो विराटराजना नगर तरफ गया; एटलामां युधिष्ठिर पोताना चार भाई अने द्रौपदीने उद्देशी बोल्या, " बार वर्ष आपणे दुःखमां गाळ्यां; हवे जेम भ्रमर कमलसरोवरमां छूपाई रहे तेम आपणे एक वर्ष विराटना घरमां छूपाइने गाळवानुं छे. त्यां सेवा स्वीकारवानी छे; अने ए तो जाणीतुं छे के योगीओने पण अगम्य एवो सेवाधर्म तमारे आचरवानो छे (१) माटे तमे जे जे सेवा करी शको ते मने जणावो. हुं तो कंक नाम धारण करी द्यूतना जाणकार अने सभामां बेसनार एवा राजाना पुरोहित तरीके रहीश." वृकोदर बोल्यो, " हुं बल्लव नाम धारण करी राजानो रसोईओ थईश." अर्जुन बोल्यो, " हुं नृत्याचार्य बनी नरपतिनी कन्याओने नाच शीखवीश. (२) मारुं नाम बृहन्नला राखीश; अने मारी कळामां मने कोइ पहोंची वळे तेवुं नथी." नकुल कहे, " हुं अश्वपति थईश. " सहदेव कहे, " हुं गायोनो पालक थईश " (३) द्रौपदी कहे, " हुं सैरंध्री थई मत्स्यराजनी राणीनी दासी थईश." आ प्रमाणे नक्की करी विराटनगरनी भागोळे ते बधां आवी पहोंच्यां त्यां श्मशान हतुं अने एक भयंकर समडीनुं वृक्ष हतुं. त्यां नकुळे हथीयार मूक्यां; अने बधां नगरमां पेठां. (४) जे प्रमाणे तेओए नक्की कर्युं हतुं ते प्रमाणे विराटराजना द्वारपाळने तेमणे जणाव्युं अने द्वारपाळे बधी हकीकत विराटराजने सविस्तर जणावी. विराटराजे तेमने बोलाव्या एटले जीवदयासहित जाणे पांच परमेष्ठी प्रवेश करता होय तेम द्रौपदीसहित पांचे य पांडवो विराटना दरबारमां प्रवेश्या. (५) आ प्रमाणे पोतानी सेवा बजावतां पांडवोए अगीआर मास पूरा कर्या; अने जाणे कीचकने माथे काळदंड पडतो न होय तेवो बारमो

पास बेठो. कीचकनी नजर द्रौपदी पर बेठी अने तेने कामदेवनो ताप बाळवा लाग्यो. ज्यां ज्यां द्रौपदी जती त्यां त्यां द्रौपदीने अनेक प्रकारे कीचक कामयाचना करतो. एक दिवस द्रौपदीए तेने धूतकारी काढ्यो अने कह्युं, "मारी सेवा पांच गांधर्वो करे छे जे आ वात जाणतां तने यमराजने त्यां मोकली आपशे." (६) परन्तु नवहजार हाथीओना बळवाळो ते कीचक द्रौपदीनुं मुख जोइ बोल्यो "मने ब्रह्मा विष्णु अने महेश कांइ करी शके एम नथी तो पांच गांधर्वो मने शुं करवाना हता ? मारा पर प्रसाद करी मने जीवाड अने अर्धी पृथ्वी हुं तारी आगळ धरीश." छतां य द्रौपदीए तेने तरछोड्यो; अने कीचकनी तो नवमी कामावस्था थई. तेणे पोतानी व्हेन कैकेयीने कह्युं "आ स्त्रीथी मारुं मन रंजित कर; अने सुगंधपदार्थो आपी तेने तुं मारे त्यां मोकल." कीचके तो एकांतघरमां द्रौपदीने पकडी; पण जेम सिंहना हाथमांथी पोताना पुण्ये करीने हरिणी छटकी जाय तेम द्रौपदी छटकी अने कंक तथा विराटराज ज्यां हता त्यां करुण रुदन करती पहोंची. (७) भानभूलेलो कीचक जमदूतनी माफक तेनी पाछळ लाग्यो. तेणे द्रौपदीने तेना केशपाशथी पकडी लात मारी. राजा अने युधिष्ठिरना देखतां ते मूर्च्छा पामी. भीमनो मीजाज गयो अने तेनी दृष्टि वृक्ष पर पडी, पण तुरत ज युधिष्ठिरे पोताना पगनो अंगुठो डाबी तेने अटकाव्यो. नगरनी स्त्रीओ व्याकुळ थई अने बोलवा लागी "ज्यां आवो मोटो माणस दुराचरण करे त्यां सामान्यमाणस शुं करे ?" पांचाली पण रडवा लागी, " जो आ नगरमां गांधर्व होय तो शुं विट कीचक मने आम वगोवी शके ? (८) क्रीडा माटे तेओ क्यांक गया हशे अने तेथी ज मारे हैयाबळीने आम सोरवुं पडे छे; जो पांचमांथी एक पण होत तो युद्ध माटे ठीक थात." आम द्रौपदी बोलती हती तेवामां सूर्यास्त थयो अने रात्रीए ते वृकोदर पासे गई अने पोताना कणी पडेला हाथ बतावती रडवा लागी "तारा जीवतां मारी आवी अवस्था थाय छे. " (९) भीमे द्रौपदीने आश्वासन आपी आववानुं कारण पूछ्युं. द्रौपदीए दरेकनी दुर्दशानुं वर्णन कर्युं; (१०) अने कहेवा लागी के " अगीआर मास उपर पंदर दिवस थया छतां य दुःखनो छेडो आवतो नथी." भीमे आश्वासन आप्युं, " तुं शा माटे रडे छे; आंसु लुंछी नांख. तें संसारधर्म नीरख्यो नथी. पूर्वजन्मनां कर्मरूपी वृक्ष केटलुंक सुख अने केटलुंक दुःख एम बे फळ आपे छे. शुं रावणे सीताने ओछुं दुःख आप्युं हतुं ? (११) गई काले में कीचकने मारी नाख्यो नथी; पण आजरात्रे तो ते मारा हाथे मरशे ज. तुं एनी साथे रात्रे संकेत करी तेने नृत्यशालामां लाव." द्रौपदी हर्ष पामी अने पोताना निवासे गई. अने बीजा दिवसनो सूर्य ऊग्यो

जाणे जेणे द्रौपदीनो केशकलाप खेंच्यो हतो ते मरी गयो के केम ते जोवाने न ऊग्यो होय ! (१२) बीजे दिवसे पांचाली कीचकनी पासे गई; कीचके तेने बोलावी अने कह्युं, " जो तुं मने एक ज वार आलिंगन आपे तो तुं मागुं ते वैभव तने आपुं."(१३) कीचके जे कह्युं ते द्रौपदीए मान्युं अने तेने नृत्यशाळामां रात्रे आववानो संकेत गोठवी भीमने वात करी. रात्रे कीचक नृत्यशाळा तरफ पोतानी सेना लई गयो. भीम तो त्यां पेसीने ज रह्यो हतो अने कीचक आव्यो एवो ज तेणे तेना केशपाशथी तेने पकड्यो. कीचकने लाग्युं, " आ द्रौपदीनो हाथ न होय; खरेखर गांधर्व ज मने मारी नाखे छे." (१४) कीचके जेम तेम करीने भीमनो ग्राह मूकाव्यो अने कहेवा लाग्यो, " गांधर्व, तुं शा माटे युद्ध करवा आव्यो छे ? हुं नवहजार हाथीना बळवाळो कीचक छुं; अने मारुं मरण जेनी वसुमती नामनी प्रियाने हुं ऊपाडी लाव्यो हतो ते भीमने हाथे छे." भीमे बधा पांडवोनुं ओळखाण आप्युं अने पोते भीम छे एम जणाव्युं. आ जाणी कीचके भीमने आह्वान आप्युं (१५) बन्नेयनुं मल्लयुद्ध जाम्युं; अने ते द्वंद्वयुद्धमां कीचके भीमने मुष्टिप्रहार कर्यो. भीम लोहीनो उलटी करी अने जेम तेम करी ते उभो रही शक्यो. (१६) भीमना मनमां घडीभर एम ज थयुं " शुं मारो यश आ द्वंद्वयुद्धमां हणाई जशे ? " परंतु धीरज धरी तेणे फरीथी कीचक उपर हुमलो कर्यो अने तेने यमसदन पहोंचाडी दीधो. तेणे तेना हाथपग भांगी मांसना लोचा जेवो तेने करी नाख्यो. भीमने बहार काढी द्रौपदीए बहार आवी जणाव्युं " कीचकने गांधर्वोए मारी नाख्यो छे." आ सांभळी " कीचकने कोणे मार्यो ? " एम कही मोटा योद्धाओ दोडया अने कीचकना सो भाइओए घरने घेरो घाल्यो. (१७) प्रकाश करी बधाए जोयुं, त्यारे " खरेखर कीचकने गांधर्वोए मार्यो छे कारण के तेना पर घा सरखो य देखातो नथी. " एम तेमने मालम पड्युं एक बाजुए द्रौपदी शून्यवत् उभी हती; बधायने शंका थई के कीचक द्रौपदीने खातर मर्यो गयो. कीचकना सो भाइओ "सवार थवा देवानी के राजाने पूछवानी शी जरुर छे ? " एम कही कीचकनी ठाठडी उपर द्रौपदीने नाखी मसाण तरफ चाल्या. (१८) द्रौपदीए आक्रंद करवा मांडयुं, " हे गांधर्वो तमे क्यां मर्या छो ? " भीमथी न रहेवायुं; पोताना केश छूटा करी, वृक्षने ऊपाडी, राक्षस जेम कीचकना भाइओ पर धस्यो. कीचकोए ठाठडी छोडी दीधी वात फेलावा मांडी के कीचको मराया. वृकोदर घर पाछो वळ्यो अने सूरज ऊग्यो. मत्स्यराजना मनमां संकल्प थयो अने तेणे कैकेयीने जणाव्युं, " द्रौपदीने घर बहार काढो. " एटलामां द्रौपदी पोतानां अंगोपांग धोई कोइ देवतानी माफक नगरमां पेठी; अने एकदम बृहन्नला पासे

गई. जेवी छूपी रीते ते बृहन्नलाने कहे छे के "तुं उत्तरानी साथे नृत्यक्रीडा कर्या पछी तारे घेर जजे," एटलामां तो सुज्येष्ठानी वाणी ऊछळी 'तुं चाली जा, अने तारा नगरने अने राजाने सुख आप" द्रौपदी गुस्से थई. 'जा तुं मने काढो मूकीश तो हुं आखा नगरनो विनाश करीश जो तेर दिवस तारा घरमां तुं मने स्थान आपीश, तो तुं अने तारो पति पूर्ण मनोरथथी राज्य भोगवी शकशो.'

३. पद्यरचनाः—

सामान्य रीते दरेक कडवकमां ८ पंक्तिओ अने २ पंक्ति घत्तानी मळी १० पंक्तिओ छे. चतुर्मुख स्वयंभूनुं आ लखाण होवुं जोईए तेने आथी टेको मळे छे. घत्ता अने ध्रुवकनो छंद चतुष्पदी प्रकारनो छे अने दरेक पंक्तिमां २६ मात्रा छे; अने ९+१४=२३ एटले ९ मात्रा पछी यति छे. हेमचन्द्रना छं. शा ६ पत्र ४०. (अ) प्रमाणे केतकीकुसुम आ छंदनुं नाम छे हेमचन्द्र आ दृष्टान्त आपे छे;—ओजे दश समे पञ्चदश केतकीकुसुमम्। यथा,

बिंबालिउ भुवणु नवकेयइकुसुमपराइण।
नं अहिवासिअउं मयरद्धयकम्मणजोइण ॥

कडवकना देहनो छंद हेमचंद्रना छं. शा. ६ पत्र ४३ (अ) प्रमाणे पारणक छेः चितौ षचपा वा पारणकम् ॥ चतुर्मात्रत्रयं त्रिमात्रश्च, यदि वा षण्मात्रचतुर्मात्रपञ्चमात्राः पारणकम् । यथा,

कइअहि होएसइ तं दिवसु, आणंदसुहारसपावणउ
होहि प्रियमुहससिचंदिमइं, जहि नयणचउरह पारणउ ॥

आमां अने आपणा कडवकना देहना छंदमां एटलो ज तफावत छे के आपणा उद्धरणना छंदमां दरेक पंक्तिनां बव्वे चरणना अन्तनो प्रासमेळ छे; ज्यारे हेमचंद्रना उदाहरणमां बव्वे पंक्तिना अन्त प्रासमेळथी बद्ध छे. दा. त.

तो भणइ जुहिट्ठिलु भायरहो सब्भावणेहगुणसायरहो ।

४. टिप्पणः—

१. जुहिट्ठिलु [युधिष्ठिरः] जुओ सि हे. ८ । १ । ९६ । जहु ट्ठलो जहिट्ठिलो । एम आदेश छे. वळी जुओ सि. हे. ८।१।१०७,२५४.

२. भणइ भायरहो छट्ठीना रूपनो द्वितीयारूपे प्रयोग हेमचंद्र नथी आपता; परंतु मार्कण्डेय प्रा. स. १६. ११. ते नोंधे छे.

११–१२. पंक्ति ११ अने १२मां ९+१३=२२ ए प्रमाणे मात्रा छे; ज्यारे ९+१४=२३नो छंद अहि अपेक्षित छे. सरखावो **सेवाधर्मः परमगहनः योगिनामप्यगम्यः ।**

१८. **बुज्झणउ, जुज्झणउ** धातुने **अण** लगाडी बनावेलां विशेषणो.

२२. **बिहंदल** सं. **बृहन्नला > बिहन्नल > बिहंदल.** सरखावो. गू. पांदडु

२४–२६. अर्जुन बृहन्नलाने आवश्यक एवी पोते कइ कइ विदग्धताओ धरावे छे तेनुं वर्णन करे छे. **गुंथेवइ, नच्चेवइ, गाएवइ** अने **वाएवइ** ए शब्दो नाम तरीके वपरायलां विध्यर्थ कृदंतो होई सप्तमीमां छे. '**गुंथेवइ वेणि पईहरिय**' एमां **वेणि** खरी रीते द्वितीयामां छे परंतु अर्थस्पष्टता खातर छायामां ए शब्द छठ्ठी विभक्तिमां मूक्यो छे. **पईहरिय** ए एक सूचन प्रमाणे **प्रदीर्घिका** होय; परन्तु अहि प्रक्रमभंगना दोषथी विमुक्त रहेवा **प्रतिगृहिका=दासी** ए अर्थ लीधो छे. **पईहरिय** शब्द **पईहर**मांथी लीधो छे. जुओ उद्धरण १. पं. ९. परन्तु आथी पण उत्तम अर्थनिर्वाह बीजी रीते थई शके एम छे. **गुंथवी=गुंथेवि य इ॰** (=**ग्रथित्वा च वेणीं प्रदीर्घिकां या कृष्णभुजङ्गैरनुहृता** । सरखावो **विराटपर्व**. ३. २७. **पिनद्धकंबुः पाणिभ्यां तृतीयां प्रकृतिं गतः । वेणीकृतशीरा राजन् नाम्ना चैव बृहन्नला ॥**

२७. **जमलजेट्ठ** नकुल

२८. **पध्धुर** मूळमां पाठ **पद्धर** छे; **दे. ना. मा.** ६. १०. **पद्धरमज्जू** एम आपेलुं छुं. तेने अनुसरी **सरलान्** एम संस्कृतछाया करेली छे. मूळमां करेलो सुधारो **दप्पुध्धुर**नी साथे प्रासमेळ लाववा करेलो छे. एम सूचित छे के 'जे अश्वो दर्पने लीधे धुरामांथी छटकी जाय छे तेने बरोबर ताबेदार हुं बनावीश.' **पद्धर** उपरथी गू. पाधरो.

२९, **जोइसिउ [ज्योतिषो]** सहदेव.

३०. **धणु** सरखावो गू. धण.

३८. **दणुदेहवियारणइं** आ पंक्ति दूषित छे कारण के **दनु**मांथी **दनुज** अर्थ घटाडवो पडे छे.

३९–४०. सरखावो **भविसयत्तकहा** १. ५. नी घत्ता **तहिं गयउरु णाउं पट्टणु जणजणियच्छरिउ । णं गयणु मुएवि सग्गखंडु महि अवयरिउ ॥** मेघदूत १. ३०. **स्वल्पीभूते सुचरितफले स्वर्गिणां गां गतानां, शेषैः पुण्यैर्हृतमिव दिवः कान्तिमत् खण्डमेकम् ।**

४६. **चलत्थु=चलार्थः** कदाच मूळपाठमां **चलित्तु=चलित्र** 'चंचळ'ना अर्थमां होय एम संभव छे.

५०. **पंचपरमेष्ठि** ते अर्हत्, सिद्ध, आचार्य, उपाध्याय अने साधु.

५१. **आयल्लय** जुओ टिप्पण उद्धरण. २. पं. १४.

५४. **उक्कोवणइ** स्पष्टता खातर **उत्कोपनानि** ए संस्कृत छाया सारी छे.

५४. **उज्जंगल** दे. ना. ७. १३४. **उज्जंगलं हढे दीहे ।**

५५. **थणयल** [**स्तनतल**] तलनो अर्थ सामान्य सपाटी एम लेवानो छे; संस्कृतमां **स्तनतट** ए शब्द सुप्रसिद्ध छे, अने ए छाया करीए तो पण वांधो नथी.

६१. **णवणायसहासबल** नव हजार हाथीना बळवाळो; आ ज प्रमाणे भीमनुं पण वर्णन सदर उद्धरण पं. १५१.; पं. १८७ **णउणाय** शब्दथी कीचकना भाइओने वर्णव्या छे; अथवा पछी कीचकने पण वर्णव्यो होय कारणके पूर्वापरसंबंधे बन्ने य अर्थ बेसता छे.

६५. **णवमी कामावत्थ हुय** तेनी नवमी जडतानी कामावस्था थई.

दश कामावस्थाओ नीचे प्रमाणे छे:—

दशावस्थः स तत्रादावभिलाषोऽथ चिन्तनम् ।
स्मृतिर्गुणकथोद्वेगप्रलापोन्मादसंज्वराः ।
जडता मरणं चेति दुरवस्थं यथोत्तरम् ॥

(**दशरूपक. ४. ५२.**)

ते ज प्रमाणे जुओ **साहित्यदर्पण** ३. १९०. । : —

अभिलाषश्चिन्तास्मृतिगुणकथनोद्वेगसंप्रलापाश्च
उन्मादोऽथ व्याधिर्जडता मृतिरिति दशात्र कामदशाः ॥

६६. **मणु रंजहि आयहे तीमइहे** आमां **तीमइहे=स्त्रियः** छाया करी छे; कदाच लहियानी भूल के एवुं कांइ होवा संभव छे. बाकी अर्थ तो छायानो ज ठीक छे.

६७. **समालहणु [समालंभन]** चंदन विगेरे देह शोभाववाना पदार्थो **वि. प.** मां सुरा अने अन्न लई द्रौपदीने मोकलवामां आवे छे.

६८–७०. पंक्ति ७०ना द्वितीय भागमां बे मात्रानी तूट छे. पोताना पुण्ये करीने केमे करी सिंह पासेथी छूटेली हरिणी जेम ज्यां कंक अने विराट हता त्यां करुण रुदन करती ते पहोंची.

७१–७२. सरखावो **वि. प. १७.** तां **कीचकः प्रधावंतीं केशपाशे परामृशत् । अथैनां पश्यतो राज्ञः पातयित्वा पदाऽवधीत् ॥१०**

७३–७५ सरखावो **वि. प. १६. तस्य भीमो वधं प्रेप्सुः कीचकस्य दुरात्मनः । दंतैर्दंतांस्तदा रोषान्निष्पिपेष महामनाः ॥ १४ ॥ + + + अथावमृद्नादंगुष्ठमंगुष्ठेन युधिष्ठिरः । प्रबोधनभयाद्राजा भीमं तं प्रत्यषेधयत् ॥ १७ ॥ तं मत्तमिव मातंगं वीक्षमाणं वनस्पतिम् । स तमावारयामास भीमसेनं युधिष्ठिरः ॥१८॥**

७४. **मरुमारमि** छायामां **म्रिये मारयामि** एम लखेलुं छे; परन्तु ए अर्थ खरो नथी. खरी रीत भारवाचक द्वित्व होवा अत्रे संभव छे. सरखावो सदर उद्धरण पंक्ति १६९. **मरुमारिउ कीचकु केण ।**

७८. **काइंनी** छाया **किमपि** त्यजी **किम्** एम छाया करवी ठीक पडशे. "ज्यां मोटो माणस ज दुश्चरितनुं आचरण करे, त्यां सामान्य माणस करे शुं ?"

८१. **नियर्कीलइं मच्छुडु कहिं मि गय** "पोतानी क्रीडाए (=स्वैरताथी) एकदम क्यांक गया छे.' मच्छुडु=मंछुडु. सरखावो **भ.क. ९. ५. १-२. तं पिक्खतु मुसइ मइविभउ "अत्थि किंपि सुहकम्महो संभउ । सच्चउ संविहाणु फलु दीसइ लइ मंछुडु सुहिसंगमु होसइ ॥ मंछुडु, मच्छुडु=मंक्षु**

८२. **जुप्पइ [युज्यते] सि. हे. ८ । ४ । १०९ ।**

८४. **कउहंतरकसणीकरणखमु** दिशाओना अंतरने श्याम करवा समर्थ एवुं अंधारुं.

८७. **उज्झर** प्रवाह; **वल्लर**=वन **दे. ना. ७. ३६. वल्लरमरणं ।**

९०. **पइं जीवंतयण मइु पही भइय अवत्था** तृतीयानो सति

सप्तमीना अर्थमां प्रयोग **भइय** < सं. **भवित***; **एही** रूप पण जोवा जेवुं तो छे ज.

१००. **पुराइयरुक्खु** पूर्वजन्मरूपी वृक्ष.

११३. **नरिंदहे** युधिष्ठिर तरफथी.

११४. **अज्जोणिय-कल्लोणिय** आजनुं, कालनुं; लगाडेलो प्रत्यय जोवा जेवो छे.

११६. **तुंगि** रात्रि. **अदृश्यमानस्तस्याथ तमस्विन्यामनिंदिते ।** वि. प. २२. ३७.

११७. **गय णियथलि हेलणु दुमयसुय**-आने **गय नियय-निहेलणु दुमयसुय** द्रुपद राजानी सुता पोताने गृहे गई. **निहेलणु-दे ना.** ७. ५१. **णिहेलणमगारजघणेसु ।**

१२४. **णत्थि हत्थिहयसाहणइं** आ वाक्यमां नाम बहुवचनमां छे ज्यारे **णत्थि** एकवचनमां छे; परन्तु **णत्थि**नो अव्ययात्मक प्रयोग जे अर्वाचीन गूजरातीमां रूढ छे ते अपभ्रंशमांथी आवतो देखा दे छे.

१२५. **किं कमलसमाणु ण मुहकमलु** आमां उपमान कमलनी पुनरुक्ति छे. ए दोष छे.

१२७. **लइ** आज्ञार्थ बीजो पुरुष एकवचन √**ला**

१२७. **मंठ दे. ना.** ६. १११. टीका **मंठो बंध इति केचित्पठन्ति ।**

१११. **जं** करतां **तं** सुधारो ठीक थशे.

१३६. **जहि सीहु कुरंगहो कमु करिवि** जेम सिंह मृग तरफ फाळ मांडीने.

११७. **घंघु. दे. ना.** २. १०५. **घरे घंघो ।** घर सरखावो गु. घंघोलिउ.

१३७. **पिडु** 'पाइअसद्दमहण्णवो' आ शब्दनो 'अधीनता' अर्थ नोंधे छे. **पेटक**नो अर्थ 'कांइ पकडवा माटे आंगळीओसहित लंबावेलो हाथ' एम पण थाय छे

१४४. **वसुमइ-अवहरणु** भीमनी वसुमती नामनी स्त्रीने ते वरो गयो अने तेने लीधे कीचकने भीमसेनना हाथे मरवानुं हतुं.

१४६. **मत्थाणयरुमां म्** उच्चारसरलता खातर उमेरवामां आवेलो छे.

१४६-१४८ पांडव अने द्रौपदीनां ओळखाण भीम कीचकने करावे छे.

१५८. **आहित्थ** दे. ना. १. ७६. **चलियकुवियाउलेसु आहि-त्थो । महि** शब्दना प्रयोगमां पुनरुक्तिदोष आवेलो छे.

१६९. **ओहुल्लिय** दे. ना. १. १५७. मां **ओहुर** शब्द छे; **ओहुरं च खिण्णम्मि** । टीकामां **ओहुरं अवनतं स्रस्तं चेत्यवन्तिसुन्दरी** । **भ. क. १४. ११. ५. कोवि भणइं नवि बंधमि फुल्लइं जाम न वइरिमुहइ ओहल्लइं** । परन्तु छंदने अनुसरी **भ. क.** मां **ओहुल्लइं** वांचवुं ठीक छे; अने 'खिन्न' अर्थ बरोबर बेसे छे आ शब्द **उद्+√फुल्लना** विरोधार्थी धातु **अव+√फुल्ल**मांथी उत्तीर्ण थएल होवो जोईए. सरखावो गू. '**पाक ओलाइ** गयो.'

१७०. **पंचजणाहिय्ण** पंचजन=सर्वे जन, आखुं जगत; तेना शत्रुरूप.

१७१. **णिज्झाइउ [निध्यात]** 'जोयुं' ना अर्थमां.

१७७. **उहुनो पश्यन** अर्थ कर्यो छे; परन्तु आ पाठ सुधारी **इहु** के **एहु** करी तेनो **एषः** अर्थ करी कीचकने लागु पाडी शकाय.

१७८. आ पंक्तिनो अर्थः-"आम त्यारे प्रभात थवानी राह जोवानी य शी जरुर छे अने वळी राजाने पूछवानी य शी जरुर छे ?" **वि प. २३. ददृशुस्ते ततः कृष्णां सूतपुत्राः समागताः । अदूराच्चानवद्यांगीं स्तंभमालिंग्य तिष्ठतीम् ॥ ४ ॥ समवेतेषु सर्वेषु तामूचुरुप-कीचकाः । हन्यतां शीघ्रमसती यत्कृते कीचको हतः ॥ ५ ॥ अथवा नैव हन्तव्या दह्यतां कामिना सह । मृतस्यापि प्रियं कार्यं सूतपुत्रस्य सर्वथा ॥ ६ ॥ ततो विराटमूचुस्ते कीचकोऽस्याः कृते हतः । सहानेनाद्य दह्येम तदनुज्ञातुमर्हसि ॥ ७ ॥ पराक्रमं तु सूतानां मत्वा राजाऽन्वमोदत** । एटले **वि. प.** मां कीचको राजानी रजा ले छे; आपणी कथामां तेओ रजा लेवानी जरुर जोता नथी.

१८०. **सवडंमुहु** दे. ना. ८. २१. **सवडंमुहो अहिमुहे** ।

१८२. **वि. प. २३. १२. जयो जयंतो विजयो जयत्सेनो जयद्बलः** ।

१८३. **कुहिणिहि=रथ्यासु** दे. ना. २. ६२. **कुहिणी कुप्पर-रच्छासु** । जुओ **वि. प. २३. ततः स व्यायतं कृत्वा वेषं विपरिवर्त्य च ॥ १७ ॥ अद्वारेणाभ्यवस्कंद्य निर्जगाम बहिस्तदा । स भीमसेनः**

प्राकारादारुह्य तरसा द्रुमम् ॥ १८ ॥ श्मशानाभिमुखः प्रायाद् यत्र ते कीचका गताः । स लंघयित्वा प्राकारं निःसृत्य च पुरोत्तमात् । जवेन पतितो भीमः सूतानामग्रतस्तदा ॥ १९ ॥

१८४. **नोक्खि** सि. हे. ८।४।४२२. नवस्य नवखः । गू. नोखी नव+स्वार्थ प्रत्यय (क्क >) क्ख = नवक्ख के नोक्ख. श्री. नरसिंहराव < प्रा. अण्णवक्खय < सं. अन्यपक्षक G. L. L. Part I. p. 371.

१८७. **णवणाय पणट्ठ पइट्ट कहि** नवनागो एटले कीचकना सो भाईओ नाश पाम्या. एम वात प्रसरी. कहि 'कथा' ए विचित्ररूप छे; परन्तु आवां रूपो अपभ्रंशमां बनतां हतां.

१८८. **पल्लट्टु** सि. हे. ८।२।६७. पर्यस्तं; ते उपरांत ८। २। ४७। G. P. 130, 285.

१८९. **अणिहयमल्लु** अनिहत एटले हार्या नथी तेओमां मल्ल एटले श्रेष्ठ.

१९०. आ पंक्तिनी छाया सुधारी वांचोः केकेयीं शिक्षयति " सैरन्ध्रीं निवासात् प्रतिसारय " आ माटे जुओ वि. प. २४ सुदेष्णामब्रवीद्राजा महिषीं जातसाध्वसः । सैरंध्रीमागतां ब्रूया ममैव वचनादिदम् ॥

१९२. **भविति** देवो.

१९४. **पच्छण्णपउत्तिहिं** गुप्तप्रवृत्तिओथी, गुप्त संज्ञाओथी.

१९५. **अप्पणउ णिहेलणु जाइ** = संस्कृतछाया सुधारो आत्मनः गृहं याहि । जाइ < जाहि < सं. याहि.

१९५. **सुजेट्ठ** [सुज्येष्ठा] वि. प. मां सुदेष्णा; जिनसेनना हरिवंशपुराणमां सुदर्शना नाम छे.

२००. आ पंक्तिमां सइंभुनी मुद्रा छे.

॥ चतुर्थमुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

हरिवंशपुराणनो संधि १०३ आ चोथा उद्धरण तरीके लेवामां आव्यो छे. त्रिभुवन स्वयंभुए तेना बापे अधुरुं राखेलुं हरिवंशपुराण केवी रीते पूरुं कर्युं तेनी चर्चा पण त्रीजा उद्धरणना प्रवेशकमां करेली होई तेनी पुनरुक्ति अहिं आवश्यक नथी. आ उद्धरणमां आपेली आदिगाथा अने छेवटनां समाप्तिवचन तथा गाथा, आ संधि त्रिभुवननो छे ए बतावी आपे छे. आ उद्धरणमां २५ कडवक छे. भाषावैचित्र्यना मुद्दाथी कर्ताए आ संधि रच्यो छे. एने लीधे आ भाग झाझो कोइए वांच्यो होय एम हाथप्रत परथी लागतुं नथी. वळी भाषा अपरिचित होवाथी लहीआए जेवुं वांच्युं एवुं लख्युं; अने वधारामां पोते य अढळक प्रमादो घूसाड्या होय तो तेमां कांइ नवाई जेवुं नथी. आ उद्धरण त्यारे ज शुद्ध थशे ज्यारे आपणने आ ग्रन्थनी चार पांच हाथप्रतो मळशे. नहि तो आथी ज आपणे संतोष मानवो रह्यो.

२. भाषावैचित्र्यः—

कडवक १–५. मागधिका भाषामां छे, एम कर्ताना कहेवाथी अने भाषाना स्वरूप उपरथी मालम पडे छे. सि. हे. ८।४।२८७।—८।४।३०२। सुधी मागधीनी चर्चा करी छे. आ मागधीनां लक्षण संपूर्णतया आपणा कडवकमां देखा देतां नथी खास फेरफार र् नो ल् अने प्रथमा एकवचनमां ए प्रत्यय एम छे. जेम सामान्य अपभ्रंशमां महाराष्ट्री अने शौरसेनी प्रथमा एकवचनना ओनो उ करवामां आवे छे, तेम प्रथमाना एने अहि इमां फेरवी नाखवामां आव्यो छे; कोइ वार र् रहेवा पण दीधेलो देखा दे छे. कडवक ३ मां र्नो ल् बीलकुल करवामां आव्यो नथी. भाषावैचित्र्य खातर ज आ कडवक मूकवामां आव्यां छे ते तो देखाई ज आवे छे.

कडवक. ११. मां ढक्कागासाकडवयं एम लखेलुं छे. मृच्छकटिकना टीकाकार पृथ्वीधरे अने मार्कण्डेये प्राकृतसर्वस्व १६मां आ भाषानी चर्चा करी छे. मार्कण्डेय आ भाषाने अपभ्रंश तरीके नथी गणावतो. तेने मते तो आ विभाषा छे. परन्तु ते हरिश्चन्द्र नामना लेखकने प्रा. स. १६. २.मां

टांके छेः हरिश्चन्द्रस्त्विमां भाषामपभ्रंश इतीच्छति । अने तेना मतनो निरास करतां कहे छे के अपभ्रंशो हि विद्वद्भिर्नाटकादौ प्रयुज्यते । पृथ्वीधर भरतनाट्यशास्त्र । १७ । ५३ । नो विभाषानी गणतरीनो श्लोक टांकी ए विभाषाओने ज अपभ्रंश तरीके गणावे छेः-अपभ्रंशे—शकाराभीर-चाण्डालशबरद्रमिडोड्जाः । हीना वनेचराणां च विभाषाः सप्त कीर्तिताः ॥ त्यार पछी ते कहे छेः-ढक्कभाषापाठकौ माथुरद्यूतकरौ । माथुरनो भाषानुं दृष्टांत नीचे प्रमाणे छेः —

माथुरः—अले भट्टा, दशसुवण्णाह लुद्धु जूदकरु पपलोणु पपलीणु । ता गेण्ह गेण्ह । चिट्ठ चिट्ठ दूरात्पदिट्ठोऽसि । (मृ. क. निर्णयसागर. प. ४७)

माथुरः—अले, विप्पदीवु पादु । पडिमाशुण्णु देउलु । (विचिन्त्य) धुत्तु जूदकरु विप्पदीवेहिं पादेहिं देउलं पविट्ठु । (प ४८)

माथुरः- एसु तुमं हु जूदअरमण्डलीए बद्धोऽसि । (प. ४९)

माथुरः—तस्स जूदकलस्स मुट्ठिपहालेण णासिका भग्गा । (प. ५७)

पृथ्वीधरनी ढक्कीमां (१) उकार प्रथमा अने द्वितीयामां (२) रनो ल् विकल्पे थाय छे. (३) स्नो श विकल्पे थाय छे. (४) हु=खलु देखा दे छे. (५) स्स छठ्ठीमां छे. उपरना विशेषोमां विशेष (४) अने (६) महाराष्ट्री प्राकृतमां छे; (२) अने (३) मागधीनी असर बतावे छे; ज्यारे (१) अपभ्रंशने अनुवर्ते छे. पृथ्वीधर जाते ज कहे छेः लकारप्राया ढक्कविभाषा । संस्कृत-प्रायत्वे दन्त्यतालव्यसशकारद्वययुक्ता च । पृथ्वीधरनी ढक्कीनुं मागधी तरफनुं वलण आम जणाई आवे छे.

मार्कण्डेय प्रा. स. १६मां[1] ढक्कीनी विशिष्टता आ प्रमाणे बतावे छेः-(१)

---

१. मार्कण्डेय प्रा. स. १६ः—

टाक्की स्यात् संस्कृतं शौरसेनी चान्योन्यमिश्रिते ।
हरिश्चन्द्रस्त्विमां भाषामपभ्रंश इतीच्छति ॥
अपभ्रंशो हि विद्वद्भिर्नाटकादौ प्रयुज्यते ।
उत्स्यात्पदान्ते बहुलं ए च टः-हं हुमौ भ्यसः ॥
आमो वा-हं किमादेः स्यात्प्राग्दीर्घश्च विधीयते ।
त्वमित्यर्थे तुङ्ग भवेत्-अहमथऽस्मिहुंममाः ॥
ममेत्यर्थे महुं च स्यात् यथा जिध-तथा तिध ।
दिङ्मात्रमुक्तमुन्नेयं शेषं शिष्टप्रयोगतः ॥

उ प्रथमा अने द्वितीया एकवचनने अन्ते (२) तृतीया एकवचनने अन्ते ए दा. त. खग्गे पहरसि; खग्गेन पण थाय (३) भ्यः=हं के हुं दा. त. घरहुं पलिदु. रुक्खहं पडिदु (४) छठ्ठी बहुवचन=हं के हुं (५) किम् जेवा सर्वनामनुं हं आगळ काहं अने काणं (६) त्वम्=तुज्झ दा. त. तुज्झ सर्वविद्याप्रवीणु (७) अहम्=हुं, अम्मि, मम (८) मम=मह्नुं (९) यथा=जिध अने तथा=तिध. मार्कण्डेय ढक्कीनुं दृष्टांत टांके छेः-राउ असमसमरैकमल्लु मअणमणोहरदेहसोहु सकलशास्त्रार्थविद्याप्रवीणु । आ उदाहरण तो सामान्य अपभ्रंश जेवुं ज छे. बे चार विशिष्ट प्रयोगो सिवाय खास अपभ्रंशथी जुदी पडती कोइ भाषा होय एवी विशिष्टताओ तो टाक्कीमां नथी ज. माथुरनी भाषाथी मार्कण्डेयनी टाक्की जुदी छे.

आपणा उद्धरणमां आपेली ढक्कीमां आ प्रमाणे विशिष्ट लक्षणो देखा दे छे. (१) प्रथमा एकवचनमां उ (२) भवदि अने संभवदि शौरसेनीना जेवां रूपो. (३) हु=खलु (४) छठ्ठी एकवचनमां स्स रूप. (५) से=तस्य महाराष्ट्री अने अर्धमागधीमां देखा देतुं रूप. आ उपरांत बीजां लक्षणो जणातां नथी. आटला उपरथी भाषानुं स्वरूप नक्की करवुं मुश्केल छे वळी आखुं कडवुं एक वैदग्ध्य देखाडवा खातर ज लखेलुं छे; एटले मूळगत तत्त्वो आछां सांपडे छे.

मृच्छकटिक, प्राकृतसर्वस्व के आपणा उद्धरण परथी आ भाषामां खास तत्त्वो कयां होवां जोईए ए नक्की करवुं मुश्केल छे. प्रो. पीशल G. P. Einleitung 26. मां मृच्छकटिकनी ढक्की उपर टीका करतां कहे छे, "शौरसेनी अने मागधी प्रमाणे ज, ढक्कीनी बाबतमां हाथप्रतोना पूरावा विश्वनीय नथी; अने वळी ढक्कीनुं साहित्य एटला ओछा प्रमाणमां छे के ए भाषा केवी हशे तेने माटे कोइ पण प्रकारनी चोखवट थइ शके एवी नथी."

आ भाषानुं नाम ढक्की हशे ? प्रो. पीशल G. P. Ein. 26. मां कहे छे के ढक्की ए पूर्वबंगाळना ढक्का उपरथी हशे. प्रो. पीशलनुं मानवुं भूलभरेलुं छे. कदाच ते मृच्छकटिकनी ढक्कीनो मागधी असर परथी आ अनुमान बांधवा दोराई गएला होवा जोइए. ग्रीअरसने (J. R. A. S. 1918. P. 875-883) एम बताव्युं के आ भाषानुं खरुं नाम टाक्की होवुं जोईए अने ते भाषा अर्वाचीन रजपुतानाना ईशान प्रदेशमां एटले जयपुर, टोंक अने पंजाबना अग्निकोणमां बोलाती होवी जोइए. ग्रीअरसनना अभिप्राये,

टाक्की अने गौजर अपभ्रंश एटले के सामान्य अपभ्रंश लगभग सरखा छे; तेथी करीने पूर्वोक्त निर्णय तेमणे बांध्यो छे. राजशेखरनी काव्यमीमांसा (G. O. S. I. P. 51.) नो श्लोक चोक्खुं कहे छे: सापभ्रंशप्रयोगाः सकलमरुभुवः टक्कभादानकाश्च । आ उपरथी फलित थाय छे के मारवाड, टक्क अने भादानक एटले के ग्वालीअर बाजुनो प्रदेश-आ देशोमां अपभ्रंशनो व्यवहार हतो अने टाक्की भाषा अपभ्रंशनी एक बोली होवी जोईए ए विधानमां कल्पनातिरेक नथी. एनी उकारबहुलता आ मान्यताने टेको आपे छे.

१. उद्धरणवस्तु:—

आ उद्धरणनुं नाम बलपण्हु=बलप्रश्नः छे तीर्थंकर नेमिनाथ द्वारका आवे छे. समवसरण भराय छे. नेमिनाथ धर्मोपदेश करे छे. त्यार पछी बलदेव प्रश्न करे छे. "आ द्वारावतीनो नाश कोनाथी अने केवी रीते थशे?" नेमिनाथ भविष्य भाखे छे. "द्वैपायनना शापथी द्वारामतीनो नाश थशे अने कृष्णनुं मृत्यु जरत्कुमारना बाणथी थशे." आ भविष्यवाणी सांभळी सर्व यादवो अने यादव स्त्रीओना मनमां शोक व्यापे छे. केटलाक प्रव्रज्या ले छे अने दुष्कर तप आदरे छे. आ कथा दिगंबर परंपराने अनुसरे छे. आ कथानी श्वेतांबर परंपरा जैनागमग्रन्थोना आठमा अंग-अंतगडदसाओमां वर्णवेली छे; तेमां बलदेव नहि पण कृष्ण नेमिनाथने प्रश्न पूछे छे.

देशपरदेश विहार करी नेमिनाथ साधुसमुदाय साथे आवे छे अने रैवतक पर्वतना उद्यानमां वास करे छे (१) त्यारे कृष्ण पोतानुं सिंहासन मेली शिर नमावी सात पगलां भरी नेमिनाथने प्रणाम करवा जाय छे. (२) त्यार पछी बलदेव तेमने वांदवा जाय छे. (३) एमनी पाछळ सात्यकि, चारुणि सढरि, द्वैपायन इत्यादि यादवो, पोतानी स्त्री, मित्र अने शिष्य सहित मकरांक=प्रद्युम्न नेमिनाथने वांदवा जाय छे. (४) त्यार पछी रुक्मिणीनो पुत्र भानुकुमार वांदवा जाय छे. (५) आ कडवुं विषम छे; परन्तु कृष्णनुं वर्णन अहिं फरीथी करवा प्रयास छे. वर्षाऋतुना मेघसमा कृष्ण आगळ चाल्या; अने आ रीते कृष्ण, बलदेव अने बीजा यादवो साथे वांदवा चाल्या (६) आ रीते समवसरण थयुं अने नेमिनाथ तेमां लक्षित थया हता तथा देवो तेमने निहाळता हता (७) बलदेव अने गोविंद नेमिनाथनी स्तुति करे छे (८) आ प्रमाणे स्तुति करी यादवो समवसरणमां मनुष्योने बेसवाना कोठामां बेठा. (९) कृष्ण अने नेमिनाथनी प्रश्नोत्तरी आ कडवामां छे. (१०) जेम जेम नेमिनाथ भगवान धर्म कहे छे, तेम तेम

यादवोने आनंद थाय छे; अने एमनां वचनामृतो सांभळी सांभळी तेमने अभाव नथी थइ जतो. (११) बलदेव प्रश्न पूछे छे, " आ द्वारकानो क्यारे विनाश थशे ? " नेमिनाथ उत्तर दे छे, " आजथी बारमे वर्षे." (१२) बलदेव फरी प्रश्न पूछे छे, " त्यारे कृष्णनुं शुं थशे ? " नेमिनाथ जवाब दे छे " मद्यने लीधे अने द्वैपायनना शापथी द्वारामतीनो विध्वंस थशे; (१३) पछी कृष्ण कौशांबीवनमां जशे ज्यां जरत्कुमारना हाथे तेमनुं मृत्यु थशे." त्यार पछीनां कृष्णनां जन्मांतरो अने मोक्ष क्यारे थशे ते नेमिनाथ कहे छे. (१४) आ सांभळी बलदेवनुं मुख मेंस जेवुं काळुं थई गयुं अने बधा य यादवोने शोक थवा लाग्यो. (१५) प्रद्युम्न चिंता करे छे. " सर्वज्ञनुं बोल्युं मिथ्या थतुं नथी. यादवोनो तथा द्वारकानो पूरो विनाश थशे. " आम संकल्पविकल्प करी कांचनमाला सहित तेणे तप आदर्युं. (१६) भानुकुमार, बीजा यादवो अने कृष्णनी राणीओए पण प्रद्युम्ननी पाछळ दीक्षा लीधी. (१७) बधा जनोए जातजातनां व्रत लीधां, तेनुं वर्णन आ कडवामां करवामां आव्युं छे. (१८) द्वैपायनने पोता थकी आ सर्व विनाश थशे, एथी चिंता थवा लागी एटले ते पूर्वदेशमां गयो अने त्यां तप करवा लाग्यो. (१९) जरत्कुमार पोताने हाथे ज कृष्णनो घात थशे एम विचारी पोतानां धनुष्य बाण लई दूर वनमां चाल्यो गयो.(२०) आ प्रमाणे थवाथी कृष्णने बधुं शून्य लागवा मांडयुं. बलदेवना सारथि सिद्धार्थे एट-लामां बलदेवनी आज्ञा मागी. (२१) बलदेवे अनुज्ञा आपी अने सिद्धार्थे घोर तप आदर्युं. बलदेव अने कृष्ण नेमिनाथने नमीने त्यांथी गया. अने राजकाज छोडी शोकनिमग्न थया. (२२) नेमिनाथनी धर्मप्रवृत्ति विविध प्रकारे वर्णवी छे. (२३) (२४) आ प्रमाणे प्रद्युम्न इत्यादि मुनिओ नेमिनाथ समक्ष तप आचरवा लाग्या अने सर्व जनो भविष्यना क्लेशथी पीडित थई हर्ष अने विषादने पाम्या. (२५)

४. छंदोरचना:—

आखुं य उद्धरण भ्रष्ट छे; एटले छंदनो मेळ वारंवार तूटे ते स्वाभाविक छे. उद्धरणने मथाळे प्राकृतगाथा छे, सामान्य रीते गाथा १२+१८। १२+१५॥ मात्राना मेळे होय छे प्रस्तुत गाथामां १२+१६ । ११+१४ ॥ मात्राओ छे. गाथानो अर्थ तो स्पष्ट छे; पण छंदनी दृष्टिए ते भ्रष्ट होवा वधारे संभव छे.

आखा उद्धरणमां २५ कडवक छे. आखा संधिने उद्धरण तरीके लेवामां आव्यो छे. आदिमां आखा संधिनो एक ध्रुवक छे. दरेक कडवकना आदिमां

हेला छे. हेला ए एक प्रकारनो ध्रुवक ज छे. हेलानो छंद ६+४+४+४+४ =२२ मात्रानो छे. छं. शा.[1] प्रमाणे आ छंद उदाहरणमां चार पंक्तिनो छे. जे जे स्थळे हेलामां मात्रानी भ्रष्टता आवी छे, त्यां त्यां टिप्पणीमां नोंध लीधी छे. कडवक ११ मां हेला नथी.

घत्तानो छंद[2] बात्रीसमा कडवक सुधी २२ मात्रानो सामान्यतः कही शकाय; जो के भ्रष्टताने परिणामे हेलानी माफक घत्तामां पण मात्रानो मेळ संपूर्णतया देखातो नथी. कडवक २३नी घत्ता १४+१३=२७ मात्रा मेळे छे. कडवक २४नी घत्ता १६+१३=२९ मात्रा मेळे छे. कडवक २५नी घत्ता १५+१२=२७ ना मेळे छे.[3]

कडवकना देहमां केटलांक कडवकमां जुदा जुदा छंदो छे. कडवक १मां १५ मात्रानो एकम छे अने दरेक बे पंक्तिए अन्त्यानुप्रास छे. आ छंद तृतीय उद्धरणनो पारणक छंद होई हेमचन्द्रना उदाहरणने पूर्ण रीते अनुगमतो नथी. कडवक २ मां १६ मात्रानो छंद होई बे पंक्तिओ अन्त्यानुप्रासे छे. ६+४+६= १६ ए प्रमाणे आ छंदनो यतिक्रम छे. एक प्रकारनी पज्झडिआ आ छन्दने कही शकाय. छेवटना गणने अंते (– –) बे द्विमात्रिक स्वरो छे. कडवक ३. मां १६ मात्रानो छंद छे. बे पंक्तिए अन्त्यानुप्रास छे पण बीजा कडवकथी फेर गणने अंते(⏑ ⏑)बे एकमात्रिक स्वर ए छे. छंदनुं नाम मूळमां मत्तमातंग आप्युं छे. आ छंदमां पण ६+४+६=१६नो यतिक्रम छे. आने पण पज्झडिआनो प्रकार कही शकाय. कडवक ४.मां पण पज्झडिआ ज छे. कडवक ५. मां

---

१. षश्चीर्युग्जो लीर्वा हेला । षण्मात्रचतुर्मात्रचतुष्टयं समस्थानगतो जा लीर्वा हेला ॥ यथा,

> कोअंडं पमूणरइअं गुणो महुयरा
> बाणा कामिणीण नयणा विलासगहिरा ।
> समयतणू जडो सहयरो तुसारकिरणो
> हेलाए तहावि भुवणं जिणेइ मयणो ॥

२. आ हेलाछंद ज कही शकाय.

३. छं. शामां आ छंदोनां नामः—४२ (अ) १४+१३=अनंगललिता; ४९ (ब) १६+१३=ओहुल्लणक; १५+१२ = राजहंस.

द्विपदीसमुदायनो छंद छे. आ आखुं कडवक भ्रष्ट छे; एटले छन्दनी मात्रानो निर्णय करवो एटलो सहेलो नथी. कडवक ६.मां द्वितीय पंक्ति साथे अन्त्यानुप्रासी २२ मात्रानो छंद छे. आ कडवकमां पण भ्रष्टता बहु छे. कडवक. ७. मां २० मात्रानो छंद छे. कडवक भ्रष्ट छे. कडवक. ८.मां दरेक चरणनी १८ मात्रा छे. आ कडवक पण भ्रष्ट छे. कडवक ९-१३. मां १६ मात्रानो पज्झडिआ छे. कडवक. १४.मां १५ मात्रानो पारणक छे. कडवक. १५. मां प्रतिपादयमक शब्दालंकारयुक्त १६ मात्रानो पज्झडिआ छे. कडवक. १६. मां १५ मात्रानो पारणक छे. कडवक. १७-२५.मां १६ मात्रानो पज्झडिआ छंद छे. हाथ-प्रतनी भ्रष्टता आ उद्धरणना छंदोविवेचनमां मोटुं विघ्न छे.

५. **टिप्पण:—**

१-२. १२+१५नी मात्रामेळयुक्त **उपगीति** आ गाथा होय एवो संभव छे; मात्रानो मेळ मूळपाठमां मळतो नथी, ए पाठनी भ्रष्टता बतावे छे. मूळ हाथप्रतमां **तिहुवणे** हतुं ते सुधारी **तिहुवणो** करेलुं छे.

३. **वम्मीसर**=कामदेव. दे.ना. ७.४२.आ शब्द प्रचलित हतो. सरखावो छं.शा.पत्र ३१ (अ) २९ मा छन्दनुं दृष्टान्तः--**वम्मीसरकंचणतोमरललिया दिट्ठा छुडु सुंदरि चंपयकलिआ । घुलिओ छुडु दक्खिणओ गंधवहो विलसिओ ता पहियाण मणोरहो ॥**

५-६. आ प्रथम कडवकना देहनी माफक मागधीमां छे ध्रुवा कडवकना देहनी माफक ज मागधीमां ज छे. ध्रुवानो अर्थ **जिनसेन हरिवंशपुराण** सर्ग. ६१. श्लो. ११-१३ ने अनुसरी कर्यो छे; ते श्लोक नीचे प्रमाणे छे:—

ततः सुरवराभ्यर्च्यो नानाजनपदाञ् जिनः ।
विजहार महाभूत्या भव्यराजीं प्रबोधयन् ॥
उदीच्यान्नृपशार्दूलान्मध्यदेशनिवासिनः ।
प्राच्यानपि प्रजायुक्तान् स धर्मे स्थापयन् बहून् ॥
विहृत्य चिरमीशानः पुनरागत्य पूर्ववत् ।
गिरौ रैवतिके तस्थौ समवस्थानमंडनः ॥

प्रस्तुत ध्रुवानुं मुख्य क्रियापद तो घत्तामां छे. ध्रुवानो अर्थ आ प्रमाणे छे:—" मध्यदेशमां प्रवेशी अने मध्यदेशमांथी पूर्वदेशमां सर्व राजाओने, वैश्य,

द्विज अने क्षत्रियने धर्म संभळावी...(घत्ता) (१५-१६) बहु काळे पोताना मुनिओ साथे भ्रमण करी पुनः पाछा रैवतकना उद्यानमां नेमिजिनेश्वर आव्या.” कडवकना देहमां तो बधां नेमिनाथनां विशेषणो छे. नेमिनाथ यादवकुलना हता अने कृष्ण बळदेव इत्यादिना वडेरा हता.

७. हर ११. उद्धरिय १४. तामरसि आ स्थळोए र्नो ल् करवो जोईए. १४. मां तो तामलसिनी साथे ज कलसिनो अनुप्रासराग बराबर जामे. केटलेक स्थळे प्रथमा एकवचननो रहेलो ए, इ समान ज लघु वांचवो.

१३. थेलासण=स्थविरासन ब्रह्मानुं आसन एटले कमळ. दे.ना.५.२९. गोलव=गौरव, अभिमान अभिमानरूपी कमळना निर्मळ चंद्र जेवा; एटले के जेम चंद्रने जोतां कमळ वीलाइ जाय तेम अभिमान मात्र नेमिनाथने जोतां वीलाई जतुं.

१३. सल्लत्तय–आधि, व्याधि, उपाधि.

१५. बहविं कालेण=बहुना कालेन, बहविं ए खास रूप छे. भ. क. संधि. १७, कडवक ४. नी घत्ताः–बहविं कालेण पइविरहमहादुह-खेविय।

१८. २२ मात्राने बदले १९ मात्रा छे. ३ मात्रानी तूट छे.

२१. पायसणिप्पेहुणकलणाय अस्पष्ट छे. अर्थ समजातो नथी. णिप्पेहुण=मयूर अर्थ लई छायामां मात्र अर्थनिर्वाह कर्यो छे.

२२ धुल < धउल=धवल; सामान्यतः कृष्णनां वस्त्र धवल नहि परन्तु पीत कहेवाय छे.

२२. आ पंक्तिमां अने आखा कडवकमां वर्णवेलां कृष्णनां बाल्यकालनां पराक्रम जैन तेमज अजैन परंपरामां सरखां ज छे. विशेष जिज्ञासुए जिनसेननुं हरिवंशपुराण अथवा श्रीमद्भागवतपुराणनो दशमो स्कंध जोवो.

२९. आ पंक्तिमां कृष्णनी सामान्य बाल्यकाळनी क्रीडा वर्णवी छे. लंगदि=रंगति क्रीडाना अर्थमां; कमळ तोडवानी क्रीडा माटे सरखावो जिनसेन–हरिवंशपुराण ३६. ८–१०.

३०. माउल = मामो कंस.

१७. णिमल्लि ने बदले णिम्मलि वांचो.

१९. वेणुदारि एक राजानुं नाम छे. ह. पु. ५०. श्लोक ८५.

वेणुदारी च विक्रान्तः । बलदेव जेणे रणयुद्धमां वेणुदारी नामना शत्रुने भयभीत कर्यो हतो.

४३-४४ घत्ता २१ मात्रानी छे. आखी घत्तामां श्लेष छे. रेवती अने रोहिणी (नक्षत्रनां नाम) थी विभूषित तथा मघा अने हस्त नक्षत्रथी युत चंद्र जेवो पत्नी रेवती अने माता रोहिणी साथे मोटा हाथी पर जतो बळदेव लोकोथी गणायो.

४५-५६. आखुं कडवक. ४. प्रद्युम्नने लागु पडे छे. संस्कृतछायामां बधा य यादवोने लागु पाडी जे अर्थ करवामां आव्यो छे ते तद्दन अघटित अने खोटो छे. अण्णु=अन्यः-प्रद्युम्न. जे=यः (मागधी). जे पराक्रमो कडवकना देहमां वर्णववामां आव्यां छे ते प्रद्युम्नने लागु पडे छे.

४६. सच्चइ-चारुणि-सढरी-दीवायणाऽणिरुद्धा — यादववीरोनां नाम-सात्यकि, सारण, [चारुणि (?) भ्रष्टपाठ] सढरी (?), द्वैपायन, अनिरुद्ध.

४७. मरंकि=' स्मित सहित ' अर्थ छायामां लीधो छे ते खोटो समजवो; मूळ मयरंकि = मकरांकः, कामदेव, प्रद्युम्न अर्थमां ए शब्द लेवो सुसंगत छे. सरखावो सदर उद्धरण पं. २०६. आ प्रमाणे पाठ लेवाथी मात्रानी भ्रष्टता दूर थई चरणनो मात्रामेळ मळशे.

४८. प्रद्युम्न रुक्मिणीनो पुत्र तेथी ज रुक्मिणीना मनरूपी भुवनने आनंद आपनार ए विशेषण मूकवामां आव्युं छे.

४९. जे कंचणमालापरिहरणें—कंचनमाला प्रद्युम्ननी स्त्रीनुं नाम छे. सरखावो सदर उद्धरण पंक्ति. २०५.

५०. जे सोलसमहलंभावर्णिण—कालसंबर विद्याधरने त्यां प्रद्युम्नने थएल सोल लाभ; जुओ जिनसेन. ह पु. ४७ श्लो. १०-४४. षोडशेष्वपि चैतेषु लाभस्थानेषु मन्मथम् लब्धानेकमहालाभं दृष्ट्वा विस्मितमानसाः॥

५१. जे कुरुखंधावारविणासि—ह. पु. ४७. श्लो. ९८. ततः शाबरसेनाभिः विद्यया विकृतात्मभिः । दुर्योधनबलं जित्वा कन्यामादाय खं ततः ॥ आ रीते दुर्योधननी सेनानो पराजय करी तेनी उदधि नामनी कन्याने प्रद्युम्न परण्यो.

५२. जे दुज्जोहणपहुसंकासि—जेणे दुर्योधनने मदद करी हती. कृष्ण पांडवोना पक्षमां हता ज्यारे कौरवोना पक्षमां आखुं य यादवकुल हतुं.

५१. **तवसुय [तपःसुत]** युधिष्ठिर. **णर=**अर्जुन.

५४. **बंदिणजणअब्भुद्धरणि** जेणे केद थएला जनोने छूटा कर्या हता.

५७. प्रथम पंक्ति भ्रष्ट छे; एक मात्रा खूटे छे; एटले प्रथम पंक्तिनो कांइक भाग अस्पष्ट रहे छे. **ताव हियोलियहिं** अस्पष्ट छे.

५८. **भाणुकुमार** सत्यभामानो पुत्र.

५९–६२. कडवक ५.ना देहनो भाग घणो ज अस्पष्ट अने भ्रष्ट छे. मात्रामेळ कोइ पंक्तिनो बरोबर मळतो नथी. **द्विपदी**मां १२ मात्रा होवा संभव छे, अने त्यार पछीना छंदमां एटले पं.६१–६२मां १४ मात्रा होय. मूळमां आ छन्दने **मागधिका** छन्द तरीके ओळखाव्यो छे. केटलोक भाग अस्पष्ट छे. संस्कृतछाया एमांथी अर्थ काढवानी प्रकाशदिशा तरीके ज गणवानी छे.

६७–६८. घत्ता श्लेषात्मक छे. ध्रुवकमां भानुकुमारने चंद्र साथे सरखावी, कडवकमां अनेक विशेषणोथी तेनी प्रशंसा करी छे. घत्तामां प्रद्युम्ननां वखाण करी तेने सूर्य साथे सरखावी भानुकुमारनी संगतिए मूक्यो छे. **कमलाणंदणु**= (१) कमला–रुक्मिणीने आनंद आपनार (२) कमळने आनंद आपनार; **वर-दीहरकरु**=(१) उत्तम दीर्घ हस्त युक्त (२) उत्तम दीर्घ कोरण युक्त.

६९–७०. **हेला** ज भ्रष्ट छे. एटले ७१–७८ पंक्तिओ कोने लागु पडे छे ते ज समजवुं मुश्केल छे. आम तो कृष्णने लागु पडती होय तेम लागे छे. जो के ए तो छन्दने अनुकूल लक्षण आपवा खातर होय तेम लागे छे.

७१. **नारायण=नारा** पाणी + **अयन** स्थान. पाणीमां वास करनार विष्णुने (=कृष्णने पोताने) प्रिय एवी कमलनी मालाने धारण करता; अष्टमीना चंद्र समा विशाल अने उन्नत भालयुक्त.

७३. **हेमल–दल**=हेमल कोइ राक्षसनुं नाम लागे छे, हेमलनुं सैन्य.

७४. **वलग्ग=आरूढ; वलग्ग < अवलग्न ।** छायामां **विलग्न** बताव्युं छे ते खोटुं समजवुं.

७५. जे देशो जीत्या तेनां नाम गणाव्यां छे.

७९. **हरि** ने छूटा पाडो. **तो हरि रामकामपमुहएहिं** इ०

७१–७८ आखुं कडवक भ्रष्ट थएल छे. सामान्यतः २२ मात्रानुं एक चरण छे. छेवटमां एनो संगीत अर्पतो अनुप्रास छे. ७८–७९ कदाच जुदो छंद होय; कारण के तेमां एनो अनुप्रास देखातो नथी. मात्रामेळ बहु त्रुटीयुक्त छे.

८१–८२. प्रथम पंक्तिमां मात्रामेळ लाववा **जगज्जणिय** वांचवुं ठीक पडशे. बीजी पंक्ति घणी ज अस्पष्ट छे. संस्कृत छाया बीलकुल संतोषकारक नथी.

८३. **भामंडल** (१) तेजमंडळ (२) भामंडल नामनो योद्धो.

८३. **सीहासण** (१) सिंहासन (२) सिंहनी गुहा.

८४. **जइमाला** (१) मुनिओनो समूह (२) काव्यनी पंक्तिनी वचमां अटकवानां स्थळोनो समूह (The group of caesura). आ पंक्तिमां छन्दनो मेळ लाववा आदि **णावइ** ने बदले **णं** वांचो.

८९–९०. बीजी पंक्तिमां २१ मात्रा छे, जे खरी रीते २१ जोईए.

९१–१०१. नेमिनाथनी स्तुति. छन्द २८ मात्रानो छे.

९२. ४ मात्रा कमी छे; एटले छेवटना भागनो अर्थ बेसतो नथी.

९३. **कुवइ** कु=पृथ्वी+पति=राजा.

९४. **खवण** ने बदले **खवणय** वांचो; नहि तो एक मात्रा तूटशे. ' जेना यतिवर्गमांथी कामदेव दूर थयो छे ' एम अर्थ कराशे.

९५. ९. मात्रा वधारे छे. पंक्ति बहु ज भ्रष्ट छे. **जयथी** पंक्ति आरंभाती नथी ए वळी तेना दूषणनो पूरावो छे.

९८. मात्रामेळ लाववा **वलय** अथवा **जडिल** दूर करवुं पडशे. तेम ज **मल्लिणिदियाण** वांचीशुं तो वधारे स्पष्टता आवशे.

९९. **ईसि** वांचवुं; नहि तो एक मात्रा खूटशे, पंक्ति अस्पष्ट छे; परंतु नेमिनाथनो श्यामदेह आछां कुसुमथी समुज्ज्वलित थयो हतो तेनुं वर्णन छे.

१०० **कमलाभव** वांचो, नहि तो मात्रा खूटशे. पंक्ति अस्पष्ट छे.

१०५. **णरकोट्टइ** समवसरणमां माणसोने बेसवानो कोठो.

१०६. **भूरिसउ=भूरिश्रवाः** एक राजा जेने यादवोए सहायों हतो.

१११. **चक्केसरु** = चक्रवर्ती जरासंधने उद्देशी ए शब्द वापर्यो होवो जोईए.

११५. **कोडिसिल** एक योजन उंची कोटीशिला कृष्णे केवल चार अंगुलीना बळथी उछाळी हती. जुओ. ह. पु. सर्ग. ३५. श्लो. ३२–४०

१२५. **सव्वण्हु** सरखावो सदर उद्धरण पं. ११५. अर्वाचीन हींदीमां दिन्हा < प्रा. दिन्न.

१२९. **केवलवरलोयण**-कैवल्य ए ज जेनुं उत्तम नेत्र छे, अथवा कैवल्य तरफ ज जेनुं उत्तम नेत्र छे ते.

१३५-१४१. टाक्की भाषानुं कडवुं. चर्चा माटे आ उद्धरणनी प्रस्तावना जुओ. आखा कडवकमां यादवोनां नामो गणाव्यां छे. केटलांक नामो बीजा ग्रन्थोमांथी शोधी कढातां नथी. केटलांक नामो ह. पु. ५०.११३-१३३ अने त्रि. श. पु. (हेमचन्द्र) मां मळे छे.

१३७. **जउणसिदस्स दिवायणस्स** यमुनामां रहेला द्वैपायनने; जैन॰ परंपरा द्वैपायनने यादवोमां गणे छे. **कुसुमसर**=प्रद्युम्न; अने तेनो पुत्र ते अनिरुद्ध.

१४३. **सस्स**=श्वास, प्राणायम; **शश्वत्** ए छाया प्रमाणे ' सतत. '

१४४. मात्राभंग **तेव** त्यजी निवारी शकाय. **जिहं**=यत्र अर्थ करवो पडे. संस्कृतछायामां सुधारो करवो.

१४६. **णाहि** नेमिनाथने. आ हेलामां २१ मात्रा छे; ज्यारे आवश्यक छे २२ मात्रा.

१४७. रोहिणी अने दशार्ह (=यादवो) नो लघु भ्राता वसुदेव - ते बन्नेनो पुत्र बलदेव. दश दशार्हो:-**समुद्दविजयो अक्खोभो थिमिओ सागरो हिमवं । अयलो धरणो पूरणो अभिचंदो वसुदेवो त्ति ॥**

१५२. **जिण सत्थेण** हे जिनदेव शस्त्रथी द्वारिकानो विनाश ज नथी थवानो. **सत्थ**=शस्त्र, शास्त्र, सार्थ, शस्त्र एम अनेक संस्कृत शब्दोनुं ते प्राकृतरूप थाय छे. उपरनो अर्थ योग्य लागवाथी स्वीकार्यो छे.

१५५. **दारहो** अने **दारहोनो** अन्वयमक.

१५६-१५७. घत्तानी प्रथम पंक्तिमां पूरी २२ मात्रा छे; ज्यारे बीजी पंक्तिमां बे मात्रा खूटे छे.

१५८-१५९ हेला २२ मात्रानी छे. बीजी पंक्तिनो छेल्लो अक्षर हाथप्रतमां नथी.

१६०. **पासहो**-मारफते-through ना अर्थमां

१६७–१६८ घत्तानी प्रथम पंक्तिमां २२ मात्रा छे; ज्यारे बीजी पंक्तिमां २१ मात्रा छे.

१६९. **चंडकंड–काण्ड**नो अर्थ 'शर' 'सोटो' एम बे छे. 'सोटो' अर्थ लईए तो धनुषनी पणछ बांधवानो सोटो.

१६९–१७०. आ हेलानी प्रथम पंक्तिमां १२ अने बीजी पंक्तिमां १९ मात्रा छे एटले ३ मात्रा खूटे छे.

१७१. **परमाउ** इ० आ चरणमां एक मात्रा खूटे छे. **णिरुहणि** वांचीए तो मात्रा मळी रहे. **पसुणिरुहणि**=पशुनुं निरोधन करनार एवा जराकुमारथी. **परमाउपवण्णु**=पोताना परम आयुने पामेला एवा कृष्ण.

१७४. **विच्छोइं** < **विच्छोह** (दे. ना. मा. ४. ६२.) = सं. **विक्षोभ**. भविसयत्तकहामां **विच्छोअ** शब्द प्रयुक्त छे. महाप्राणलोप–Disaspirationनुं दृष्टान्त. पूर्वगत सोष्मव्यंजननी असरथी आ लोप थवो संभवित छे.

१७७. **पंचमइं**ने बदले **पंचमए** अन्त्यानुप्रासने अनुकूल थशे.

१७८. **अट्ठमउ रामु** आठमा राम, जैनपुराणो प्रमाणे बलदेव.

१७९. आ **वचन** सांभळी नरेन्द्र काळोमेंश पडी गयो.

१७९–१८०. आ हेलामां पूरी २२ मात्रा छे. १८० मां **थियउ** ने बदले **थिउ** वांचो; **गिंभयाले**मां छेल्लो ह्रस्व छे.

१८१–१९१ आखुं कडवक प्रतिपादयमक छे.

१८४ **काम** प्रद्युम्न: आ पछीनी बधी पंक्तिओमां सुभानु, भानु, शंब, अनिरुद्ध, निषध, नंद, द्वैपायन, पञ्जर, सारण, सात्यकि, इ० यादवो छे. जुओ जिनसेन. ह. पु. ५०. नंद अने पंजरनां नाम शोधी शकायां नथी.

१८४. **सरामहो रामहो** = पत्नीसहित (सह + रामा) बलभद्रनो देह कंपे छे.

१८५. **असुभाणुहिं** संस्कृत छायामां **अ=च** अर्थ लीधो छे; अने 'सुभानु' एक यादवनुं नाम, एम अर्थ कर्यो छे. **असवः एव भानवः यस्य सः** एम अर्थ पण करी शकाय. 'आत्मा ए ज जेना प्रकाशरूप छे.'

१८५. **सविलासंबहो** । **अंब=ताम्र** अर्थ दूराकृष्ट छे. **अंब=**

आम्ल खाटा मनवाळो. आ प्रकारनो अर्थ प्राकृतमां थाय छे. आ अर्थ लेई **स्वविलासाम्लस्य** पोताना विलासो प्रत्ये जेनुं मन क्षुब्ध थई गयुं छे तेवो.

१८६. **अवलुअ** जुओ. **दे. ना. मा. १. ३६. अवलुआ=क्रोध.** प्रथम **अणिरुद्ध** = जे पोताने वारी शकतो नथी ते अनिरुद्धने क्रोध थवा लाग्यो.

१८६. **णिसढ=निःश्रद्ध** अने **निषण्ण** एम बे अर्थ थई शके.

१८७. **धक्कुद्धुअ** जुओ. **दे. ना. मा.** ५,६०. 'उल्लसित' **धुक्कुद्धुअंत** मंदगति, कंपना अर्थमां **भ. क.** मां छे. **गोणंद=गो** इंद्रिय+णंद आनंद=इन्द्रिओमां ज जेनो आनंद छे तेवा नंदने कंप थयो.

१८८. **दुहलु दे. ना. ५. ४३.** दुर्भाग्य; द्वीपमां निवास करता द्वैपायनने पोतानुं दुर्भाग्य लाग्युं.

१८८. जेनी भुजा ज (शत्रु माटे) पंजर समी छे, एवा पंजरने पण विकलता लागवा मांडी.

१९०. कृष्णनी राणीओनां नाम पद्मावती, गौरी, लक्ष्मणा. जुओ. **अंतगडदसाओ** (Ed. M. C. Modi) P. 25. line 11-12 **पउमावई य गोरी गंधारी लक्खणा सुसीमा अ। जंबवइ-सच्चभामा रूप्पिणि-मूलसिरि मूलदत्ता वि॥**

१९२. **जउ** पछी **उल** वांचो नहि तो बे मात्रा खूटशे.

१९३-१९४. **हेला**नी बन्ने य पंक्तिओ २१ मात्रानी छे. **सुसइ**ने बदले **सूसइ** वांचो.

१९९. **दिणिहिं** खरी रीते **दिण्ण=दैन्य** होय; परन्तु छन्दोविघ्न टाळवा **दिण.**

२०१. सरखावो जिनसेन. ह. पु. सर्ग ६३. श्लोक ४४. **इत्यनेकदिनरात्रियापनैः सोऽत्यतंद्रितमनोवचोवपुः । प्रत्यहं हरिवपुर्वहन् भ्रमन् प्रत्यपद्यत रतिं न कानने ॥**

२०४ **उहयहिं**ने बदले **उहय** वांचो: नहि तो एकमात्रा वधी जशे. **माल** राजानी पुत्री कांचनमाला अने कुरुपति दुर्योधननी पुत्री उदधि ए बन्ने ए.

२०५ जणगन्दणि-जनोने आनंद आपनार. दूसिय वांचो. घत्ता २२ मात्रानी छे.

२०७ भाणुकुमरु वांचो. भानुकुमार सत्यभामानो पुत्र.

२०९-२१२. सुभानु, यदु, सुन्दर, सात्यकि, जयंत, पुरन्दर, कृपवर्मा, सार, सारण, दुंदुभि, वृकोदर, धर, धारण, देवसेन, शिबि, तेनो पुत्र, अपराजित, चिह्न, उद्धव, कांचन, नंद, रुद्र-ए यादवोनी नामावली आपी छे.

२०९. मूळमां सारणु छे; ज्यारे छायामां सुंदर छे. एटले छाया सुधारवी.

२१४-२१६ कृष्णनी राणीओनां नाम, रोहिणी एकलीने बाद करतां.

२१६ संबलि=श्यामला वांचो.

२१९-२२० प्रथम पंक्तिमां २३ मात्रा छे; ज्यारे बीजी पंक्ति गय असेस सुरय-राग रूव-विब्भमस्स एम वांचवुं. अर्थः-तपश्चरणथी महाव्रतयुक्त स्त्रीजनोनां रूप अने विभ्रमनी सुरतपरनी सघळी आसक्ति जती रही.

२२३ विरत्तं, सम्मत्तंनी साथे लेवुं. विरत्तंमां छेवटनो त्तं अन्त्यप्रासमेळ माटे होय एम धारी विरक्ताः छायामां लखेलुं छे.

२२६. साणत्थावियाइं 'साण=शाण कसोटीनो पत्थर' ए अर्थ छायामां लीधो छे. परन्तु संज्ञा=साण अपभ्रंशनी छेवटनी कक्षामां थाय छे. अथवा सारामां सारो मार्ग तो सवणत्थावियाइं=श्रवणस्थापितानि ए प्रमाणे सुधारो करीने अर्थ करवो ए छे.

२१७ उण्णय-इत्ता=उन्नतचित्ताः के उन्नतवृत्ताः एम संस्कृत छाया थई शके.

२३२ कंज केश; केशनुं उत्पाटन करे छे.

२३३-२३४. घत्तामां २४ मात्रा छे.

२४५ दसवावालंकिउ=अस्पष्ट अर्थ छे.

२५२ उवलद्धु=ग्रहण करेलो छे, दावी दीधो छे.

२५३ खगिंदगमणु गरुडवाहन विष्णु.

२५४ सइ=स्वयं सदा, छायामां सदा छे; स्वयं वधारे ठीक छे.

२५६ एक्क+अंगणइं त्यां (कौशांबीवनमां) कृष्णने एकलुं जवुं पडशे; ज्यां पोतानी अंगनाओनो मेलाप कोइ पण रीते थई शकशे नहि. आम अर्थ

निर्वाह कराय. छायामां **एक्कंगणइ=एकाकिनी** एम अर्थ कर्यो छे. परंतु तेने माटे कांइ प्रमाण नथी.

२५७ **तत्ति** चिंता. दे. ना. ५. २०, **तत्ती**=तत्परता.

२५८–२५९ घत्ता २२ मात्रानी छे. **सोयावरुने** बदले **सोयवरु=शोकपरः** वांचीशुं तो एक मात्रा वधे छे ते नहि वधे.

२६२ संस्कृतछायामां सुधारो; **गुरुभ्रातुः सत्केन** वांचो.

२६४ **सोयविओयमइंद भयावणु** एम छूटुं वांचीए तो वाक्यनो अर्थ पूरो थशे.

२६५ **पासावय** श्वापदने अनुलक्षी (१) ने पाशमां आवी पड्यां छे ते **पाश+आ√पद्** (२) **पार्श्व+आपद्** श्रावक अने यादवोने अनुलक्षी–जेने आपद पासे आवी पडी छे ते.

२६७ **सिद्धार्थसारथिः भ्राता बलदेवनयान्वितः । बोधनं व्यसने स्वस्य प्रतिपाद्य तपोऽग्रहीत् ॥** जिनसेन ह. पु. ६१. श्लो. ४१. सिद्धार्थ बलदेवनो सारथि तेम ज भाइ हतो.

२७९–२८० बलदेव अने वासुदेव साथे जाय छे.

२८१–२८२ नो एक संबंध छे.

२८६ **पंचवग्गेण** ग्रहोना पांच भेद सामान्य रीते मानवामां आवे छे. सरखावो जिनसेन. ह. पु. सर्ग. २. श्लोक. ८४. **सप्रकीर्णकनक्षत्रसूर्याचन्द्रमसो ग्रहाः । पंचभेदास्तदानल्पवपुषो ज्योतिषो बभुः ॥**

२८५–२८६. बन्ने पंक्तिओ भ्रष्ट छे. **हेला** एटले सामान्य रीते २१ मात्रा होवी जोईए. एटले आ बे पंक्तिओ नीचे प्रमाणे वांचवी योग्य छेः—

समवसरणमंडिउ विहरेइ जिणवरिंदो ।
जिह पंचवग्गउडुगणजुओ णिसियरिंदो ॥

बीजी पंक्तिमां **पंचवग्गेण** जुदुं पाडवाथी कांइ पण अर्थ थई शकतो नथी; एटले गेरसमजथी ज कोइए ए फेरफार कर्यो हशे.

२८८ **चउविह संघ** ' साधु, साध्वी, श्रावक अने श्राविका–ए चार तीर्थोनो बनेलो संघ.

२९० **वसुविहपाडिहेर** आठ प्रकारनां प्रातिहार्य–एटले के समवसरणमां जिनेश्वरने सेवती वस्तुओः—

अशोकवृक्षः १ सुरपुष्पवृष्टि २ र्दिव्यध्वनि ३ श्चामर ४ मासनं ५ च। भामण्डलं ६ दुन्दुभि ७ रातपत्रं ८ सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ वसु संज्ञाथी 'आठ' समजवानुं छे.

२९१ **वसुदहदोस** वसु=८+१० एटले १८ प्रकारना दोषथी विमुक्त.

२९२ **दंसण** जुओ **तत्त्वार्थ १. २. तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्।** एना उपरथी टीका.

२९३ **वयपासाए** व्रतरूपी प्रासाद उपर. बार व्रतो–५ अणुव्रत + ३ गुणव्रत + ४ शिक्षाव्रत.

२९४ **सामाइउ–सामायिकव्रत** जुओ **तत्त्वार्थ. ७. १६. (भाष्य) सामायिकं नामाभिगृह्य कालं सर्वसावद्ययोगनिक्षेपः।** ते ज प्रमाणे **पोसहु:–पौषधोपवासव्रतम्।** सदर भाष्यः–**पौषधोपवासो नाम पौषधे उपवासः पौषधः पर्वेत्यनर्थान्तरम्। सोऽष्टमीं चतुर्दशीं पञ्चद-शीमन्यतमां वा तिथिमभिगृह्य चतुर्थाद्युपवासिना + + + धर्म-जागरिकापरेणानुष्ठेयो भवति ॥**

२९५ **सचित्तचाउ** जेमां जैनमत प्रमाणे जीव छे एवा पदार्थोना भोजननो त्याग.

२९८ **आरम्भाइवज्जणु–आरंभः प्राणिवधः।** इत्यादिनो त्याग जुओ **तत्त्वार्थ०** ६. ९. अने भाष्य.

२९९ **उद्दिट्ठाहारविवज्जणु**–साधुने उद्दिष्ट करीने एटले तेने निमित्ते बनावेला एवा आहारनो त्याग. साधुने आ प्रकारनो आहार जैनमतानुसारे त्याज्य छे.

३०० **सावयवय** अणुव्रतो जुओ **तत्त्वार्थ** ७. १–२.

३०१ **महव्वय** साधुने पाळवानां पांच महाव्रत. **तत्त्वार्थ०** ७. १–२.

३०१ **चउगइ** नरक, तिर्यग्, मानुष अने देवगति. आम चार प्रकारनी गति.

३०२ **इहलक्खणमेयइं णेयाणेयइं** पांच प्रकारनां ज्ञानः–१ मतिज्ञान २ श्रुतज्ञान. ३ अवधिज्ञान. ४ मनःपर्ययज्ञान. ५ केवलज्ञान. आथी विरुद्धनां पांच अज्ञान. अने ते ज प्रमाणे ज्ञेय अने अज्ञेय.

३०३ **चक्कि** सामान्य रीते कृष्णनुं विशेषण होय छे; परंतु अहिं तो

नेमिनाथना विशेषण तरीके मूकवामां आव्युं छे. आ विशेषण जिनसेन ह. पु. मां घणे स्थळे चक्रवर्ती राजा अथवा प्रभावशाळी व्यक्तिने माटे वापरे छे.

३०६ महुमहाणिसंतु-संस्कृतछाया प्रमाणे विष्णुथी अन्वेष्यमान.

३०६-३०७. २९ मात्रानी घत्ता छे.

३०९ ते अने दुद्धरु मात्रामेळ खातर त्याज्य छे.

३११ आसण्ण ने बदले ओसण्ण=अवसन्न पूरो कर्यो छे ए अर्थमां. हाथप्रतमां तो आ छे; परन्तु संभव छे के उपरनी मात्रा रही गई होय.

३१२. पंक्ति ३११मां 'दुर्नयनो पण त्याग कर्यो छे एवा भव्यजनो' एम आव्युं; ज्यारे आ पंक्तिनो 'दुर्नयथी आवतां व्यसनादिथी पण जे विरक्त थया छे' एम अर्थ छे. एटले पुनरुक्तिदोष नथी.

३१५ पंचपयइं ने बदले पंचवयइं=पंचव्रतानि एम वांचो.

३३७ अट्टरउद्द जुओ तत्त्वार्थ० ९. २९. आर्त अने रौद्र ध्यान खराब वस्तुना अध्यवसायथी करायला ध्यानना प्रकार छे अने संसारहेतुक छे; ज्यारे धर्म अने शुक्ल ध्यान शुभहेतुक छे अने मोक्ष अपावे छे.

३१९-३२० २७ मात्रानी घत्ता छे. स्वयंभूनी नाममुद्रा छे.

३१९ विहणंतउ=विहन्यमानः ।

३१० स्थिरभावथी हर्ष अने आकुलरसथी विषाद, ए प्रमाणे जनो पाम्या.

॥ पञ्चममुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

कविना जीवननी घणी माहिती छूटा छूटा लेखोमां अने कविनी प्रसिद्ध थएल कृतिओनां पुरोवचनमां विस्तारथी आपेली मळी रहे छे. कविना जीवन अने समयनी चर्चा माटे आ लखाणो वांचवांः—(१) C. P. & Berar Mss. Catalogue Ed. Hiralal–Introduction and Extracts from Puspadanta's works in the Appendix, (२) जैन साहित्य संशोधक. ग्रंथ. २. पा. ५७-८०, १४६-१५६. (३) Jasahara-chariu of Puspadanta Ed. Dr. P. L. Vaidya, Karanja Series, Karanja, Berar, (४) Nayakumarachariu of Pu-spadanta Ed. Prof. Hiralal Jain Devendrakirti Series,

Karanja, Berar. उपर जणावेलां लखाणोमां आ ग्रंथ नीचे आपेली हकीकत तारवी काढेली छे.

पुष्पदन्तना पितानुं नाम केशवभट्ट अने मातानुं नाम मुग्धादेवी हतुं. एनां मातापिता शैवधर्मी हतां अने पाछळथी तेमणे जैनधर्मनो अंगीकार कर्यो हतो. पुष्पदन्त क्यांकथी आवी मान्यखेट (निझामना राज्यमां आ नगर आवेलुं; हाल आ स्थळे नानुं गामडुं छे.) वस्यो. मान्यखेटना राष्ट्रकूट वंशना कृष्णराज त्रीजाना प्रधान भरते अने तेना पुत्र नन्ने तेने आश्रय आप्यो हतो; अने प्राकृत काव्यो लखवा उत्तेजन आप्युं हतुं. अत्यार सुधीमां पुष्पदन्तनी त्रण कृतिओ हाथ आवी छे: (१) जसहरचरिउ Ed. Dr. P. L. Vaidya (२) णायकुमारचरिउ Ed. Prof. Hiralal Jain (३) महापुराण हजु अप्रसिद्ध परन्तु डॉ. वैद्य तेनुं संपादन करे छे.

प्रस्तुत उद्धरण महापुराण के तिसट्ठिपुरिसगुणालंकारमांथी लीधुं छे. भांडारकर ओरीएन्टल रीचर्स इन्स्टीटयुटनी हाथप्रतपरथी श्रीजिनविजयजीए नकल करावी लीधेली जे तेमणे अमने वापरवा आपी हती. तेमांथी आखी संधि ८३ प्रस्तुत उद्धरणमां लेवामां आव्यो छे. त्यारबाद डॅा. पी. एल वैद्ये पण कृपा करी तेमनी पासे जे प्रतो हती तेनी साथे तुलना करी आपी सूचनो अने पाठांतरो जणाव्यां हतां. कवि पुष्पदन्तना पोताना जणाव्या प्रमाणे तेणे महापुराण सिद्धार्थ संवत्सरमां आरंभ्युं अने क्रोधन संवत्सर आषाढ शुद १० ने सोमवारे = जुन इ. स. ९६५ = वि० सं० १०२१मां पूरुं कर्युं.

२. उद्धरणवस्तुः—

आ उद्धरणमां जे वस्तु चर्चवामां आवी छे ते ज वस्तु वसुदेवहिंडि (सं० श्रीचतुरविजयजी अने पुण्यविजयजी)मां विस्तरशः आपवामां आवी छे. जिनसेनना हरिवंशपुराणमां पण ते आपवामां आवी छे.

द्वारिकामां समुद्रविजय राजा राज्य करतो हतो. वासुदेव तेमनो कनिष्ठ भ्राता हतो. ते बहु ज रूपाळो हतो. एक दिवस ते उत्तम गज पर स्वारी करी नगरमां फरवा नीकळ्यो. एने जोई स्त्रीओ प्रेमविवश बनी गई. (१) भान भूलेली स्त्रीओनी प्रेमविवशतानुं वर्णन कवि करे छे. नगरनो पुरुषवर्ग स्त्रीओनी आवी विवशता जोई समुद्रविजयने फरियाद करे छे. समुद्रविजय वसुदेवने समझावे छे " शा माटे धूळ अने तापमां शरीर खराब करे छे? तारे जे क्रीडाओ करवी होय ते प्रासादमां कर." कुलस्वामी समुद्रविजयना आ बोलने वसुदेवे केटलाक दिवस मान आप्युं.

एक दिवस तेना सहायके तेने समझण पाडी के, " तुं तो निरोधनमां छे. अने नगरलोकोए तने बंधनमां नंखाव्यो छे." आ वचन सांभळी तेणे राजमहेलमांथी नीकळवा यत्न कर्यो; पण प्रतिहारोए तेने अटकाव्यो अने कह्युं, "तमारा हित माटे तमारुं निर्गमन राजाए अटकाव्युं छे." (५) वसुदेव रात्रे महेल छोडी श्मशानमां आवी पहोंचे छे. श्मशाननुं वर्णन कवि करे छे. (६) श्मशानमां वसुदेवे एक बळतुं मृतशरीर जोयुं. तेणे पोतानां वस्त्राभरणो ते मृतदेह पर नाख्यां. एक पत्रमां पोताना मरणनी वात लखी, ते पत्र पोताना घोडाना गळे बांध्यो; अने पछी ते यथेष्ट चाली नीकळ्यो. सवारमां तो महेलमां खबर पडी. राजाए बधे य वसुदेवनी शोध करावी. छेवटे श्मशानमां राजाना एक चरे घोडो अने तेने गळे बांधेलो पत्र जोयो. तेणे ते लावी राजाने आप्यो. राजाए ते वांच्यो. स्वजनोए श्मशानमां मडदुं बाळ्युं; अने हाहाकार थयो. (६) नव दशार्ह बंधुओ शोक करवा लाग्या. समुद्रविजयनी पत्नी शिवादेवीनो विलाप आपवामां आव्यो छे. नैमित्तिको राजा समक्ष जोष भाखे छे के सो वर्षे वसुदेवकुमारनो मेळो थशे. (७) आ तरफ वसुदेव विजयनगर आवी पहोंचे छे. अने उद्यानमां आराम ले छे. उद्याननुं श्लेषात्मक वर्णन. वसुदेवना पुण्यसामर्थ्यथी सूकां वृक्षोने पान आवे छे. राजाना जोषीए भविष्य भाख्युं हतुं के जेना तळे बेसवाथी सूकुं वृक्ष लीलुं थई जाय, ते युवान राजकुमारीनो वर थशे. आ बनेलुं उद्यानपाले जोयुं अने तेणे ते राजाने जणाव्युं. (८) आ सांभळी राजा जाते त्यां आव्यो; अने तेणे युवान राजकुमारने नगरमां प्रवेश कराव्यो. पोतानी दीकरी श्यामादेवीने राजाए वसुदेव साथे परणावी. केटलाक दिवस पोतानी प्रिया साथे रही, वसुदेव बहार नीकळ्यो अने देवदारुना वनमां प्रवेश्यो. वननुं वर्णन. त्यां तेणे एक सरोवर जोयुं. (९) सरोवरनुं वर्णन. क्षीरसमुद्रमां रहेला मेरुपर्वतसमा हाथीने तेणे सरोवरमां निहाळ्यो. (१०) हाथीनुं वर्णन; वसुदेवनुं तेनी साथे युद्ध; वसुदेवनी जीत. विद्याधरे अंधकवृष्णिना पुत्र वसुदेवनुं आ पराक्रम जोयुं; अने तेणे वसुदेवने उंचकी लीधो. (११) पछी विद्याधर वसुदेवने अशनिवेग नामे यक्षराज पासे लई गयो; अने तेणे तेने जणाव्युं " आने विंध्यगज हराव्यो छे; माटे ज्ञानीओए कह्या प्रमाणे आपनी दुहितानो आ वर छे." अशनिवेगे पोतानी राणी पवनवेगाथी जन्मेली सामरी नामनी कन्या साथे वसुदेवने परणाव्यो. वसुदेवे बहु दिवस प्रेममां आसक्त थई गाळ्या. एक वार ते सूतो हतो त्यारे अंगारक नामना विद्याधरे तेने जोयो. " विवेकहीन मामाए आ भूमिचर जनने पोतानी सुता आपी छे ! " आम बोली तेने पोतानी बाथमां लई ते ऊड्यो अने सामरी तेनी पाछळ ऊडी. वसुदेवना हाथमां वसुनंदक नामनी अजेय तरवार

हती. (१२) आ तरवार जेवी अंगारक उपर वसुदेवे खेंची के तरत ज वसुदेवने अंगारके छोडी दीधो. सामरीए पोताना पतिने नीचे पडतो देख्यो के तरतज पर्णलघुक विद्यार्थी वसुदेवनी तेणे प्रतीक्षा करी. बीजी बाजुए सामरीए वैरी अंगारक उपर हल्लो कर्यो. वैरी नाशी गयो. मदनसमान वसुदेव चंपापुरनगरनी बहार पडयो. वसुदेवे नगरजनने नगरनुं नाम पूछयुं. लोको आ प्रसिद्ध नगरना नामना तेना अज्ञानने माटे एने मुग्ध कही हसवा लाग्या. तेमणे तेने कह्युं "वासुपूज्य जिनना जन्मथी समृद्ध एवी आ चम्पापुरी छे." आ सांभळी वसुदेवे नगर जोयुं अने नगरनो विद्वज्जनोथी शोभतो सभामंडप पण जोयो. त्यां चारुदत्त नामे एक वणिक्पुत्र रहेतो हतो. तेने गंधर्वदत्ता नामे एक पुत्री हती. ए कन्याए विद्याधर तेमज मानवने वीणावादनमां जित्या हता. (१३) वसुदेवकुमार त्यां गयो. कन्या एने जोतांवेंत मन्मथबाणथी विद्ध थई. वसुदेव हस्यो अने कह्युं, " जो के मारो हाथ स्वरस्थान पर सारी रीते चाली शकशे नहि छतां य वीणा हुं वगाडीश." पछीथी पांच दश वीणा रजु करवामां आवी. वसुदेवे बधी य वीणामां खोड बताववा मांडी. उत्तम वीणा क्यां छे ते संबंधी तेणे आख्यान कहेवा मांडयुं:—

"हस्तिनापुरमां एक राजा हतो. तेने पद्मावती नामे राणी हती. तेने विष्णु नामे ज्येष्ठ पुत्र हतो, (१४) अने पद्मरथ नामे नानो पुत्र हतो. अर्हतने नमी राजा तेना मोटा दीकरा साथे ऋषि थवा माटे वनमां गयो. पद्मरथ राज्य करवा लाग्यो. तेने बलि नामे निपुण मंत्री हतो. एक दिवस राजाए तुष्ट थई तेने वर मागवा कह्युं. बलिए कह्युं, " कोइ दिवस हुं कांइ मागुं तो तमे ते आपजो." थोडोक समय गयो. एटलामां अकंपन नामे मुनिवर त्यां आव्या. पहेलां बलिने आ मुनिए वादविवादथी हराव्यो हतो, एटले तेणे वेर लेवानो निश्चय कर्यो. (१५) बलिए पोताने राजाए आपेलो वर सम्भारी राजा पासे तेणे सात दिवसनुं राज्य माग्युं. राजाए ते आप्युं. वैदिक कर्मकांड बलिए चलाव्यो. मांसमदिरा पीवावा लाग्यां. साधुसंघ ते पापिष्ठ बलिए पीडवा मांडयो. (१६) श्रुतिवचनोथी श्रवण पूरावा लाग्या. धूमाडाथी धूळ वधवा लागी. दररोज भीषण दुःखोथी धीर जनो पीडाता हता, छतां तेओ पिशुन जन पर रोष करता नहि; आ बाजुए, पेला पिता अने तेनो पुत्र विष्णु तप करता हता. तेमणे श्रवणनक्षत्र कंपतुं जोयुं. विष्णुए पोताना पिता घनरथऋषिने आनुं कारण पूछयुं. ऋषिए जणाव्युं के, " गजपुरमां बलि मुनिओने दुःख दे छे. सज्जनोनी पीडा बधांयने भारे लागे छे; तेथी ज नक्षत्र थरथरे छे." विष्णुए पूछयुं " आनो कांइ उपाय ?" बापे कह्युं, " तुं गजपुर जा, अने तारा चम-

त्यारनी समृद्धियी ऋषिना उपसर्गनो नाश कर. (१७) अद्‌भुत वामनरूप धारी तुं त्यां जजे, अने बलि पासे निवासस्थान मागजे. ए तने निवासस्थान आपवा वचन आपे के तुं आकाशे अडजे." पछी तो ते विप्र मुनिना वेषमां बलि पासे गयो. नवा राजाए तेने जोयो अने वर मागवा कह्युं. विष्णुए त्रण पगलां जेटली जगा मागी. आटलुं ज माग्युं एथी बलि हसवा लाग्यो. परन्तु विष्णुए तो वधवा ज मांड्युं. एक पगलुं तेमणे मंदर पर्वत उपर मूक्युं. बीजुं पगलुं मानुषोत्तर पर मूक्युं. (१८) त्रीजुं पगलुं उंचुं कर्युं पण ते मूकवा माटे स्थान न हतुं. देवो अने विद्याधरोए तेनी अर्चना करी त्यारे त्रीजुं पगलुं तेणे खेंची लीधुं. आ समये तेणे देवोए आपेली घोषवती वीणा वगाडी हती. पद्मरथे पोताना ज्येष्ठ भ्राताने संतुष्ट कर्यो अने बलि-द्विजकिंकरने मारी नाखवा कह्युं. विष्णुए रोष न करवा कह्युं. आ प्रमाणे ऋषिसंघने उपद्रवमांथी मुक्त करी विष्णु वनमां चाल्यो गयो. (१९)

—विष्णुए वगाडी हती ते वीणा मने लावी आपो; अने गन्धर्वदत्ता जो ते मारी आगळ वगाडे तो बीजाओना अपवादने ते दूर करी शके." वणिक्पुत्र हस्यो अने गजपुरथी तेणे ते राजाना वंशज पासेथी वीणा मंगावी आपी. वसुदेवना हाथथी ज ते वीणा वागी; अने तेना संगीतथी गन्धर्वदत्ताना हृदयमां तीखुं कामदेवनुं बाण पेठुं. (२०) गन्धर्वदत्ता साथे वसुदेव परण्यो. आ उपरांत बीजी सातसें विद्याधर कन्याने ते परण्यो. थोडाक समयमां ते अरिष्टनगर आव्यो. त्यां हिरण्यवर्मा नामे राजा राज्य करतो हतो. तेने पद्मावती नामे राणी हती. तेमने रोहिणी नामे पुत्री हती. रोहिणीए जरासंध इत्यादि राजाओने त्यजी वसुदेवने वरमाला आरोपी. बीजा राजाओए हिरण्यवर्माने जरासंध साथे कन्या मोकली दई तेनी साथे वैर न बांधवा समजाव्यो. (२१) हिरण्यवर्माए मान्युं नहि. युद्ध थयुं. युद्धमां समुद्रविजय राजा जरासंध तरफथी वसुदेव सामे आव्यो. बन्ने वच्चे तुमुल युद्ध थयुं. वसुदेवे पछीथी पोताना नामथी अंकित बाण समुद्रविजय प्रति फेंक्युं. ते समुद्रविजयना पग आगळ पडयुं. तेणे ते उपाडी लीधुं; अने ते परना अक्षरो वांच्या. (२२) समुद्रविजय जो के बळवान हतो, छतां पण रथ परथी ऊतर्यो अने आम वसुदेव पण सत्वर ऊतर्यो. तेओ मळ्या अने एक बीजाने भेट्या. वसुदेवना पराक्रमनां वखाण समुद्रविजये कर्यां. दशे य दशार्हो पोताने नगर गया. वसुदेवे अनेक खेचर अने मानुषी कन्याओ साथे भोग भोगव्या. रोहिणीए बलदेवने जन्म आप्यो. बळदेव पूर्वे शंख नामे ऋषि हतो; जे मृत्यु पछी महाशुक्रकल्पना देव तरीके भोग भोगवी अने पछी च्यवी नवमा सीरी = राम तरीके जन्म्यो हतो. पुष्पदंतना (नवमा तीर्थंकरना) तेजमांथी तेणे तेज मेळव्युं हतुं.

३. **छंदोरचनाः—**

आ उद्धरणमां २३ कडवक छे. कडवकनी पंक्तिसंख्या निर्णीत नथी. आदिमां आखा कडवकनुं एक ध्रुवक छे. दरेक कडवकने अन्ते घत्ता छे. घत्ता अने ध्रुवक ११+१२=२३ मात्रानी बे पंक्तिनां छे. **छं. शा.** ६. पत्र ४० (अ)मां आ छंदने **अरविन्दक** कह्यो छे: **ओजे एकादश समे द्वादश अरविन्दकम्।** **यथा,**

प्रिअहि मुहु अरविंदु चलनयण इंदिंदिरु
दंतकंति केसरउ लच्छिविलासह मंदिरु ॥

कडवक ५ मां **भुजंगप्रयात** छंद छे. ते गणवृत्त छे. य गण (⏑‒‒) नी चार फेरो आवृत्ति थतां एक चरण बने छे. जुओ **प्रा० पिं०** पान. ४४०:-

धओ चामरो रूअओ सेस सारो ठए कंठए मुद्धए जत्थ हारो
चउच्छंद किज्जे तहा सुद्धदेहं भुअंगापआअं पए वीसरेहं ॥

ध्वज (⏑‒) + चामर (‒) = ⏑‒‒ ने चार वार पुनरावृत्त करी एक पादमां वीस मात्रा करीए तो जेम हार कंठे बेसे छे तेवो हे मुग्धे भुजंगप्रयात थाय.

कडवक १०मां **स्खलित** छंद छे; ते गणवृत्त छे. **छं. शा.** २. पत्र १० (अ) **भजस्नाद्गौ स्खलितम्। भ** (‒⏑⏑) **ज** (⏑‒⏑) **स** (⏑⏑‒) **न** (⏑⏑⏑) **परौ गौ** (‒‒) **यथा,**

पुष्पशर रम्यतनुता सलवणत्वं वाङ्मधुरता चतुरता बहुकलत्वम्।
सर्वमपि चास्य सुभगस्य रतये मे केवलमिदं व्यथयति स्खलितगोत्रम् ॥
महिता कांता वनमयूरश्चेत्यन्ये।

चरणनो छेल्लो ह्रस्व दीर्घ तरीके ज गणाय छे एटले प्रस्तुत कडवकना चरणोना ह्रस्वने दीर्घ तरीके गणवामां बाध नथी. सामान्य रीते गणवृत्तमां पण प्राकृतमां एक गुरुने बदले बे लघु मूकवानो पद्धति छे. आने लीधे केटलीक अनियमितता कडवक १० नी छंदोरचनामां आवी छे.

बाकीनां कडवकमां चगणचतुष्क एटले १६ मात्रानो **पज्झडिआ छे,** जेनुं विवेचन प्रथम उद्धरणमां करेलुं छे.

प्रस्तुत उद्धरण छपाया पछी डॉ. पी. एल. वैद्ये पोतानी प्रेस कोपी साथे सरखावी, जे खास स्थळे तेमनी कोपीमांथी पाठान्तर आपवां ठीक जणायां, ते स्थळे ते नोंधी मोकली आपवा कृपा करी हती. तेमनां पाठान्तर टिप्पणमां (प.) तरीके नोंध्यां छे.

४. टिप्पणः—

१ णायाणाय [ज्ञाताज्ञातं] संस्कृतछाया न्यायान्यायं पण थई शके. सरखावो. चारैः पश्यन्ति राजानः ।

३ उइय ए मूलना उइउ उपर सुधारो छे (प.) उयय वांचे छे, जे मूळ परना सुधाराने अनुमोदन आपतो पाठ छे अने ग्राह्य छे.

४–६ व्यतिरेकालंकारे करो कवि वसुदेवनी उत्कृष्टता वर्णवे छे. "जाणे सहस्रनेत्र विनानो इन्द्र, कुसुमना शर विनानो जाणे जाते ज कुसुमायुध (=कामदेव), जाणे खाराश विनानो लावण्ययुक्त रत्नाकर (=समुद्र), कपट विनानो जाणे दामोदर, राहुथी अग्रस्त जाणे सूर्य, आखा जगत्‌ने संक्षोभ पमाडनार जाणे जिनदेव.

५. णं अक्खारु सलवणु रयणायरु मूळमां अखारु करी सल-वणुने घटित कर्युं छे. जो अक्खारु करीए तो सलोणु के सलुणु वांचवुं जोईए. आ पंक्तिमां व्यतिरेक अने विरोधाभास ए बे अलंकारोनो संकर छे.

६. अमलदेहु णावइ उज्जोयणु – (प.) अमलदेहु णावइ उग्गउ इणु वांचे छे. छापेला मूळ पाठनो अर्थ " जाणे राहुथी (मलदेहथी) अग्रस्त सूर्य." एम अर्थ थशे. (प०) प्रमाणे अर्थमां तो कांइ फेर पडतो नथी; 'जाणे राहुथी अग्रस्त सूर्य ऊगेलो होय तेवो. इणु=इनः सूर्य. उज्जोयणु = सूर्य जुओ. पा. स. म.

७. सिरि (प०) सिर. परन्तु सिरि अर्थनी दृष्टिए उत्तम छे.

८. चत्तरि (प०) चच्चरि.

९ एकावली अलंकार. 'ए पुरुष नहि के जेणे दृष्टि नाखी नथी अने ए दृष्टि नथी के जे एना तरफ वळी नथी.'

१० मणुअ सुधारेलो पाठ. मूळ अने (प०) मणुउ. सचरंतु ने बदले संचरंतु वांचो.

१२ तिलु तिलु – 'जरा जरा' आ शब्दनो बीजे वपराश मळ्यो नथी.

१३ कालंबिणि (प०) कालंबिणि सरखावो दे. ना. २. ५९. तणुघणेसु कालिंबा । सरखावो मदीयमतिचुंबिनी भवतु काऽपि कादंबिनी । कादंबिनी = मेघलेखा.

१४ वम्मइं आदि म् = व्

१५. णीसासि (प०) णीसासें

१६. मि = (प०) वि बधा य स्थले (प०) वि ज राखे छे.

१७. पयंधणु=(प०) परंधणु=प्रबंधन.

१८. पियविओअयखेपं कंपइ; मूळमां पियविओअजखेपं, (प०) पियविओअजरखेपं वांचे छे. पियविओअजरखेपं=प्रियवियोगज्वरखेदेन आम करी जने कायम राखी मात्राभंग दूर करी छंद सचवाय.

२२. बिउणावेढु णियंबद्दो दिण्णउ कारण के एक फेरो वस्त्र भीनुं थवाथी पारदर्शक बनतां ते ढांकवा ए ज भीना वस्त्र उपर ए ज वस्त्रनो बीजो छेडो वींटाळ्यो.

२४. मुअ=मृता मरी गई (प०)=मुअ; मुअइ सुधाराथी तो उलटी एक मात्रा वधी जाय छे एटले मुअ ए ज पाठ वांचवो उत्तम छे.

२५. (प०) विसरेवि; परन्तु वीसार(=रि)विथी अर्थभ्रष्टता थती नथी.

२६. संत्यज्य काचित्तरुणी रुदंतं स्वपोतमोतुं च करे विधृत्य।
निवेश्य कट्यां त्वरया व्रजंती हासावकाशं न चकार केषाम्॥

३०. एक तहिं=तत्र अने बीजुं तहिं=तस्मै, वसुदेवाय.

३४. (प०) कुवारें=कुमारैः । जो के तृतीया एकवचनने बहुवचनमां लेवुं पडे छे. विहुवारेंमां पण ए ज संकट आवे छे. जुओ जिनसेननुं ह. पु. १९. १४. अन्यदा पुरवृद्धास्ते समुद्रविजयं नृपम् । नत्वा व्यजिज्ञपन्नित्थमुपांशु पिहितान्तरा ॥

३७. जाउ जाउ पय कहि मि पयावइ = यावत् यावत् पदं कुत्रापि प्रवापयति । " हे भट्टारक ज्यारे ज्यारे क्यांय पण ते कुमार पगलुं मांडे छे त्यारे त्यारे दुःखथी जीवाय छे. " आ प्रमाणे पण अर्थ घटावाय.

४२. झेंडुय–कंदुकनुं प्राकृतमां गेंदुय अने मराठीमां चेंडुय रूप छे. झेंडुय पण ते ज प्रकारनुं रूप होवा संभव छे. झंडुय मुद्रित थयुं छे ते सुधारी झेंडुय करो. (प०) प्रंगणि वांचे छे.

४३. णिट्ठ ने बदले (प०) णिद्ध वांचे छे. ते ज पाठ ग्राह्य छे. णिद्ध =स्निग्ध, वळी आज पंक्तिमां रमणीने बदले (प०) रमणीय वांचे छे परन्तु ते पाठ स्वीकारवाथी एक मात्रा वधी जशे.

४६. विअसेहिं (प०) दिअहेहिं

४७. अहिं वार्तामां बीजा वृत्तांतो करतां फेर छे. बीजा वृत्तांतोमां व-

न्दनाधि समालम्भन एक दासी लई जाय छे. ए दासीने वसुदेव जुवे छे. वसु-देव समालम्भन मागे छे; परन्तु दासी तेने उपालम्भ दई कहे छे के, "तुं तो केदी छे." वसुदेव ते झूंटवी ले छे. आ वृत्तान्तमां सहाय एटले कोइ दास मारफते खबर पडवानुं कहेवामां आव्युं छे.

५०. जोक्खिउ मुद्रादोष छे. जोक्खिउ वांचो.

५१. (प०) वूढमाणो

५६. (प०) ललंततमालं । परन्तु पाठ स्वीकाराय तेवो नथी.

५८. (प०) तेम ज मूळ विहिंडंत वीरे.

६०. (प०) नृकंकाल; मूळ णिक्कंकाल मनुष्यनुं हाडपिंजर. संस्कृत छाया निष्कंकाल खोटी छे ते नृकंकाल करी सुधारवी.

६१. (प०) कीलाणुरायं पाठ सारो छे; कारण के वायंनी साथे तेनो प्रास मळे छे. क्रीडानुरागं एम छाया करवी.

६३–६४. कुलं कुण्डलिनी नाडी अकुलं तु सदाशिवम् । आ प्रमाणे कुल अने अकुलना संयोगथी व्यक्तिशरीर बनेलुं मालम पडे छे–आ प्रमाणे पोताना संप्रदायनुं तत्त्व कौलाचार्योए पोताना शिष्योने कह्युं हतुं. छायामां अकुलकुलानां संयोगे कुलशरीरमुपलक्षितम् । एम वांचो. कौलाचार्य=तान्त्रिकोना आचार्य (प०) कउलायरियहिं । घत्तामां ११+११= २४ मात्रानी छे.

६८. (प०) सयणाणंदिरु=स्वजनानन्दकः

७०. कणय बाण दे. ना. २.५६. कुसुमच्चअइस्सु कणओ य। संस्कृतछाया कनक सुधारवी.

७१. पिउवण श्मशान.

७४. (प०) बाहाउण्णइं=बाष्पपूर्णानि ।

७५. पयवई ने बदले (प०) नो पय चिरु=प्रजा चिरं ए पाठ सरळ अने ठीक छे.

७७–७८. (प०) दड्ढु ने बदले दट्ठु अने हाहाकारिवि जोइ-यउ । खरी रीते मूळमां क्रियापदनी तूट तो हती ज. (प०) नो पाठ उत्तम छे तेमां हाहाकारिवि जोइउ=हाहाकार करीने भूषणयुक्त बळेलुं मृतशरीर तेमणे जोयुं–ए स्वीकार्य छे.

८१. (प०) तृणु (प७) कोमलवउने बदले कोमलंगु.

८५. णरुने बदले (प०) पुरु

८८. आपिक्खिविने बदले (प०) आवेक्खवि । आ पंक्ति पछी (प०) नीचेनी पंक्ति वांचे छे:—

हा पइं विणु हियउल्लउं भुल्लउं को रक्खइ मेरउ कडउल्लउं
छाररासि हूयउ पविलोयउ एम बंधुवग्गें संसोइउं ॥

९०. पइं विणु सुण्णु हिमावलि माणिउ = तारा विना हिमगृहे आनन्द करवो ते शून्य छे, आम अर्थ थाय. पंजलीहि मीणावलि माणिउ (प०) आ बन्ने य पाठांतरो अने तेमांथी नीतरता अर्थ सुद्धां अस्पष्ट छे.

९२. छायामां नैमित्तिकैः वांचो.

९४–९६.विजयनगरना नंदनवनने रामायण साथे सरखाव्युं छे. श्लेषात्मक सरखामणी छे:—त्यां नंदनवन केवुं दीठुं ? मने जेवुं रामायण गमे छे तेवुं ! ज्यां भयङ्कर रजनीचरो (=राक्षसो) फरे छे; चारे य दिशामां बगलाना (लक्ष्मणना) स्वर ज्यां ऊछळे छे; ज्यां शीत जवाने लीधे (सीताना विरहने लीधे) पूंछडुं हलावतो वानर, (हनुमान) पोतानी स्त्री साथे (राम साथे) आकाश ओळंगे छे.

९७–९९. उपवनने भारत साथे सरखाव्युं छे:-ज्यां मोर (= शिव) रोमांचित थई नाचे छे; ज्यां अर्जुन वृक्षने (= अर्जुन) घडाथी (=द्रोणथी) पाणी सिंचवामां आवे छे (= स्नातक तरीके संसिक्त कराय छे.); ते ज अर्जुन ज्यां नोळीआथी (= नकुल) सेवायलो छे;—भाइ कोने प्रिय नथी होतो ? आ प्रमाणे वेलोथी ढंकायलुं अने रविना तेजने ढांकतुं उपवन भारतसमुं शोभे छे.

१००. सोहइने बदले णिवडइ वांचो. जड उपर श्लेष छे. डलयोरभेदः ए नियम प्रमाणे. ' जडने अनंगथी कोण प्रकटावे ? '

१०२. (प०) महुथेंभहिं=मधुबिन्दुभिः पाठ आपे छे.

११५. (प०) रुहचुहंति.

११६. (प०) गोंदि. मूळ पाठ गोंजि=मञ्जर्यः । दे. ना. २.९५. गोच्छागोंठीगोंडीगोंजीओ मंजरीए य । (प०) नो पण अर्थ ' मंजरी ' होवा संभव छे.

११७. णाहल [लाहल] म्लेच्छनी एक जाति सि. हे. ८।१।२५६.

११८. (प०) जहि तमालतमअविलक्खियरहु—ज्यां तमालना अंधकारथी रथ पण जणातो नथी ए रस्ता पर औषधिना तेजथी मार्ग देखाडाय छे.

११९. संयरहिने बदले सयरहि वांचो.

१२०. छण्णउ ने बदले संछण्णउ वांचो. मात्रामेळ तो ज मळशे.

१२२. (प०) सग्गहु.

१२३. (प०) झसमालि ए मूळपाठ झसणालि करतां उत्तम अने स्वीकार्य छे. आ पाठनो अर्थ:-" जनार्थी मकरादि थीतां हतां. ते मस्त हस्तीनी सूंढ पाणी छोडती कोई नवीन नालिका समी शोभती हती." अप० शमां समास बांधवामां अने तेना लिंगता साचववानो जे बेदरकारी जणाय आवे छे तेनुं आ पंक्ति दृष्टांत छे.

१२६. खुड्डवियने बदले (प०) खुड्डवियं वांचे छे; परन्तु (प०) नी वाचना छंदोभंगने कारणे अस्वीकार्य छे. ' लक्ष्मीना नूपुरने ज्यां कलहंस पाडुं पाडयुं हतुं.' एम आपणी वाचना प्रमाणे अर्थ थशे. (प०) ना नेऊर पाठने बदले नेउर वांचीए तो ते बेसे. तेनो अर्थ " लक्ष्मीना नूपुरना स्वरो ज्यां कलहंसो कढावतां हतां."

१५४. (प०) अब्भिडु सरखावो. दे. ना. १. ७८. अर्थमां फेरफार थतो नथी.

१६३. (प०) तरुकुसुमोहदिसोहपसाहिरि. आ पाठथी अर्थ स्पष्ट थाय छे.

१६५. (प०) भणंति।

१७२. (प०) कुमारु।

१८३. अवरु पउमरहु मुउ लहुआरउनो संबंध पं. १८२नी साथे छे; त्यार पछी नवुं वाक्य शरु थाय छे.

१८८. (प०) मृगपरिपुण्णहु

१८८. वुड्डिउ ने बदले वुड्डिय वांचो.

१९४. पहेलां अकम्पन नामे मुनि उज्जयिनी गएला. त्यांना अर्जन राजा पोतानां बलि, बृहस्पति, नमुचि अने प्रह्लाद नामना मंत्रीओने लई तमनी साथे विवाद करवा गएलो. परन्तु तेना प्रधानो वादमां हार्या. रात्रे

वैरतृप्ति माटे मुनिने चारे य मंत्रीओ मारवा गया; परन्तु देवताना प्रतापथी तेओ स्तंभित थई गया राजाए सवारमां आ जोयुं अने ते सर्वेने देशपार कर्या. नागपुर=हस्तिनागपुरमां बलि आ वखते पद्मरथ राजानो मंत्री थयो हतो. त्यां अकंपन मुनि आव्या. पूर्वनुं अपमान संभारी तेमनो नाश करवा ते तैयार थयो. आखा वृत्तांत माटे जुओ जिनसेननुं हरिवंशपुराण. सर्ग. २०. थोडा फेरफार साथे आ वृत्तांत वसुदेवहिंडि अंश. १. पान १२८.

१९६. णियमइणियमणु पोतानी बुद्धिने कुंठित करनार

१९७. (प०) हउं उज्जमु खवमि किं दुज्जणि ।

२००. ओलग्गिउ जुओ दे. ना. १. १६४. सेवयअपह्नावलेसु ओलुग्गो । आ ओलुग्ग शब्द परथी नाम–क्रियापद बनावी तेनुं कर्मणि भूत-कृदन्त ओलग्गिउ थवा सम्भव छे. तेनो अर्थ सेवा. मूळ शब्द अवलग्न होवा संभव छे. ओलग्ग=सेवा पा. स. म. नोंधे छे. अहिं ओलग्गिउ = वचमना अर्थमां पण होई शके.

२०४. (प०) मृगवहु.

२०६. जंगलु=मांस. (प०) अइवि अइइ । मूळनो अर्थ बंधबेसतो वधारे छे.

२०८. (प०) जणउच्छिट्ठउ पाठ सारो छे.

२०९. बहुलिय–रेणु ने बदले (प०) बहुलयरेण ।

२१०. यडिय भीसणवसणहं ने बदले पयडियभीसणवसणहं ए पाठ उत्तम छे.

२१७. जंपाण पालखी.

२१२. सरखावो. ह. पु. २०. ५३. मेरावेकक्रमो न्यस्तो द्वितीयो मानुषोत्तरे । अभावादवकाशस्य तृतीयोऽभ्रमदंबरे ॥ मानुषोत्तर पर्वत के जे पुष्करार्धने फरतो छे अने तेनी अढी द्वीपनी सीमा गणावे छे. तेना पछी मनुष्यवास नथी. ते १७२१ योजन उंचो १४३० योजन १ गाउ उंडो अने १०३२ योजन पहोळो छे.

२१७. पद्मरथ राजा सत्ताथी छकेला द्विजकिंकर बलिने मारवा कहे छे. परन्तु विष्णु तेने क्षमा आपे छे अने रोष न करवा कहे छे.

२१९. णरयविवरि पइसिज्जइ । (प०) सत्तममहि पाविज्जइ

२४८–२५१. संगीतनी परिभाषानुं विवेचन करे छे:—

२२. श्रुतिभेद:—

हृदि द्वाविंशतिर्नाड्यस्तिरश्च्यः पवनाहताः
एवं कंठे मुर्ध्नि ताभ्यस्तावत्यः श्रुतयोऽभवन् ॥

७. स्वर:—

ताभ्योऽभवन्स्वराः षड्जर्षभगांधारमध्यमाः
पंचमो धैवतश्चैव निषाद इति सप्त ते ॥

श्रुतयः स्युः स्वराभिन्नाः श्रावणत्वेन हेतुना
अहिकुंडलवत्तत्र भेदोक्तिः शास्त्रसंमता ॥

१८. जातिः—

षड्जमध्या तथा चैव षड्जग्रामसमाश्रयाः
जातयोऽष्टादशोद्दिष्टा मध्यमग्राममाश्रिताः ॥

१४१ अंशः—रागमां वारंवार आवनार प्रधान अथवा मुख्य स्वरने अंश अथवा स्थायी स्वर कहे छे. आनी १४१ संख्या प्रस्तुत स्थळे बताववामां आवी छे; परन्तु शास्त्रग्रन्थोमां ते मळती नथी.

५. गीतिः—

गीतयः स्युः पंच शुद्धा भिन्ना गौडी च वेसरा
साधारणी च शुद्धा स्याद्वक्रैर्ललितैः स्वरैः ॥

२५१. आ पंक्तिमां बतावेली संगीत परिभाषाना उल्लेखो शास्त्रग्रन्थोमां मळी शकता नथी. त्रीश ग्रामशत, अने तेना पर आश्रित रहेली ४० भाषा अने ६ विभाषा.

२५२. ३. ग्रामः—ग्रामास्त्रयः स्युर्विशिष्टस्वरसंदोहरूपिणः
षड्जमध्यमगांधारसंज्ञका मूर्छनाश्रयाः ॥

२१. मूर्छनाः—सप्तस्वरक्रमारोहावरोहौ मूर्छनोदिता
ताश्च प्रोक्ताः सत्रिग्रामं सप्तसंख्या मुनीश्वरैः ॥

४९, तानः—शुद्धप्रयोग स्वर सात छे, आ स्वरो पैकी एक के एकथी वधारे स्वरोनुं एक ज कंपथी त्वरित गतिए आरोहण करवुं तेने तान कहे छे. संगीतशास्त्रकारोए सात

सप्तकनो कटका करेली छे. आ बारे य सप्तकनां कुल ७ × ७ = ४९ तान थई शके.

२६९. ससिणेसर=शशीश्वराः एटले चंद्र अने सूर्य. शशि+इन+ईश्वर एम पण विश्लेष थई शके.

२७०. (प.) मा संधहि धणुगुणि सरु. धनुषनी पणछ पर बाण चडावीश नहि. मूळनो पाठ खोटो छे माटे त्यजवो. मूळनी संस्कृतछाया पण खोटी छे.

२७१. (प०) वड्डु ने बदले वढ.

२७४. तमे पण ए अभिमानी राजानी आज सेवा करी रह्या छो ज्यां सुधी युद्धमां ते मरायो नथी.

२७५. (प०) गेहिणी, रोहिणीने स्थळे

२७८. (प०) विंधंतें, शर वींधतानी साथे. वृद्धत्वेन एम छाया आपी छे ते खोटी छे.

२८१. वसुदेवे पोताना नामथी अङ्कित बाण फेंक्युं.

२८२. सउरीणाह=शौरिनाथ, समुद्रविजय.

२८३. (प०) बाहुजलोल्लिय वाचना सारी छे.

२८५. (प०) सइ, सयने बदले. (प०) नो पाठ सप्तमी बरोबर बतावे छे.

२८७. कोडिसरु=कोटीश्वर, करोडोनो अधिपति.

२९८. सरखावो च्युत्वा कल्पान्महाशुक्रान्महासामानिकः सुरः । गर्भेऽभूदिह रोहिण्या धरण्या इव सन्मणिः ॥ ह. पु. २२. ७. मूळनो अर्थः—शंख नामे ऋषि जे हतो ते महाशुक्र नामना कल्पस्वर्गनो शशिमुख नामे देव थई त्यांथी च्यवी रोहिणीना पुत्र भरतक्षेत्रना राजाओना पूज्य नवमा रामारूपे उत्पन्न थयो. पुष्पदंत(नवमा तीर्थङ्कर)ना तेजमांथी तेणे पोतानुं तेज मेळव्युं.

३०९. कविनी नाममुद्रा छे.

॥ षष्ठमुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

प्रस्तुत उद्धरण धनपाल कविना भविसयत्तकहा नामे अपभ्रंश काव्यमांथी लेवामां आव्युं छे. भ. क. २२ संधिनुं काव्य छे, जेमांनो आखो

संधि. ४. प्रस्तुत उद्धरण तरीके लेवामां आव्यो छे. **भविसयत्तकहानां** बे सम्पादनो प्रसिद्ध थयां छे. एक प्रो.याकोबीनी जर्मन आवृत्ति जे इ. स. १९१८मां प्रसिद्ध थई हती; अने बीजी सद्. चिमनलाल दलाल अने सद्. डो. पी. डी. गुणेनी सहसंपादित आवृत्ति जे इ. स. १९२३मां गायकवाड ओरीएन्टल सीरीझना २०मा मणका तरीके प्रसिद्ध थई हती. आ बन्ने आवृत्तिओ एक-बीजानी पूरक छे; कारण के प्रो. याकोबीनी आवृत्ति अने डो. गुणेनी आवृत्ति जुदी जुदी हाथप्रतो परथी रचायली छे. डो. गुणेनी हाथप्रत, प्रो. याकोबीनी हाथप्रत करतां सारी हती; ज्यारे डो. गुणेनी आवृत्तिमां प्रो. याकोबीनी आवृत्ति जेटली चोकसाई नथी. परन्तु डो. गुणेनी आवृत्तिमां एक गुण ए छे जे तेमणे तेमना पुरोगामी संपादक प्रो. याकोबीनी आवृत्तिनो लाभ लीधो छे.

भविसयत्तकहाना कर्ता **धणवाल=धनपाल** विषे तेणे आपेली हकीकत उपरांत कांइ पण वधारे आपणे जाणी शकता नथी. काव्यना छेल्ला २२मा संधिना कडवक ९मां पोताना संबंधी नीचेनी माहिती तेणे आपी छे:—

धक्कडवणिवंसे माएसरहो समुब्भविण
धणसिरिहो वि सुएण विरइउ सरसइसंभविण ॥

एटले के धक्कड वाणिआना वंशमां पिता माएसर अने माता धनश्रीनो ते पुत्र हतो; अने ते पोताने 'सरस्वतीसंभव' कहेवडावतो हतो. धक्कड वाणिआनो उल्लेख लावण्यसमयना **विमलप्रबंध** (सं. मणिलाल. ब. व्यास) मां ८४ जातना वाणीआनी गणतरीमां करवामां आव्यो छे:—

धाकडीया भंडिया भूंगडा, ब्रह्माणा, वीधू, वायडा। (पान. ४९.)

आथी विशेष कविसम्बन्धी हकीकत मळती नथी. आ **धनपाल**, ऋषभ-पंचाशिका, तिलकमंजरी अने पाइअलच्छीनाममालाना कर्ता **धनपाल** (इ. स. नुं ११मुं शतक) करतां जुदो छे. आपणी कविनी भाषाना पूरावाथी तेने आपणे विक्रमना १०मा शतक पूर्वेनो सहज कही शकीए. धनपालनुं अपभ्रंश बोलाती भाषाने वधारे समीपवर्ती छे; जो के धनपालनी मेधा संस्कृत अने प्राकृत साहित्यमां विचरी होय तेना अनेक पूरावा काव्यमां देखा दे छे. **धनपाल** दिगम्बर जैन होवो जोईए, कारण के भ. क. प. २०. ३. मां **भंजिवि तेण दियंबरि लाइउ** । एम लखे छे, अने अच्युतस्वर्गने ते १६ मा स्वर्ग तरीके गणे छे.

२. उद्धरणवस्तुः—

भविसयत्तकहा एटले भविष्यदत्तनी कथा. गजपुर नामे नगर हतुं. त्यां धनपति नामे नगरशेठ (**रायसिट्ठि**) रहेतो हतो. ते ज नगरमां हरिबल नामे बीजो वणिक रहेतो हतो. एक दिवस धनपति हरिबलने घेर गयो अने त्यां हरिबलनी दीकरी कमलश्री प्रति तेनी दृष्टि गई. हरिबलनी पासे धनपतिए तेनी दीकरी माटे मागुं मोकल्युं जे स्वीकारायुं, अने कमलश्री अने धनपतिनां लग्न थयां. तेमने भविष्यदत्त नामे पुत्र थयो. केटलोक समय वीत्यो; अने पूर्वजन्मनां कोई कर्मथी धनपतिनो प्रेम कमलश्री परथी ओसरी गयो. एक दिवस धनपतिए कमलश्रीने कडवां वेण कह्यां अने तेने तेना पिएर चाली जवा कह्युं. ते पोताना पितृगृहे गई. धनपति सरूपा नामे धनदत्तशेठनी दीकरीने परण्यो. तेनाथी तेने बंधुदत्त नामे पुत्र थयो. बंधुदत्त योवनमां आव्यो त्यारे ते धंधा माटे परदेश नीकळ्यो. भविष्यदत्त पण माताने नहि गमवा छतां तेनी साथे वेपार माटे नीकळ्यो. तेओ तिलकद्वीप नामे द्वीप पर आवी पहोंच्या. भविष्यदत्तने दूर गएलो जोई, बंधुदत्त पोतानां वहाण हंकारी गयो. आ चोथा संधिमां भविष्यदत्तने तिलकद्वीपमां केवी रीते लाभ थयो तेनी कथा कहेवामां आवी छे.

भविष्यदत्त हाथपग धोई, कमल लई आवी जुवे छे त्यारे ते वहाण चाल्यां गएलां देखे छे. तेने बहु ज शोक थाय छे. (१) भविष्यदत्त पोताना भाई बंधुदत्तनी हीणी वंचना उपर विचार करे छे. पोताना हृदयने दृढ करी, खलदैवने पडकार करी ते वनमां चालवा मांडे छे. (२) भविष्यदत्त गहन वनमां प्रवेशे छे. ते वन पंखी अने सावजथी भरपूर छे. छेवटे अतिमुक्तलताना मण्डपमां वृक्ष नीचे शिलातल उपर ते बेसे छे. (३) सूर्य आथमे छे; संध्या थाय छे; एटले हाथ पग धोई, कुसुम लई, जिननी ते अर्चना करे छे. भयंकर रात्रिनुं वर्णन कवि करे छे. (४) सवार पडे छे. भविष्यदत्त एक जूनो मार्ग जुवे छे. तेने शुभ शुकनो थाय छे. ते मार्गे जवानो ते निश्चय करे छे. (५) आ प्रमाणे गिरिकन्दरानो प्रदेश अने श्यामतमालपूर्ण वनने ओळंगी प्रासाद, प्रतोली इत्यादिथी सुशोभित अने धवलित गृहोथी विराजित छतां निर्ध्वनिक एक नगर ते जुवे छे. (६) नगरनुं वर्णन कवि करे छे. त्यां मंदिर हतां पण पूजक कोइ न हता. कुसुम हतां परन्तु वास लेनार कोइ न हता. आ प्रकारनुं नगर जोई भविष्यदत्त विस्मित थाय छे. (७) आ प्रकारनुं ज वर्णन चालु. अर्ध उघाडां बारणां अने बारीओवाळां गृहो, पण्य वस्तुओथी भरपूर बजारो ते जुवे छे; परन्तु त्यां कोइ रहेनार के खरीदनार नथी. आखो देखाव शोकजनक लागे छे. परन्तु ते शुभचिह्नो जुवे

छे; अने तेना मनमां उत्साह आवे छे. (८) भविष्यदत्त नगरमां भमे छे; पण आ घोर शून्यतानुं कारण तेने समझातुं नथी. (९) फरतो फरतो ते यशोधन राजाना प्रासाद आगळ आवी पहोंचे छे. ते प्रासाद अने तेनां उपगृहोने ते शून्य देखे छे. (१०) ते आयुधशाला इत्यादि स्थानोए भटकतो चन्द्रप्रभजिनना मंदिरे आवी पहोंचे छे. (११) विशाल, सुघटित अने अलंकृत मंदिरमां ते प्रवेशे छे. तेनी आगळ आवेला सुन्दर कमल–सरोवरमां ते स्नान करे छे अने चन्द्रप्रभजिननी स्तुति करे छे. (१२) चन्द्रप्रभजिननी तेणे करेली स्तुति आपवामां आवेली छे. (१३)

३. छंदोरचनाः—

प्रस्तुत उद्धरणमां १३ कडवक छे. समस्त संधिना आदिमां त्रण ध्रुवक छे. प्रथम ध्रुवक संधिवस्तुसूचक छे. बीजां बे आ कडवकनो बोध तारवतां ध्रुवक छे. आ उद्धरणनी पं. ३. त्रण खरी रीते चार पंक्तिनी बनेली छे. कडवक ७. अने ११. नी घत्ता बाद करतां बीजी बधी घत्ताओनो छन्द आदि ध्रुवकना जेवो ज छे; एटले के तेमनुं मात्रामान १५+१३=२८ नुं छे. प्रा.पिं. (पा. २०५) प्रमाणे आ उल्लाल छन्द छेः तिण्णि तुरंगम तिअल तह छह चउ तिअ तह अंत । इम उल्लाला उट्ठवहु विहु दल छप्पण मत्त ॥ ४ + ४ + ४ (त्रण तुरङ्गम) + ३ = १५; ६ + ४ + ३ = १३; कुल्ले आखा छन्दमां ५६ मात्राओ, मात्राजूथनो बंध प्रस्तुत उद्धरणनी घत्तामां सचवातो नथी. सामान्यतः १५+१३नो मेळ ज अहिं तो इष्ट छे. छं. शा ४२ (ब) समे चतुर्दश ओजे षोडश मन्मथविलसितम् । यथा,

> मयवसतरुणिविलोअणतरलु कलेवरु संपइ जीविउ
> मेल्हहु रमणीअणि सहु संगु चयउ हयवम्महविलसिउ ॥

एटले १५+१३=२८. हेमचन्द्रना अभिप्राये प्रस्तुत घत्तानो मन्मथविलसित छन्द छे.

कडवक ११. मां मारकृति छंद छे. छं. शा. ४३ (अ) चपद्मात्रौ वा मारकृतिः ॥ चतुर्मात्रपञ्चमात्रद्विमात्राः । चतुर्मात्रद्वयत्रिमात्रौ वा मारकृतिः । यथा,

> तुह मार मारकिदी कवि एह नवल्लिअ ।
> दूरि स बालहं भल्लि जं हिअडइ सल्लिअ ॥

कडवक. ७ मां सामान्य पज्झडिआ ज घत्ताना छंद तरीके छे.

संधिना आदिनी बीजां बे ध्रुवक मंदर छन्दमां छे. प्रा. पिं. पा.१५१

प्रमाणे – ⏑ ⏑ = भगणनां बे जूथनुं एक चरण एवां बे चरणोनो आ छन्द छे. प्रस्तुत उद्धरणना दृष्टांतमां **अहो जिणु अंचहु, मं परु बंचहु ।** मां आदि अ वधारानो छे.

कडवकना देहना छन्दमां, कडवक. १. पं. ४–६, कडवक. ३., कडवक. ७., कडवक. ८., कडवक. ९., कडवक. १३. बाद करतां अन्य कडवकोमां १६ मात्रानो **पज्झडिआ** छे, जेनुं लक्षण प्रथम उद्धरणमां निरूपित कर्युं छे.

कडवक. १. पं. ४–६. १५ मात्रानो **पारणक.**

कडवक. ३. **भुजंगप्रयात** चार यगण = ४ (⏑ – –)

कडवक. ७.–**चामर** आदिमां गुरु पछी लघु एम २३ मात्रा सुधी होवुं जोईए. एक चरणमां १५ अक्षर होवा जोइए. (जुओ. प्रा पिं. पा. ४८४) एटले छन्दोरचना:— – ⏑ – ⏑ – ⏑ – ⏑ – ⏑ – ⏑ – ⏑ – = गालगालगालगालगालगालगालगा ॥

आ छन्दमां कवि बे लघुने केटलीक वार गुरु तरीके गणे छे; एटले प्रा. पिं. प्रमाणे आ छंदमां १५ अक्षर होवा जोईए ए बन्धन त्यजे छे. सरखावो:– कडवक. ७. पं. ७७. ८०. आदि दीर्घस्वरने बदले बे लघु स्वर; पं. ८४, **सरव, भमिर, भमर,** इ०.

कडवक. ८.मां **किंनरमिथुनविलास** १०+१४=२४ मात्रानो छन्द छे. छं. शा. ४० (अ.) **ओजे एकादश समे पञ्चदश किंनरमिथुनविलासः । यथा,**

अविरहियइं मुइअहं, हरिणइं जि रइसुहु सलीसइ
पर एम्वइ किम्वइ, जसु किंनरमिहुणविलासइ ॥

प्रो. याकोबी आने **कलहंस** कहे छे. ते छं. शा. प्रमाणे खोटुं छे.

कडवक. ९ मां **पारणक** छे.

कडवक. १३मां **लक्ष्मीधर** छन्द छे. रगण एटले (– ⏑ –)नां ४ जूथनो आ छन्द बनेलो छे. प्रा. पिं.पा.४४४. मां आ छन्दनी व्याख्या आपी छे. आमां पण बे गुरुने बदले एक लघु मूकाय छे. दा त. तिलयदी (१) भरहखे । (२) सिसिरका (३)

४. **टिप्पण:—**

२. **णिरु** मूळमां **णरु=नर:** छे. जो ते स्वीकारीए तो **भविसत्तुनी** साथे ते पाठ लेवो पडे. **णिरु**=निश्चित.

६. **कोइ** द्वितीया एकवचन, **पिक्खइनुं** कर्म.

४–६. पंदर मात्राओनो छन्द छे; कडवकना देहमां सामान्यत: एक ज छन्द होवो जोईए. कविनो प्रमाद होय के गमे ते बीजुं कारण होय, पण कविनी आ रीत असाधारण तो छे ज.

७. **सुहावइ** [**सुखापयति**] मूळमां **सुहाइ** छे; परन्तु मूळनो पाठ स्वीकारवामां एक मात्रानी तूट पडे छे अने अन्त्यानुप्रास बेसतो नथी.

९. **दुक्खहो भरिउ** तृतीयाने बदले षष्ठीनो प्रयोग. अर्वाचीन गूज-रातीमां आवो प्रयोग दृष्टिगोचर थाय छे. दा. त. दुःखनो दाझ्यो, दुःखनो मार्यो इ०. आवा प्रयोग रूढ थवानुं कारण ए होय छे के बोलनार ' दाझ्यो ' ' मार्यो ' नो कृदन्तार्थ भूली जई विशेषणार्थ उपर ज एकलो भार मके छे

१३. **दइउ परम्मुहु** सामान्यत: सति सप्तमी आवे स्थळे होय; परन्तु अवान्तरागत वाक्य (Parenthetical clause) तरीके आ बे शब्दो कविए अहि मूक्या छे.

१५. **संवारिउ** डॉ. गुणेनी **भ. क.ना** शब्दकोषमां **संवारइ**-**संवृणोति**नो ' संताडवुं, ढांकवुं, अटकाववुं " ए अर्थ थाय छे, जे संदर्भनी दृष्टिए अयुक्त अने अनर्थक छे. जो **संवृणोति** लईए तो **सं** द्विमात्रिक बने अने मात्रा-तिरेकनी अनिष्टापत्ति आवी पडे. **सं**नो अनुस्वार ध्वन्यात्मक छे अने **संवारिउ** < **प्रा. समारइउ** < सं. **समारचित** ए अर्थ, मात्रा अने व्युत्पत्तिनी दृष्टिए स्वीकार्य छे. " दुर्जनजनमां खोटी वायका पेदा करी छे. " सरखावो **सि. हे.** ८।४।९५। **समार**=सं. **सम्+आ+√रच्**.

२०. आ पंक्तिनो वाक्यरचना:–**जइ तं तेम घडिउ, तो तेण इ (घडिउ); तो किर काइं (मइं) एणइ विसूरइ** ॥ जो ते प्रमाणे अपयश करायो छे, तो ते तेनाथी करायो छे; तो पछी खरेखर मारे एनाथी शा माटे उद्विग्न थवुं ! "

२४. प्रथम भागमां १६ मात्रा छे; **संचलिउ संमुहु काणणहो** एम वांचीए तो **वन**थी थतो पुनरुक्तिदोष दूर थाय अने मात्रा मळे.

२५. **खयाल** बीजा कोइ ग्रन्थ के कोषमां आ देश्य शब्द मळतो नथी. 'झाडी' ए अर्थ ठीक छे.

२९. डॉ. गुणे अर्थ काढवा माटे व्याकरणनी भांगतोड करे छे. **निएउं** हेत्वर्थकृदन्त ते मुख्य क्रियापदनी गरज सारे छे अने **नरिंदं** छन्दोमेळ खातर **नरिंदो**ने स्थळे मूकवामां आव्युं छे; एटले **नरिंदं** तेमने अभिप्राये प्रथमामां छे. आ तद्दन खोटुं छे. २८–३२ सुधी वर्णवेला, गजेन्द्र, मृगेन्द्र, वराह, हुताश अने मयूर पं. ३३ मां **मुणेविनां** कर्म छे. "कोइक स्थळे नरेन्द्रने (= भविष्यदत्तने) जोवाने, नासेलो नहि अने रुष्ट थएलो नहि एवा अभिमानी सिंहने जोईने."

३०. गुणे अने दलाल **कज्जलाहं गयं** एम बे अक्षर छूटा पाडे छे; तेमां कांइ अर्थ नथी. ते भेगा करी संस्कृतछाया प्रमाणे अर्थ करवो

३१. **हुयासो** द्वितीया, सरखावो कोइ आज उद्धरण पं. ६.

३२. **अप्पाणयं विणडंतं** (भविष्यदत्तना) आत्माने व्याकुल करतो संस्कृत छायामां **विगोपायन्तं** ने बदले **विनटन्तं** वांचो.

३३ **हिंडंतु थिउ** हींडतो थयो गूजरातीमां प्रचलित रचना.

३५, **धुएविमां ए** एकमात्रिक छे.

३७. गुणे **मंझतेयतंबिरसराय** इत्यादि भेगां लइ पं. ३६ना **दिणमणि**नुं विशेषण बनावे छे. ज्यारे प्रो. याकोबी **संझ**ने कर्ता गणे छे. याकोबीनी अर्थसंकलना अहि स्वीकारी छे प्रो. गुणेनी सूचनामां (१) **हुअ**, 'थई' अने **आय** एटले 'आवी' ए समजावबुं मुश्केल छे; कारण के पं ३६ मां **ढुक्कु** एटले 'गयो' क्रियापद तरीके मूक्युं छे. (२) **संध्यानी** नायिका तरीकेनी कल्पना अने तेनो प्रवेश – आ बाबतो समजावाता नथी. प्रो. याकोबीनी वाचनामां आ स्पष्ट रीते आवी शके छे.

४०. **रहंग** चक्रवाक.

४७. **परमिट्ठि पंच** अर्हत्, सिद्ध, गणधर उपाध्याय, साधु.

४७. **दुविहं पच्चक्खाणु** बे रीते – एटले भावथी – विचारथी अने द्रव्यतः–कार्यथी – प्रत्याख्यान=सावद्य एटले पापयुक्त आचरणमांथी निवृत्ति.

४८. **मंत सत्तक्खरउ–नमो अरिहन्ताणम्** । ए सात अक्षरनो मन्त्र.

५१. **पयहिणंति** बरोबर जमणी बाजुए. **साम** काळो कागडो.

५२. कागडो घरआंगणे बोले तो प्रियजननो मेळाप करावे; ए शुकन गणाय छे.

५६. **पण होमि** ' आ रस्ते जईश ' पछीथी ते विचार करे छे के आ मार्ग माणसना चालवाथी ज थएलो होवो जोईए; कारण के ' विद्याधर अने सुर जमीन पर पग मूकी चालता नथी.' संस्कृतमां **' अनेन तावद् भवामि** त्यारे तो आम जईश ' एवो प्रयोग मालम पडे छे.

६०. **निव्वडिउ कज्जु किं वित्थरेण**—बहु लांबुं कांत्ये कयुं कार्य थयुं छे ! एटले बहु चिंता करवा करतां आगळ ज जवुं; बहु चिंता कर्ये शुं कार्य थवानुं छे ? प्रो. गुणे **निव्वडउ** सुधारवा कहे छे पण तेनी कांई जरूर जणाती नथी. आ ज विचार ६१–६२ (घत्ता)मां भारपूर्वक प्रतिपादित करवामां आव्यो छेः–ज्यां सुधी (जनो) (कार्य प्रति)सांचरता नथी, त्यां सुधी (कार्य) दुस्तर दुर्लंघ अने दुरंतरित छे; पौरुषयुक्त अने मरणना भयनी अवगणना करता (पुरुषोनुं) शुं सिद्ध थतुं नथी, बोलो ! "

६१–६२. आ पंक्तिओ प्रो. गुणेने व्याकरणदृष्टिए समजाई नथी तेथी ज **अवगण्णंतहं** बहुवचनने अपभ्रंशनी बहुलतानो आश्रय लई एकवचन तरीके गणाववा यत्न करे छे; कारण के **सउरिसहं=सुपुरुषस्य** अर्थ करवा तेमनो अभिप्राय छे. वळी **संचरहिं=संचरन्ति** ए बहुवचनरूप छे तेनी समजावट एकवचन तरीके तेमणे करी छे. आ बधा व्याकरणदृष्टिए प्रमादो छे. आना अर्थ माटे संस्कृतछाया जुओ.

६३ **सुहिसयण** बे शब्दो मूळमां छूटा पाड्या छे; न छूटा पाडीए तो पण चाले. तेथी तेना अर्थमांथी कांइ व्यावृत्ति नहि थाय " मित्र अने स्वजनने छोडी " एटले के मित्र अने स्वजनने हवे मळाय के न मळाय एम करी, तेमना प्रत्येना प्रेमनो अवरोध करी. प्रो. गुणे **सुहि=सुधीः, सयण=सज्जन** एम अर्थ करी भविष्यदत्तना विशेषण तरीके आ शब्दोने ले छे तेनो स्वीकार करवो मुश्केल छे. वळी प्रो. गुणे कबुले छे तेम **सुहिसयण** ए अपभ्रंश **सुहृत्स्वजनना** अर्थमां सामान्य जोडकुं छे, तेनाथी पण विपरीत अर्थ प्रो. गुणेने लेवो पडे छे.

६५. **अंतरिउ कालेणं कालु** काल जेम काळथी अंतरित थाय छे एटले जेम एक पळ पछी बीजी पळ एक पछी एक आव्या करे छे, तेम एक पछी एक तेनां फगलां पडतां हतां अने भविष्यदत्त आगळ चालतो हतो.

७४. कर्तरि वर्तमानकृदंतने स्थळे कर्मणि वर्तमानकृदन्त एटले के **प्रविशता** ने बदले **प्रविश्यमान>पविस्समाण.**

७९ हेत्वर्थने बदले संबंधकभूतकृदन्त–**पूज्जिऊण.** त्यां ते (मनुष्य) न हतो जे पूजवाने माटे (तेनो अंदर) दृष्टि करे.

८०. **पसूण** प्रसून; गुणे–याकोबी **पसूअ; पसूअ** स्वीकार्य छे. **दे. ना. ६. ९. कुसुमे पसूअ ।**

८७. संबंधक भूतकृदन्तने स्थाने हेत्वर्थ **नोडिउं.**

८९. प्रो. गुणे "There was no one who would be affected by others' riches, covet it, take it to himself and think about doubters" एमना अर्थमां **ण लुब्भए ना ण** =not नो अर्थ क्यां ? वळी **अप्पणम्मि** अप्पणुं त्यां प्रो. गुणेनो दृष्टिए "**आत्मनि अर्पयेत्**" आम वियप्पणम्मु एक शब्द तरीके वांचवानुं सूचन ते करे छे. आ प्रमाणे करेली अर्थनी कल्पना दुराकृष्ट छे. अर्थः– 'पारकानुं **धन** जोईने भविष्यदत्त क्षुब्ध थाय छे पण लोभातो नथी; पोतानी मेळे विकल्पो करे छे अने ते चिंते छे." **अप्पण**मां चोथीनो **ण** प्रत्यय **आत्मने**नो अवशेष; अने **आत्मन्**नुं **अप्प** अने **अप्पण**मांथी **अप्प**नो स्वीकार; आमांथी **अप्पण** रूप बन्युं

९० **पुत्तिच्चोज्जु**–**चोज्जु**=आश्चर्य **दे. ना. ३. १४** गू. मां 'मारुं बेटुं'–'मारा बेटानुं !' एम आश्चर्यवाचक उद्गार वपराय छे. तेवो ज आ उद्गार छे. '**पुत्तिए**' '**अम्माए**' ए आश्चर्यदर्शक उद्गारो अपभ्रंशमां सामान्य छे जुओ **पाहुडदोहा.** १०८.

९१. **वाहि मिच्छ नं जणं दुरक्खसेण खद्धयं ।** दलाल–गुणेनी वाचना बराबर नथी; तेमज प्रो. गुणे तेमनी टिप्पणमां के कोषमां कांइ समजाव्युं नथी. 'व्याधि, म्लेच्छ, खराब राक्षसथी ते माणस खवाई गया हशे !' आश्चर्योद्गार होवाथी **वाहि** अने **मिच्छ**ना तृतीया प्रत्ययो लुप्त थई **दुरक्खसेण**ना प्रत्ययथी चलावी लेवुं होवुं जोईए

९३. **याणिमो**नुं आखुं वाक्य कर्म होवाथी **जं पहुं** अने **कहं गयं** मां कर्ताविभक्ति होवा छतां तेनी कर्मविभक्ति करी अन्वयरचना आपी छे. **इत्थु जु पहु आसि सु कहं गउ – ण याणिमो** एम खरी रीते होवुं जोईए. अथवा तो छन्द खातर पण **पहु**नी जाति बदली होय.

९८ छन्द साचववा **फलअद्धुग्घाडियगवक्खइं । गव**ने **गु** जेवो वांचो.

१०२-१०७ आपण = बजारनुं श्लेषात्मक वर्णन छे.

१०४. **रंधि पलित्तइं** (बोजानी) भूल थतां गुस्से थता, धन ए ज जेनो अभिलाष छे तेवा पुरुषोनो माफक, हाट तेमनां छिद्रोमांथी पण प्रकाश आपतां हतां. बंध दुकानोनां छिद्रोमांथी अंदरनां रत्नो अने एवा बीजा चळकता पदार्थोने लीधे प्रकाश आवतो हतो.

१०५. **वरइत्तजुवाणइं णं वहुकुमारिहु चित्तइं** वर थता जुवानोनां चित्त जेम उत्तम कुमारिकाओ तरफ होय छे तेम सुन्दर कुमारीकाओनां चित्रोथी भरपूर हाट हतां. खरी रीते **वहुकुमारिहु चित्तइं** एनो बहुव्रीहि समास होय तो ज आवणाइंना विशेषण तरीके तेने लई शकाय. शुं आ पण अपभ्रंशनी अगाजकतानुं परिणाम हशे? हु ने बदले सु करीए तो एकमां विशिष्ट शब्दो अने बीजामां एटले चित्रपक्षे समास एम लईए तो मुश्केली टळे.

१०६. योगीजनोना विकाइनां साधन, जेमां यौगिक रीते प्रतिपक्षीने स्तब्ध करवानुं समायलुं छे, तेवां हाट, जेमां सघळुं स्तब्ध थएलुं देखातुं हतुं प्रो. गुणेनुं विवेचन जरा अस्पष्ट छे.

११०. दलालनो पाठ प्रो. गुणेना सूचन करतां सारो छे; वळी प्रो. गुणे छन्दोमेळ खातर व छोडी सुरइं पाठ करवा कहे छे ते खोटुं छे; उलटुं तेथी तो एक मात्रा घटशे. दलालना पाठमां व श्रुति छे ज्यारे प्रस्तुत उद्धरणमां य श्रुति मूकी छे एटलो ज फेरफार छे.

१११. प्रो. गुणे तित्थ<तीर्थ 'पवित्र स्थान' ए अर्थ ले छे, ते यथार्थ नथी. तीर्थ=ओवारो ए अर्थ लेवानो छे. 'जे पाणीआरीओना घाट पहेलां खीचोखीच हता ते भाग्यवशात् निःशब्द अने दयाजनक स्थितिना थया छे.''

११९. **टिंटा** के **टेंटा** द्यूतस्थान. दे. ना. ४ ३. **टेंटा जूयपयम्मि**; आ उपरथी ज **टिंटाउत्त** एटले जुगारी. **मयरट्टा** आ शब्द मदरक्ता उपरथी होवा संभव छे. दे. ना. मां नथी. वारवनिता, वेश्या ए अर्थ बेसतो अने अनुरूप छे.

१२०. **आहोय=आभोग** खुल्लो जमीननो विस्तार; '' खुल्ला जमीनना विस्तार, सुन्दर घरनां आंगणांथी युक्त होवा छतां, लोकोथी लक्ष होवाने लीधे, शोभा आपता नथी.''

१२३. जे क्षयकालथी अंतर्हित थयुं होय ते केवी रीते तेथी उलटी एटले सारी स्थितिमां मळे ? एटले के जे वस्तु नाश पामी होय ते आखी अने साजीसमी केवी रीते मळे ? **पडीवउ**=तेथी उलटुं.

१२४. जेम काल क्षयकाले करेला विनाश तरफ जुए तेवी रीते भवि· ष्यदत्ते ते नगर तरफ दृष्टि करी.

१२५. महाइउ=महात्मन्; आय=आत्मन् ए रूप मागधीमां अने तद· नुसार महाराष्ट्रीमां देखा दे छे.

१२६ सोहदुवारहो सुधारी उपमान साथे मेळ लाववा सोहदुवारइं 'जाणे शरमातां होय अने तेथी अर्धां उघाडां रह्यां होय एवां राजमहेलनां सिंहद्वारने ते जोतो हतो.'

१२७. णिग्गय (१) निर्गज=हाथी विनानी (२) निर्गत = बहार रखडती. आ शब्द पर श्लेष करी उपमा अहिं मूकी छे.

१२८. णिगयासइं (१) जेमांथी घोडा जता रह्या छे एवी तुरगशा· लाओ (२) जेमांथी आशा विनष्ट थई छे एवा प्रार्थनाभंग. उपरना जेवी ज श्लेषोपमा.

१२९. सहु पंगणउ आ वाचना सुधारी सह-पंगणउ=सभाप्रांगणं सभामंडपनुं आंगणुं ए अर्थ करवो बरोबर छे. सहुनो सर्व अर्थ हेमचन्द्रे विहित कर्यो नथी. सि. हे. ८।४।३६६. सर्व=साह विहित करे छे; जो के पाछळथी सहु वपराशमां तो आवे छे.

१३०. चामर, पोशाक सहित अने राजचिह्न साथे छत्र अने कनकपीठ सहित सिंहासन तेणे त्यां जोयुं.

१३१. णिप्पहु पहु अने विलक्खु अलज्जिउथी विरोधाभास अलं· कार आवेलो छे. विलक्खु=विलक्षः 'गांडो.'

१३८. वीणालावणिवंसविसेसइं वीणा, आलापनी (जुओ पा. स. म. एक वाद्यविशेष) वंशी जेमां मुख्य छे ए.

१३९. अच्छंतइं समत्तइंनी साथे लइ समाप्ते सति एम करी सप्तमीनो अर्थ करवानो

१४६. भविष्यदत्तने नरेन्द्र एटले मानवोमां उत्तम कहेवामां आव्यो छे. नरेन्द्र एटले राजा ए अर्थ नथी लेवानो. नंदीसरदीउ नंदीश्वर नामनो आठमो द्वीप जुओ तत्त्वार्थ० ३. ७.

१४९. दिढबद्धकडिल्लउ दृढ रीते जेना केडा बांध्या छे एवुं चित्र.

१५०. **आगमजुत्तिपमाणविहंजिउ** शास्त्रनां बतावेली युक्ति अने प्रमाणोथी विभक्त करेलुं.

१५१. **सुहलक्खणलक्खणचच्चंकिउ** शुभ लक्षणथी युक्त एवी सुखडनी चर्चाथी अंकित थएलुं.

१५२. **सच्छायपओहर** (१) शोभायुक्त अथवा स्वच्छ पाणीने धारण करती वाव (२) शोभायुक्त जेना स्तन छे तेवी कामिनी.

१५५. **परिअंचिवि अंचिवि** प्रदक्षिणा करी तेम ज अर्चना करी.

१५६. **सामाइउ** सामायिक करीने.

१५८. **काले चउत्थे** अवसर्पिणीनो चोथो आरो एटले सुषमदुःषमामां. जुओ **तत्त्वार्थ**. ४. १५.

१५०. **तस्सेव** ते ज काळना; प्रो. गुणे तस्सने विशेषनाम ले छे; परन्तु तेनो आधार कशो य नथी. **तित्थेसए** मागधीना अनुकरणमां प्रथमा होवी जोईए.

१५९. **दसलक्खपुव्वाउसे** त्यारे मनुष्यनुं आयुष्य दश लाख पूर्वनुं हतुं पूर्व माटे जुओ तत्त्वार्थ० ४. १५. भाष्यः—**वर्षशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वाङ्गम् । पूर्वाङ्गशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वम् ॥** आ पण मागधीना अनुकरणमां प्रथमा.

१६०. जेमनी उंचाई दोढसो धनुषनी हती.

१६१. जेमणे आठमुं तीर्थ पवित्रित कर्युं हतुं. चंद्रप्रभ आठमा तीर्थंकर हता.

१६७. **तक्कुओ** जुओ पा. स. म. स्वजन.

१६८. **माणम्मि काउं** गणतरीमां लईने. **काउं** हेत्वर्थकृदंत संबंधक भूतकृदंत तरीके.

॥ सप्तममुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

प्रस्तुत उद्धरण **जोइंदु=योगीन्द्रना परमात्मप्रकाश** नामे ३२३ दुहा +१ स्रग्धरा अने १ मालिनी एम बे श्लोक छेवटे मळी ३४३ गीतिकाओनो

आ ग्रन्थ छे. रायचन्द्र जैन शास्त्रमालाना एक मणका तरीके ते इ. स. १९१६ मां प्रसिद्ध करवामां आव्यो हतो; परन्तु एक तो अपभ्रंशभाषाना एक अमोल रत्न तरीके नहि पण एक धर्मग्रन्थ तरीके अने ते य हिंदीमां प्रसिद्ध करवामां आवेलो होई, तेना तरफ कोइ विद्वाननुं ध्यान गएलुं नहि. प्रो याकोबी तेमनी इ.स १९१८ मां प्रसिद्ध थएल **भविसयत्तकहा**मां **जोइन्दु**नो उल्लेख करता नथी; तेम ज प्रो. गुणे **भ. क.** नी तेमनी १९२३ नी आवृत्तिमां पण **जोइन्दु**नो उल्लेख करता नथी. इ. स. १९२७मां जिनदत्तसूरिनां त्रण अपभ्रंश काव्यो (**अपभ्रंशकाव्यत्रयी** G. O. S: XXXV.) ना संपादनमां प्रथम वार **जोइन्दु**नो उल्लेख करी, **परमात्मप्रकाश**ना केटलाक दुहा टांकी, चण्ड अने हेमचन्द्रना प्राकृत व्याकरणमां उदाहरण तरीके आवेला केटलाक दुहा साथे साम्य बतावी, **जोइन्दु**ने चंडथी प्राचीनतर ठरावबा, ते ग्रन्थना विद्वान सम्पादक पं लालचंद्र भगवानदास गांधी यत्न करे छे (जुओ अ. **का. त्र.** नी संस्कृत भूमिका पान. १०२–१०३). आ ज अभिप्रायनुं समर्थन श्री उपाध्ये 'Joindu and his Apabhramsa works' नामे लेखमां सविस्तर करे छे. प्रस्तुत लेख सने १९३१मां Annals of the Bhandarkar Oriental Research Instituteमां प्रसिद्ध थयो हतो. ते लेखमां तेमणे **जोइन्दु**ना बीजा ग्रन्थोनो पण उल्लेख कर्यो छे, जेवा के **योगसार** (माणिकचन्द्र दिगम्बर ग्रंथमाला नं. ५१. पा. ५५–७४.) **सावयधम्मदोहा** **पाहुडदोहा** इ० छेल्ला बे ग्रन्थोनुं विवेचन आठमा नवमा उद्धरणमां करवामां आवशे.

पं. लालचन्द्र अने श्री. उपाध्येनो आधारः–

कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ

तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ ॥

मूळ दोहा ८६. सदर उद्धरण. ३०. आ दुहो **यथा तथा अनयोः स्थाने जिमतिमौ ॥** ए सूत्रना उदाहरण तरीके **चण्ड**ना **प्राकृतलक्षण** (Ed. Hoernle P. 37.) मां टांकेलो छे. चण्डने छट्ठा सैका पछीनो ज गणी शकाय, कारण के अपभ्रंश साहित्यभाषा बने त्यार पछी ज सामान्यतः तेनी सूत्ररचना थाय. (**भ क.** Intro. P. 63. Gune) (Pischel: G. P. Ein. §. 35) (**चण्ड**, हेमचन्द्रनो पुरोगामी छे ए विधान माटे सर्व विद्वान संमत छे.). एटले जो **चण्ड**ने छट्ठा, सातमा सैकानो गणीए तो

जोइन्दुने तेनी पूर्वे मूकवो जोईए आ प्रमाणे श्री. उपाध्ये छेवटे चण्डना समयनी पूर्वे जोइन्दुने थएलो माने छे. परन्तु आ दलीलनी सामे तेटली ज सबळ विरोधी दलीलो छे.

(१) प्रा. ल मां आ एकलो ज दुहो उदाहरण तरीके आपवामां आव्यो छे; बीजां अपभ्रंशनां सूत्रो छे तेना पर प्रा. ल. मां उदाहरण नथी प्रा. ल. नी एक ज हाथप्रतमां एक बीजो अपभ्रंश दुहो छे. परन्तु डो. हर्नले तेने पाछळना उमेरा तरीके गण्यो छे. प्रथम दुहो के जेना आधारे चण्डथी जोइन्दुने प्राचीनतर ठरावता प्रयत्न करवामां आवे छे, ते हेमचन्द्रनी उदाहरणनी पद्धतिने अनुसरीने पाछळथी उमेरायो होय तो कांइ नवाइ नथी.

(२) उपरनी दलीलने वधारे टेको तो जोइन्दुनी भाषानो छे. भाषा तो आम सरल छे. परन्तु झीणवटथी जोईए तो केटलाक प्रयोगो दा. त. अणु=अने (सदर उद्धरण. दु. ४६, ५१.) जवला=पासे पासे (उद्धरण. दु. ६५.) अर्वाचीनता तरफ वधारे वळे छे. अणु=अने; प्रा. गु. का. जंबुसामिचरिय (पा. ४१-४६) कडी ३९. (वि. सं. १२६६) पंचमहव्वयभार मेरुसमणाउ अंगमइ ए। अनु तेतउ परिवार सोहमसामिहिं दिक्खिउ ओ॥ ते ज प्रमाणे सप्तक्षेत्रिरासु (पा. ४७-४८,) कडी ३८. बउलि सिरीवालउ वेअलु अनु करणो पाडल। (वि. सं. १३२७) इ. आ प्रयोग हेमचन्द्रे विहित कर्या नथी; तेम बीजां जूनां अपभ्रंश लक्षणोमां दृष्टिगोचर थतो नथी. जवला = भेगा, साथे साथे' ए अर्थमां जूना गूजरातीमां मालम पडे छे. श्री नरसिंहराव G. L. L. II. P. 117 " The periods covered by this word जमलो range from Narasimha Mehta down to Akho; the word is however in frequent use upto about V. S. 1900. " अर्वाचीन मराठी जवळ=पासेना अर्थमां छे. आ उपरांत केटलांय तत्त्वो छे जे जोइन्दुना अपभ्रंशने प्रांतीय भाषाओनी समीपतर लावे छे.

(३) सि. हे. ना उदाहरण साथेनुं साम्य अमोने कबुल छे. अने हेमचन्द्रनी पूर्वे जोइन्दु मूकाय; पण एक तो चण्डना समयनुं ज ठेकाणु नथी. अने तेने सामान्यतः छठा, सातमा शतकनो धारी तेनी पूर्वे जोइन्दुने मूकवो ते यथार्थ नथी.

जोइन्दु-परमात्मप्रकाश ॥
संता विसय जु परिहरइ
बलि किज्जउं हउं तासु ।
सो दइवेण जि मुंडियउ
सीसु खडिल्लउ जासु ॥ २७० ॥
पंचहं णायकु वसि करहु
जेण होंति वसि अण्ण ।
मूल विणट्ठइं तरुवरहं
अवसइं सुक्कहिं पण्ण ॥२७१॥

हेमचंद्र-सि. हे. ॥
संता भोग जु परिहरइ
तसु कन्तहो बलि कीसु ।
तसु दइवेण वि मुण्डियउं
जसु खल्लिहडउं सीसु ॥८।४।३८९।
जिब्भिन्दिउ नायगु वसि करहु
जसु अधिन्नइं अन्नइं ।
मूलि विणट्ठइ तुंबिणिहे
अवसें सुक्कइं पण्णइं ॥८।४।४२७।

उपरनां कारणोथी जोइन्दुने हेमचन्द्रनी पूर्वे मूकी शकाय; परन्तु विक्रमना दशमा अगीआरमा शतकनी पूर्वे तेने लई जवो बरोबर नथी.

जोइन्दुना परमात्मप्रकाश पर एक संस्कृत टीका छे. टीकाकारनुं नाम ब्रह्मदेव छे; अने वि. सं. सोळमा सैकाना मध्य भागमां ते थई गयो (जुओ, प्रस्तावना परमात्मप्रकाश)

२. उद्धरणवस्तुः--

आपणे जोयुं के आ ग्रन्थनो मूळ कर्ता योगीन्द्रदेव छे. आ ग्रन्थ एने भट्टप्रभाकर नामे श्रोताने उद्देशीने कह्यो होय एवी रीते रच्यो छे. (जुओ सदर उद्धरण दोहा. ४.) जैनोना अनेकांतवाद करतां, उपदेश परमात्मवाद के परब्रह्मवाद जे उपनिषदोमां उपदेशायलो छे तेना तरफ वळे छे. केटलेक ठेकाणे तो उपनिषदना मन्त्रो अने भगवद्गीताना श्लोकना अपभ्रंश भाषांतर जेवा केटलाक दुहाओ छे परमात्मप्रकाशना ३७५ दुहामांथी १४ दुहाओ सदर उद्धरणमां लीधा छे उपनिषदना परब्रह्मवादने जैन तत्त्वज्ञानती परिभाषामां घटाववा पण अत्रे यत्न करवामां आव्यो छे.

३. छंदोरचनाः—

आखा य उद्धरणमां दोहा-छन्द छे; प्रा पिं. पान १३८ पर नीचे प्रमाणे दोहानी व्याख्या आपे छेः-तेरह मत्ता पढम पअ पुणु एआरह देह । पुणु तेरह एआरहिं दोहा लक्खण एह ॥ एटले १३+११ । १३+११॥ एम दोहानी मात्राओ छे.

४. **टिप्पणः—**

१–४. आ बे दुहा साथे लई वाक्यार्थ करवानो छे. सरखावो **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन ॥** भ. गी. ४. ३७.

३. **अच्छहिं=सन्ति** । छापेली आवृत्तिमां **अत्थहिं**=टीका **तिष्ठन्ति** ।

५. **णियंति=पश्यन्ति** । सि. हे. ८।४।१८१। छापेली आवृत्तिनी छाया **निर्यान्ति** अने टीकाकारनुं **निर्गच्छन्ति** अस्वीकार्य छे.

६. **तिण्णि** आचार्य, उपाध्याय अने साधु ए त्रण.

७. **पंचगुरु** अर्हत, सिद्ध, गणधर, उपाध्याय अने साधु. ए पांचने भट्ट प्रभाकर नमस्कार करे छे अने ते योगीन्द्रने अरज करे छे **सिरिजोइन्दुजिणाउ** "श्रीयोगीन्द्रजिनः" एम टीकाकार अने छायाकार भेगु ले छे, ते तद्दन खोटुं छे. अमारी संस्कृतछाया जुओ.

११. **चउगइ** नरक, तिर्यक्, मनुज, अने देव ए चार गति.

१३–२२ आत्माने त्रण प्रकारनो गणावे छे: मूढ, विचक्षण अने परब्रह्म. वस्तुतः आत्मा अभेद्य छे परन्तु अज्ञानने लीधे ज विभक्ततानो अध्यास थाय छे. १९–४४ सुधी परमात्माने ज लक्षित करी विवेचन करेलुं छे.

३७. **कोइनी** छाया **कंचित्** करी छे ते सुधारी **कश्चित्** करो. **स्फुरति=संवित्तिमायाति.**

३९–४० **मुक्कहं**=एकवचनमां वपरायुं छे; आ पण जोइन्दुनी अर्वाचीनतानी नीशानी छे. "अनंत गगनमां एक नक्षत्रनी माफक त्रणे भुवन जे मुक्तना केवलज्ञानरूपी पदमां बिंबित थयां छे, ते अनादि परमात्मा छे." अनंत गगनमां विकल्प पेदा करतो सूर्य ए परम सत्त्व जे गगन तेनी यथार्थताने हानि करी शकतो नथी, तेवी ज रीते, त्रणे य भुवननुं अस्तित्व केवल प्रतिबिंबात्मक अने अयथार्थ होई अनंत केवलज्ञानना सत्त्वने अबाधक नथी. आम जे समजे छे ते परमात्मा ज छे; आ दुहाना स्पष्टार्थ माटे जुओ सदर उद्धरण. दुहा. ३१.

५९–६० आ श्लोक चण्डना प्रा. ल. मां छे.

८०. एक म्यानमां बे खांडां क्यांथी रहे ?

१०३–१०४. **या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी । यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥** भ. गी. २.६९

१२१–१२२. **अहो दुर्जनसंसर्गान्मानहानिः पदे पदे । पावको लोहसंगेन मुद्गरैरभिहन्यते** ॥ सुभाषित.

१३५–१३८. हेमचन्द्रना दुहाओ साथे सरखामणी. जुओ १. कवि अने तेना जीवनमां करेलुं विवेचन.

॥ अष्टममुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

प्रस्तुत उद्धरण माटे 'Joindu and his Apabhramsa Works' J. Bhand. O.R. I. 1931मां **दोहाप्राभृत**मांथी उतारा आवेला ते अमे लखी लीधेला. त्यार पछी इ. स. १९३३मां प्रो. हीरालाले '**पाहुडदोहा**' ग्रन्थ श्री. अम्बादास चवरे दिगम्बर जैन ग्रन्थमालाना मणका. ३. तरीके प्रसिद्ध कर्यो. आ बन्ने मूळना आधारे अमे प्रस्तुत उद्धरण तैयार कर्युं छे. आने माटे अमे श्री. उपाध्ये तेम ज प्रो. हीरालालना ऋणी छीए.

प्रो. हीरालाल आ काव्यना कर्ताने **रामसिंहमुनि** ओळखावे छे. तेमणे वापरेली श्री.जुगलकिशोर मुख्तारे मोकली आपेली दील्हीनी प्रतना अन्तमां लखेलुं छे केः—**इति श्रीमुनिरामसीहविरचिता समाप्तम्** । कोल्हापुरनी श्री. उपाध्ये वाळी प्रतने अन्तेः–**इति श्रीयोगेन्द्रदेवविरचितदोहापाहुडं नाम समाप्तम्** ॥ प्रो. हीरालाल दलील करे छे के सामान्य रीते **जोइन्दु** पोतानुं नाम ग्रंथमां मूके छे ते आ ग्रन्थमां नथी. परन्तु आ दलील एटली बधी सबळ नथी. **जोइन्दु**नुं नाम अमे पसंद कर्युं तेनुं कारण तो कोल्हापुरनी प्रतनो आधार अने प्रस्तुत ग्रन्थनुं **परमात्मप्रकाश** साथे असाधारण साम्य ए ज छे. बाकी आ ग्रन्थना कर्तानो प्रश्न प्रो. हीरालाल कहे छे तेम खरेखर जटिल ज छे.

पाहुड-दोहा अने **सि. हे.**नां केटलांक अपभ्रंश उदाहरणो वच्चे साम्य छे. (प्रो. हीरालालनी भूमिका. पा.२२–२५) तेमां हेमचन्द्र ज **पाहुडदोहा**मांथी उदाहरण माटे लेनार जणाय छे. एटले विक्रमना बारमा शतकना मध्यमां थएला हेमचन्द्रनी पहेलां आ ग्रन्थनो कर्ता थयो होवो जोईए.

२. उद्धरणवस्तुः—

परमात्मप्रकाशनी जेम आमां अध्यात्मवादने अग्रस्थान आपी इन्द्रिय-

सुख, क्रियाकांड अने आ जगतनी प्रवृत्तिओने अज्ञानरूप अने अयथार्थ गणावी छे. आ ग्रन्थमां कुल २२२ दुहा छे. तेमांथी प्रस्तुत उद्धरणमां फक्त १३ दुहा लीधा छे.

३. छंदोरचनाः—

दुहा. १३+११ । १३+११ ॥

३. टिप्पणः—

३–६. सरखावो.

> **कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
> **इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥**
> **यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।**
> **कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥**
>
> **भ. गी. ३. ६–७.**

६. **सालसित्थु** आने माटे एक वार्ता छे. काकीन्दी नामे नगरीमां एक राजा हतो. ते श्रावक होवा छतां एक वेदानुयायीनो संगतिथी मांसभोजन करवा तेने इच्छा थई. परन्तु लोकापवादना भयथी प्रकट रीते तो ते मांस खाई शक्यो नहि. तेणे एक मांसनी वानीओ बनावनार रसोईओ राख्यो. पेलो मांसनी रसोई बनावे परन्तु राजा हृदयमां भाव होवा छतां एक या बीजा कारणथी ते खाई न शके. आम करतां रसोईओ सर्पदंशथी मरण पाम्यो अने स्वयंभूरमण समुद्रमां महामत्स्य थयो. राजाए द्रव्यतः व्रतभंग नहोतो कर्यो छतां भावथी तो कर्यो हतो. ते **शालिसिक्थ** नामे कीडो बनी पेला महामत्स्यना कानमां जन्म्यो. महामत्स्यना मुखमां अनेक जलचरो प्रवेश करी बहार नीकळतां जोई शालिसिक्थना मनमां विचार थयो के, "खरेखर आ मत्स्य मूर्ख छे; हुं जो मत्स्य होउं तो एक पण प्राणीने जीवतुं न मूकुं." आ प्रमाणे हृदयमां मलिन भाव धरतो ते शालिसिक्थ मरण पाम्यो अने सातमा नरकने पाम्यो.

९–१०. पं. ९ मां **कम्मह हेउ करंतु** ए शब्दसमूहने **सो मुणि** (पं. १०) ना विशेषण तरीके लेवो. अर्थ–" जेना मनमां ज्ञान उत्पन्न थतुं नथी ते मुनि कर्मनो हेतु उत्पन्न करतो होई सुख पामतो नथी–एम बधां शास्त्रो कहे छे." ज्ञानना अभावे कदाच देखादेखी कर्म न करे तो पण तेना मनना कर्मना भाव तो जता ज नथी; एटले के एना कर्मनो हेतु तो नाश पामतो नथी, अने तेथी ज मिथ्याचार बनी ते सुख पामतो नथी. **मुणंतु**= वर्तमानकृदंत क्रियापद तरीके.

१२. अत्थइ–अच्छइ ए खरु अपभ्रंश छे. प्रो. हीरालाल अच्छइ वांचे छे.

१४–१५. तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मण: । नानुध्यायान्बहूञ् शब्दान् वाचो विग्लापनं हि तत् ॥ बृहदारण्यकोपनिषद् ४, ४, ५. अहिं एक अक्षरनो उल्लेख छे ते ॐ छे. सरखावो ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् । य: प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥ भ. गी. ८.१३.

२५–२६. जेओ वादविवाद करे छे, जेमनी भ्रान्ति तूटी नथी अने जे पोताना आत्माने भ्रान्त करे छे, ते जुगुप्सित (=भ्रान्त) थाय छे. प्रो. हीरालाल रत्ता वांचे छे, परंतु ते पाठ अत्ता होवा वकी छे.

॥ नवममुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

आ उद्धरणना त्रण आधार छे. (१) भांडारकर इन्स्टीटयुटनी हाथप्रत (२) प्रो. उपाध्येनो जोइंदु परनो लेख अने (३) प्रो. हीरालाल जैने संपादित करेली 'सावयधम्मदोहा' नी आवृत्ति (अम्बादास चवरे दिगंबर ग्रन्थमाला–२.). भाण्डारकर इन्स्टीटयुट पूना. नं. ११०८।१८९१–९५ नी प्रतमां छेवटेः मूलं योगीन्द्रदेवस्य लक्ष्मीचन्द्रस्य पंजिका । वृत्तिः प्रभाचन्द्रमुनेर्महती तत्त्वदीपिका ॥ श्लोक छे. आ उपरथी जोइन्दु ना नाम हेठळ आ उद्धरण मूक्युं छे. परंतु आ काव्यना कर्ता विषे छेल्लो निर्णय नथी. प्रो. हीरालाल जैन एक प्रतिना अंतिम दोहाने आधारे अने परंपरागत कहाणीने आधारे देवसेनने आ कृतिना कर्ता तरीके गणावे छे. देवसेनने आ कृतिना कर्ता तरीके ठरावता तेओए आपेली दलीलो सबळ तो नथी ज. गमे तेम हो, परंतु कृति दशमा अगीआरमा विक्रमशतकनी होवा संभव छे.

२. उद्धरणवस्तु:–

सातमा अने आठमा उद्धरणमां सामान्यत: अभेदवाद अने तत्त्वज्ञानने लगता दुहाओ छे; ज्यारे आ उद्धरणमां श्रावकोना आचारने लगता दुहाओ छे. आ त्रणेय उद्धरणना दुहामां एक वस्तु खास ध्यान खेंचे छे. लौकिक उक्तिओ अने दृष्टान्तोथी आ दुहाओ भरपूर छे. आ सत्य तो सामान्य वांचनारने पण प्रतीत थशे. मूळ ग्रंथमां २२८ दुहाओ छे; तेमांथी आ उद्धरणमां २४ दुहाओ लेवामां आव्या छे.

३. छंदोरचनाः-

दुहा १३+११ । १३+११ ॥

४. टिप्पणः—

५-६. तपाववुं, कापवुं, कसोटीपर चढाववुं, टीपवुं—आ चारे य परीक्षामां सोनुं पार उतरे छे. ते ज प्रमाणे जे मुनि संयम, शील, शौच अने तप ए चारे य मां बरोबर पार उतरेलो होय ते ज गुरु थवा योग्य छे.

८. **पिंडि = पिण्डे** भ० हाथप्रत टिप्पण= **पथि** 'मार्गमां' एम नोंधे छे. **पिण्ड**=समूह

९-१०. सात व्यसन+पांच उदुंबरनो त्याग=आठ त्याज्य वस्तुओ. सात व्यसनो ते द्यूत, मांस, सुरा, वेश्यागमन, आखेट, चौर्य अने परस्त्रीगमन साते य व्यसनो दुहामां गणाव्यां नथी, जो के पं. १०मां **अट्ठ** शब्दनो प्रयोग कर्यो छे. पांच उदुंबर एटले वड, पीपळो पीपळी, उंबरडो अने कोठिंबडी ए पांच जातनां फळोनो समूह. **त्रस** बे-इन्द्रिय आदि जीव.

११. **महु** प्रथम व्यसन 'मद्य' तेनी चर्चा करे छे. **तिडिक्क**=तणखो प्रो. हीरालालः **तिडिक्किडउ.**

१३-१४. 'सूका भेगुं लीलुं बळे' ए गूजराती कहेवत सरखावो. प्रो. हीरालालः '**वसणासत्त**=व्यसनासक्त जनो' एम अर्थ करे छे. पं. १४मां (ही.) नो पाठ **उज्झंत** छे.

१५-१६. 'दूध पाईने साप उछेरवो नहि' ए कहेवत सरखावो.

१७-१८. **कायउ=कामपि** रूप जूनुं देखातुं नथी. **जहिं साहसु तहिं सिद्धि ।** आ चरण लई जूना गूजरातीमां घणा दुहा बनावेला मालुम पडे छे. दा. त. **सींह ण जोयइ चंदबल नवि जोयइ घणरिद्धि । एकलडो बहु आभिडइ जां साहस तिहां सिद्धि ॥**

१९-२०. दानने माटे त्रण योग्य जन- १ मुनीन्द्र, २ श्रावक ३. अविरत सम्यग्दृष्टि पुरुष. आ प्रमाणे दान करनारने पांच कल्याणनो लाभ थाय छे.

२१-२२. कुपात्रने आपेला दाननुं विपरीत परिणाम समजावे छे.

२९-३०. धर्मने लीधे माणस वाहनमां जाय छे; पापने लीधे माणसने वाहन खेंचवुं पडे छे. घर बांधनारा घर पर चढे छे; ज्यारे कुवो खोदनारा नीचे जाय छे.

३१-३२. सेंकडो शास्त्रो जाणवा छतां, विचारीने ते धर्म आचरतो नथी;

सो सूरज उगे तो पण घूवड तो आंधळुं ज रहेवानुं. (ही.) **वियाणियहं++ चढइ मणे वि** । आपणा पाठ **चरइने** कोइ हाथप्रतनो टेको नथी. (ही.) नी द. हाथप्रत **चडइ** वांचे छे.

४१-४२. जिनपूजाने लगतो आ दुहो छे. गंधोदकप्रक्षालनना विधिनी अत्रे श्लाघा छेः-जिनवरने गंधोदकथी स्नान कराव्याथी बहु पुण्य थाय छे; विमल जलमां पडेला तेलना बिंदुने पसरतां कोण अटकावी शके ?

८५ **असिआउसा** आ पांच वर्ण अनुक्रमे अर्हत्, सिद्ध, आचार्य, उपाध्याय अने साधु एम पांचना द्योतक छे...आ पांच जेना हृदयमां छे, तेने पाप पहोंची शकतुं नथी; उंडा पाणीमां झीलेलाने दावानल शुं करी शके ?

॥ दशममुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

उद्द्योतननी कुवलयमाला हजु अप्रसिद्ध छे. श्रीजिनविजयजी शांतिनिकेतनथी बहार पडती संघी ग्रन्थमालामां आ ग्रन्थनुं संपादन करी रह्या छे. आ ग्रंथनी बे प्रतो मळे छे. एक भांडारकर इन्स्टीटयूटनी कागळनी हाथप्रत अने बीजी जेसलमीरना भण्डारनी ताडपत्रनी हाथप्रत. बन्ने हाथप्रतोनी वाचना फरकवाळी छे अने एकबीजानी केटलीक वार पूरक छे. श्रीजिनविजयजीए कृपा करी तेमना सम्पादनना आदिनो मुद्रित भाग अमने आप्यो हतो. तेना परथी प्रस्तुत उद्धरण लेवामां आव्युं छे.

उद्द्योतननी जीवनमाहिती माटे अत्यारे त्रण लेख उपलब्ध छेः (१) वसन्तरजतमहोत्सवस्मारकग्रंथमां श्री. जिनविजयजीनो **उद्द्योतननी कुवलयमाला** नामे लेख; (२) रत्नप्रभसूरिनो **कुवलयमाला**नो संस्कृतसंक्षेप श्री. चतुरविजयजी महाराजे भावनगर जैनसाहित्यप्रसारक सभा तरफथी संपादित कर्यो छे; तेनी संस्कृतप्रस्तावना; (३) अपभ्रंशकाव्यत्रयी (G.O.S.No.37) नी पं. लालचंद्रनी संस्कृतप्रस्तावना, पा. ८९-९४. **उद्द्योतने** पोताना जीवननी सर्व माहिती **कुवलयमाला**ना आरंभमां ज आपी छे. तेना उपर ज आधार राखी उपरना लेखकोए तेना विषे वृत्तांत लख्यां छे. जेसलमीरनी हाथप्रतनी फोटो-कोपी बरोडा ओरीअन्टल इन्स्टीटयूट पासे छे.

उद्द्योतन उर्फे दाक्षिण्यचिह्ने कुवलयमालाकथा वि. सं. ८३५ मां लखी. तेना पितानुं नाम **वडेसर**=वटेश्वर हतुं. तत्त्वाचार्य-जेना गुरु वटेश्वर हता-ते ज उद्द्योतनना गुरु हता आचार्य वीरभद्र अने समरादित्यकथाना

रचयिता प्रख्यात आचार्य हरिभद्रसूरि उद्द्योतनना विद्यागुरु हता. उद्द्योतनना गुरु अने तेमनी परंपरानुं मुख्य निवासस्थान भिन्नमाल नामे नगर हतुं. उद्द्योतन लखे छे के ते समये गूर्जरदेशने जैनमुनिओए देवमंदिरो बंधावी रम्य बनाव्यो हतो. जाबालिपुर (जालोर ए जोधपुर राज्यना दक्षिण भागना एक जिल्लानुं मुख्य स्थान छे) त्यां उद्द्योतनना गुरु वीरभद्र-आचार्यें ऋषभ-जिननुं एक मंदिर बंधाव्युं हतुं. त्यां रही तेणे "चैत्र कृष्णपक्षनी चतुर्दशीना दिवसे भव्यजनोने बोध करनारी आ कथा पूर्ण करी." "शककालनां सातसो वर्ष व्यतीत थवामां मात्र एक दिवस न्यून हतो ते दिवसे अपराह्णवेळाए आ कथा समाप्त थई छे."

उद्द्योतनसूरिनी कुवलयमालाकथा भाषानी दृष्टिए अति उपयोगी ग्रंथ छे. उद्द्योतनसूरिना काळमां संस्कृत, प्राकृत अने अपभ्रंश ए त्रणे साहित्यभाषा तरीके एक पंक्तिए गणाती भाषा हतीः—

आयण्णिऊण य चिंतियं णेण-' अरे कयलीए उण भासाए एणं उल्लवियइ केणावि किंपि । हूं अरे, सक्कअं ताव ण होइ, जेण तं अणेयपयसमासणिवाउवसग्गविभत्तिलिंगपरिअप्पणाकु-वियप्पसंगदुग्गमं दुज्जणहिययं पिव विसमं ।

इमं पुण एरिसं । ता किं पाययं होज्ज । हूं । तं पि णो जेण तं सकलकलाकलावमालाजलकल्लोलसंकुलं लोयवुत्तंतमहो-अहिमहापुरिसमहणुग्गयामयणीसंदबिंदुसंदोहं संघडियएक्केक्कमव-णणपयणाणारूवविरयणासहं सज्जणवयणं पिव सुहसंगयं ।

एयं पुण ण सुट्ठु । ता किं अवहंसं होहिइ । हूं । तं पि णो जेण सक्कयपाययउभयसुद्धासुद्धपयसमतरंगरंगंतवग्गिरं णवपाउस-जलयपवाहपूरपव्वालियगिरिणइसरिसं समविसमं पणयकुवियपिय-पणइणिसमुल्लावसरिसं मणोहरं ।

एयं पुण ण सुट्ठु । किं पुण होहिइ त्ति चिंतंतयेण पुणा समा-यण्णिअं । अरे अत्थि चउत्थी भासा पेसाया ता पुण इमा होहि त्ति । (ताडपत्रप्रती-पत्र ५७-५८.)

उपरना अवतरणमां अपभ्रंशनुं संस्कृत अने प्राकृतनी साथे स्थान तो हतुं एटलुं ज नहि पण उद्द्योतनना हृदयमां तेनुं स्थान संस्कृत, प्राकृत अने पैशाची करतां य उंचे आसने हतुं, ते तेनां अत्यन्त श्लाघापूर्ण वचनो कही बतावे छे.

आ उपरांत आ ग्रन्थनी आदिप्रशस्तिमां पण अपभ्रंशनो उल्लेख छे,

पाययभासारइया मरहट्ठयदेसिवण्णयणिबद्धा
सुद्धा सयलकह च्चिय तावस-जिण-सत्थवाहिल्ला ॥
कोऊहलेण कत्थइ परवयणवसेण सक्कयणिबद्धा
किंचि अवब्भंसकया का विय पेसायभासिल्ला ॥

आ प्रमाणे **अपभ्रंश** एक विकसित अने **संस्कृत** अने **प्राकृत**नी पंक्तिमां बेसवा योग्य भाषा तरीके **उद्द्योतनसूरि**ए गणी छे. आ उपरांत अपभ्रंश दोहा पण आ कथामां स्थळे स्थळे देखा दे छे. प्रस्तुत अपभ्रंशपाठावलीना चौदमा उद्धरणमां अमे बे दुहाओनी नोंध लीधी छे. आ उद्धरणमां पण बे दुहाओ छे जे वाचक जोई शकशे. एटले के वि. सं. ८३५मां तो क्यारनी य अपभ्रंश साहित्यभाषा थई चूकी हती.

भाषासम्बन्धी बीजी बाबत जे आपणने **कुवलयमाला**मांथी प्राप्त थाय छे ते **देश्यभाषा**ओ सम्बन्धी माहिती. संस्कृत, प्राकृत, अपभ्रंशना त्रण महानदोनी आगळ पाछळनी भूमिमां **देश्यभाषा**ओना स्रोत वहेता हता. आना पूरावा आपणने **कुवलयमाला**मांथी प्राप्त थाय छे. सामान्यत: श्वेतांबर आगमग्रन्थोमां अढार देशी भाषाओना उल्लेख आवे छे. (जुओ, G.P. Ein.30.). आ अढार देश्यभाषाओने उद्द्योतने बोली-प्रकारनां टूंकां उदाहरण आपी समजावी छे. (ताडपत्र पत्री. १३१-१३२) आ विषयने लगती गाथाओ बीजा लेखकोए नोंधी छे एटले अत्रे तेने टांकी विस्तार करवो अनावश्यक छे. (जुओ. अ. का. त्र. संस्कृत प्रस्तावना पान. ९१-९४; पं. बेचरदास प्राकृतव्याकरण प्रवेशक, पान १८-२४). पण आ उपरांत केटलीक देश्योक्तिना आखा फकरा ने फकरा आ ग्रन्थमां मालम पडे छे. तेवुं एक दृष्टांत ताडपत्र पोथी, पत्र ५१. भांडारकर प्राच्यमन्दिरनी प्रत अने अ. का. त्र. प्रस्तावना पान. १०९-११०ने सरखावी नीचे टांक्युं छे ते जोवुं:—

तउ भणियं एक्केण गाम-महत्तरेण,

" एउ एहउं होउ मणुस्साहं सव्वु एउ आयरिउं। तुज्झा-णउ वंकु वलियउ। प्रारद्धउं एउ प्रइ सुगइ। भ्रातु चर भ्राति संप्रइ।"

तओ अण्णेण भणियं,

" जं जि विरइउ धणलवासाए सुह-लंपडेण एउ मइं दुत्थ-ट्ठमणमोहलुद्धइं तुं संप्रति बोल्लियउ । एउ एउ पारद्धु भल्लउं । "

तउ अण्णेण भणिअं चिरजराजुण्णदेहेण,

" एत्थ सुज्झइ किर सुवण्णं पि वइसाणरमुहगयउं । रे एउ पाउ मित्तस्स वंचण । कामालियव्रतधरणें एउ एउ सुज्झेज्झ णाहिं "।

तउ सयलद्रंगसामिणा भणिअं,

" धवलवाहण-धवल-देवस्स सिरि भ्रमति जा विमलजल धवलुज्जल स भडारि यदि प्रावेसि तुंहुं मित्रद्रोज्झु तो णाम सुज्झइ ॥ "×

उपरना अवतरण उपरथी मालम पडशे के देश्यभाषा अपभ्रंशनी समीपवर्तिनी हती; परन्तु ते तेनाथी कांइक अंशे जुदी पडती हती ए वात पण साथे साथे खरी छे. आ विषयनी वधु चर्चा अन्यत्र क[illegible]वी पडशे एटले अहिं तो आटलेथी बस.

×ततो भणितमेकेन ग्राममहत्तरेण,

" एतद् एतादृशं भवतु मनुष्यस्य [illegible]मेतदाचरितम् । तव वक्रं वलितम् । प्रारब्धमेतत् प्रति सुगतिम् । भ्रातः चर भ्रातः संप्रति । "

ततोऽन्येन भणितम्,

" यदेव विरचितं धनलवाशया सुखलंपटेन एतन्मया दुष्टार्थमनोमोहलुब्धेन त्वां संप्रति कथितम् । एतदेतत्प्रारब्धं भद्रम् । "

ततोऽन्येन भणितं चिरजराजीर्णदेहेन,

" अत्र शुध्यति किल सुवर्णमपि वैश्वानरमुखगतम् । रे एतत्पापं मित्रस्य वञ्चना । कार्पटिकव्रतधरणेन एतदेतच्छुध्येन्न । "

ततः सकलद्रंगस्वामिना भणितं,

" धवलवाहनधवलदेहस्य शिरसि भ्रमति या विमलजला धवलोज्ज्वलां तां भट्टारिकां यदि प्रविशसि त्वं, मित्रद्रोहस्ततो नाम शुध्यति । "

आ छाया अर्थवाही छे. देश्यभाषाना पाठ बे प्रतोनी सरखामणी करी मूकवामां आव्यां छे. अर्थसूचन जेमांथी अधिकतर थाय तेवा पाठो लीधा छे.

प्रस्तुत उद्धरणनी भाषा महाराष्ट्री अने अपभ्रंश ए बन्नेना मिश्रणयुक्त छे. आखुं य उद्धरण गद्यमां छे सिवाय के वच्चे वच्चे ६ गाथा + २ दुहा = ८ पद्य छे. हाथप्रतोनी लखाणपद्धतिने कारणे उ अने ओना लखवामां झाझो फेर न होवाथी, एकला प्रथमाना ओने कारणे आ उद्धरणनी भाषाने महाराष्ट्री कहेवी युक्त नथी.

२. उद्धरणवस्तुः—

आखी य कथावस्तु नाट्यदृष्टिथी मूकवामां आवी छे. लेखक पहेला वाक्यमां कथा कहेवानी शरु करे छे; पण तरत ज तेने कांइक याद आवे छे. 'खल-जनने तो पिंड आपवानो रही गयो!' पछीथी अलंकारयुक्त गद्यमां लेखक प्रथम दुर्जननी व्याजस्तुति करे छे; (५–४१.) त्यारपछी सज्जनप्रशंसा एवा ज अलंकारयुक्त गद्यमां लेखक करे छे. (४१–७१.)

आ प्रमाणे सज्जनदुर्जनविवेक अपभ्रंशमां कविओ खास करीने करता. दा. त. जुओ भविसयत्तकहा. संधि. १. कडवक. ३. ४.

३. टिप्पणः—

८. कइसउ [कीदृशः] अपभ्रंशपरू सि. हे. ८।४।४०३। महाराष्ट्री प्राकृत केरिसो ।

हूं–हुं दानपृच्छानिवारणे । सि. हे. ८। २। १९७।

सुणउ=शुनकः वांचो; श्रृणोतु छाया खोटी छे.

९. पट्ठिमांसासउ [पृष्ठिमांसाशकः] श्वानने लागु पाडतां 'विष्ठा खानार' दुर्जनने लागु पाडतां 'चाडीओ खानार.' सरखावो, दशवैकालिक. ८.९० अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा । पिट्ठिमंसं न खाइज्जा मायामोसं विवज्जये ॥ ते ज प्रमाणे प्राक् पादयोः पतति खादति पृष्ठमांसं कर्णे कलं किमपि रौति शनैर्विचित्रम् । छिद्रं निरूप्य सहसा प्रविशत्यशंकं, सर्वं खलस्य चरितं मशकः करोति॥ सुभाषित ॥ पट्ठि=पृष्ठि । सि. हे. ८।४।३२९। टीका.

भसणसील (१) भसनार (२) बक बक करनार.

तहे सप्तमी बहुवचननुं रूप अपभ्रंशमां नवुं ज छे. सि. हे. अथवा तो सामान्य अपभ्रंशमां ते दृष्टिगोचर थतुं नथी.

मंडल कुतरो दे.ना. ६. ११४. मंडलो साणे ।

१०. **मयहिं** षष्ठी बहुवचननो प्रत्यय **हं** छे. तृतीया अने सप्तमी बहुवचननो प्रत्यय **हिं** छे. (**सि. हे.** ८।४।३४७). **मयहिं=मृतानाम्** ए नवुं ज षष्ठीनुं बहुवचननुं रूप छे.

११. **घइं** अपभ्रंशमां वपरातो अनर्थक निपात. **सि.हे.**८।४।४२४।

मायहे षष्ठी एकवचन नारीजाति; सरखावो **तहे=तस्याः। सि.हे.** ८।४।३८२। नुं दृष्टान्त.

षष्ठीमांथी द्वितीयामां संक्रान्ति, जेम नरजातिना षष्ठीना प्रत्यय होनी थई तेम. सरखावो **मार्कण्डेय प्रा. स.** १७. ११.

१२. दुर्जनना पक्षे 'हंमेश ककळाट करावनारो' अने 'पोला देखकर पेस जाना' ए नीतिने अनुसरनारो. सरखावो पंक्ति ९ उपर टांकेलुं सुभाषित **'छिद्रं निरूप्य सहसा प्रविशत्यशंकम् ।'**

१३-१६. कागडाना कर्कश ध्वाननी उत्तमता ए छे जे प्रोषितपतिकाने कागडो तेनाथी शुभ आगमनना शुकन आपे छे; अने छिद्रोमांथी तो कागडो पोताना आहारपूरतुं ज ले छे; ज्यारे दुर्जन प्रोषितपतिका व्याकुल स्त्रीओने पोताना कर्कशध्वनिथी शारी नाखी दुःख पेदा करे छे, अने ते बीचारीओनां कांइ पण छिद्र के दूषण न होय छतां य तेमना जीवितने हणे छे.

१६-२१. दुर्जननी अने गर्दभनी सरखामणी करे छे. **अइमुत्तय=** सामान्य रीते अतिमुक्तलता एटले मोगरो; परन्तु कोइ कोइ स्थळे 'द्राक्षनो वेलो' पण अर्थ थाय छे. गर्दभ तेने खाई शकतो नथी तेथी मनमां ज बळ्या करे छे. **जायल्लिय=जाता** रूप जोवा जेवुं छे.

२१-२४. कालसर्पनी साथे दुर्जनने कवि सरखावे छे. दुर्जन अने साप बन्ने य पारकानां छिद्र (दुर्जनपक्षे, अन्यनां दूषणो, सर्पपक्षे, बीजां प्राणीए खोदेलां दर) शोधे छे अने बन्नेयनो कुटिलगतियुक्त (दुर्जनपक्षे-कपटनीतिथी भरपूर जीवनचर्या वाळो; सर्पपक्षे-वांकीचूंकी रीते सरकी पूरो करातो) मार्ग छे. छतां य दुर्जन करतां एक रीते सर्प उत्तम छे; कारण के सर्प तो पारकानां खोदेलां दर शोधे छे, पोते दर खोदतो नथी; अने कुटिल गतिथी चाले छे पण पोतानी गतिथी शरमातो होय एम पेटथी चाले छे-ज्यारे दुर्जन तो पोते ज बीजामां छिद्रो उत्पन्न करे छे अने जाणे अभिमानी (**थड्ढो=स्तब्धः** भूत कृदन्त< √**स्तम्भ्** अभिमान करवुं) होय तेम चाले छे.

१५–२७. दुर्जनने विषनी साथे सरखावे छे.

१६. **महुरउ=झेर विषं तु मधुरं प्रोक्तं ॥** (वळी जुओ आप्टे–संस्कृत–अंग्रेजी कोष.) विष तो मुखे (=स्वादमां) मधुरुं होय अने मन्त्रोवडे तो तेनुं उत्तम रसायण बनावाय. खल तो पहेला अनुभवथी ज कडवो होय छे, अने घडेली मन्त्रणाओने पण तोडी नाखे छे.

२८–२१ दुर्जनने (=खलने) खोळनी साथे सरखाव्यो छे बन्ने य त्यक्त-स्नेह (खोळने पक्षे–तैल विनानो; दुर्जनपक्षे–प्रेमविनानो) अने पशुभक्त (खोळने पक्षे–पशुना भोजनरूप; दुर्जनपक्षे–पशुनुं भोजन करे छे ते, एटले मांसाहारी); वळी खोळ तो ज्यारे पीलाय त्यारे ज स्नेह (=तैल, त्यजी दे छे अने बिचारो अजाण स्थितिमां पशुथी खवाय छे; ज्यारे दुर्जन तो पहेलेथी ज स्नेह विनानो होय छे अने जाणे छे छतां य पशुओने (=पशुओना मांसने) खाय छे.

सामान्यतः जैनग्रन्थोमां ‘मांसाहारी’ कोइने कहेवो ए अपशब्द छे. दा. त. सरखावो. भ. क. १. क. ३. पं. ९.–१०. **दुव्वयणवियड्ढु पक्कु वि दुम्मइ सुयणसय । जो भक्खइ मंसु तासु कहिं मि किं होइ दय ॥**

२१–२८ दुर्जनने विष्टा साथे सरखावे छे दुर्जन अने विष्टा बन्नेयने विशिष्ट (=दुर्जनपक्षे–उमदा, विष्टापक्षे–पवित्र) माणस त्यजे छे; अने बन्नेयनी आगळ पाछळ अस्फुट शब्दथी क्षुद्र(दुर्जनपक्षे–छूपी रीते अस्पष्ट उक्तिथी मंत्रणा करता हलका माणसो, विष्टापक्षे–अस्पष्ट बमणाट करती माखीओ)नी मंडळी गगणे छे. तो य विष्टा दुर्जन करतां सारी; कारण के ए तो कोइ अन्य वस्तुनो फेरफार करे छे ज्यारे दुर्जन तो पोते ज भातभातना विकारोथी भरपूर छे. एटले के विष्टा बीजी वस्तुना विकारथी उत्पन्न थएली छे; ज्यारे दुर्जन तो पोते ज विकारनुं स्थान छे.

३६. **महनुं भणंतस्स** वर्तमानकृदन्त विशेषण छे. बन्ने य शब्दो षष्ठी विभक्तिमां छे. परन्तु छायामां संस्कृतनी दृष्टिए ते बन्नेने सप्तमीमां मूक्या छे.

३८–३९. दुहो छे. प्रथम पंक्तिमां **ज्जाअहो** अने **ज्जि** छन्दखातर बेवडाव्या छे. बीजी पंक्तिमां ‘ **जेण**=जेथी करीने ’ आ दुहाने पाछली गाथा साथे जोडे छे. तेथी करीने तेनुं समान्तर दर्शक सर्वनाम आ दुहामां नथी. **मग्गउ**=पाछळ; जुओ **दे. ना. ६. १११. मग्गो पच्छा ।** मराठी–मागे. आखा दुहानो अर्थः

–जेथी जारपुत्र, दुर्जन अने दुष्ट घोडो एनी आगळ के पाछळ जवानुं शक्य थतुं नथी.

४८–५२. दुर्जननिंदा पूरी करी, सज्जनप्रशंसा कवि आरंभे छे, आ पंक्तिओमां सज्जननी सरखामणी राजहंस साथे करी छे; राजहंस अने सज्जन बन्ने य विशुद्धोभयपक्ष (राजहंसपक्षे–जेनी बन्ने य पांख सफेद होय–छे; सज्जनपक्षे–जेनुं पिता अने माता बन्नेयनुं कुल विशुद्ध होय–छे.) अने (सज्जन पक्षे–शब्दने छूटा करी समजवानी शक्तियुक्त, अने राजहंसपक्षे–क्षीरनीरविवेकनी शक्तियुक्त, अर्थ छे); तो य एकाएक भयंकर मेघाडम्बर चढी आवे तो मानस सरोवर पहोंचवानुं दुःख हंसने थाय छे [अत्रे मानसिक दुःख थाय छे एवा पण अर्थनो ध्वनि छे]. ज्यारे सज्जन तो मेघ जेवा श्याम अने आडम्बरी खलोनो स्वभाव जाणे छे एटले तो ते ज्यारे तेमनां आक्रमण थाय त्यारे तेनो मायनो समजी हसतो ज बेसे छे.

५०–५१ दुहो छे अने पं.४७–४८ अने पं. ५२नी साथे ते एक ज वाक्य बनावे छे. तेना संबंधे मूळनी नीचे आपेली टीप जुओ.

५२–५५. आ पंक्तिमां सज्जनने पूर्णिमाचन्द्र साथे सरखाववामां आव्यो छे. ते बन्ने य सकल कलाथी (सज्जनपक्षे–कलाओ Arts. चंद्रपक्षे–तेनी सोळ कलाओ Digits) पूर्ण अने माणसोना मनने आनंद आपनार होय छे. तो य चन्द्र तो कलंकथी दूषित होय छे अने अभिसारिकाओना मनने पीडा आपनार होय छे (कारण के चन्द्र कामोत्पादक तो होय छे अने अभिसारिका चन्द्रना प्रकाशमां देखाई जवाना भये पोताना प्रियतमने मळवा जई शकती नथी.); ज्यारे सज्जन तो निष्कलङ्क अने सर्व जनने सुख आपनार होय छे. दिहि=धृति सुख, सरखावो उद्धरण ३. पं. १६.

५५–५८. सज्जनने मृणाल (=कमळनो वेलो) साथे सरखाव्यो छे. बन्नेयने पीले तो य तेमना स्नेह–तंतु (मृणालपक्षे–तेनी चीकट रेषाओ; सज्जनपक्षे–प्रेमनो बंध)नो छेदो थतो नथी अने बन्ने य खूब शीतळ होय छे; छतां य मृणाल तो खजुरी लगाडे तेवा स्वभावनो, अने जड (='जल' पर श्लेष सरखावो. उद्धरण ५. पंक्ति १००)ना संसर्गमां उछर्यो छे; ज्यारे सज्जन तो मधुर स्वभावनो अने जेनो रस विदग्धजने वर्धित कर्यो छे तेवो छे.

५९–६२. सज्जनने दिशागज साथे सरखाव्यो छे. बन्ने य स्वभावे उन्नत (गजपक्षे–उंचो, सज्जनपक्षे–उमदा) छे, अने बन्नेयमांथी अटक्या विना

दान (गजपक्षे–मद; सज्जनपक्षे–दान)नो प्रसर वह्या ज करे छे; तेमांय दिशागजनुं तो मदविकारथी (श्लेषे करीने–मदनुं आगमन थाय ते समये) वदन श्याम थाय छे; पण सज्जनने तो मद थतो नथी, अने दान देतां तो तेनुं वदनकमल विकसे छे.

६२–६५. सज्जनने मुक्ताहार साथे सरखाव्यो छे. बन्नेय स्वभावे विमल (मोतीपक्षे–श्वेत; सज्जनपक्षे-शुद्ध) होय छे; अने बन्ने बहु उत्तम गुण (मोतीनी माळाना पक्षे–दोरा) युक्त छे. पण मुक्ताहार तो सेंकडो छिद्रोथी भरचक अने वनमां (=पाणी; श्लेषे 'वनमां उछरेलो ' एम अर्थ आ वाक्यना छेल्ला भागमां लेवानो छे) उछरेलो छे; ज्यारे सज्जन तो कोइ पण छिद्र (=दूषण) विनाना गुणथी भरपूर छे अने नगरमां उछरेलो नागरिक छे.

६५–६९. सज्जनने समुद्र साथे सरखाव्यो छे. बन्ने य गंभीर (समुद्र पक्षे–उंडा) स्वभावना अने मोटा अर्थ (समुद्रपक्ष–रत्नोथी भरेलो, महाद्रव्यवान; सज्जनपक्षे–महान हेतुवाळो) वाळा छे. पण समुद्र तो उत्कलिका- (वीचिओ, चिंताओ)शतथी भरपूर छे अने नित्य कलकल-अवाजथी (ककळाटथी) बाजुए उभेला जनोने दुःख आपे छे;–एम जाणे दुःखी स्थितिए पामेला कुटुंबनुं अनुकरण करे छे. सज्जन तो धीर स्वभावनो होय छे अने मध जेवां मधुरां वचनोथी लोकोने आनंद आपे छे.

७०–७१. सज्जनगुणप्रशंसाना उपसंहारनी गाथा छे.

॥ एकादशमुद्धरणम् ॥

प्रस्तुत उद्धरण माटे नीचेनां प्रमाणो लीधां छे. तेना संकेतशब्द पण कौंसमां आप्या छे:—

(1) S. P. Pundit's Edition of विक्रमोर्वशीय (पं.)

(2) R. Pischel: Materialien zur Kenntnis des Apabhrams'a. P. 57-64, (पी.)

(3) Nirnayasagar Edition with Ranganath's Commentary (रं.)

(४) दि. ब. के. ह. ध्रुव : पराक्रमनी प्रसादी (ब.)

१. प्रस्तुत गीतोनी समीक्षाः–

आ उद्धरणमां कालिदासना प्रख्यात नाटक विक्रमोर्वशीयना चोथा अंकमांथी अपभ्रंश गीतो लेवामां आव्यां छे. आ अपभ्रंश गीतो कालिदासनां छे एम तो कोइ कही शके ज नहि एने माटे अनेक कारणो छे. (१) आ गीतो उत्तरनी हाथप्रतोमां मालम पडे छे; अने दक्षिणनी हाथप्रतोमां बीलकुल मालम पडतां नथी. (२) आ गीतो अने मूळनां संस्कृत उक्तिओ वच्चे मेळ नथी. (३) केटलांक बीजां कारणसर–दा. त. बंगाळाना अखात तरफना पूर्वदिशाना पवननो उल्लेख (प्रस्तुत उद्धरण पं. ३९ जुओ) तव्वे=तावत् (प्रस्तुत उद्धरण पं. ६ S. K. Chatterji. O. D. B. L. Intro. § 61.) जेवां बंगाळीरूप. आ प्रयोगो बतावे छे के बंगाळ बाजुए आनो उमेरो थएलो होवो जोईए. एटले दक्षिणनी हाथप्रतोमां आनो उल्लेख नथी. (४) बे टीकाकारोमांथी काशीमां रही टीका करनार रंगनाथ आ अपभ्रंश गीतो पर टीका करे छे; ज्यारे काटयवेमने तो तेनो ख्याल सरखो य नथी.

दि. बा. केशवलाल हर्षदराय ध्रुवे आ क्षेपक अपभ्रंश भाग विषे विस्तारथी विवेचन, प्रस्तावना पा. ४०–४२ मां कर्युं छे. ते विवेचन आ विषय परत्वे विशेष द्योतक होवाथी, तेनो निष्कर्ष अमे आपवा यत्न करीए छीए. कालिदासनां कोइ पण नाटकोमां नहि अने तेना विक्रमोर्वशीयना चोथा अंकमां ज अपभ्रंशगीत प्रक्षिप्त थवानुं कारण ए छे जे ते अंकनो मोटो भाग संस्कृत बोलनार पात्रनो अने लोकोत्तर कल्पनामय वृत्तान्तवाळो होई अपभ्रंश समजनारा लोकोने केवळ दुर्गम नीवडे एवो हतो. आथी भारत नाट्यशास्त्रना बत्रीसमा अध्यायनी ध्रुवानी युक्ति वापरी अन्योक्तिद्वारा राजाना संचारथी प्रेक्षकने वाकेफ राखवानुं कोइने सूझ्युं. ध्रुवाओ उमेराई अने तेनी पाछळ अपभ्रंश पद्यात्मक कृतिओ पण रचाई. आम रसिक प्रेक्षकनी जिज्ञासा तृप्त करवा क्षेपक अपभ्रंशभाग अस्तित्वमां आव्यो. अपभ्रंश कविता कालिदासनी कृतिने पडछे झांखी लागे छे. एनुं सौन्दर्य रसमां नहि पण संगीतमां समायुं छे.

आ क्षेपक अपभ्रंशभाग हेमचन्द्रना अरसामां के जरा पहेलां अने प्राकृत पिङ्गलनी पूर्वे उमेरायो हशे, एम भाषा परथी लागे छे. आम आने लगभग ११ के १२मा सैकानुं अपभ्रंश कहेवाय.

आ अपभ्रंश भाग छन्द अने भाषानी दृष्टिए घणो भ्रष्ट छे. प्रस्तुत उद्धरणमां विक्रमोर्वशीयनां बधां अपभ्रंश गीत लेवामां नथी आव्यां. आ उद्ध-

रणमां कुल १६ गीत छे. आ सोळ गीतमां १, ८, ९, ११, १३ उक्तिओ नथी, ज्यारे बाकीनां १२ गीत पुरुरवा राजानां उन्मादवचनो छे. आखी परिस्थितिनुं वातावरण अने उक्तिनी परमताने लईने ज 'पुरुरवानां उन्माद-वचनो ' ए अभिधान उद्धरणने आपवामां आव्युं छे.

२. **टिप्पणः—**

१–२ उपदोहक ॥ १२+११ ॥ छं. शा. पा. ४२ (अ); बीजी पं-क्तिमां रं. अने तेने अनुसरी पं. 'णु.' टीकामां रं. नु निश्चयार्थे । लखी आ प्रमाणे अर्थ करे छे " ज्यारे खरेखर नूतन विद्युत्‌थी विराजित श्यामल मेघ वरसे छे, त्यारे मृगलोचनी उर्वशीने कोइ राक्षस हरी जाय छे एम में जाण्युं." प्रो. पीशल नु बदले न वांचे छे. एक तो आ गीत विभावना पछोनी स्थितिने वर्णवतुं छे अने वळी जाव=यावत् ने घटाववानुं छे. एने मेघनी विभा-वना अने उर्वशीने हरी जता राक्षसनी भ्रान्तिनो निरास ' फोरां शरीरे अडतां' थाय छे. एटले ज " ज्यां सुधी नव विद्युत्‌थी विराजित श्यामल मेघ वरस्यो नहि त्यां सुधी तो मेंं जाण्युं के कोइक निशाचर मृगलोचनाने हरी जाय छे ! "

३–६. **अनन्तरे चर्चरी** एम नाटकमां निर्देश करी, आ अपभ्रंश गीत लखवामां आव्युं छे. चर्चरीनी व्याख्या रं. प्रमाणेः–**द्रुतमध्यलयं समाश्रिता पठति प्रेमभरान्नटी यदि । प्रतिमण्ठकरासकेन या द्रुतमध्या प्रथमा हि चर्चरी ॥** आम ते एक प्रकारनो नृत्तविशेष छे. प्रा. पिं. पा. ५२३मां चर्चरी छन्द आप्यो छे, तेनी साथे आने कांइ लेवादेवा नथी. छन्द २० मात्राना चार चरणनो छे. पं. ३मां बे मात्रा वधारे छे. जइ ने दूर करी मेळ लावी शकाय.

३. **एमइं (रं.) ए इति संबोधने एवमर्थे वा ।** (पी.) एँ मइं वांची **अनेन मया** । खरी रीते एमइं=इदानिम् । अपभ्रंशमां प्रचलितरूप लेवा योग्य छे.

४. (रं) तच्छे वांचे छे. टीका **'मइं तच्छे जंजु इत्यादयः=अहं, तदा, यद् यद् इत्यार्थे देश्यशब्दाः ।** बंगालनी हाथप्रतो तच्चे वांचे छे. ए ज रूप प्रा. पिंनां उदाहरणमां अने दोहाकोशमां पण आवे छे, तच्छेना जेवो प्रयोग कोइ अर्वाचीन देश्यभाषामां नथी एटले ते अस्वीकार्य छे.

७–१० आ उक्ति नथी पण वर्णनात्मक ध्रुवा छे. प्रा. पिं. (पान. २२०) मां वर्णवेलो **अडिल्ला** छन्द लागे छे. १६ मात्रानुं चरण अने छेल्ली बे मात्रा लघु ए तेनुं लक्षण छे. पं. ७, ८. नियम प्रमाणे मळे छे. कदाच एम पण

होय के बीजी बे पंक्ति २१ मात्राना बीजा छन्दनी बनावी होय. आ छेवटनी बे पंक्ति अ का. अ.ना प्रथम काव्य **चर्चरी**मां छे. त्यां टीकाकार ते छन्दने **एकविंशतिमात्राकलितं कुन्दनामकं छन्दः** एम कहे छे. **छं. शा.** ५ पा. ३७ (अ) ६ + ४ + ६ + ५ = २० मात्रानो **रासावलय** आ छन्दने कही शकाय.

वर्षानो प्रत्यावेश करतो राजा आ गीतमां वसन्तनुं वर्णन करे छे.

११–१४ आ छन्दमां घणी ज भ्रष्टता छे. छन्दनी प्रथम बे पंक्ति १५ +१० मात्रानी छे. **अब्भत्थेमि**मां **ए** द्विमात्रिक छे. बीजी पंक्तिमां छेल्ला भागमांथी **सा** छन्दनी दृष्टिए त्याज्य छे. बीजी बे पंक्तिओमां १३+९ मात्रानो छन्द छे. **चिण्हें**मां **ण्हें**नी एक मात्रा गणवी. प्रथम बे पंक्तिनो छन्द **छं. शा. ४२. (अ)** प्रमाणे **विद्याधरहास** छे. छेल्ली बे पंक्तिओमां **छं. शा. ४१ (ब)** प्रमाणे **अभिनववसन्तश्री** नामे चतुष्पदी छे.

१५–१८. आमां १५ मात्रानो **पारणक** छन्द छे जेना लक्षणनुं विवेचन पूर्वे करवामां आव्युं छे. पं. १७मां **दिट्ठी** छे तेने बदले **दिट्ठि** वांचो.

१९ २२. आमां १६ मात्रानो **अडिल्ला** छे जेनुं लक्षण आ ज उद्धरण पं. ७–१०. मां निरूपित कर्युं छे.

२३–२४ आ गीतमां **शशांकवदना** नामनी चतुष्पदी छे. **छं. शा. ४२ (अ)**मां **चौ दः शशांकवदना ।** ए लक्षण बरोबर बेसे छे. ४+४+२= १०×४=४० आखी कडीमां कुल मात्राओ. (पी.) **भणहि**ने स्थाने **भणइ** वांचे छे. ते छन्दोदृष्टिए यथार्थ छे. आपणे पण **भणइ** वांचवुं पडशे, जो के तेथी व्याकरणदृष्टिए अर्थान्तर तो नहि ज थाय.

२५–२६. आमां पण उपरनो ज छन्द छे. (पी.) **एक्केक्कम=अन्योन्यं । दे. ना. १.१४५.** वांची, **वधित=वधेलो** एम अर्थ करवा मागे छे. (रं)नी समजावट दूराकृष्ट छे. **एक्कक्कम=एकक्रम युगपद्** ए अर्थ करे छे प्रो. पीशलने अनुसरी " जेमां प्रेमरस अन्योअन्यने (पोते अने पोतानी प्रियतमानी अन्योअन्यता) लीधे वध्यो छे, ते कामरसथी हंसयुवा सरोवरमां खेले छे. " (रं.) वियोगदशा सूचववा **वधित=कपाई** गएलो, एम अर्थ करे छे.

२७–२८ (रं.) **गजो भ्रमतीति शेषः ।** १४ मात्रानी द्विपदी; प्रास मळतो नथी; एटले भ्रष्ट होवानो सम्भव छे. आ उक्ति नथी परन्तु मात्र वर्णनात्मक ध्रुवा छे.

२९–३२. प्रथम बे पंक्तिमां **अडिल्ला** ज्यारे त्रीजी अने चोथी पंक्तिमां **पज्झडिआ** छे. आ बे छन्दोमां घणी वार बहु ओछो फेर होवाने लीधे भेळ-सेळ थई जाय छे. जुओ **भ. क.** Intro. P. 29. बीजी पंक्तिमां **णामियतरुवरु** (ध्रुव) एम वांचीए, तो **ललियपहारें** साथे मेळ सचवाय.

३३–३४ छन्द भ्रष्ट छे. वराह=भुंडनुं वर्णन छे. आ उक्ति नथी पण ध्रुवा छे. **पेच्छहु** 'जुओ' प्रेक्षकोने उद्देशी पडदा पाछळथी आवी ध्रुवाओ बोलाती हती ते बतावे छे.

३५–३८ छन्द **अडिल्ला** । प्रथम पंक्तिमां **फलिह** अने पंक्ति. २.मां **कुसुमे** ने बदले **कुसुमहिं.**

३९–४४ आ गीत छ पदनुं छे. आदि बे पद १५+१५=५० मात्रानां छे; अने अंतनां ४ पद २१ मात्राना एक पद लेखे छे. छए पदमां वर्षाकालनुं वर्णन छे. परन्तु समुद्रनी ते समये स्थिति शी हशे तेना तरफ वर्णननुं लक्ष्य छे. पं. ३मां **रहंग** (रं.) वांचे छे; परन्तु **विहंगम** (पं.) नो पाठ छन्दनी दृष्टिए स्वीकार्यो छे. **कुंकुमसंख**=कुंकुमवर्णना शंख. पं. ४. हाथी अने मगरथी भरपूर, श्याम, अने कमळथी ढंकाएलो.

४५–४८ छन्द बहु ज भ्रष्ट छे. २६, १८, १६, १८ आ प्रमाणे मात्रायुक्त ४ पंक्तिनो छन्द थाय; पण तेमां य सुधारा तो करवा ज पडे. वा.त.पं २. **सरीरी** वांचवुं पडे; पं. ४. **विरहसमुद्दहं** वांचवुं पडे. पं. १मां मुद्रादोष सुधारी **सुंदरि** वांचो. पं. ४मां **तहने** बदले **तुह** ए प्रचलित रूप छे आ गीत मृगने उद्देशी बोलायलुं छे.

४९–५२ पूर्वसन्दर्भ आ प्रमाणे छेः **अये किं नु खलु कुसुमरहितामपि लतामिमां पश्यता मया रतिरुपलभ्यते । + + + + यावदस्यां प्रियामुपकारिण्यां लतायां परिष्वंगप्रणयी भवामि ।** (रं.) प्रमाणे "हे लता, जो, हुं हृदय विना भमुं छुं. जो विधाना जोगे फरीथी प्रिया मने मळे, तो खरेखर हुं आ अरण्यमां तेने प्रवेश करावीश नहि [**ता रण्णें विण –करमि (विनाकरोमि=निष्कासयामि) णिभन्ती (भ्रान्ति विना यथा स्यात् तथा ।**] (रं.) अने फरीथी विरहवेदना करावती तेने छूटी मूकीश नहि." आपणी वाचना प्रमाणे "लता तरफ जोईने मने हृदयमां भावना थाय छे, "जो विधिजोगे ते मने प्राप्त थाय तो हुं आ वनमां भ्रमण नहि करुं अने विरहदाह पेदा करती तेने विखूटी नहि करुं." मूळमां पाठांतरनुं टिप्पण जुओ.

५३–५६ **अडिल्ला** छन्द प्रथम बे पंक्तिमां; छेल्ली बेमां **पज्झडिआ.**

॥ द्वादशमुद्धरणम् ॥

१. कवि अने तेनो समयः—

काण्हना दोहाकोशमांथी केटलांक गीतो उध्धृत करी प्रस्तुत उद्धरणमां लेवामां आव्यां छे. काण्हना दोहाकोशनी वाचनानो आधार अमे बे आवृत्तिओ उपर राख्यो छे (१) महामहोपाध्याय हरप्रसाद शास्त्री सम्पादित "बौद्धगान ओ दोहा" जेमां काण्ह अने सरहना दोहाकोश आपवामां आवेला छे; अने (२) M. Shahidulla; Le Chants Mystiques de Kanha et de Saraha जेमां पण काण्ह अने सरहना दोहाकोश आपवामां आवेला छे आ उद्धरणनी विशिष्टता ए छे जे प्रस्तुत गीत पूर्व हिन्दुस्तान—बङ्गाळ अने आसाम—बाजुथी मळे छे.

काण्हना समयनी चर्चाने माटे आपणी पासे त्रण साधन छेः—(१) बौद्ध गान ओ दोहानी अंग्रेजी तेम ज बंगाळी प्रस्तावना (२) डो. सुनीतिकुमार चेटरजीः The Origin and Development of Bengali Language: Introduction P. 120-123. (३) डो. शहिदुल्लानी Le Chants Mystiquesनी Introduction (Chapitre II Les Auteurs des Dohakosa). आ त्रण लखाणोने नीचेनी चर्चामां प्रमाण तरीके लेवामां आव्यां छे.

गोपीचन्दराजाना वैराग्यनां अने मत्स्येन्द्रनाथ गोरखनाथ अने भर्तृहरिनां गीत गाता, रखडता भरथरीओने आपणे घणीवार सांभळीए छीए. ए गवाती आख्यायिकाओ नाथसम्प्रदायनी छे. ते सम्प्रदायमां मुख्य ८४ सिद्ध छे एक वार नाथसम्प्रदाय, पंजाब, टीबेट, बङ्गाळ अने लगभग आखा उत्तर हिन्दुस्तानमां प्रसरेलो हतो काण्ह के काण्हपा (=कृष्णपाद) ए गोरखनाथ मत्स्येन्द्रनाथ अने गोपीचन्द्र राजाना समकालीन हतो तथा टीबेटन अने हिन्दी परम्परा प्रमाणे, ८४ सिद्धमांनो ते एक हतो. काण्ह जालंधरिनो शिष्य हतो. गोपीचन्दनी माता मेनावती पण जालंधरिनी शिष्या हती. गोपीचन्दने जालंधरि खरो योगी छे तेनी प्रतीति थाय छे अने ते राजवैभव छोडी योगी बने छे, ए आख्यायिका सर्वविदित छे. डो. शहिदुल्लाना अभिप्राये मत्स्येन्द्रनाथ इ. स. ६५७ मां नरेन्द्रदेवना राज्यमां थई गयो. गोपीचन्द्र के गोविचन्द्र

टीबेटन इतिहासकार तारानाथना कहेवा प्रमाणे राजा विमलचन्द्रनो पुत्र अने माळवाना राजा भरथरी के भर्तृहरिनो मन्त्रीजो हतो. विमलचन्द्र, तारानाथना कहेवा प्रमाणे, धर्मकीर्तिनो समकालीन हतो. चाईनीस मुसाफर इत्सींग इ. स. ६७३मां "अर्वाचीन समयना" बौद्ध धर्मना महान् आचार्योमांना एक तरीके धर्मकीर्तिने गणावे छे. गोपीचन्द भर्तृहरिनो मन्त्रीजो हतो, ए दन्तकथा तो बङ्गाळनी बहार पण जाणीती छे. इत्सींगना कहेवा प्रमाणे, भर्तृहरि इ. स. ६५१ मां मरण पाम्यो. भर्तृहरिए जालंधरि पासे ज वैराग्यदीक्षा लीधी हती. जालंधरिनो गुरु, तारानाथ प्रमाणे इन्द्रभूति धर्मकीर्तिनो समकालीन हतो. आ बधी हकीकतने ध्यानमां लेनां डो. शहिदुल्लाना मते कान्ह=कृष्णाचार्यनो समय इ स. ७००नी आसपास होवो जोईए. (Intro. P. 27–28).

डो. सुनीतिकुमार चेटरजीना मते काण्हनो समय इ. स. १२०० नी आसपास छे तारानाथ बे काण्हनो उल्लेख करे छे, एक वृद्ध अने एक नव्य. 'चर्याचर्यविनिश्चय'नी चर्या ३६ नी एक कडीमां ते चर्यानो कवि काण्ह पोताने जालंधरिपादना शिष्य जेवो जणावे छे. वळी ए ज चर्यामां उल्लेखेलो लूइ-पाद, दीपङ्कर श्रीज्ञान के अतिशनी साथे अभिसमयविभङ्ग नामे तान्त्रिक कृतिनो सहकर्ता हतो. × अतिश इ स. १०३८मां ५८ वर्षनी वये टीबेट गयो. एटले काण्ह लगभग इ स ११८९नी आसपास थयो हशे एम तेमनुं मानवुं छे. मराठी संत ज्ञानेश्वरनी गुरुपरम्परा पण पोताना मतनी साखमां डो. चेटरजी लावे छे.

भले आ बे अभिप्रायमांथी गमे ते खरा होय; परन्तु एक वात तो देखाई ज आवे छे के भाषा, लखाणनी धाटी अने विचारवलण उपरथी इ स. ९५०–१२०० सुधीमां ज आ ग्रन्थाने आपणे लई शकीए. वधारामां आ लखाणनी हाथप्रत १४ मा सैका पछीनी छे अने लहीआनी अने आ गीतोनी परम्परा साचवनार सामान्य जनतानी भाषानी छाप आ लखाण उपर विपुल प्रमाणमां देखाई आवे छे.

× Shahidulla: Intro. P. 19. 'प्रस्तुत तंत्र लूइपाए रच्युं हतुं; अने दीपंकर श्रीज्ञाने ते पर टीका करी हती' एम ते तंत्रनी टीबेटन प्रतनी अंतिम प्रशस्तिनुं भाषांतर करी ते जणावे छे आ प्रमाणे डॅा. चेटरजीए O. D. B. L. Intro. §63, डॅा. हरप्रसाद शास्त्रीए Intro P. 14. मां ठरावेलो लूइपानो समय ज ते खोटो ठरावे छे. एटले तेमना मूळभूत विधान पर ज डॅा. शहिदुल्ला घा करे छे. वांचो: Shahidulla: P. 19.–24.

२. दोहाकोशनी भाषा:—

आ ग्रन्थनु अपभ्रंश, जे सामान्य अपभ्रंश अत्यार सुधीनां उद्धरणोमां जोयुं ते प्रकारनुं छे के कोई बीजा प्रकारनुं? प्रो. याकोबी (सनत्कुमारचरिउ Intro P. XVIII) ना अभिप्राये काण्ह अने सरहना दोहाकोशनुं अपभ्रंश पौर्वात्य अपभ्रंश छे. तेना कारणमां ते जणावे छे के तेना व्याकरणप्रयोगो क्रमदीश्वर, रामशर्मन् अने मार्कण्डेयने अनुसरे छे. परन्तु अर्वाचीन पौर्वात्य देश्यभाषाओ जेवी के मैथिली, ओरिय, बङ्गाली, आसामी इ. आ अपभ्रंश साथे सम्बन्ध धरावती नथी. दा. त. व्रासु=व्यास, स्वार्थे नरजातिमां ड अने नारीजातिमां डी, हमु=अहम्, मेर=मम, तेर=तव इ. मार्कण्डेयादि पौर्वात्य वैयाकरणोए बतावेला विशेषो अर्वाचीन पौर्वात्य देश्यभाषाओमां मालम पडता नथी. आम एक बाजुए मार्कण्डेयादिए नोंधेली अपभ्रंश भाषा अर्वाचीन पौर्वात्य देश्यभाषाओनी जनेत्री नथी, ए तो सिद्ध ज छे.[१] छतां बीजी बाजुए मार्कण्डेयादिए नोंधेला अपभ्रंशने पौर्वात्य अपभ्रंश तरीके जुदुं ओळखाववा प्रो. याकोबी, डो. शहिदुल्ला आदि प्रयत्न करे छे. डो. शहिदुल्ला हेमचन्द्रना अपभ्रंश अने रामतर्कवागीश, क्रमदीश्वर अने मार्कण्डेये नोंधेला अपभ्रंशनी विस्तरशः सरखामणी करे छे. (सदर Introduction P.45–53.) परन्तु अपभ्रंशना प्रयोगनी बहुलताने हिसाबे तेमणे बतावेला विशेषो एवा नथी के पौर्वात्य अपभ्रंश तरीके जुदी अपभ्रंश भाषा स्थापी शकाय. टुंकमां मार्कण्डेये बतावेवी नागर अपभ्रंश अने हेमचन्द्रना व्याकरणनी अपभ्रंश जुदी छे, एवा सिद्धान्तनुं विधान वधारे पडतुं छे. त्यारे काण्ह अने सरहनी भाषाने कया अपभ्रंश तरीके गणवी? शहिदुल्ला काण्ह अने सरहना अपभ्रंशने अर्वाचीन पौर्वात्य देश्यभाषाओ साथे सम्बन्ध न होवाने कारणे, प्रो. याकोबीने अनुसरी तेने पौर्वात्य अपभ्रंश कहेता नथी; परन्तु तेमने मते प्रस्तुत गीतोनुं अपभ्रंश बौद्ध अपभ्रंश छे.[२] अमारे मते तो आ पण भ्रम छे; कारण के सदर गीतो

---

१. Shahidulla; Intro. P. 33. सरखावो सुनीतिकुमार चेटरजीना शब्दो " In the East, the local patois does not seem to have been cultivated after the days of As'oka." – O. D. B. L. Intro. P. 91.

२. Shahidulla: Intro. P. 55 (see the conclusion of the chapter).

सामान्य जनतामां प्रचलित होवाने लीधे[3] सामान्य बोलीनी छांट मूळ अपभ्रंश पर आवी छे; दा. त. **कुच्छ नाहि** (सदर उद्धरण पं. १०) **कि** (पं.२०. पं. १४) **जव्वे–तव्वे** (उद्ध. १३. पं. २३. २४.) इत्यादि. प्रो. सुनीतिकुमार चेटरजी आ भाषाने पाश्चिमात्य अपभ्रंश कहे छे, ते युक्त छे. तेमना ज शब्दोमां, " The two Doha-kosas present the same dialect, which is a kind of Western (शौरसेनी) Apabhramsa, as its उ termination, its अह genetives, its इज्ज passives and its general agreement in forms with the literary Western Apabhramsa, amply indicate. "[4]

३. उद्धरणवस्तु अने परिभाषाविवेचनः—

दोहाकोशनां गीतनो विषय बौद्ध तन्त्र अने योगने लगतो छे. लेखक आ तान्त्रिक विषयने अनुरूप परंपरागत गुह्य परिभाषा वापरे छे. टीकाकार तेने **संध्याभाषा** कहे छे. आ परिभाषा, टीका अने आ विषयने लगता बीजा तान्त्रिक ग्रन्थोनी मददथी ज, समजी शकाय छे. आपणा उद्धरणमां वपरायली परिभाषा अमे नीचे प्रमाणे समजावीए छीएः—

पं. १. **निरञ्जन** टीकाकार **सहजकाय**. काण्हना अभिप्राये आ सहज स्थिति ते माध्यमिक बौद्धनी ' शून्यता ' छे. सरखावो पं. १० **कुच्छ नाहि.** हठयोगप्रदीपिका ४. ३–४मां निरञ्जनना पर्यायशब्दोनो समूह आप्यो छेः—

> राजयोगसमाधिश्च उन्मनी च मनोन्मनी
> अमृतत्वं लयस्तत्वं शून्याशून्यं परं पदम् ॥
> अमनस्कं तथाऽद्वैतं निरालंबं निरंजनं
> जीवन्मुक्तिश्च सहजा तूर्या चेत्येकवाचकाः ॥

पं. ५. **एवंकार**–सुभाषितसंग्रह (पा. ७६.) देवेन्द्रपरिपृच्छातन्त्रमांथी टांके छेः—

> एकारस्तु भवेन्माता वकारस्तु पिता स्मृतः
> बिन्दुस्तत्र भवेद्योगः स योगः परमाक्षरः ॥
> एकारस्तु भवेत् प्रज्ञा वकारः सुरताधिपः
> बिन्दुश्चानाहतं तत्वं तज्जातान्यक्षराणि च

---

३. **पाहुडदोहा** ग्रन्थ जे पश्चिम हिंदमां लखायो छे तेमां आ बन्ने दोहाकोशना दोहा, चरणो अने शब्दसमूह (phraseology) मालम पडे छे.

४. Chatterji, O. D. B. L. Intro. P. 112.

टीकाकारः–एवंकारः शून्यताकरुणाऽभिन्नरूपिणी महामुद्रा । करुणा शब्दनो बौद्धतन्त्रमां स्वाधिष्ठानचित्तरूपम् । = शुद्ध सत्ता. शून्यता अने सत्तानो योग ते एवंकार (सरखावो उद्धरण. १३. पं. १७–१८).

अरविंद्=उष्णीषकमल एटले मेरुदण्डना शिखररूप रहेलुं कमल जे शून्यतानुं आलय छे, जेमां रहेली शून्यतानी साथे सत्तानो लय थतां परम समाधिसुख प्राप्त थाय छे. आ महासुखनुं बीज एवंकार छे.

पं. ६. सुरतवीर=योगी.

मकरन्द=टीकाकारः–अच्युतं महारागं सुखम् । समाधिसुखनो अनुभव.

पं. ७–८. गअण-समीरण-सुहवासे-सुखवास=परमशून्यता जेमां पंच महाभूत आकाश वायु इत्यादि सभर रह्यां छे. ते परमशून्यतामांथी सघळा सुर अने असुरनी उत्पत्ति छे.

पं. १४. पवण-घरिणि प्राणवरोध ए योगप्रक्रियानुं एक अंग छे. प्राणावरोधरूपी गृहिणी. सरखावो हठयोगप्रदीपिका ४. ६४.

यावन्नैव प्रविशति चरन् मारुतो मध्यमार्गे
यावद्बिन्दुर्न भवति दृढः प्राणवातप्रबन्धात् ॥ ६०

पं. १५. महागिरिकन्दर–गिरि = करोडनो दण्ड; अने करोडना पोलाणमां सुषुम्णा नाडी आवेली छे तेमां श्वास स्थिर थतां सकल संसार निर्मूल थाय छे.

पं. १९. मनोरत्न=सत्ता (Existence); सहज=शून्यता.

पं. २३. समरस एटले सत्तानु सहजमां एकरस थई जवुं ते; जेम मीठुं पाणीमां समरस थई जाय छे तेम (सरखावो. प्रस्तुत उद्धरण पं. ३७–३८.).

पं. २६. निर्वाण=शून्यता.

पं. २७–२८. वरगिरिशिखरउत्तुंगस्थल=कमळ जे मस्तकमां आवेलुं छे ते; गिरि = करोडदंड तेनुं शिखर=मगज जे शून्यतानुं स्थान छे पंचा-णण=शिव अथवा सिंह. करिवर=टीकाकार चित्तगजेन्द्र । शबर=शून्यता.

पं. ३१. ३२. घरिणि=टीकाकारः–ज्ञानमुद्रा=सत्ता.

पं. ३०. ३५. सहजक्षण = समाधिनी पळ.

आ परिभाषा समज्या पछी, काण्हनां आ गीतोनो निष्कर्ष समजवो मुश्केल नहि थाय. माध्यमिक बौद्धोनी शून्यताने ते परमतत्त्व माने छे.

(सदर उद्धरण. पं. ७–१०). ते शून्यताने पामवा मन्त्र, तन्त्र, वेद, पुराण इत्यादिनो अभ्यास निरर्थक छे. (सदर. पं. २–३; पं. ३१–३४.) खरुं तो चित्त के मन, जेने लीधे सत्ता छे, ते शून्यतामां लीन थवुं जोईए. तो ज निर्वाण पमाय. श्वासने सुषुम्णामां स्थिर करी, सत्ताने शून्यतामां जेम मीठुं एकरस थाय छे तेम समरस करी–एटले के एवंकार बीज रोपी–सुरतवीर योगी खीलेला कमळमां–शून्यतालयमां रहेल सहजक्षणरूपी मकरन्दनो वास ले छे.

४ छंदोरचनाः—

कडी. १–६, ८, १०–१२, १४, १५, १८–१९ । दोहा । १३+११।
१३+११॥

कडी. ७, १३, १६, १७ । पादाकुलक । १६ मात्रानो छन्द. (प्रा. पिं. पा. २२३–२२४).

कडी. ९. द्विपदी । (प्रा. पिं. पा. २५७.) ६, ५×४, २(गुरु)=२८ मात्रा.

५. टिप्पणः—

१ लोअह < सप्तमी बहुवचन लोअहिं; प्रथमा एकवचन (शा.) ले छे ते बरोबर नथी.

२ सिरिफल बिल्वफळ. सरखावो संस्कृत कहेवतः पक्वे बिल्वे काकस्य किम् । अथवा बङ्गाली कहेवतः 'बेल पाकले काकेर बाबार कि ?' सिरिफल=नारीएल अर्थ लईए तो पण अथने वांधो नहि आवे. बाहेरित भुमर्यान्त=भुमइ (सि हे. ८।४।१६१) बाहिर (सि. हे. ८।२।१४४।) पालीमां पण ए ज रूप. अलिअ=देश्य.

५ अरविंदए तृतीया एकवचन. लइअ=सम्बन्धक भूतकृदन्त (प्रा गू प्रयोग)

६. मअरंदए वांचो; द्वितीया एकवचन; ए–प्रत्ययान्त.

७–८. सुहवासे, परिपुण्णए, सुन्नए, ए–प्रत्ययान्त प्रथमा एकवचन. देश्यभाषानी असर वढिए संबोधनविभक्ति एकवचन.

९–१० एप्रत्ययान्त प्रथमा. कुच्छ नाहि देश्यभाषानी असर.

११ उहें । सि हे. ८।३।८९; ८।२।५९ उब्भ, उद्ध; उह < उब्भ उद्ध. अर्वाचीनता तरफ ढळतो प्रयोग उअत्ति (पं. ८) उवज्जइ, विफारिआ < विप्फारिआ (पं. २२.); निवियार < निव्वियार (पं. २५); आ प्रयोगा अर्वाचीन देश्यभाषा तरफ ढळे छे.

उड्ढें=उड्ढहिं< ऊर्ध्व+स्मिन् ; तेवी ज रीते **अड्ढें**

थाइ=संस्कृतछायामां **स्थितिः** । जे **तसु=तस्य (पवनस्य)** समजा· ववा पूरतुं छे. (Bendall: Le Mus'eon, 1904. P. 261.) **तसु** ने स्थाने **वहु** मूके छे. आ सुधारो स्वीकारीए तो (श.) अने टीकाकार साथे आपणे **थाइ=तिष्ठति** लई शकीए. टीबेटननी संस्कृतछाया–**निश्चलं तिष्ठति** थशे.

बेण्णि-रहिअ–ऊर्ध्वगमन अने अधोगमन विना सुषुम्णामां श्वास स्थिर थाय त्यारे.

१४. **घर**=सुषुम्णा नाडी.

१५. **गुहिर=गभीर**. खरी रीते **गहिर**; सरखावो **भुमयन्ति** (पं.४.) **मुनइ** (पं. २०) **गुहिर** (जुओ **पा. ल. मा**) शहिदुल्ला: **गुहिर**मां भ्रष्ट **उ** (Contamination) √**गुह्** अने **कुहर**ने लीधे आव्यानुं माने छे. हाथ-प्रतमां **कुहिर** छे.

१८. **दुरववाह<दुरवआह<** सं. **दुरवगाह**. **अववाह** (जुओ **वररुचिनो प्राकृतप्रकाश** ८. ३४. G. P. 233.)

२० **मुनइ** । **सि. हे**. ८।४।७। **कि=किम्** (देश्यप्रयोग.)

२१–२२. **पह** = मार्ग; योगमार्गे शून्यतामां लीन थवा यत्न करता जे योगीए पोतानी बुद्धि=सत्ताने शून्यतामां बांधी दीधी छे, तेणे आखुं विस्तृत जगत् पोतानामां संकेली लीधुं छे.

२४. **भाय** (श.) क्रियापद तरीके = **बिभेति** । **जरामरणेभ्यः न बिभेति** । आपणी संस्कृतछायामां **भाय**ने नाम तरीके लई **भयम्** लीधुं छे.

२६. **मन=बुद्धि** कांइ पण मानसिक कार्य करती नथी.

३२. **पंचवण्ण** = पांच इन्द्रियोना विविध भोग. **कि=किम्** । (देश्यप्रयोग)

३७. **जिम लोण विलिज्जइ** इ० आ उपमा ठेठ उपनिषद्मां पण मालम पडे छे. (जुओ **छांदोग्योपनिषद्** ६. १३; **सि. हे**. ८।४।४८. सरखावो **पाहुडदोहा** । १७६ ।

जिम लोणु विलिज्जइ पाणियहं तिम जइ चित्तु विलिज्ज ।
समरसि हूवइ जीवडा काइं समाहि करिज्ज ॥

॥ त्रयोदशमुद्धरणम् ॥

१. कवि अने तेनुं जीवनः—

आ उद्धरण सरहना दोहकोशमांथी लेवामां आव्युं छे. आ उद्धरणनां आधारभूत प्रमाणो बारमा उद्धरणमां जणावेला ग्रन्थ 'बौद्ध गान ओ दोहा' अने डॉ. शहिदुल्लासंपादित Les Chants Mystique de Kanha et de Saraha छे. दोहाकोशनो टीकाकार अद्वयवज्र सरहने सरोरुहवज्र, सरोरुह के सरोजवज्र नाम आपे छे. तारानाथना इतिहास प्रमाणे महासिद्ध सरह आर्यावर्तना पूर्व प्रदेशमां रोली नामना स्थळे जन्म्यो हतो. ते रत्नपाल नामे राजानो समकालीन हतो. आ नामना राजाए आसाममां इ. स. १०१०–१०५० सुधी राज्य कर्युं हतुं; एटले सरह इ. स. १००० ना आसरामां थई गयो. सरहे दोहाकोश उपरांत बीजा अपभ्रंश अने संस्कृत ग्रन्थो रच्या छे; जे टीकाकारनां टांचण, सुभाषितसंग्रह इत्यादि परथी मालम पडे छे. (जुओ विस्तृत चर्चा माटे Shahidulla: Intro. P. 29.–32.).

दोहाकोशमां कुल ११४ टीबेटन वाचना प्रमाणे अने अपभ्रंश पाठ प्रमाणे कुल १०९ गीत छे. तेमांथी प्रस्तुत उद्धरणमां २२ गीत लीधां छे.

२. उद्धरणवस्तुः—

सरह पण कान्हनी माफक शून्यतावादी छे; अने 'सहजसिद्धि' नुं ज प्रतिपादन करे छे. होम, कर्मकांड इत्यादिनां धतिंग करनार ब्राह्मण आचार्यो उपर ते सखत कटाक्ष करे छे. (१–४) त्यार पछी क्षपणकना बाह्याचारनी कटाक्षपूर्वक खबर ले छे. (५–६) करुणा = स्वाधिष्ठानचित्तरूप सत्ता अने शून्यता ए बन्नेनो एकरस थाय ते ज मोक्ष छे. करुणाने छोडी जे शून्यने लागे छे, ते उत्तम मार्ग पामतो नथी; अथवा करुणा एकलीने ज समजवा यत्न करे छे ते संसारमां मोक्ष पामतो नथी. (७) मंत्र, तंत्र, ध्येय, धारण, ध्यान ए बधां य चित्तने खरडे छे. (८) ते दैत्य–समान मानवी अभिमानने लीधे तत्त्व जोई शकतो नथी अने सर्व खरा ज्ञाननां साधनोने दूषित करे छे. (९) सत्ताने शून्यतामां लय करी समरस एवा सहजने पहोंचाय छे; तेमां शूद्र हो के पछी ब्राह्मण हो, तेनो भेद रहेतो नथी. (१०) एकली सत्ताथी उत्पत्ति थाय छे अने क्षयथी विनाश थाय छे. सत्ता (Existence) ज न होय तो पछो उत्पन्न थवानुं ज क्यांथी होय ? भाव अने क्षय बन्ने य शून्यताने पामतां खरो योग प्राप्त थाय छे, एम श्री गुरुनाथ कहे छे.

(११) बधा य इन्द्रियव्यवहार कर; पण मनने तो शून्यतामां ज लीन कर; एम कर्या विना एकलो रही (शून्यताथी विमुख रही) तारो व्यवहार चलावीश नहि. (१२) गुरुनो उपदेश मरुस्थलीमां अमृत जेवो छे. (१३) शास्त्रो भणी माणस पोताने पंडित कहेवडावे छे; परंतु ते मूर्ख पोतानां जन्म-मरणने विनाश्यां नथी. (१४) गुरूपदेशथी जीवन्मुक्ति प्राप्त करनार कोइक ज होय छे. (१५) विषयोने विशुद्ध करी तेने भोगववामां वांधो नथी; कारण के तेम कर्या विना केवल शून्यना आचरणथी जेम वहाणनो कागडो समुद्र उपर ऊडवा जाय पण पाछो वहाण उपर ज आवे, तेम ते विषयने ज पुनः वळगे छे. (१६) माटे ज मीन, पतंगियुं, हाथी, भ्रमर अने हरणनुं जूथ जो. सरह कहे छे, हे मूर्ख विषयासक्तिने बंधनरूप मा कर. (१७) हे पंडितजन, आमां शंका न करशो; जे ज्ञान गुरुए मने आप्युं छे, तेमां शुं हुं एवुं सुगोप्य कहुं छुं? (१८) घोर अंधकारमां जेम चंद्ररूपी मणि प्रकाश आपे छे, तेम सहज सुख एक ज क्षणमां बधां य पाप हरी ले छे. (१९) घरमां पण न रहीश अने वनमां पण न जईश; कारण के ज्यां त्यां सत्तास्वरूप बुद्धि छे ते जाण; ज्यां बधुं य शून्यतामय छे त्यां भव क्यां अने निर्वाण क्यां? (२०) घरमां के वनमां खरुं ज्ञान नथी; ए एक भेदी वस्तु जाण. स्वभावना निर्मलत्वमां तेने शोध; ते एकलुं ज अविकल छे. (२१) आ आत्मा छे अने आ अनात्मा छे; एम जे कोइ भावना करे छे, तेणे बंध विना आत्माने बद्ध कर्यो छे; जो के आत्मा तो पण विमुक्त ज छे.

३ छंदोरचनाः—

कडी. १–५, ७, ९, १२. पादाकुलक। १६ मात्रानुं एक चरण; अने एवां चार चरण.

कडी. ६. डॉ. शहिदुल्लाना अभिप्राये, आ एक ज कडी त्रण जुदी जुदी कडीओ छे; अने ते त्रणे य कडीओने ते दोहा कहे छे. परतु सामान्यतः दोहा-नुं लक्षण १३ + ११ = २४ एम होय छे. ज्यारे प्रस्तुत कडीमां 'छप्पा'नी रीतने अनुसरी, ११ मात्रा पछी यति आवे छे अने त्यार पछी १३ मात्रा आवे छे.वळी २ + ४ + ४ + ४ + ४ + ४ + २ (⏑ ⏑) = २४ मात्रा—आ प्रमाणे प्रा. पिं. पा. १७७ उपर छे. परंतु प्रा. पिं मां छप्पानां उप-संहारात्मक पंक्तिओ २८ मात्राना उल्लालानी मूकवी जोईए जे अहिं नथी. अहिं तो २४ मात्रानी बीजी पंक्तिओ प्रमाणे ज उपसंहारात्मक पंक्तिओ मूकी छे. आ उपरथी आ एक प्रकारनो 'छप्पय' होय एम लागे छे.

कडी. ८, ११, १४, **अडिल्ला** । १६ मात्रानो छंद परंतु छेल्ली बे मात्रा लघु.

कडी. १३, १५–२२. **दोहा** । १३ + ११ । १३ + ११ ॥

कडी. १० आ छन्द ११ + १३ अने छेल्ली बे मात्रा लघु–ए प्रकारनो छे; एटले स्पष्ट दोहो तो नथी ज, जो के डॉ. शहिदुल्ला तेने दोहा ज कहे छे.

४ टिप्पणः—

३ **विणुआ** । सि. हे. ८।१।१३। अने प्रा स ३.६. **विण्णु** < **विज्ञ** ।. **हंसउवेसें** । (श) टीबेटन (A.) = **हंसोपदेशेन**; टीबेटन (B.) = **हंसकवेशेन**. टीकाकार = **परमहंसवेशेन** । .

५. **अइरिअ** < सं. आचार्य; प्रा **आयरिय** के **आइरिय** (सि हे. ८।१।७३।; G. P. 131.); **इ** < एँ = सं **अनेन** (**उद्धरण** ११. पं. १८.) जुओ. सि. हे, ८।४।३९९।

६. **वइसी** = सं. **उपविश्य** । **जाली** < **जालइ** = सं. **ज्वालयति**; **चाली** < **चालइ** = सं. **चालयति** मूळनो मुद्रादोष सुधारोः–' **बइसी घंडा चाली** ' एम वांचो.

७. **खुखखुसाइ** ध्वनिक्रियापद गू. खुसफुस करवी; बंगाळी. फुसफुशाना. **थंधी** = संबंधक भूतकृदंत √ **थंध** = छेतरवुं. सरखावो **धंधा** (दे. ना. ५. ५७.) गू. ' धंधो ' अने 'धांधळ' < **धंध+ल्ल** स्वार्थे.

८, रांडीओना, मुंडीओना के बीजा कोइना वेशथी **दक्षिणाना हेतुथी स्त्री**-ओने दीक्षा दे छे. **दक्खिण-उद्देसें**नी छाया **दक्षिणा–उद्देशेन** एम करवी. मूळनी छाया **दक्षिणापदेशेन** खोटी छे.

१—२. कर्मकांडीना प्रत्ये कटाक्ष; ३–४. परिव्राजको सामे **कटाक्ष**; ५–८. शैव आचार्यो सामे कटाक्ष.

९—१६, जैन क्षपणको सामे कटाक्ष.

९. **नग्गल** = **नग्ग** + **अल्ल** स्वार्थ प्रत्यय. गू नागडो. **उपाट्टिअ-केसें** केशलुंचन जैनसाधुओ करावे छे तेना संबंधे.

१० **जान** = **यान** मोक्षनुं साधन; **सरखावो उद्धरण**. ९. पं. २९;

मोक्ख-उएसें = मोक्षोद्देशेन छाया करवी; जो के मूळनी छाया **मोक्षा-पदेशेन** करेली छे.

१४. **जाण = ज्ञान.**

१५. **भावइ = सं. भावयति**(Pischel, Materialen 420. 4) (श.) = सं. **भाति । सि. हे**.८।४।२४०। ने अनुसरी. सरखावो '**मे भाति** = मने लागे छे' ए संस्कृत प्रयोग. ए ज प्रकारनो अहिं प्रयोग छे. '**महु भावइ.**'

१७-१८ **करुणा** अने **शून्य** ए बन्नेनुं तादात्म्य जोईए; जुओ उद्धरण १२नी प्रस्तावनामां परिभाषाविवेचन.

१९-२० **पाहुडदोहा** । २०६ । **मंत ण तंतु ण धेउ ण धारणु** इ० ध्येय = ध्याननुं प्रतीक; धारण = ध्यान.

२१-२२. **दत्त** = दैत्य. ते दैत्य बधां मोक्षनां साधनोने पोताना अभि-मानथी दूषित करे छे.

२३ **मण अत्थवण जाइ** । आ शब्दसमूह, **पाहुडदोहा** । १८३ । १६८ । मां शब्दशः देखा दे छे. 'बुद्धि शून्यतामां मळी जाय.'

२५-२६. एकली सत्ता, के एकली शून्यता नकामी छे; भावाभाव ए ज खरो योग छे. आमां माध्यमिकोनो नास्तिवाद उत्तम रीते जणाव्यो छे.

२८. **आलमाल** टीकाकारः-**क्रयविक्रयादि**. जैनसंस्कृतग्रंथोमां **आल-जाल** = जंजाळ ए अर्थमां आवे छे. **भरटकद्वात्रिंशिका** (Ed. Hertel P. 21.) **आलमालं लपति** = असंबद्ध बोले छे.

३२ **अमणागमण । अमणा** < प्रा. **आअमण** < सं. **आगमनगमन** (श.) छायामां **गमनागमन** । लख्युं छे. सरखावो **पाहुडदोहा** । १३७ । **गमणागमणविवज्जियउ** ।

३६. **वोहित्थ । दे. ना.** ६. ९६. सं. **वहित्र**; हिं. बोहित, बोहिथ. गु. बोयुं (?) = खराबानी चेतवणी आपवा माटे दरियामां तरतो राखेलो लोढानो गोळो.

४१. **से उ = तत् तु ।**

॥ चतुर्दशमुद्धरणम् ॥

आ उद्धरणमां प्रकीर्ण अवतरणो आपवामां आव्यां छे.

१. वि. सं. ६४५ पहेलांनुं :—

आ गीत **वसुदेवहिंडी** नामे प्राकृतग्रंथमांथी लेवामां आव्युं छे. आ ग्रंथना अस्तित्वनी साख आचार्यश्री जिनभद्रगणि क्षमाश्रमणे तेमना **विशेषणवती** नामे अद्यावधि अप्रकाशित एक प्रकरणग्रन्थमां नीचेनी गाथाओमां आपी छे:—

सामाइयजुत्तीए उसभस्स धणादओ भवा सत्त
होंति य पिंडिज्जंता बारस वसुदेवचरियम्मि ॥ ३१ ॥
संखेवत्था जुत्तीए, सत्त इयरे सद्दाणुभूय त्ति
सिज्जंसेणऽक्खाया, होसु वि संपिंडिया सव्वे ॥ ३२ ॥

वसुदेवहिंडीने वसुदेवचरिय पण कहेवामां आवतुं (जुओ **व. हिं.** पा. १. पं. १६.). श्रीजिनभद्रगणि क्षमाश्रमणना समय संबंधे श्रीजिनविजयजी लखे छे. "खास कांइ विरोधी प्रमाणो नजरे न पडे, त्यां सुधी पट्टावलियोमां जे वीरसंवत् १११५-विक्रम संवत् ६४५ नी साल एमना माटे लखेली छे, तेनो स्वीकार करीए तो कशी हरकत नथी." (**जीतकल्पनी** प्रस्तावना, पा. १६.)

गीतनो अर्थ :—

धम्मिल्ल परण्यो छतां अध्ययनप्रवण चित्त राखी, विषयोपभोगमां आसक्त थतो नहि. एक दिवस धम्मिल्लनी सासु तेने घर आवी. तेनी पत्नीए पोतानी मा आगळ पोतानुं दुःख रडवा मांड्युं:—

(धम्मिल्ल) पोतानी पासे पाटी (= काष्ठपट्टिका, चतुरस्त्रिका) गोठवी, रेवाना पाणीथी भरेली, शशीनी कान्ति समान उज्जवल खडीने लइने, उद्विग्न अने एकली सूतेली मारी प्रत्ये पण आखी रात समान-सवर्ण गोखे छे.

कप्पि, गेण्हेप्पि अपभ्रंश संबंधक भूतकृदंत.

रेवापयपुण्णियं धम्मिल्ल कुशाग्रपुरनो हतो; कुशाग्रपुर कदाच रेवाकांठानुं नगर होय तेथी रेवानो अत्रे उल्लेख होय ए संभवित छे.

२. वि. सं. आठमा सैकाना पूर्वार्धः—

आ दुहो जिनदासगणिमहत्तरनी आवश्यकसूत्रचूर्णिमां आवे छे. जिनदासगणिए वि, सं. ७३३ मां पोतानी नन्दिसूत्रनी चूर्णि पूरी करी. (जुओ **जीतकल्प**. प्रस्तावनानुं परिशिष्ट १. पान. १९.)

गीतनो अर्थ :—जे शकटाल करशे ते नंदराजा जाणतो नथी. नन्दराजाने मारी, श्रीयक(= चन्द्रगुप्तने)ने ते राज्य पर मूकशे.

णंदो = णंदु मात्रा प्रमाणे; एटले अपभ्रंशरूप.

मारेविणु संबंधकभूतकृदंत (अपभ्रंश).

आ परंपरागत दुहो वि. सं. १०५५ मां वर्धमानसूरि (उपदेशपदव्याख्या), वि. सं. ११७४ मां मुनिचन्द्रसूरि (उपदेशपदव्याख्याटीका), तेम ज भद्रेश्वरसूरी जे आ ज अरसामां थई गया ते तेमनी कथावली (अप्रसिद्ध) मां नोंधे छे.

हरिभद्रसूरि तेमनी **आवश्यकवृत्ति**. पान. ६९४ पर पण आ दुहो नोंधे छे. आ माटे जुओ **अ. का. त्र.** नी प्रस्तावना. पा. १०३—१०४; अने ते पान नीचेनी नोंधो.

३-४ **उद्द्योतनसूरिनी कुवलयमाला**(वि. सं. ८३५)मांथी नीचेना बे दोहा लेवामां आव्या छे. प्रस्तुत लेखकनी माहिती उद्धरण. १० नी प्रस्तावनामां आपवामां आपी छे

गीत ३ नो अर्थ :—" पछी ग्रामनटीए आ गीत गायुंः—जे जेने वहालुं जन होय तेनी साथे जो बीजुं कोइ क्रीडा करे, अने जो ते जाणे अने (ते अन्यजन) जीवतुं होय तो पेलो तेना प्राण ले ज."

रत्नप्रभसूरिना कुवलयमालाना संस्कृतसंक्षेप (पा. ३८. सं. चतुरविजयजी) मां नीचे प्रमाणे संस्कृत छाया छे :—

तावदिदं नटया गीतम्। इष्टं यन्मानुषं यस्य तदन्येन रमेत चेत्। स जानन्नेवमिर्ष्यालुरादत्ते तस्य जीवितम् ॥

भाण्डारकर इन्स्टीटयुटनी प्रत :—पं. २. **वि तो** । जेसलमीरभण्डारनी प्रत **वत्तो**; (भं.) **पाण** । (जे.) **प्राण**.

गीत ४ ना अर्थ:—रात्रिना पाछला यामे कोइक गुर्जरपथिके बळदनी खेंचवानी मुश्केली संबंधी गायुं:—धवल (बळद) जेम ज सगो असहाय (बळदपक्षे–धुरा धारण न करी शके तेवानो) जननो भार न खेंचे, तो ते कोढ अने आंगणानी शोभा जेवो, नकामो रह्या जेवो, अने दम वगरनो छे.

छेल्ली पंक्तिमां (जे.) **सेसउ वजं(=वज्जिय ?) सारु**। (भं.) **सेसउ तट्ठियसारु**।

रत्नप्रभसूरिनो संक्षेप (पा. ५३):—

पाश्चात्ययामे केनापि गूर्जरपथिकेन गीतम्।–
धवल इव योऽत्र विधुरे स्वजनो नो भारकर्षणे प्रवणः
स च गोष्ठांगणभूतलविभूषणं केवलं भवति॥

५. **आनन्दवर्धन** ना **ध्वन्यालोक**मांथी:—(वि. सं. नवमा सैकानो मध्यभाग). आ दुहो निर्णयसागरनी आवृत्तिमां अतिभ्रष्ट छे.

६. शीलांकाचार्यनी सूत्रकृतांगनी टीकामांथी. (वि. सं. १० मा सैकाना प्रथमार्धमां) जुओ. **जीतकल्प** (सं. जिनविजयजी) नी प्रस्तावना पा. २९; वळी जेसलमेरभंडारनी सूचि (G.O.S.) नं. ४३, ४४.

नीचे प्रमाणे आगमोदयसमितिनी आवृत्तिमां प्रस्तुत गीत माटे पूर्वापर संबंध छे.—

४. **स्त्रीपरिज्ञा**। **उद्देश**. १। १०

अह सेऽणुतप्पई पच्छा, भोच्चा पायसं व विसमिस्सं।
एवं विवेगमादाय, संवासो नवि कप्पए दविए॥१०॥

इत्येवं बहुप्रकारं महामोहात्मके कुटुम्बकूटके पतितो अनुतप्यते॥

किं च—'अह से' इत्यादि। अथासौ साधुः स्त्रीपाशावबद्धो मृगवत् कूटके पतितः सन् कुटुम्बकृते अहर्निशं क्लिश्यमानः पश्चादनुतप्यते, तथाहि–गृहान्तर्गतानामेतदवश्यं संभाव्यते तद्यथा—

"कोद्धायओ को समचित्तु
काहोवणाहिं काहो दिज्जउ वित्त।
को उग्घाडउ परिहियउ परिणीयउ को व कुमारउ

पडियतो जीव खडप्फडेहि पर बंधइ पावह भारओ ॥१॥‡

शीलांकनी सूयगडांगनी टीका (आ. स. आवृत्ति पा. १०७) मां नीचे प्रमाणे बीजो दुहो पण छे :—

वरि विस खइयं न विसयसुहु इक्कसि विसिण मरंति ।
विसयामिस पुण घारिया णर णरयहिं विपडंति ॥

---

‡आगमोदय समितिनी आवृत्तिमां नीचे प्रमाणे छाया आपी छे:—

क्रोधिकः कः समचित्तः । कथं उपनय कथं ददातु वित्तं ॥
कः उद्घाटकः परिहृतः परिणीतः को वा कुमारकः ।
पतितो जीव खटस्फेटः प्रबध्नाति पापानां भारम् ॥

॥ शब्दकोशः ॥

॥ शब्दकोशः ॥

शब्द पछीना बे अङ्क अनुक्रमे उद्धरण अने पंक्ति बतावे छे.

विशेषनाम, केटलाक अपवाद सिवायना तत्सम शब्दो इ० लेवामां आव्या नथी. देशी शब्दोनो तथा अर्वाचीन देश्यभाषा अने खास करीने गूजराती शब्दो साथे सम्बन्ध धरावता शब्दोनी ध्यानपूर्वक नोंध लेवामां आवी छे.

संकेतशब्दो:—सरखावो (स =); गूजराती (गू.); हिंदी (हिं); मराठी (म.); बङ्गाली (बं.); देशीनाममाला (दे. ना.); सिद्धहेमचन्द्र (सि. हे.); पाइयलच्छिनाममाला (पा. मा.): पाइयसद्दमहण्णवो (पा.स.म.); टिप्पणी (टि.); प्रा. गू. = प्राचीन गूजराती; ग्रा. गू. ग्राम्य गूजराती; द्राविडीभाषाओ(द्रा.); पाली (पाली.); मारवाडी (मा.)

अ [च, अपि] १. १५९. गू. य

अइरिअ [आचार्य] १३. ५.

अइस [ईदृश] १२. १३. हिं. ऐसा; म. असा. प्रा. गू. इस्यूं.

अक्खाड [अक्षवाट] ३. १५०. गू. अखाडो: म. हिं. अखाडा

√**अक्ख** [आ+ख्या] ११. २९.

अक्खाण [आख्यान] ५. १००.

अक्खि [अक्षिन्] १. ३१. गू. म. हिं. आंख

अग्ग [अग्र] ३. १५. गू. म. हिं. आगे: आगळ

अग्गि [अग्नि] १३. १. गू. म. हिं. आग; प्रा गू. अग्गि, हिं. आगि

अग्घ [अर्घ] ५. १२१.

अंघ [अंघ्रि] ४. ९६.

अच्चब्भुय [अत्यद्भुत] ५. २२१.

अच्चंत [अत्यन्त] ३. ५.

√**अच्छ** [अस्] २. ९३. गू. छे; प्रा. गू. आछि; बं. आछे.

अज्जुत्त [अयुक्त] ६. १४. गू. अजुगतु

अज्ज [अद्य] १. ९५. गू. म. हिं. आज.

अज्जोणिय [अद्यतन] ३. ११४. स.=पाली. अज्जण्हो, अज्जुण्हो प्रा. गू. आजुनऊ गू. आजनुं.

अच्छेरय [आश्चर्यक] ६. ११६. गू. हिं. अचरज.

√**अंच** [अर्च् के अञ्च्] १. ८८.

अंचल ५. ११. गू. आंचळो

अडवि [अटवी] ५. १०१. ग्रा. अडवि

अट्ठम [अष्टम] ४. १७९. गू. आठमो: म. आठवा

अट्ठवीस [अष्टाविंशति] ३. १२७. गू. अठ्ठावीस. म. अठावीस.

अट्ठारह [अष्टादश] ५. २४९. गू. अढार, अराढ (व्यत्यय). हिं. अठ्ठारह

अण्णेक्क [अन्यद्+एक] २. ५. म आणिक

अण्णेत्त [अन्यत्र] २. १७३.

अत्थक्कु [अस्ताघ] २. १३५. गू. अथाग: म. अथाक, अथांग

अत्थमउ [अर्थवत्] ३. १२६.

अत्थवण [अस्तमन] ७. १४८. गू. आथमणु

अंतेउर [अन्तःपुर] १. १४.

√**अंदोल** [आंदोल्] १. २०.

अंधल [अंध+ल] ५. ४८. गू. आंधळुं म. अंदळा

अद्ध [अर्ध] १. ४७. गू. अरधुं, अध. हिं. आधा

अप्पा [आत्मन्] ७. १४, गू. म. हिं आप

अप्पाण [आत्मन्] ६. २४. गू. म. हिं. आपण

अब्भंतर [अभ्यन्तर] १. ४५. गू. भितर

अब्भिट्ट [दे.] ५. १५४. (टि.)

√**अब्भिड** [दे.] ५. २७७. संगति करवी सि. हे. ८. ४. १६४.;पा.मा.;दे.ना. १. ७८ ;प्रा. गू. आभडइ गू. भिडवुं; (अर्थान्तरे) आभडवुं.

अमणागमण [गमनागमन] १३. ३२.

अमिय [अमृत] १. १६. गू. अमी.

अलत्तअ [अलक्तक] २. १०. गू. अळतो बं. आळता

अल्लीण [आलीन] १.३३.आसक्त

अवक्खडी [दे.] ७. ७२. चिन्ता. गू. आखडी

अवर [अपर] ४. २१३. गू. अवर, ओर; हिं. और

अवर [अपर] २.४१.पश्चिमदिशा

अवरेक्क [अपर+एक] ३. ४५.

√**अवरुंड** [दे.] १. ४६. भेटवुं पा. मा.; दे. ना. १. ११.

अवरुप्परु [परस्पर] ६. ७४.

अवलुआ [दे.] ४. १८६. क्रोध दे. ना. १. ३६.

अवहेरि [दे] ३. ६६. अपमान स.=अवखेरइ (भवि.)

अंसु [अश्रु] १. १०८. . आंसु

असमत्तण [असपत्नत्व]५.२०३.

असमल [अश्यामल] १३.२०.

अहरुल्ल [अधर + उल्ल स्वार्थे] २. ११.

अह व [अथ + वा के च] ९. ४. गू. हवे; स.=सि. हे. ८. ४. ४१९. अहवइ; प्रा. गू. हिव

अहिणव [अभिनव] १. १९. गू. अवनवुं

अहिरणि [अधिकरणी] ७.११३. गू. एरण

अहें [अधः] २२. १२.

अहोरण [दे.] १. ७३. गू. ओढणुं ह्रोरणुं.

अहोरत्ती [अहोरात्र] १. २२ गू. अहोरात

आअ [आयात] १. ४६. प्रा. गू. आयो; हिं आया. म. आला

आअ [अदस्] २. ३०. गू आ.

आइअ [आयात] १. १०६

आउस [आयुष्] ६. १५९. गू. आयखुं म. आउख

आएस [आदेश] १. ९६. प्रा. गू आयस

आंखलिअ [अस्खलित] ४. १००

आचेलिय [अ+चेलमांथी नामक्रियापद अने तेनुं कर्मणि भू. कृ] १. ९. (टि.)

आढत्त [दे.] ६. १५६ आरंभी सि.हे.८.२.१३८.

आण [आज्ञा] ५. २६७. गू. म. हिं. आण.

√**आण** [आ+नी] २. २३. गू. आणवुं; म. आणणें

√**आदण्ण** [दे.] ३. ७६. व्याकुल थवुं स.=म आधण.सि.हे. ८.४.४२२.

√**आपिक्ख** [आ + प्र +ईक्ष्] ५. ८८.

आय [आगत] २. ५१.हिं आया

√**आयड्ढ** [दे.] ३. ७१. आकर्षवुं; खेंचवुं स=दे. ना. ६. २१; १. ६४. आयड्डि

आयरिअ [आचार्य] ५.६४.

आयल्लय [दे.] २ १४; ३. १५. व्याकुलता, कामपीडा. (टि.)

आयामिय [आयामित] २.४९. नियंत्रित कर्या

√**आरक्ख** [आ+रक्ष्] १. ४३. गू. राखवुं. म राखणें हिं रखना

आलअ [आलय] २. ८७.

आवइ [आपद्] ५ २८८.

आलमाल [दे] १३. २८. मिथ्याप्रलाप (टि.)

आलावणि [आलापनी] ६. १३८. एक वाद्यविशेष

√**आव** [आ+या] ३. २३२. गू. आववुं.

आवेढ [दे] ५. २३, आवेष्टन, वींटाळवुं ते स.=म. वेढणें सि हे. ८ ४.२२१. वेढ=वेष्ट्

√**आसंघ** [दे.] ५. १४० अपेक्षा राखवी. सि.हे ८.४ ३५ ;दे. ना.१.१६३. आसंघा=इच्छा.

√**आहल्ल** [दे] ६ ९ गू.हालवुं;म हालणें

आहित्थ [दे.] ३. १५८. चलित दे.ना.१.७६

आहोय [आभोग] ६.१२० खाली जगा

आहंडल [आखण्डल]३.९५. इन्द्र.

इ [अपि] २. ६१. गू. य.

इत्थि [स्त्री] ४. २२९.

इत्थु [अत्र] ९.६८.म. इथे; मा.अठे.

इंदिय [इन्द्रिय] ४. ९.

इय [इति] ५. ९९.

इलायल [इलातल] ५. १३२ पृथ्वीतल.

ईसु [ईषत्] १. २१.

उक्क [उल्क] १. ५०

उक्कोवण [उत्कोपन] ३. ५४. उद्दीपक

उ [खलु] १२. ३३. अनर्थक निपात

उअअ [उदय] १२. २५.

उअत्ति [उत्पत्ति] १२.८.

उग्ग [उग्र] ५.५९.

उग्गअ [उद्गत] २. ६८. गू. उग्यो

√**उग्गम** [उद्+गम्] २. ४० गू. उगवुं:म उगवणें

उग्गम [उद्गम] १. ४७. गू. म ऊगम

उग्गमण [उद्गमण] ७. १३१. ग. उगमणुं. म ऊगवण

√**उग्घाड** [उद्+घाट्] १४. १८ ग .उघाडवुं म.ऊघाडणें:हिं.उघाडन

उच्चारउ [उच्च+कार स्वार्थे] २. ९२. गू. ऊंचो.

√**उच्चाय** [क्रि. उच्च] ५.१९५. गू. उचकवुं

उच्चिट्ठ [उच्छिष्ट] ६. २०८ गू. उजीठुं, अजीठुं, एठुं: म. ऊष्टा

√**उच्छल** [उत्+स्थ] ३. १९५. गू उछळवुं.

उच्छव [उत्सव] ४. २८४. गू. ओच्छव.

उच्छव [उत्स्पर्श] १. ६७.

उच्छु [इक्षु] १. ९. शेरडी म. ऊस

उज्जअ [उद्यत] ११. ३४.

उज्जंगल [दे.] ३. ६४. दीर्घ दे. ना. १. १३५.

उज्जल [उज्ज्वल] १. १२ गू. ऊजळुं, हिं. ऊजरा म. ऊजळ

उज्जालिय [उज्ज्वालित] १. ६१.

उज्जाण [उद्यान] १. १५. स.= गू. उजाणी

उज्जोअ [उद्द्योत] १३. १७१.

उज्जोयण [उद्द्योतन] ५. ६. सूर्य.

उज्झ [उपाध्याय] ५. ६१. गू. ओझा

उज्झर [दे.] १. १०३. निर्झर, म. ओजर

√उट्ठ [उद्+स्था] १३. २७. गू. ऊठवुं. म उठणें हिं ऊठना

उण्ह [उष्ण] ५. ७८. गू. ऊनुं

उण्हाल [उष्णकाल] ६ १५९. गू. उनाळो. म. उन्हाला

उत्त [उक्त] ५. ६१.

√उत्तार [उद्+तृ] ११. ४८. गू. ऊतारवुं. म. ऊतरणें

उध्धुर [उध्धुर] ३. २८.

उदूहल [उलूखल] ५. २७. खांडणी

उध्धूलिय [उद्धूलित] १३. ५.

√उप्पज्ज [उत्+पद्] २. २९. गू. ऊपजवुं

उप्पण्ण [उत्+पन्न] २. २५. स.= गू. ऊपन्युं

उप्परि [उपरि] २. ३३. गू. ऊपर

उप्पाड [उत्+पाट्] १३. ९. गू. उपाडवुं. म उपडणें

उप्पील [उत्पीड] ६. १०६.

√उब्भ [उद्+भावय] २. ९४. गू. ऊभवुं: म. उभणें

उब्भड [उद्भट] ६. २३ गू. म. ऊभड.

उब्भा [दे.] २. ३२. म. हिं. ऊभा

उम्माह [उन्माथ] ५ १८८.

√उम्मिल्ल [उद्+मील्] १. २८. गू. ऊमळवुं; म. उमलणें

उल्ल [उन्द्र*] १.८२. म. ओळ (टि.)

उल्लव [उल्लाप] १. १९.

√उल्लुक्क [दे.] < उद्+लुप् १. ४९. संताइ जवुं

उल्लोल १. २६. गू. उल्लोल = रमतीआळ

√उल्हाव [दे.] २.२६. गू. ओल्हववुं.

√उव्वज्ज [उत्+पद्] १३. २५. गू. ऊपजवुं. म उवजणें

उवरि [उपरि] २. १४१.

उवल [उपल] २. ८५. पथरो

उवेस [उद्देश] १३. ४; १३. १०; १३. ३ (?)

√उव्वर [उद्+वृ] १. ७० शेष वधेलुं म.उरणें;दे.ना.१. १३२

√उव्वल [उद्+वृत्] ७. १४३. गू. अवळुं करवुं

√उव्वेल्ल [दे.] ५. ७३. सि. हे. ८.४.२२३. उघाडवुं

उहु [दे.] ३. ११७ जुओ ! गू. ओहो !

उहँ [उर्ध्व] १२, १२. उंचे.

ऊढण [दे.] १. २५.स.=गू. ओढवुं–ओढणी; हि. म. ओढणी

ऊण [ऊन] २.१२८.गू.ऊणुं;म.ऊणा

ए [एतद्] १. ९४. गू. ए.

एअ [एतद्] २. १३.

एक्कक्कम [एकक्रम] ११. २५. एक साथे

एक्कमेक्क [एक+एक] २. ८. गू. एकमेक

एक्कलिय [एकाकिनी] १४. ३.गू. एकली; हिं.अकेली

एत्तड [एतावत्] १. १०७. गू. एटलुं; प्रा.गू. एतलुं

एत्तिअ [एतावत्] ६. १७. गू. एटलु

एत्थु [अत्र] १२. ३० म. एथें

एम [एवम्] १. २०. गू. एम

एयारह [एकादश] १. ५१. गू. अगीआर

एव [एवम्] २. १६७

एवड्ड [एतावत्] २. ८८. गू. एवडुं. म. एवढा

ओट्ठ [ओष्ठ] ३. ५३. गू. ओठ.

√ओत्थर [अव+स्तृ] ११. ४४. गू. ओथरवुं; दे.ना. १.१५१

√ओयर [अव+तृ] २. ११९ गू. ऊतरवुं

√ओलक्ख [उप+लक्ष्] ५. २७८ गू. ओळखवुं; म. ओळखणें

√ओलग्ग [ना. क्रि. <अवलग्न] ५. २००. सेवा करवी. प्रा. गू. ओलग =सेवा; गू. अंग-ओळगणुं; ओळगाणो.

ओलि [आवली] १. ३८. गू. ओळ

√ओसर [अप+सृ] ३.७६. गू. ओसरवुं म. ओसरणें

√ओहाम [दे. आ+क्रम्] २. १९. हुमलो करवो सि. हे. ८.४. २५. अने १६०

ओहि [अवधि] ५. १८५. जैनमतनां ५ ज्ञानमांनुं एक ज्ञान

√ओहुल्ल [दे. अव+फुल्ल*] २. १६१. खिन्न, अवनत स. = गू. पाक ओलाइ गयो. (टि.)

क [किम्] १. २ गू. को.

कइस [कीदृश] १०. ९. हिं. कैसा म. कसा. गू. कशुं प्रा. गू. किस्यूं

कउह [ककुभ्] ३. ८४. दिशा.
कज्ज [कार्य] ११. ३४. गू.म. हिं. काज
कज्जल १. ३१. गू. काजळ
कडक्ख [कटाक्ष] १. ५०.स.=गू. कटाक्ष; कडखां
कडउल्ल [कटक+उल्ल] १. ५२. गू. कडां, कल्लां.
कडियल [कटी+तट] ५. १८ स=गू. केड.म. कडिय़, कडियेला (काव्य)
कडिल्ल [दे.] ६. २४९. कांइ पण छिद्र विनानुं दे. ना. २. ६२
कड्डुय [कटुक] १०. १७.गू. कडवुं. म. कडू
कट्ठ [काष्ठ] ७. ७०. गू. काट (-माळ), काठी. म. काठी
√कंड [कण्डू] ५. २७; ८. २२. गू.खांडवुं म. खंडणे, खांडणें
√कड्ढ [दे. कृष्] ३.११०. गू. काढवुं, म. काढणें. हिं. काढना.सि.हे.८.४.१८७.
कणय [दे.] ५. ७०. बाण. दे. ना. २. ५६.
कण्ण [कर्ण] १. १२१. गू. कान.
कंठ [कंठिका] ३.१२७. गू.कंठो, कंठी
कण्ह [कृष्ण] ४. १८३. गू. कहान
कत्थ [कुत्र] ४. १६१. मा.कठे; म. कुठे

कद्दम [कर्दम] १. ६३. गू. कादव.
कंत [कान्त] ५. २३, गू. कंथ.
√कप्प [क्लृप्] १४. १. गोठववुं
कप्पडिय [कार्पटिक] ३. ४३. गू. म. कापडी
कब्बुरिय [कर्बुरित] ६. ७१. गू. काबरुं म कबरा.
कम [क्रम] ३. १६६. पगलुं.
कंचुलिअ [कंचुलिका] ४. २२.
कंपण [कृपाण] ५. ७०.
कंबल [दे.]३. २२. गू. कांबडी
कम्म [कर्मन्] ३. १४७. गू. हिं. काम
करड [करट] ३. ८७. गंडस्थल
करंबिअ [कर्बुरित] १. ६३.
कयवय [कतिपय] ५. ४६. केटलाक
कलयल [कलकल] २. १११
कलयंठिणि [कलकण्ठिनी] १. १२२. कोयल पा. मा.
कलिय [कलिका] १. ४०. गू. कली; म. कळी
कल्लोणिय [कल्यतन] ३. ११४ गू. कालनुं;प्रा. गू; काल्हनउं
कवण [दे.] २. ८९ गू. म. हिं कोण.
कसण [कृष्ण] ३. २४. श्याम
√कह [कथ्] १. १८७. गू. कहेवुं.
कह [कथा * = कथम्] १. ५. हिं. कहं, कहा,

काण्ह [कृष्ण] १२. १० गू. हिं. कान्हा.

कायर [कातर] ४. २६७. गू. हिं. कायर

